# પ્રભાવિક પુરુષો

[ ભાગ બીજો ]



# પ્રભાવિક પુરુષો

## [ ભાગ બીજો ]

લેખકઃ—


મોહનલાલ દીપચંદ ચોકસી
મુંબઈ


શ્રી આત્માનંદ જૈન સભા
મુંબઈની મંજુરીથી

: પ્રકાશક :


શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

વીર સં. ૨૪૭૩ ]  વિ. સં. ૨૦૦૩  [ સન ૧૯૪૭

મુદ્રકઃ—ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી મહોદય પ્રેસ—ભાવનગર

# આભાર

આ "પ્રભાવિક પુરુષો" ભાગ બીજો, શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના **મેમ્બરોને** ભેટ આપવા માટે પ્રકાશિત કરવામાં આવ્યો છે. ભાવનગરનિવાસી સદ્‌ગૃહસ્થ **શ્રીયુત ચુનીલાલ દુર્લભજી પારેખે** આ ગ્રંથ-પ્રકાશનમાં સહાય કરી છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

આપણી સભાદ્વારા પ્રકાશિત થતાં "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**" માસિકમાં શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસીએ જે લેખમાળા પ્રગટ કરેલ તે મુંબઈની શ્રી આત્માનંદ **જૈન** સભાદ્વારા પુસ્તકરૂપે પ્રગટ થતાં તેની વધુ નકલ કઢાવવાનો લાભ આપણને આપ્યો છે તે માટે **શ્રીયુત ચોકસી** તેમજ **શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈ**નો આભાર માનીએ છીએ.

## અનુક્રમ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રી જંબૂકુમાર ... ... | ૧ |
| ૨. | શ્રી પ્રભવસ્વામી ... ... | ૯૬ |
| ૩. | શ્રી શય્યંભવસ્વામી ... ... | ૧૩૫ |
| ૪. | શ્રી યશોભદ્રસૂરિ ... ... | ૧૯૫ |
| ૫. | શ્રી પટ્ટધર બેલડી ... ... | ૨૫૪ |

# ....પ્રસ્તાવના....

મહાપુરુષોના જીવનનું સ્મરણ, મનન અને નિદિધ્યાસન આપણા જીવનની ઉન્નતિ માટે અતિ ઉપયોગી છે. ડગલે અને પગલે જીવનમાં ઊભી થતી મુશ્કેલ સમસ્યાઓ પ્રસંગે, અથવા ચિત્તવૃત્તિમાં ચાલતા ભયંકર તાંડવ નૃત્ય પ્રસંગે તેમના સ્મરણ માત્રથી જ મનને સમાધાન સાંપડે છે એ વારંવાર અનુભવેલી સત્ય ઘટના છે.

આપણા મન આગળ જો સતત રીતે તેઓનું જીવન રહ્યા કરે તો દીપકનો પ્રકાશ થતાં જેમ અંધકાર વિલીન થાય છે તેમ આપણા દુર્ગુણો વિલીન થઈ જાય અને સદ્‌ગુણોની પરંપરા વિકસવા લાગે. આવા મહાપુરુષોને જૈન પરિભાષામાં પ્રભાવિક પુરુષોના નામથી ઓળખવામાં આવે છે.

નિરવધિ કાળમાં ઉત્પન્ન થયેલા આવા પ્રભાવિક પુરુષોની ગણના થઇ શકે તેમ નથી, છતાં સાહિત્યપૃષ્ઠે જેમનાં નામો સુવર્ણાક્ષરે લખાયાં છે તેમની સ્મૃતિ આજ સુધી જળવાઇ રહી છે અને જનસમાજે તેમાંથી સતત પ્રેરણાનાં પાન કર્યાં છે. એ નામો તે કાળે જેટલા ચમત્કારિક હતા તેટલા જ આજે પણ છે.

'એવું કયું તત્વ તેમના જીવનમાં હતું કે તેઓ આવી અક્ષય કીર્તિને પ્રાપ્ત થયા?' એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ આપણા મનમાં ઊઠે છે અને તેના નિવારણ અર્થે જ તેમના જીવનમાં અવગાહન કરવાની જરૂર ઊભી થાય છે. પ્રસ્તુત પુસ્તક આપણી તે જરૂરીઆતને પૂરી પાડે છે તેથી તેના લેખક અને પ્રકાશક બંને ધન્યવાદને પાત્ર છે.

આ ગ્રંથના પ્રથમ ભાગમાં શાલિભદ્ર શેઠ, ધન્યશ્રેષ્ઠી, કૃતપુણ્ય શેઠ, મેતાર્ય, અતિમુક્તક કુમાર, શાળ તથા મહાશાળ, આર્દ્રકુમાર, દૃઢપ્રહારી, દશાર્ણભદ્ર, રાજર્ષિ કરકંડુ, પ્રસન્નચંદ્ર ભૂપાળ, રાજર્ષિ ઉદયન, મંત્રીશ્વર અભયકુમાર, મેઘકુમાર, હલ્લ-વિહલ્લ, નંદિષેણ, પુણિયો શ્રાવક, શ્રેષ્ઠી

સુદર્શન, ચેડા મહારાજ અને અનાથ મુનિનાં વૃત્તાન્તો રજૂ કરવામાં આવ્યાં છે. તેઓ બધા પ્રભુશ્રી મહાવીરના સમયના નરરત્નો હતા અને તેમાંનાં ઘણાની પ્રશંસા તો શ્રી મહાવીરે પોતે જ શ્રીમુખે કરેલી છે.

આ ગ્રંથના બીજા ભાગમાં એટલે કે પ્રસ્તુત પુસ્તકમાં શ્રી જંબૂ-સ્વામી, શ્રી પ્રભવસ્વામી, શ્રી શય્યંભવ સ્વામી ( મનક કુમાર ), શ્રી યશોભદ્રસૂરિ, શ્રી સંભૂતિસૂરિ અને શ્રીભદ્રબાહુસ્વામીનાં વૃત્તાન્તો આપેલાં છે જેઓ પ્રભુ મહાવીરની પાટપરંપરામાં થયેલા સમર્થ આચાર્યો છે.

આ વૃત્તાન્તો વાંચતાં આપણા મન પર એવી છાપ અંકિત થાય છે કે તે વખતે બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિ વચ્ચે મોટું ઘર્ષણ જામેલું હતું. બ્રાહ્મણો પોતાની પરંપરાગત મોટાઇને આગળ કરી સમાજ પર વર્ચસ્વ નભાવી રાખવાનો પ્રયત્ન કરતા, જ્યારે શ્રમણો અપૂર્વ ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાનની આરાધનાવડે સમાજના મન પર ઊંડી અસર કરતા. ખૂબી તો એ છે કે આ જ્યોતિર્ધરોમાંનો મોટો ભાગ બ્રાહ્મણ કુલમાંથી જ આવેલો છે અને તેમણે જૈન શાસનની મુખ્ય જવાબદારી વહન કરેલી છે. વિરોધીઓને મહાત કરવાની કેવી અપૂર્વ કલા !

ઉપલબ્ધ સામગ્રી પરથી લખાયેલા આ વૃત્તાન્તો એકંદરે રસપૂર્ણ બન્યા છે અને વાચકને જ્ઞાન અને આનંદ આપ્યા સિવાય રહેશે નહિ. તેમ છતાં એક વાત પર લેખકનું ધ્યાન દોરવા ઇચ્છું છું. આ વૃત્તાન્તો શુષ્ક ઇતિહાસ નથી પણ કથાનકો છે અને એ દૃષ્ટિએ જ તેને આદ્યંત આલેખવા જોઇએ. તેના રસમાં ક્ષતિ આવે તેવા લાંબા તત્ત્વજ્ઞાનના ભાષણો કે ઐતિહાસિક ઉતારાઓ આપવાની જરૂર નથી. જનસમાજને કેળવવામાં શુષ્ક ઇતિહાસ કરતાં ભાવપૂર્ણ કથાનકો વધારે મહત્વના છે અને તે રીતે જ રજૂ થાય તો તેની કિંમત જરાય ઉતરતી નથી એ વાત લક્ષમાં રાખવી ઘટે છે.

લેખક આ ગ્રંથમાળાને વિસ્તૃત કરવાના કોડ સેવે છે તે જરૂર આવકારને પાત્ર છે. સમાજ એમના એ મનોરથને સત્વર સફળ કરવા જેટલી રસવૃત્તિ દાખવે એ જ અભ્યર્થના.

લી૦

૧–૫–૪૭

**ધીરજલાલ ટોકરશી શાહ.**

સ્વર્ગસ્થ સજ્જનશિરોમણિ



પરી દુર્લભજી રૂગનાથ

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર

# સમર્પણ

## પૂજ્ય વડીલ પિતાશ્રી દુર્લભદાસ રૂગનાથ

આપને સ્વર્ગવાસી થયાંને પાંત્રીશ વર્ષનાં વહાણાં વાઇ ગયા છતાં અમો આપનાં પિતૃપ્રેમનાં સુમધુર સંસ્મરણો ભૂલી શકયા નથી. આપબળે આગળ વધી આપે વિ. સં. ૧૯૫૬ માં સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને એક કુશળ વ્યવહારપરાયણ વ્યક્તિ તરીકે જીવન નાવ ચલાવ્યું. અમો આપની શીતળ છાયામાં ઉછરી રહ્યા હતા તેવામાં વિ. સં. ૧૯૬૮ માં આપનો સ્વર્ગવાસ થયો, પરન્તુ આપે અમારી લઘુ વયમાં સિંચેલા સંસ્કારોથી આપની લાઈનને અનુસરીને અમે સુખી જીવન ગાળી રહ્યા છીએ. પિતૃ-ઋણ અપ્રતિકરણીય છે એમ છતાં કિંચિત્ અનૃણી થવા આ નીતિ અને ધર્મભાવનાને પોષતું "**પ્રભાવિક પુરુષો**" નું પુસ્તક આપને સમર્પણ કરી કંઇક કૃતકૃત્ય થઇએ છીએ. આપનો જૈનધર્મ પ્રત્યેનો અવિચલ પ્રેમ અને શત્રુંજય મહાતીર્થ પ્રત્યેનો ભકિતભાવ અનહદ હતો. તેના અણુઓ અમારામાં વિસ્તાર પામો એવી ઇચ્છા સાથે વિરમીએ છીએ.

ચૈત્ર વદિ ૫
સં. ૨૦૦૩

આપના લઘુ બાળકો
**ચુનીલાલ અને ત્રિભુવન**

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૨૪ | એનો | એને |
| ૯ | ૨૫ | ભવેવદે | ભવદેવે |
| ૧૩ | ૧ | ઇચ્છક | ઇચ્છુક |
| ૧૪ | ૩ | પામ્યા | પામ્યો |
| ૪૧ | ૧૫ | નિરાધાર | નિર્ધાર |
| ૬૨ | ૧૨ | દલેન | દલને |
| ૬૬ | ૧૮ | મેલીશું ! | મેલી, શું |
| ૭૪ | ૪ | હલતું | હાલતું |
| ૮૦ | ૧૫ | મારી | મારા |
| ૯૦ | ૬ | ઉંમરે | ઉમરે |
| ૯૩ | ૫ | પ્રયોગમાં | પ્રયોગ |
| ૯૯ | ૧૬ | પસતાવા | પરતાવા |
| ૧૧૯ | ૧૫ | પૂર્વભવનના | પૂર્વભવના |
| ૧૨૮ | ૧૭ | રહસ્ય | અસ્મિતા |
| ૧૨૯ | ૩ | મનોષ્યોનું | મનુષ્યોનું |
| ૧૩૫ | ૧૩ | મહોલ્લામાં | મહોલ્લાના. |
| ૧૪૩ | ૨૦ | સમજર્વક | સમજપૂર્વક |
| ૨૬૩ | ૧૪ | અમારી | અમારા |
| ૨૯૫ | ૬ | સાતનાપળ | સાત પળના |

# પ્રભાવિક પુરુષો

## ભાગ ૨

### ઇતિહાસના અજવાળે

આંગ્લ શોધકોની છેલ્લી શોધથી તેમજ આપણા ભારતવર્ષના વિદ્વાન્ પુરાતત્ત્વગવેષકોના ખંતીલા અભ્યાસથી હવે એ વાત તો સૂર્યસમાન દીપ્તિમંત થઈ ચૂકી છે કે જૈનધર્મના ચરમ તીર્થંકર શ્રીમહાવીર પ્રભુ યાને વર્ધમાનસ્વામી જ કેવલ નહીં પણ, વારાણસી ( વર્તમાન બનારસ યાને કાશી ) નગરીના રાજવી અશ્વસેનના પુત્ર પાર્શ્વકુમાર, એટલે કે જૈનોના ત્રેવીશમા તીર્થંકર પુરુષાદાની શ્રીપાર્શ્વનાથ પણ ઐતિહાસિક પાત્ર છે. અર્થાત્ એ ઉભય તીર્થપતિઓનું અસ્તિત્વ જેમ જૈન આગમો કે જૈન કથાસાહિત્યના ગ્રંથો કહે છે તેમ, વર્ત્તમાનકાલીન શોધોથી અને પ્રાપ્ત થતા ઐતિહાસિક સાધનોથી પણ પુરવાર થઈ ચૂકેલ છે. જો જૈન આગમોમાં જે ભાષા વપરાણી છે અને દેશ-નગર તથા એમાં વસતી વિવિધ પ્રકારની જનતાના જે જે જુદા જુદા વર્ણનો મળે છે એ ઉપર યુક્તિપૂર્વક વિચાર કરવામાં આવે, એમાંના ઉલ્લેખોનો વૈદિક કે બૌદ્ધધર્મના ગ્રંથ સાથે નિષ્પક્ષભાવે ને પ્રમાણપુરસ્સર સમન્વય કરવામાં આવે તો શ્રીઋષભદેવ યાને

આદિનાથથી માંડીને બાવીશમા તીર્થપતિ શ્રી અરિષ્ટનેમિ પર્યંતની ઇતિહાસ-શૃંખલા પણ જોડી શકાય તેમ છે. છેલ્લા દસકામાં એ ઉપર અજવાળું પાડનાર પુષ્કળ સામગ્રી ઉપલબ્ધ થઇ છે. એ સામગ્રીમાં ખારવેલ ગુફાના લેખે અને મથુરાના કંકાલી ટીલામાંની વસ્તુઓએ તો અગ્રભાગ ભજવ્યો છે. એ માટે જૈનેતર વિદ્વાનો તરફથી જે પ્રયાસ થયા છે એ આપણી વાત સાચી પુરવાર કરવા માટે પર્યાપ્ત છે, છતાં જો એ પાછળ જૈનધર્મના નિષ્ણાત અભ્યાસકની દૃષ્ટિ કામ કરનાર હોય તો કેટલાક પ્રસંગોમાં જે ગૂંચવાડો ઊભો થવા પામ્યો છે તે હરગીજ ઊભો ન થાત. અફસોસ એટલો જ છે કે હજુ આ અગત્યના વિષયોમાં બહુ થોડા મુનિમહારાજોનું લક્ષ્ય ખેંચાયું છે અને ગૃહસ્થ વર્ગમાંથી તો એ માટે રસ લેનાર આંગળાના ટેરવે ગણાય તેટલા જ જડી આવે તેમ છે.

આટલી જૂજ સંખ્યા! અને તે પણ વિવિધ વ્યવહારરક્ત અને હિંદના જૂદા જૂદા ભાગમાં વિખરાયેલી! હજારો વર્ષો જૂના એક મૌલિક દર્શનનો ઇતિહાસ કડીબંધ તૈયાર કરવા સારુ ઉપર વર્ણવી તેવી સાધન સામગ્રી એ તો સાગરમાં બિંદુ સમી લેખાય! અહીં ઇતિહાસ પરત્વે આટલું લંબાણ વિવેચન માત્ર એ દૃષ્ટિએ કરવામાં આવ્યું છે કે આપણામાં ઐતિહાસિક બાબતો તરફ રસવૃત્તિ જાગે અને શોધખોળના વિષયમાં આપણે વધુ રસ લેતા થઇએ. ચાલુ ભાગના દરેક કથાનક પાછળ ઇતિહાસનું સંધાણ ઓછાવત્તા અંશે કરાયેલું છે. અલબત્ત એ સાચું છે કે કેમ એ વિષય પરત્વે પૂરતી ગવેષણા ન થઇ શકી હોવાથી જોઇતા પ્રમાણમાં એને યથાયોગ્ય સ્વાંગ નથી ધરાવી શકાયો. આમ છતાં ઉપર વર્ણવી તેવી રસવૃત્તિ ઉદ્‌ભવે તો કથાનકમાં આવતાં પાત્ર, સ્થળ, વ્યવસાય

પરથી ઇતિહાસનું આખુંયે ચોકઠું ઊભું કરવામાં ઝાઝી મુશ્કેલી નડે તેવું નથી. એ સંબંધમાં આલેખન વખતે યથા-શક્ય પ્રયાસ સેવવા અભિલાષા છે એટલું જણાવી આ વિષયને અહીં જ પૂર્ણવિરામ અર્પવામાં આવે છે.

જે સજ્ઝાયનો આધાર લઇ. જીવનચરિત્રોની ગૂંથણી કરવાની એમાં આ ભાગ માટે નિમ્ન મહાપુરુષોનાં નામોનો સમાવેશ થાય છે. શરૂઆતમાં શ્રી જંબૂસ્વામી જેવા પ્રતાપી અને પ્રતિભાસંપન્ન નરનું નામ પ્રાપ્ત થાય છે. એ પુણ્ય-શ્લોક આત્માની અલૌકિક શક્તિના સામર્થ્યથી, ક્રીડા–કેલી અને વિલાસરૂપ ત્રિપુટીનો જ જ્યાં સદા સંભવ છે એવો રંગમહાલય પાણિગ્રહણની પ્રથમ રાત્રિએ શ્રમણ સંસ્કૃતિની સૌમ્ય સૌરભ પ્રસરાવનાર, ઉપદેશામૃતનું જ્યાં શાંતિપૂર્વક પાન કરી શકાય એવા મનોરમ ઉદ્યાનમાં ફેરવાઇ ગયો હતો, એટલું જ નહિ પણ થોડી ઘટિકાઓ પૂર્વે જે આત્મા અશ્વારૂઢ થઇ, ધામધૂમથી પરણવા નિકળ્યો હતો અને સૌન્દર્યમાં સ્વર્ગની અપ્સરાઓને પણ શરમાવે એવી આઠ લલિત લલનાઓ સહ હોંશપૂર્વક પાણિગ્રહણ કરી આવ્યો હતો તે, રસિક, સંસાર સુખનો અનુપમ લ્હાવો લૂંટવા તલપાપડ થઇ, ભલભલા વિરાગીને પણ ઘડીભર લોભાવી કામાસક્ત બનાવે એવા શણગાર સજી આવેલ સ્ત્રીઓને 'સંસારસુખ તો કારમા છે અને સાચું સુખ સંયમ અને ચારિત્ર ગ્રહણ કરવામાં છે' એવો દંપતી જીવનની દૃષ્ટિએ નિરસ અને કટુ બોધ આપી રહ્યો હતો. આ જાતની અપૂર્વ લબ્ધિ ધરાવનાર બત્રીશ લક્ષણા પુરુષને પામીને ખૂદ મુક્તિસુંદરી પણ એટલી હદે સંતુષ્ટ થઇ કે જેથી તેણીએ પોતાના આવાસનું દ્વાર ભારતભૂમિનાં સંતાનો માટે બંધ કરી દીધું. આ અવસર્પિણી કાળમાં શ્રી જંબૂકુમાર પછી ઘણાએ

નવલોહીઆ પાકયા અને શૂરાઓનો શુમાર ન રહ્યો ! છતાં પેલું કમાડ ઉઘાડવા એમાંનો કોઈ ફતેહમંદ થયો નહીં.

આવા પ્રતાપી નામસ્મરણથી જે માળાનું મંગળ પુષ્પ આરંભાય એના મહિમાનું વર્ણન ન જ થઈ શકે. એ જીવનમાં વિસ્તારથી મજ્જન કરીએ તે પૂર્વે અન્ય પુષ્પોનાં નામોનો ઊડતો ઉલ્લેખ એટલા સારુ વાસ્તવિક જણાય છે કે જેથી સામાન્ય રીતે દોરવામાં આવનાર ક્રમનો વાચક મહાશયોને ખ્યાલ આવે. શ્રી પ્રભવસ્વામી, શય્યંભવસ્વામી, મનકકુમાર, યશોભદ્રસૂરિ, સંભૂતિવિજયસૂરિ, ભદ્રબાહુસ્વામી અને સ્થૂલભદ્ર તથા શ્રીયકના વૃત્તાન્તોમાં આ ભાગ પૂર્ણ થાય છે. એક રીતે જોઈએ તો ચરમ શાસનપતિ શ્રી મહાવીર દેવના શાસનમાં પ્રથમ ગણધર તરીકેની ખ્યાતિ શ્રી ઈંદ્રભૂતિ–ગૌતમસ્વામીને વરી છે તેમ પ્રથમ પટ્ટધર તરીકેનું સ્થાન પાંચમા શ્રી સુધર્મસ્વામીને ફાળે જાય છે એ સર્વ હેવાલ પર્યુષણ પર્વમાં શ્રી કલ્પસૂત્રમાં વિસ્તારથી આવતો હોઇ સવિશેષ જાણીતો છે. આ ભાગમાંના પ્રથમ કથાનકના મુખ્ય પાત્ર શ્રી જંબૂકુમાર છેલ્લા કેવલી થઈ મોક્ષે જાય છે અને એમની પાટપરંપરામાં જે છ ચૌદપૂર્વી થયા છે તેમના કથાનકો અનુક્રમે જુદા જુદા મથાળા હેઠળ આવે છે. મનક અને શ્રીયકની વાર્તા તો એમાં આપોઆપ વણાઇ જાય છે. આ સર્વ ઇતિહાસની સામગ્રીરૂપ છે એટલું જ નહીં પણ એ પાછળ બ્રાહ્મણ–શ્રમણ સંસ્કૃતિની ઉજ્જવળ પ્રભા પથરાયેલી છે. મૂળને ક્ષતિ પહોંચાડ્યા સિવાય એ વૃત્તાન્તોને બહેલાવવા–દેશકાળને અનુરૂપ બિબામાં ઉતારવા–યથાશકય પ્રયાસ કરવામાં આવ્યો છે. વાચકવર્ગ જ કહી શકે કે એમાં લેખકને કેટલા અંશે સફળતા વરી છે.

# જંબૂકુમાર

## ૧. એ તો ગયા !

આખુંયે ઘર જાણે આનંદથી નાચી ઊઠયું છે! એકલું ઘર જ શા માટે? ફળિયું અને ગામ કહીએ તો પણ ખોટું નથી. ગામના પટેલને ઘેર લગ્ન હોય, એકનો એક દિકરો પરણતો હોય અને તેમાં વળી ગામમાં ખાનદાનીમાં આગેવાની ભોગવતા ઘરની એક માત્ર લાડીલી કન્યા સહ પાણિગ્રહણ હોય પછી એ સારા ય ગામનો મહોત્સવ થઇ પડે અને એ આનંદ માણવા આખું ગામ ઊલટે એમાં આશ્ચર્ય શું? વરકન્યાના લગ્ન મંત્રોચ્ચારપૂર્વક થઈ ગયાં છે. લાંબા સમયથી જેમના વચ્ચે પ્રીતની રેશમ–ગાંઠ બંધાઈ ચૂકી હતી અને પરોક્ષ રીતે પરસ્પર વફાદાર રહી, દંપતી જીવન ગાળવાના કોલ પણ અપાઈ ચૂકયા હતા એવા ભવદેવ અને નાગિલાના હર્ષનો આજે પાર નહોતો. માત્ર એક જ વિધિ બાકી હતો! શણગારયુક્ત શરીરે સંધ્યાકાળપૂર્વે ગોત્રદેવતાના ચરણમાં વંદન થઇ જાય એટલે એની પૂર્ણતા થવાની હતી. આજની રાત એ મધુરજની હોઈ, ઉભયનાં મનમાં એ વેળા જાતજાતના સંસારી-જીવનના લહાવ લૂંટવાની તરંગમાળા ચાલી રહી હતી.

એક તરફ વડિલની દેખરેખ હેઠળ સ્વજનસંબંધીના જમણનિમિત્તે વિવિધ પ્રકારની વાનીઓ તૈયાર થઈ રહી હતી. બીજી તરફ આવાસગૃહમાં નાગિલાને એનું સખીવૃંદ વસ્ત્રા-ભરણોથી સુંદર પ્રકારે શણગારી રહ્યું હતું. ખૂદ ભવદેવ પોતે

તેણીના કમનીય મુખ પર વેલફૂલનું મનોહર ચિત્રણ કરી રહ્યો હતો. નવવધૂને શણગારવામાં સ્નેહની ઉત્કટતા મનાતી. સખીઓ એ ટાણે કંઈ કંઇ ટોળ–મશ્કરી કરતી. વરવધૂ વચ્ચેની શરમ એ દ્વારા ઓછી થતી. ઠઠ્ઠામશ્કરીમાં શણગારવાનું કાર્ય ઊકલી જતું. ગ્રામ્યજનતાનો એ રવૈયો હતો. એમાં બિભત્સપણાનું નામ સરખું નહોતું. ત્યાં તો અચાનક કોલાહળ ઉદ્દભવ્યો. ફળિયાના નાકેથી છોકરાં બૂમ મારતાં દોડી આવ્યાં. તેઓ બોલવા લાગ્યાં કે, ' લગ્નનો આનંદ માણવા મહારાજ પધાર્યા.' એક મોટી વયના છોકરે કહ્યું: ' એ તો ભવદેવના મોટા ભાઈ થાય.'

ત્યાં તો આર્યવાન ને રેવતી આંગણામાં આવ્યાં. સામે ભવદત્ત મુનિને જોયા. એક સમયના પોતાના આ બાળુડાને આમ એકાએક પધારેલા જોઈ, કપાલ પર આટલા વર્ષની સંયમયાત્રાના નિરતિચાર પાલનથી ઉદ્દભવેલી તેજસ્વીતા નિરખી, હૃદય પુલકિત બન્યું. સહસા બોલાઇ ગયું: ' પધારો, પધારો, સાધુજી! ખરા મોકે આપનું આગમન થયું છે. નાના ભાઈનાં લગ્નમાં મોટા ભાઈએ આવવું ઘટે. સાધુ થયા તેથી લોહીનો સંબંધ ઓછો વીસરાઈ જાય છે! આનંદમાં વધુ ઉમેરો થયો.' ભવદત્ત મુનિને રસવતીગૃહ તરફ બહુમાનપૂર્વક લઇ જવામાં આવ્યા. ખપતી ચીજો વહોરાવવામાં આવી. આવાસગૃહમાં ભવદેવને સમાચાર મોકલ્યા.

ખબર મળતાં જ ભવદેવનો ભ્રાતૃસ્નેહ ઊછળી આવ્યો. નાગિલાને ઉદ્દેશી એ બોલ્યો:

" પ્રિયા, તું માઠું ન લગાડીશ. મારા બંધવને વંદન કરી, સુખશાતા પૂછી, હમણાં જ હું પાછો ફરું છું એમ સમજ. "

નાગિલાના ઉત્તરની રાહ જોયા સિવાય એ રસોડા તરફ દોડી ગયો. મહારાજશ્રીના ચરણમાં પડ્યો. સુખશાતા પૂછતા, તેમજ જેના દેહ પરથી હજી લગ્નકાળની પીઠી પૂરી સુકાણી પણ નથી એવા ભવદેવના હાથમાં ઘૃતનું પાત્ર આપી, ભવદત્ત મુનિ ધર્મલાભરૂપ મહાન્ આશીર્વાદ દેતાં વિદાય થયા. માત-પિતા અને સ્વજનસમૂહ તેમ જ ગ્રામજનતા થોડે સુધી વળાવી પાછી ફરી. એકલો ભવદેવ હાથમાંના પાત્ર સહિત મુનિ સહ ભાગોળ સુધી આવી પહોંચ્યો. એના મનમાં એક જ વિચાર હતો કે 'પોતે મુનિશ્રીનો ભાઇ છે એટલે જ્યાં સુધી પોતાના હાથમાંનું પાત્ર મુનિશ્રી લઇને રજા ન આપે ત્યાંસુધી પોતાથી પાછા ફરવાની વાત સરખી કેમ ઉચ્ચારાય ?'

નાગિલા તેમ જ સખીવૃંદ કાગના ડોળે ભવદેવના પ્રત્યાગમનની રાહ જુએ છે. ઘરમાં માતપિતાને પણ ચિંતા થઇ પડી કે હજુ ભવદેવ પાછો કેમ ન ફર્યો. આર્યવાનને એવો વિચાર પણ આવ્યો કે પોતે પાછો ફર્યો ત્યારે ભવદેવને તરત જ પાછા ફરવાની આજ્ઞા કરવી હતી અથવા તો મુનિશ્રીની સાથે પોતાને પણ જવાની જરૂર હતી; કેમકે પુત્ર ભવદત્તનું સંયમ તરફ મૂળથી જ જબરું વલણ હતું અને એણે દીક્ષા લીધી ત્યારે પોતે સંસારમાં રોકવા કરેલી દલીલોના આપેલા જોરદાર રદીઆ હજુ સ્મૃતિમાં રમતા હતા. આવા વિચાર પછી સહજ શંકા ઉદ્ભવી કે કદાચ ભવદત્ત મુનિ ભવદેવને સાધુ બનાવવાના મિષથી જ કાં આજે એકાએક અહીં આવ્યા ન હોય ? ઘડીઓ વીતવા માંડી અને શંકા બળવત્તર બનતી ગઇ. તરત જ એક ચાકરને ભાગોળ તરફના આંબાવાડીઆમાં તપાસ માટે દોડાવ્યો. થોડી જ વારમાં એ પાછો ફર્યો અને જણાવ્યું

કે "ત્યાં તો એક પણ સાધુ નથી !" આ શ્રવણ કરતાં જ માતાપિતાને ધ્રાસકો પડ્યો.

વાચકવર્ગને ઘડીભર આશ્ચર્ય થશે કે જંબૂકુમારના જીવન-વૃત્તાન્તમાં ઉપર વર્ણવેલા પ્રસંગથી શા કારણે આરંભ કરવો પડ્યો ? અને તે પણ આ રીતે અધવચથી કેમ ?

એના નિરાકરણમાં હાલ એટલી જ વાત કહેવાની કે— આ પ્રસંગ ઉક્ત કથાનાયકના જીવનમાં કોલના ચણતર સમાન છે. એ વાત વાર્તાપ્રવાહમાં આગળ વધતાં સહજ સમજાશે, એટલે હાલ તો ભવદત્ત સાધુ સાથે ભવદેવને માર્ગ કાપતો મૂકી, બીજી તરફ ઘર આગળ નાગિલા તેમ જ સ્વજનવર્ગને ભવદેવની માર્ગપ્રતીક્ષા કરતો રાખી, કથાના અંકોડા જોડવાનો પ્રયાસ કરીએ.

સુપ્રસિદ્ધ ભારતવર્ષના કીર્તિવંત મગધ દેશમાં **સુગ્રામ** નામનું એક નાનું છતાં ધન-ધાન્યથી ભરપૂર સુખી ગામ હતું. ગ્રામપતિ યાને ગામનાયક તરીકે **આર્યવાન** નામના એક સજ્જન હતા. એને **રેવતી** નામની સુલક્ષણી સ્ત્રી હતી. એ દંપતીને અનુક્રમે બે પુત્ર થયા. તેમના નામ **ભવદત્ત** અને **ભવદેવ.** ઉભય ભાંડુઓ વચ્ચે વયનું અંતર અલ્પ હોવાથી બાલ્યકાળથી જ હરવા-ફરવા ને રમવામાં સજ્જડ સ્નેહની જડ જામી હતી. વડિલ ભ્રાતા ભવદત્તનો લઘુબંધવ ભવદેવ પ્રતિ અપાર પ્રેમ હતો, તેમ ભવદેવનો મોટા ભાઈ પ્રત્યેનો વિનય પણ ઓછો ન હતો. ખાધેપીધે સુખી હોવાથી અને ગામના મુખીના લાડકવાયાં સંતાન હોવાથી દિવસનો મોટો ભાગ આસપાસના સ્થળોમાં ભ્રમણ કરવામાં તેમજ કુંડ

તથા વાપિકાઓમાં જળક્રીડા કરવામાં અથવા તો વિશાળ હરિયાળી પર ઘુમવામાં પસાર થતો હતો.

એક પ્રસંગ એવો બની ગયો કે આ બેલડીના જીવનની દિશા બદલાઇ. એક જ દિનના બે ભિન્ન બનાવોએ પરસ્પરને એકબીજાથી નિરાળી દિશામાં આણી મૂકયા. પ્રાતઃકાળનો સમય છે, ઉદ્યાનમાં સુસ્થિતસૂરિ નામના વિદ્વાન આચાર્ય મહારાજની પધરામણી થયાના સમાચાર આવ્યા છે. ગ્રામ્ય જનતા પ્રાતઃકાર્યોથી પરવારી મહારાજના દર્શને જઇ રહી છે. ભવદત્ત અને ભવદેવ પણ શીઘ્ર ગતિએ માર્ગ કાપી રહ્યા છે, ત્યાં સામેથી પાણી ભરીને આવતી ત્રણેક બાળાઓમાંની એકને ભવદેવના હાથનો ધક્કો લાગ્યો, માથા પરનું બેઢું પડતાંપડતાં રહી ગયું. ભવદેવને પોતાની બેદરકારીનું ભાન થયું અને પાછળ મુખ ફેરવીને જ્યાં દિલગીરી દર્શાવવા નજર કરે છે ત્યાં તો તે બાળાની મોહક આંખો નજરે ચડી. ઉપાલંભના સ્થાને મમતાભરી દૃષ્ટિ નિરખતાં જ એનું મન કોઈ જુદા જ હીલોળે ચડયું. ત્રણે બાળાને તે પિછાનતો હતો–ગ્રામિણ-પ્રજાના પ્રાણસમા ને પરગજુ શેઠ **નાગદત્ત** અને ભાર્યા **વાસુકી**ની કન્યા **નાગિલા** જોડે એની બે સખીઓ વનમાળા અને પ્રમીલા. પોતાના હાથનો ધક્કો નાગિલાના બેઢાને જ લાગ્યો હતો. વાસુકીની પુત્રીએ ધાર્યું હોત તો પોતાની ખબર લઇ નાંખત એ વાત પણ એના ધ્યાન બહાર નહોતી, છતાં એની મીઠી દૃષ્ટિએ આ ઊગતા તરુણના હૃદયમાં કોઈ અનેરો ભાવ પ્રગટાવ્યો. એ જાદુને લીધે જ જ્યારે અમૃતસમા ઉપદેશને અંતે ભવદત્તે દીક્ષા લેવાની વાત રજૂ કરી ત્યારે ભવદેવે જિંદગીમાં પહેલવહેલો જ નકારો સુણાવ્યો. સર્વ

વાતમાં સહકાર પૂરનારા નાના ભાઈના આ અણુધાર્યા જવાબ-થી ભવદત્તને ઓછું આશ્ચર્ય ન થયું. પાછા ફરતા માર્ગે એણે ઘણીએ યુક્તિઓ લડાવી, પણ ઉખરભૂમિમાં બીજારોપણ સમ નિષ્ફળ ગઈ! માતાપિતાએ પણ જલદી રજા આપવાની આનાકાની કરી, સંયમપંથના આકરા ઉપસર્ગો સામે ધર્યા. ભવદત્તે એ સર્વનો ઉકેલ દલીલપુરસ્સર આણ્યો અને પોતા પૂરતી આજ્ઞા મેળવી. આચાર્યશ્રી પાસે પ્રવ્રજ્યા સ્વીકારી ભવદત્ત મુનિ વિહારમાં અને શાસ્ત્રોના અભ્યાસમાં આગળ વધ્યા.

ભવદેવને બંધવનો વિરહ દુઃખકર થાત, પણ અકસ્માત નાગિલાનો યોગ સાંપડ્યો અને સ્નેહનો તાંતણો બંધાણો. એક વિરાગીજીવનમાં પગલાં પાડી રહ્યા, જ્યારે બીજા રાગી-જીવનના પાઠ પઢવા લાગ્યા.

નાગિલા અને ભવદેવ અવારનવાર મળતાં, કંઈ કંઇ વાતો કરતાં અને સ્નેહસંબંધની વૃદ્ધિ કરી મીઠી મોજ માણતા. તેથી એકબીજાનાં દિલ પૂર્ણપણે પરખાયાં અને જીવનસાથી તરીકે જોડાવાનો નિશ્ચય પણ થયો. સખીઓ મારફતે આ વાત નાગદત્તના કાને પણ પહોંચી. એને આ સંબંધ દૂધમાં સાકર ભળ્યા જેવો જણાયો, એટલે જાતે જઈને આર્યવાનને વાત કરી. ઉભયના વિવાહ અને લગ્ન પણ થયાં એ આપણે ઉપર જોઈ ગયા.

મધુરજની માણવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તે પૂર્વે ઉપર વર્ણવ્યો તે પ્રસંગ બન્યો.

‘વંદન કરી શીઘ્ર પાછો ફરું છું’ એમ કહી જનાર પ્રેમી

ગયો તે ગયો જ ! ઘટિકાના વાયદા દિવસ વટાવી માસમાં પરિણમવા લાગ્યા !

* * *

## ૨. આગમન થશે જ—

સાગરદત્ત–મહારાજ ! તમે ભવદત્તજીને આવવામાં વિલંબ થતો જોઇ ચિંતા કરતા હતા, પણ મુનિ ભવદત્ત તેમના બંધુ સહિત આવે છે. જુઓ ! પેલા જેના હાથમાં પાત્ર છે તે તેમના નાના ભાઇ જ છે. હજુ અંગ પરથી લગ્નપ્રસંગનો પોશાક પણ નથી ઊતર્યો. ઉપદેશ કરવાની શક્તિમાં આપણી મંડળીમાં ભવદત્ત મુનિનું સ્થાન અગ્રપદે આવે છે.

આમ કહે છે ત્યાં તો ઉપાશ્રયમાં તેમના પગલાં પડ્યાં. મુનિ-મંડળી એકઠી થઇ. કોઇ કંઇ પ્રશ્ન કરે તે પૂર્વે જ ભવદત્ત મુનિ હાથ પરની ઝોળી હેઠી ઉતારતાં એક મુનિને ઉદ્દેશી બોલ્યા કે:

“ આર્ય કેશી ! ગુરુદેવને જલદી જઇ ખબર આપો કે ભવદત્ત મુનિ પોતાના અનુજ બંધુને દીક્ષા લેવાની અભિલાષા થતાં સાથે તેડી લાવ્યા છે, તો એ માટે અત્યારની ઘટિકા યોગ્ય છે કે કેમ ? અને આપની સમીપે તેમને હમણાં તેડી લાવે કે કેમ ? ”

જ્યાં કેશી મુનિ સુસ્થિતસૂરિના બેઠકખંડ પ્રતિ વળ્યા ત્યાં ભવદત્ત મુનિએ પોતાના ગુરુબંધુ નાગદત્ત, કે જે પૂર્વે પોતાના એક સ્નેહીને દીક્ષાના પરિણામ થયા જાણી બોધ કરવા અને દીક્ષા આપી તેડી લાવવા ગયા હતા, પણ પાછળથી તે લગ્ન કરી સંસારમાં પડવાથી નિરાશ થઇ પાછા ફર્યા હતા તેમને ઉદ્દેશીને કહેવા લાગ્યા :

"નાગદત્ત મુનિ ! જો કે તમોએ તો મને મેં જ્યારે તમારી હાંસી કરી હતી ત્યારે કેવળ હાસ્ય કરતાં જ ટોણો મારેલો, પણ ત્યારથી મને મારા ભ્રાતાને દીક્ષિત કરવાની ભાવના ઉદ્ભવી હતી, તેથી હું મારા ગામ પહોંચ્યો અને હજુ લગ્ન કરી, કુળદેવતાને પ્રણામવિધિ કરવાના કાર્યમાં મશગૂલ હતો ત્યાંથી દીક્ષાના ઉમેદવારમાં પલટો ખવરાવી મારી સાથે તેડી લાવ્યો આમ 'કાગનું બેસવું ને તાડનું પડવું' એ ન્યાયે મને તો લાભ જ થયો. મારી પ્રતિજ્ઞાનું પણ પાલન થયું."

આ બધો વ્યતિકર જેના હાથમાં પાત્ર છે અને જે ઉપાશ્રય નજીક આવવાથી એ પાત્ર સોંપી સત્વર પાછો ફરવાની ઉત્કંઠા સેવી રહેલ છે તે ભવદેવે જ્યારે પોતાના ભાઈ ભવદત્ત મુનિના મુખે વર્ણવાતો સાંભળ્યો ત્યારે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો અને સામાન્ય લેખાતા કાર્યમાં કેવું જોખમ સમાયેલું છે એ તરફ એનો વિચાર વળતાં એનું મન તરંગોમાં હિલોળે હીંચકવા માંડયું.

હવે જ ભવદત્ત મુનિએ આદરેલી કાર્યવાહીનો સાચો ખ્યાલ તેને આવ્યો. પોતાને પાત્ર આપી સાથે લેવામાં, કુટુંબીજનો પાછાં વળ્યાં છતાં, ગામની સીમ પૂરી થયા છતાં, પોતાને પાછો જવાનું ન કહેવામાં અને માર્ગે આવતા ઉદ્યાન, વાપિકા કે સરિતાના દર્શને મુનિશ્રીએ પોતાનો બાલ્યાવસ્થાનો કાળ યાદ કરાવી, એ વેળા સાથે રહી કરેલી ક્રીડાઓ વર્ણવી, જે રંગબેરંગી વર્ણનો કરેલાં એ બધાં પાછળ તેમનો ગુપ્ત હેતુ શો હતો એનું પણ હવે તેમને પૂરેપૂરું ભાન થયું. પોતે

દીક્ષાનો ઇચ્છુક નહીં છતાં કેવળ પોતાની પ્રતિજ્ઞા પાળવા સારુ–નાગદત્ત સાધુના હાસ્યને ફોક કરવા સારુ–જે રીતે વાતનું પ્રતિપાદન ભવદત્તે મુનિમંડળી સમક્ષ કર્યું એનો પ્રતિકાર કેવી રીતે કરવો એ પણ મૂંઝવણભર્યો પ્રશ્ન થઈ પડ્યો. એક બાજુ ઊંડી ખીણ ને બીજી બાજુ જળથી ભરપૂર નદી! જરાક ભૂલે કે મામલો ખતમ થઈ જવા જેવી દશા! નકારો ભણે છે તો માત્ર મુનિમંડળ સમક્ષ જ નહિ પણ ખૂદ ગુરુદેવની સામે પણ પોતાના વડીલ બંધુ–ભવદત્ત સાધુ જૂઠા પડે છે, નાગદત્ત મુનિ સાથેની હોડમાં પરાજય પામે છે, એટલું જ નહિ પણ કરેલું બ્યાન એ સત્ય ઘટના નહોતી પરંતુ ગોઠવી કાઢેલી હકીકત હતી એવો ભાસ થઇ જાય છે. જો હાકારો ભણે છે તો સંસાર માણવાની વાત ને લ્હાવો લેવાના સ્વપ્ના ધૂળધાણી થઈ જાય છે. નાગિલાને આપેલું વચન–'થોડીવારમાં જ પાછો આવું છું'' તે–હવામાં ઊડી જાય છે. મનમાં જે ચીજ રમી રહી છે તે અદ્ધર લટકી જાય છે, અને જે પવિત્ર ચીજ ગ્રહણ કરવાનો ઈરાદો નથી, જેમાં મુદ્દલ રસ નથી તે ગ્રહણ કરવામાં દંભનું સેવન કરવું પડે છે. આમ ઉભય તરફની ખેંચતાણમાં મન આકુળવ્યાકુળ બની ગયું છે. કયો માર્ગ લેવો એ સૂઝતું નથી!

ત્યાં તો આર્ય કેશી પાછા ફર્યા અને દીક્ષા માટે આ સુંદર ઘટિકા છે તેથી સત્વર ગુરુદેવની સમીપ પધારવાની આજ્ઞા લાવ્યા. ખેલ ખલાસ. મનની મનમાં રહી ગઇ! વિનીત એવા ભવદેવથી કંઇ જ બોલી શકાયું નહીં. ભવદત્ત સરખા ચારિત્રસંપન્ન સાધુના કાર્યમાં કિંવા કરેલ વર્ણનમાં કંઇ દોષ હોવાની ગંધ સરખી પણ કોઈને ન આવી. આચાર્યદેવે

દીક્ષા આપવાની વિધિ કરી અને નાગિલાનો પ્રીતમ–સંસારમાં પગ માંડવાને ઉદ્યુક્ત થયેલ પ્રેમી ભવદેવ જોતજોતામાં સિનેમાના ચિત્રપટની માફક પરિવર્તન પામ્યો. સંસારી મટી સાધુ બન્યા. અંતર ભલે નકારો ભણે છતાં વ્યવહારપ્રધાન જનતા તો ભવદેવને સાધુ તરીકે પિછાંનવા લાગી અને સ્તુતિ કરતી કહેવા લાગી કે–લગ્નની મોજ માણવાની તજી દઇ, વડિલ બંધુ ભવદત્તના પ્રતિબોધથી સંયમરંગે રંગાયા અને જોતજોતામાં સંસાર તજી દીધો તે માટે તમને ભૂરિ ભૂરિ ધન્યવાદ ઘટે છે! એક કવિએ સાચું જ ગાયું છે કે—

'જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે' આમ ભવદેવ સંયમ પાળવા લાગ્યા. વિનીત અને કુલીન હોવાથી અંતરમાં એ સામે વિરોધ હોવા છતાં પ્રગટપણે કંઇ જ ન કહી શકયા, પણ હૃદયમાં તો નાગિલાની સ્મૃતિ કાયમ રાખીને જ રહ્યાં. ચારિત્ર ધર્મની સીત્તરીઓ–ચરણસીત્તરી અને કરણસીત્તરી–આચરણમાં ઊતરવા માંડી. એમાં બીજો કંઇ અતિચાર લાગવાપણું ન રહ્યું, છતાં મુનિ ભવદેવની મન–ગુફાના ઊંડાણમાં એ સર્વ કરણી કરાતાં છતાં નાગિલા અને પુનઃ એના મિલાપનું આશાબિન્દુ ધ્રુવના તારા સમ સ્થિર ને નિશ્ચળ રહ્યું.

આ કારણે જ આપણે જોઇ ગયા તેમ નાગિલાની માર્ગપ્રતીક્ષા–'ભવદેવ આજે ન આવ્યા તો કાલે આવશે, કારણવશાત્ રોકાઇ ગયા હશે તો બે પાંચ દિવસ વીત્યે વા અઠવાડિયા પછી આવશે' એવી આશા આખરે અણુપૂરી રહી અને મહિનાઓ વીતવા માંડ્યા. ગામેતી આર્યવાન કે ભવદેવની માતા રેવતી તદ્દન મૂઢ ન હતાં. એમને તો પોતે પાછા

ફર્યા અને વધુ વિલંબ થયો છતાં ભવદેવ ન આવ્યો ત્યારથી જ વિચારના ફેરફારની ગંધ આવી હતી. સાધુ ભવદત્તના આગમનમાં કંઇ છૂપો હેતુ જણાયો હતો. બીજી બાજુ નાગિલાનાં માતા–પિતા પણ વસ્તુસ્થિતિનું આકસ્મિક પરિવર્તન પિછાની ચૂકયાં હતાં અને નાગિલાની સખીઓ તો સારી રીતે જાણી ચૂકી હતી કે જે નાવલીઓ પરણ્યાની પ્રથમ રાત્રિની આટલી હદે ઉપેક્ષા કરે, એ સાચો પ્રેમી સંભવે જ નહીં, એ તલમાંથી તેલ ન જ નીકળે. આમ સૌ કોઇ ચોકખી રીતે રંગમાં ભંગ પડ્યાનું કિંવા મધુરજની કાયમને માટે વિયોગી રજનીમાં ફેરવાઈ ગયાનું સમજી ચૂકયા હતા, છતાં નાગિલાની દૃઢતા સામે કંઇ ઉચ્ચારી શકતા નહીં. એ ચોથો આરો હતો. એ વેળા કુલીનતા ને વિનીતપણાના સાચે જ બહુમાન હતાં. ચારિત્રશીલતા પર ખાસ ભાર મૂકવામાં આવતો. એની નિષ્કલંકતા એ સૌ કરતાં મોખરે આવતી અર્થાત્ એમાં જ સર્વશ્રેષ્ઠતા સમાઇ જતી હતી. નારીવર્ગ માટે શિયલસંરક્ષણ એના સર્વ ધર્મોમાં ધુરિપદ ધારણ કરનારો ધર્મ હતો. એનું પાલન પ્રાણના ભોગે કરવાના શિક્ષાપાઠ ગળથુથીમાં પાવામાં આવતા. પ્રત્યેક લલના એ પવિત્ર વસ્તુની સાચી કિંમત સમજતી. પતિવ્રત ધર્મની બોલબાલાનો એ કાળ હતો, તેથી તો એ ધર્મને કંઇ ક્ષતિ પહોંચે તેવા દરેક શંકાસ્પદ સ્થાન યા બનાવથી સ્ત્રીવર્ગ દૂર રહેતો હતો. તેઓનાં ધાર્મિક, વ્યાવહારિક કે સામાજિક દરેક કાર્યક્રમોની ગોઠવણી પાછળ શિયળવ્રતના સંરક્ષણને રંચ માત્ર અલવલ ન આવે એ મુદ્દો વીસારવામાં આવતો નહીં. કારણવશાત કોઈ પ્રસંગમાં મલિનતાની હવા બહાર આવતી તે પૂર્વે જે વ્યક્તિને ઉદ્દેશી એ વાત

થતી એ વ્યકિત સ્થાનકનો ત્યાગ કરી જતી અથવા તો સમાજમાં મોં ન બતાવવું પડે એવો માર્ગ ગ્રહણ કરતી.

આવા સુવર્ણ કાળમાં પણ જેમ વાડને કાંટા હોય જ એ નિયમ અનુસારે કોઇ કોઈ ભાગમાં–દ્વિજ જેવા વર્ણોમાં–ગુરુ પદ ધારણ કરતી કોમમાં–પુનર્લગ્નનો રિવાજ પણ હતો. એમાં દેશ, કાળની અસર ભાગ ભજવતી. એવા દાખલા અપવાદરૂપ નોંધાતાં છતાં ઉપર વર્ણવી તેવી ઉચ્ચ ભૂમિકા સામે જેની ગણના અધમમાં થાય તેવા કાર્યનો વર્તાવ નહોતો એમ નહીં. માનવ હૃદયો સામે ધર્મના સિદ્ધાંત કંચન સમ શુદ્ધ વસ્તુઓની પ્રરૂપણા કરતા. સમાજના કાનૂનો શું આચરણીય છે અને શું નિંદનીય છે એ વાતની મર્યાદા આંકતા અને વ્યવહારના બંધનોને કઇ કઈ કક્ષા સ્પર્શનીય છે અને કયાં આગળ થોભી જવાપણું છે એની રેખા દોરતાં છતાં પસંદગીનો આખરી નિર્ણય એ વ્યકિતના પોતાના અંતર પર અવલંબતો–ચાહે તે દિશામાં એ નિર્ણય દોરવી કે બેસાડી શકાતો. એક વાર નિર્ણય થયા પછી વ્યકિત પોતાનો ભાવિમાર્ગ નિશ્ચિત કરતી કિંવા સમાજ એ વાતને ત્યાંથી જ પૂર્ણ વિરામ અર્પતો. લાંબા કાળ સુધી એનાં ચૂંથણાં નહોતા ચૂંથવામાં આવતાં.

ભવદેવ મુનિને વડિલ ભ્રાતા સહ સંયમપંથે વિહરવા દઇ આપણે સુગ્રામ તરફ નજર તો ફેરવી પણ ત્યાંથી કંઇ જ નવું જાણવાનું મળે તેમ નથી. જે સમયનું ઉપર ચિત્ર આલેખ્યું એમાં નાગિલા એકલી જ આપણા કથાપ્રવાહની પ્રેરિકા દૃષ્ટિગોચર થાય છે. સ્વજનસમૂહ સારી રીતે જાણી ચૂકયો છે કે ભવદેવ ગયો એ ગયો જ ! સાધુ થયો. હવે ઓછો જ પાછો

ફરવાનો હતો ? એ આવશે એવી આશા સેવવી એ ફોગટની ભ્રમણા છે. આવું સમજનારા પણ 'નાગિલાએ શું કરવું ?' એ કહી શકતા નહોતા. વહેવારિક રીતે સોહાગણમાં પ્રવેશતાં પૂર્વે જે વૈધવ્યનાં કમાડ ઠોકાઇ રહ્યાં હતાં એ જાણતાં છતાં ઉચ્ચારી શકતા નહોતા. એ કાળની એ મર્યાદા—આવી પરિસ્થિતિવાળી હોવા છતાં સમયનું ચક્ર અસ્ખલિત ગતિએ ચાલ્યા કરતું. 'Time and Tide wait for no man' એ આંગ્લ ઉક્તિ અક્ષરશ: સાચી છે. એને અનુરૂપ નિમ્ન ગુજરાતી દુહો સ્મરણમાં રાખવા જેવો છે.

**ટકે ન કોને કારણે, જલધિતણો જુવાળ;**
**સારો માઠો નવ રહે, કોને સારૂ કાળ.**

સુગ્રામવાસી ગ્રામ્યજનતામાં વહેવારનું ગાડું પૂર્વવત્ ચાલ્યા કરતું હતું. નાગિલા આશામાં જીવન વીતાવતી હતી. વર્ષો પર વર્ષો ચાલ્યાં જતાં હતાં. આર્યવાન મૂંગી ધીરજ ધરી રહ્યો હતો છતાં એની વૃદ્ધ અવસ્થાએ અને જરા રાક્ષસીના પૂર્ણ કાબૂ તળે આવેલા અંગોપાંગોએ શિયાળાની એક પાછલી રાત્રે એની નિદ્રા હરી લઈ એને આગામી કાળની ચિંતાનાં વમળમાં નાંખી દીધો. સંખ્યાબંધ તરંગો વચ્ચે એક જ પ્રશ્ન એનું અંતર વલોવી રહ્યો અને તે એ જ કે—

'અમો દંપતી કે જે આજે વૃદ્ધાવસ્થામાં ઝોલાં ખાઇ રહ્યા છીએ તે પવનનો એકાદ સખત સપાટો લાગતાં જેમ દીપક બુઝાઇ જાય તેમ યમના ભક્ષ બની જઈશું. તે વેળા યુવાનીના ઉંબર ઉલ્લંઘતી આ નાગિલાની શી દશા ! એનું

એલી કોણ ?' સવારનાં કાર્યોથી પરવારી, આર્યવાને આ વાત રેવતી સમક્ષ મૂકી. થોડી વિચારણા બાદ નાગિલાને સખીઓ સહિત તેડાવી, તે સૌની સમક્ષ વૃદ્ધ આર્યવાને નિમ્ન શબ્દોમાં પોતાનું હૃદય ખાલી કર્યું.

"પુત્રવધૂ નાગિલા! તારું દુ:ખ જોઇ મારું હૃદય દુ:ખાય છે. મને ભવદત્ત કરતાં ભવદેવની ભૂલ વધુ ભયંકર લાગે છે, કેમકે ભવદત્ત જતાં માત્ર અમને દુ:ખ લાગેલું, પણ આ ભવદેવે તો અમારા ઉપરાંત તારા સંસારજીવનનું-આશાભરી યુવતીની કંઇ કંઇ અભિલાષાનું-એક ઝાટકે નિકંદન કાઢી નાંખ્યું છે. અમારાથી એ દુ:ખ જોયું જતું નથી ત્યારે તારાથી એ કેમ સહ્યું જતું હશે? છતાં અમે જાણીએ છીએ કે એક કુલિન કામિનીને છાજે તેવી ધીરજથી એ દુ:ખ તું સહી રહી છે. અમારી મર્યાદા કે કુલવટ બીજી સલાહ નથી આપવા દેતી, પણ તેથી તું તારા અંતરને દગો ન દઈશ. અમારી ખાતર તારા અવાજને ગુંગળાવીશ નહીં. આ સંસારમાં અમે હવે થોડા સમયના પરોણા છીએ. પછી તો તું એકલી અટુલી બનવાની. ભાવી ભયંકર જણાય છે, છતાં એ સામે તારે એકલા હાથે જ ઝૂઝવું પડશે. તારા આત્મબળ ઉપર જ ભરોસો રાખવાનો. એ બધી બાબતનો વિચાર કરી, ભવદેવની આશા ત્યજી દઈ, તારો નિશ્ચય જણાવ કે જેથી એ ચિંતાનો ઊકેલ આવે. તારું હૃદય પોકારે એ માર્ગ લેવાને તું સ્વતંત્ર છે. દરેક આત્માને પોતાનો કાર્યક્રમ નિયત કરવાની સત્તા છે; એમાં અમારો અવરોધ ન હોઇ શકે."

"પૂજ્ય પિતાશ્રી! સાસુ સસરાનું શિરછત્ર એ કુળવધૂને

માટે અણમૂલો અવસર છે. એ ક્યાં સુધી ટકશે ? એ તો જ્ઞાની જાણે. બાકી આપ મારી ચિંતા જડમૂળથી કાઢી નાખો. નાગિલા એ નાગદત્ત–વાસુકીનું સંતાન છે. પતિએ ગમે તે માર્ગ લીધો હોય છતાં એને માટે પતિવ્રતાનો ધર્મ એ જ સાચો માર્ગ છે. આપ એમ ન સમજશો કે મેં વગર સમજે પ્રીત બાંધી છે. ભવદેવ અને હું લગ્નગ્રંથીથી જોડાયાં પૂર્વે ઘણીએ વાર મળેલાં અને અરસપરસનાં હૃદય પિછાણવા પ્રયાસ સેવેલો–અમારા ઉભય હૃદયે સાચી પ્રીતની જડ બંધાયા પછી જ એને સિંચન થતું રહે અને વિકાસ વૃદ્ધિ પામે એ અર્થે વ્યવહારિક સાધન સમા લગ્નનો સધિયારો શોધેલો. જો કે એ આશા ફળવતી નથી બની તેથી કંઇ અમારી પ્રીતમાં ખામી નથી આવવાની. સાચી પ્રીત સામે પારાવાર જોખમો અને કષ્ટોની ઝડીઓ ડોકિયાં કરતી હોય છે, પણ એથી અંતર ડગતું નથી–એ જ સચ્ચાઇનું લક્ષણ છે. **પ્રેમલગ્નની પ્રિયાને વૈધવ્ય એ દુઃખરૂપ નથી જ.** કામવિલાસ કે વિષયતૃપ્તિ પૂરતી જ અમારી પ્રીત મર્યાદિત નથી. કદાચ એ સાધુ થયા હશે તો એ મારા તો પ્રીતિપાત્ર છે અને રહેવાના. આપ અનુભવી છો તેથી માનો કે ન માનો, પણ મેં તેમનું હૃદય વાંચ્યું છે, એથી મને તો ખાતરી છે કે–એક વાર એમનું આગમન થશે જ. એ ચોઘડીઆ પર્યંત મારે એમની માર્ગપ્રતીક્ષા કરવી. એ જ મારો ધર્મ.

"આપને મારી એક જ વિનંતિ છે કે આપ મારી ચિંતાને અળગી કરો. પરભવના પાથેય માટે પ્રાપ્ત થયેલ સંપત્તિનો સદ્વ્યય કરો. ગામની ભાગોળે એક નાનકડી ધર્મશાળા

બંધાવો કે જેમાં અતિથિ, અભ્યાગત કે સંતસાધુને આશ્રય મળે. કદાચ એ દ્વારા મને મારા પ્રિય પાત્રનો યોગ પણ સાંપડે."

× × ×

### ૩. શુદ્ધ પ્રેમની સુવાસ—

"આ વસ્તીગૃહમાં છે કોઈ ? થોડો સમય નિવાસ કરવાની મારી ઇચ્છા છે તો અનુજ્ઞા મળી શકશે ?"

અવાજ સાંભળી, પ્રૌઢતામાં પૂર્ણપણે પ્રવેશી ચૂકેલી એક નારી વસ્તીગૃહના દરવાજા પર દોડી આવી. અર્ધ-ઊઘાડા દ્વારને બરાબર ઊઘાડી આગંતુક અતિથિ સામે જ્યાં દૃષ્ટિપાત કરે છે ત્યાં એકાએક આશ્ચર્યમગ્ન બની જાય છે! ક્ષુધાતુરને એકાએક સૂકા રોટલાને બદલે ઘેબર મળતાં જેવો આનંદ થઇ આવે તેથી અધિક હર્ષ આ નારીને સામે ઊભા રહીને પ્રશ્ન કરતાં શ્રમણને નિરખીને થયો. ચિરકાળસેવિત મનોકામના સફળ થતાં અંતર નાચી ઊઠયું. દેહનાં પ્રત્યેક ગાત્રો પુલકિત બન્યા. એ અકથ્ય આનંદના અતિરેકમાં શ્રમણની અનુજ્ઞા સંબંધનો પ્રશ્ન અધર લટકી રહ્યો.

"ભગિની! કેમ વિસ્મિત નેત્રે મૌનપણે ઊભાં છો ? આ વિશાળ સ્થાનમાં મારા સરખા અકિંચન સાધુને વિશ્રામ માટે થોડી જગ્યા નહીં આપી શકો ?"

"મહારાજ! સુખે પધારો. આ વસ્તીનો ઉપયોગ સાધુ-સંતોને માટે ચોવીશે કલાક ખુલ્લો છે. અતિથિ-અભ્યાગતની શુશ્રૂષા સરળતાથી થઈ શકે, એમના ઉપદેશનો લાભ મળી શકે એટલા સારુ તો આ મકાન બંધાવવામાં આવ્યું છે.

અમો નજીકમાં વસીએ છીએ છતાં ઉભય મકાનો વચ્ચેની બાંધણી સુંદર છે અને ઘટતું અંતર એવી રીતે રખાયેલ છે કે જેથી કોઇને અડચણ પહોંચી શકે નહીં. રાગી ને ત્યાગી ઉભય પોતપોતાનાં કાર્યો નિરાબાધપણે કરી શકે. એમાં પ્રવેશવાની આજ્ઞા માગનાર આપ પ્રથમ સંત છો. બાકી અત્યારપૂર્વે કેટલાયે સંન્યાસી, બાવા અહીં આવી ગયા, દ્વાર ઊઘાડાં દેખી એમાં પ્રવેશી ઈચ્છિત સમય સુધી નિવાસ કરી, પોતાને પંથે પળ્યા છે. ”

“ ભગિની ! એ બધાં કરતાં, શ્રી અરિહંતદેવના નિર્ગ્રંથ-નો ધર્મ જુદો છે. માલિકની આજ્ઞા વિના એક તરણું સરખુંય જ્યાં લઈ ન શકે ત્યાં પૂછયા વિના પ્રવેશ તો કેમ જ થાય ? ”

“ સાધુજી ! ત્યારે તો એ ધર્મ મહાન ગણાય. નીતિનું ધોરણ તો એવું જ જોઇએ. એ સંબંધે અવકાશે વાત કરીશું. આપ શ્રમિત થયા લાગો છો તો સુખેથી પધારી, ખભા પરનો ભાર ઊતારી વિશ્રાન્તિ લ્યો. ”

“ ભગિની ! થાકનું તો શું કહેવું ? પંદર ગાઉનો વિહાર તો હસતાંરમતાં કરી નાંખનાર મારા જેવા સાધુને આ સુગ્રામ-નાં સાત ગાઉ તો એટલાં ભારે પડી ગયા કે જુઓને કેટલો દિવસ ચડી ગયો ને કેટલા તડકા ઊતર્યા ? ડગલે ને પગલે મને ભૂતકાળની સ્મૃતિ થવા માંડી. બાલ્યકાળની મસ્તી, ભાઈ સાથેની ક્રીડા અને પ્રેયસી સાથેના છૂપા વાર્તાવિનોદ મનો-પ્રદેશમાં જબરું મંથન કરવા લાગ્યા. એ અવનવા તરંગો પર હીલોળા ખાતું ચિત્ત જાણે પગોને થંભાવી ન દેતું હોય તેમ સતત ગતિ કરતાં છતાં ધરતીનો છેડો તેઓ નિર્ણીત સમયમાં

ન લાવી શકયા. જ્યાં આત્મા જ કોઈ અનોખી વિચારશ્રેણીમાં ભ્રમણ કરતો હોય ત્યાં પગ કે હાથ બિચારા શું કરે ?"

"ત્યારે મહારાજ તમો આ જ ગામના વતની લાગો છો ?"

"ભગિની ! કેવળ વતની જ નહિ પણ આ ગામના માલિક યાને મુખીનો પુત્ર ! પણ એ ઇતિહાસ તો લાંબો છે. એ લાંબી રામાયણમાં મેં ભજવેલા ભાગનું પ્રાયશ્ચિત્ત કરવા સારુ તો આજે વર્ષો વિત્યાં છતાં હૃદયની ઊંડી ગુફામાં છુપાયેલી સ્નેહ-ગ્રંથીને સજીવન કરી, પુનઃ નવપલ્લવિત કરવા, તક મળતાં નીકળી આવ્યો છું."

આમ વાત થાય છે તેવામાં પંદરેક વર્ષનો એક યુવાન અને વૃદ્ધાવસ્થાથી જેનાં ગાત્રો પર શિથિલતા આવી છે, કર-ચલીઓ પડી છે અને જેના માથાના કેશ શ્વેતતાને ધારણ કરી ચૂકયા છે એવા એક ડોશીમા પરસ્પર રકઝક કરતાં આવી ચઢ્યા.

યુવાન અને ડોશીમા, પ્રૌઢા અને શ્રમણરૂપ ચાર આત્મા-ઓની આ મંડળીને આપણા ચાલુ કથાનક સાથે કેવો સંબંધ છે એ વિચારી લઈ આગળ વધીશું તો વાર્તાલાપની રસની જમાવટ ઠીક થશે એટલા સારુ સંક્ષેપમાં ભૂતકાળ પ્રતિ મીટ માંડીએ.

પતિવ્રતા તરીકે જીવન વિતાવવાનો નાગિલાનો દૃઢ નિશ્ચય સાંભળીને આર્યવાન ગ્રામપતિ યાને ભવદેવના પિતા આનંદિત થયા અને નાગિલા જેવી કુળવધૂ પ્રાપ્ત થઈ એ માટે પોતાને અહોભાગી માનવા લાગ્યા. પુત્રો તો ચારિત્ર લઈ ચાલ્યા ગયા હતા અને એમાં ભવદેવ પાછો ફરશે એવી નાગિલાની આશા સાંભળી હતી, છતાં પોતાને પાકી ખાત્રી હતી કે એ માર્ગે

ગયા પછી પાછા આવવાની આશા આકાશકુસુમવત્ અસંભવિત છે, તો પણ નાગિલાના સંતોષ અર્થે–જીવનનિર્વાહ સુખેથી ચાલી શકે એવી સગવડ કરીને–વધારાની લક્ષ્મીનો વ્યય પરમાર્થના કામોમાં નાગિલાની સંમતિ લઇને કરવા માંડ્યો. સુગ્રામની ભાગોળે આવેલ અતિથિગૃહ બંધાવનાર આર્યવાન ગ્રામપતિ જ હતા.

આવેલા ડોશીમા અને યુવાન એ મા–દીકરો થતાં હતાં. જાતે બ્રાહ્મણ હોઇ યજમાનવૃત્તિનો વ્યવસાય હતો. જે કાળે આર્યવાને એમને આશ્રય આપ્યો હતો ત્યારે પુત્રની વય માત્ર બે વર્ષની હતી અને વૃદ્ધા તરતની વિધવા થઈ હતી. આમ દુઃખમાં આવી પડેલ જીવોને સહાય કરવામાં ધર્મ છે એ માન્યતાથી તેમ જ નાગિલા જ્યારે એકલી પડે ત્યારે તેણીને ટેકારૂપ થઈ પડે એવા શુદ્ધ આશયથી આર્યવાને એ મા–દીકરાને આશ્રય આપ્યો હતો. આમ ડોશીમા કુટુંબીજન જેવાં બની ગયાં હતાં. રસોઇ આદિ ઘરકાર્યોમાં એ દ્વિજવૃદ્ધાનો સહકાર નાગિલાને પોતાની જનેતા સમ ઉપયોગી થઇ પડતો. એટલે એ 'માતા'ના સંબોધનથી જ તેની સાથે વ્યવહાર ચલાવતી. નાના એવા દ્વિજ અર્ભકનો ઉછેર આર્યવાનને ખારા સંસારમાં મીઠા પાણીની વીરડી સમ હતો. સંસારનું ચક્ર અસ્ખલિત રીતે ચાલ્યું જતું હતું. કરાળ કાળ પોતાનો પંજો વિનારોકયે સ્વેચ્છા મુજબ મારતો. એના સપાટામાં આર્યવાન દંપતી અને નાગદત્ત–વાસુકીની જોડી આવી. આત્મા ઊડી ગયા ને ખોળિયાં માટીમાં મળી ગયાં. જો કે આમ બનવામાં સમયનો આંતરો દરેક વચ્ચે પડ્યો, પણ

પાંચ વર્ષના ગાળામાં તો નાગિલા એકલી–અટુલી બની ગઇ! બ્રાહ્મણ–વૃદ્ધાનો સાથ બાદ કરીએ તો જગતમાં એને પોતાનું કહેવાય તેવું કોઇ જ નહોતું.

ઉપરના બનાવ પછી નાગિલા, ડોશી અને ઉમ્મરમાં વધતો એનો દીકરો ગામની ભાગોળે આવેલા અતિથિગૃહમાં વસતાં હતાં. અતિથિ–અભ્યાગતની સુશ્રુષામાં, ખાનપાનદ્વારા ભક્તિ કરી, પરોપકારમય જીવન વ્યતીત કરતા. નાગિલાનું અંતર પોકારતું કે એક વાર ભવદેવનો સમાગમ તો જરૂર થવાનો, એટલે તેણી પોતાના પતિવ્રતાધર્મને જરા પણ ક્ષતિ ન પહોંચે અને દેહનો ટકાવ રહી શકે એ રીતે નારીજાતિ-સુલભ વ્રત–નિયમ પાળતી. વૃદ્ધાનો પુત્ર મોટો થવા આવ્યો હતો અને છેલ્લાં બે વર્ષથી પોતાની બાપિકી યજમાનવૃત્તિ સંભાળવા પણ લાગ્યો હતો. જે વેળા શ્રમણ અતિથિગૃહના દરવાજે આવ્યા એ વેળા ડોશીમા રસોઇના કાર્યમાં પરોવાયાં હતાં અને તેમનો પુત્ર, આજે પર્વણી હોવાથી એક યજ-માનને ત્યાં જમવા ગયો હતો.

વાચક સહજ જાણી શકશે કે દ્વાર આગળ આવતાં જ જે પ્રૌઢા આશ્ચર્યાન્વિત થઇ ગઇ તે અન્ય કોઇ નહિ પણ નાગિલા પોતે જ હતી. શ્રમણને જોતાં જ એ ઓળખી ગઇ. જીગરમાં લાંબા કાળથી જેને મળવા સારુ ચિરાગ બળી રહેલ છે અને જેના આગમનની માર્ગપ્રતીક્ષામાં સંખ્યાબંધ વર્ષો વીતાવ્યાં છે એ હૃદયના ભવદેવ પોતે જ સાધુ તરીકે સામે ખડા છે એટલું જ નહિ પણ સ્થાનકમાં પ્રવેશ કરવા માટે આજ્ઞા માગી રહ્યા છે એ દૃશ્ય જોતાં જ તેણીના રોમાંચ

વિકસ્વર થયાં. એકાદ ખાડામાં થોડાં બીઆં નાંખી, સતત એની પાછળ જળસીંચન કરનાર, હંમેશ એ પ્રતિ નજર નાંખનાર અને ભૂમિમાંથી અંકુર ફૂટતાં જ ચોતરફ ક્યારો બાંધી એનું યથાયોગ્ય રીતે રક્ષણ કરી, એ અંકુરને વૃદ્ધિ પમાડનાર અને અંકુર સ્વરૂપને પલટો લેવડાવી વૃક્ષરૂપે પરિણમાવનાર, વર્ષો સુધી જે અથાગ મહેનત કરે છે-એની પાછળ એકધારો જે પરિશ્રમ ઉઠાવે છે તેને એ નવીન વૃક્ષ પર ફળ બેસતાં નિરખી જે આનંદ થાય છે તે અવર્ણનીય હોય છે. મન પોકારે છે કે કર્યું, કારવ્યું સફળ થયું તેમ આજે મુનિને જોતાં નાગિલાને થયું, છતાં વિલક્ષણતા એક હતી અને તે એ જ કે આવનાર સંત–મુનિ–ભવદેવ–ખૂદ નાગિલાના પ્રેમાકર્ષણથી જ મુનિમંડળી ત્યજીને આવેલ હતા. માર્ગે બાલ્યાવસ્થાનાં, તરુણ જિંદગીના જે આનંદો ભોગવેલા તેના સંભારણા મનમાં તાજાં કરેલ છતાં નેત્ર સામે ઉભેલી પ્રૌઢા–નાગિલાને ઓળખી શકતા નથી.

આમ થવામાં પ્રેમની ઉણપ કે સ્નેહની ઓછાશ માનવાપણું નથી જ. એના નિમિત્તભૂત જે કારણો છે તે એમાં જ તરી આવે છે. એટલાં જ કે–સ્ત્રીજાતિના શરીર પર બાલ્ય, યુવા અને પ્રૌઢાવસ્થામાં ફેરફારો અગમ્ય રીતે થાય છે, એનાથી દેહ–સ્થિતિમાં જબરો પલટો આવે છે. અંગ–ઉપાંગોની પુલકિતતા કિંવા શિથિલતા, અથવા અવસ્થાબદલી કાળનો ભરતી–ઓટ દિદાર–પરિવર્તનમાં અનેરો ભાગ ભજવે છે અને એ જ કારણથી શણગાર સજવાની ક્રિયામાં તરુણી નાગિલાને છોડી જનારો ભવદેવ, અહર્નિશ ચિંતન કરવાના વ્રતવાળો છતાં એ જ નાગિલાને સામે જોયા છતાં પિછાની શકતો નથી!

તારુણ્ય અદૃશ્ય થયું અને પ્રૌઢતાએ પોતાની સત્તા નાગિલા પર પૂર્ણપણે જમાવી એને એ આભારી છે. બીજી વાત એ પણ સ્પષ્ટ છે કે નારીહૃદયની કોમળતા—જે વ્યક્તિ પર દૃઢ રાગ પ્રગટ્યો તેને ગમે તેવા કપરા સંયોગોમાં પણ વળગી રહેવાની નિશ્ચિતતા, અને એ માટે પ્રાણનું પણ બલિદાન દેવું પડે તો તે દેવાની ઉત્કટતા અજોડ હોય છે. તેણીનો શ્રદ્ધાદીપક કોઈ અનોખી પદ્ધતિએ જલતો હોય છે. એને શંકાનાં વાદળોથી કોઇ કોઈ વાર ક્ષોભ પહોંચે છે ખરો, છતાં એનું ઊંડાણ એટલું ઘેરું હોય છે કે જવલ્લે જ એ સ્થાનભ્રષ્ટ થાય છે. એક વાર પ્રેમની ગાંઠ વળી ગઈ તે વળી ગઇ ! એની પાછળના બળના કે જાતિના સાહસ–પરાક્રમ કે કપરા ભોગોનો ઇતિહાસ યથાર્થ રીતે આલેખવો હોય તો પૂર્ણ અવકાશ ને વિપુલ સાધન-સામગ્રી જોઇએ અને સાથોસાથ સમભાવ દૃષ્ટિએ પૃથક્કરણ કરવાની વૃત્તિ પણ જોઇએ. ટૂંકમાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે ભ્રમર કમળના પરિમલ માટે કિવા પતંગીઉં દીપકજ્યોત માટે જે રીતે જીવન ન્યોછાવર કરે છે તે કરતાં પણ અધિક પ્રમાણમાં કેવળ પ્રેમની ગાંઠના નિભાવ અર્થે અગર તો સ્નેહ–તંતુના સંરક્ષણ અર્થે ત્રિયાજાતિ સારાયે જીવનની આહૂતિ આપી દે છે ! એ વેળા ગણિતના નથી તો આંકડા મૂકવા તે શોભતી કે નથી તો લાભાલાભના તોલન કરતી ! ઇશ્ક પાછળની ફનાગીરી તેણીને સહજ છે. પુરુષજાતિ આ હદે નથી પહોંચી શકતી. પ્રેમમાં એ દૃઢતા કેળવી શકે છે છતાં નિશ્ચળતા તો લલનાજાતિને જ વરી છે, તેથી જ અંજના, સીતા, કલાવતી કે દમયંતીનાં ઉદાહરણો જીવંત છે અને જીવંત રહેવાનાં છે. એમાં જે

પ્રેરણાશક્તિ અને જીવનના ઉલ્લાસ ભરેલા છે તે અજોડ છે અને સરખા હક્કની વાતોથી એમાં સમાયેલ અદ્વિતીય ગૌરવને કંઇ જ ક્ષતિ પહોંચતી નથી.

વાર્તા-પ્રવાહમાં આગળ વધીએ અને પેલી મંડળીમાં એ ચર્ચા કેવા સ્વરૂપે ચાલે છે એ તપાસીએ તે પૂર્વે એટલો ખુલાસો જરૂરી છે કે ડોશીમાનો દીકરો, જેનું નામ જનાર્દન છે, તે ગામમાં એક યજમાનને ત્યાંથી ખીરનું ભોજન જમી, સુવર્ણમહોરની દક્ષિણા લઈ, સત્વર પાછો ફર્યો હતો અને અતિથિગૃહમાં પોતાના નિવાસસ્થાનમાં આવી, વૃદ્ધ માતા સન્મુખ મહોર મૂકી, જલ્દી એક ખાલી વાસણ લાવવાની તેમજ ખાધેલું વમન કરી શકાય તેવી ફાકી આણવાની વાત કરી રહ્યો હતો. એમ કરવા પાછળ એનો આશય એ હતો કે આજે પર્વણીનો પવિત્ર દિન હોવાથી, કેટલાક બીજા યજમાનો તરફથી પણ પોતાને ઘેર એને ભોજનનું નિમંત્રણ મળેલ હોવાથી તેમને ત્યાં જઈ ભોજન કરવું અને દક્ષિણા મેળવવી. અન્યત્ર જઈ જમવાનું સુગમ પડે એ સારુ પેટ ખાલી કરવાને માટે વમન કરવાનો ઈરાદો હતો અને ખીર જેવા મિષ્ટ ભોજનનો પાછા ફર્યા બાદ પુનઃ સ્વાદ લેવાનો મનોરથ પણ હતો.

માતા ખાધેલ અન્નને વમન કરવાથી વિરુદ્ધ હતી અને તેથી યે વિશેષ વિરુદ્ધ ફરીને પુનઃ તે આરોગવાની વાતથી હતી. પુત્રથી જમણનો તેમજ એ પાછળ મળનાર દક્ષિણાનો લોભ છોડાતો નહોતો. વમન વિના એ કાર્યને સરળ કરનાર અન્ય કોઇ માર્ગ નહોતો. માતા, પુત્રની રકઝકના નિરાકરણાર્થે જ્યાં શ્રમણ અને નાગિલા ઊભા હતા ત્યાં આવી, અને કહેવા લાગી

"દીકરી ! આ જનાર્દનને સમજાવ. કેમે કરીને મારી વાત એ માનતો જ નથી. આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક એવું વમન કરવારૂપ કાર્ય એ કરવા ઉદ્યુક્ત થયો છે."

"જનાર્દન ! શા સારુ આવી હઠ કરે છે ? માતાને વિનાકારણુ કેમ સંતાપ આપે છે ?" નાગિલાએ પ્રેમભર્યા પ્રશ્નો કર્યા.

"મોટી બહેન ! રોજ કંઇ પર્વો આવતાં નથી તેમજ યજમાનો આમંત્રણુ આપતાં નથી. ઘણુા દિવસે આજે એક કરતાં વધુ યજમાનોનો આગ્રહ થયો છે. સુવર્ણમહોરની દક્ષિણુા જતી કરવા મન માનતું નથી. ખીરના ભોજનનું વમન કર્યા સિવાય પેટ ખાલી થાય તેમ નથી અને આગળ ડગ ભરાય તેમ નથી. વળી ખીરની મિષ્ટતાનો સ્વાદ હજુ પણુ જીભ ઉપર છે એટલે હું માતુશ્રીને કહું છું કે મારી વમન કરેલી ખીર આવીને હું પછીથી નિરાંતે ખાઇશ. ઝટપટ તું મને એ માટેના સાધન લાવી દે, કે જેથી કાર્ય પતાવી મારા કામે લાગી જઉં. જ્યાં લાભની વાત આંખ સામે ખુલ્લી જણાતી હોય ત્યાં વૈદકશાસ્ત્રના પાના ફેરવવા કે આરોગ્યની લાંબી ચોડી મીમાંસા કરવી કેમ પાલવે ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મુખ ધોવા જવાની વાત કરવી એ મૂર્ખતા જ કે બીજું કંઇ ?"

મુનિ તો જનાર્દનનું કથન સાંભળી સંસારી જીવડાની વિચિત્રતા પર–કંચન પાછળના અગાધ મમત્વ પર સખત પ્રહાર કરતાં બોલ્યા કે–"હે મહાનુભાવ ! માનવ જેવો બુદ્ધિવાન આત્મા થઈ, વમન કરેલી વસ્તુને પુન: આરોગવા ઇચ્છે છે ? માનવતાનું આટલી હદે પતન કરાવનાર એ મહોરના લોભ પર

શા સારુ પૂળો મૂકતો નથી ? જો કે તંદુરસ્તીની નજરે અને વૈદકીય નિયમ પ્રમાણે એમ કરવું હાનિકારક તો છે જ છતાં થૂંકેલું ચાટવા જેવી જુગુપ્સનીય કરણી ગમે તેવા પ્રલોભન સામે એક મનુષ્ય જેવા સમજુ આત્માથી કરાય જ કેમ ? એ સૌ કરતાં મોટો પ્રશ્ન છે. ”

“ માતાની શિખામણ માન, રુચિ હોય તો યજમાનનું મન સાચવ; નહિં તો આટલાથી સંતોષ માન. બાકી વમન કરેલી ખીર પુનઃ ખાવાના વિચારને તો કાયમનો દેશવટો જ દે. એવું નિંદ્ય કાર્ય કરવાનો વિચાર સરખો પણ પુનઃ ન આવે એ સારુ આજે ને આજે શપથ લે. ”

× × ×

## ૪. સાચી દિશા—

“ મહારાજ સાહેબ ! આપને જો ફુરસદ હોય તો, મારે જે કંઇ પૂછવાનું છે તે વાતનો આરંભ કરું. ભોજન પછી તરતમાં આપને ખાસ કંઇ ક્રિયા કે નિયમ પાળવાનો હશે તો નહીં જ એમ ધારી હું જમીને તરત જ આપની પાસે ચાલી આવી છું. ”

“ બહેન ! ખુશીથી આવો. તમારે ત્યાંથી વહોરી લાવેલ આહાર શ્રમણધર્મની મર્યાદા અનુસાર વાપરી હું પણ જે કાર્ય અર્થે આ તરફ આવ્યો છું તે પાર પાડવા સારુ ઉદ્યુક્ત થયો છું. મને લાગે છે કે તમારી સહાય મળશે તો મારું એ કાર્ય જલદી ઉકલશે, એટલે તમારે જે કંઇ પૂછવું હોય તે બેધડક પૂછી શકો છો. મારે જે પણ કહેવાનું છે તે હું વિના સંકોચે તમને જણાવીશ. ”

" મુનિરાજ ! મેં અહીં, પૂર્વે જણાવ્યું તેમ ભિન્ન ભિન્ન પ્રકારના અતિથિઓ નિહાળ્યા છે, એ બધામાં અને તમે જે ધર્મનું પાલન કરી રહ્યા છો એમાં મુદ્દાનો ફેર મને જણાયો છે. અંતરના ભેદ ઉકેલવાનું મારા ચક્ષુમાં સામર્થ્ય નથી, છતાં બાહ્ય નજરે મને તમારા વ્રત, નિયમ કિંવા ક્રિયાકાંડ વધુ ઉત્તમ જણાયાં છે અને તેથી મને એ સમજવાની જિજ્ઞાસા ઉદ્ભવી છે. છતાં એ પૂર્વે એક શંકાનું નિરસન થવાની જરૂર છે. જ્યારે આટલી ઊંચી કક્ષાએ તમે વિરાગી જીવનમાં આગળ વધી રહ્યા છો ત્યારે એવો તે કયો ભૂતકાલીન પ્રસંગ તમોને આ નાનકડા ગામ પ્રતિ આકર્ષી રહ્યો છે કે જેના વિચારમાં તમોને પંથ કાપવામાં વધુ સમય લાગ્યો ? "

" ભગિની ! શંકા વ્યાજબી છે એટલું જ નહિ પણ મારે તમોને એ વાત જણાવવી છે અને એમાં જ તમારી સહાય લેવી છે. એટલે જ્યારે ઉભયનો પ્રશ્ન એક જ મુદ્દા પર અવલંબે છે ત્યારે મારે એની મૂળથી શરૂઆત કરવી રહી. નાગદત્ત–વાસુકીની પુત્રી નાગિલાને પરણી સંસારજીવનની પ્રથમ સંધ્યાએ ત્યજી જનાર આર્યક મુખીનો પુત્ર ભવદેવ તે હું પોતે જ. એ ઘોર અન્યાયનું પ્રાયશ્ચિત્ત કરવા આજે ઘણા વર્ષો વીત્યાં પછી હું આવ્યો છું........એ નાગિલાને તમે ઓળખો છો કે ? "

" હા મહારાજ ! ઓળખાણ માત્રથી મારો અને એનો સંબંધ પૂર્ણ નથી થતો. અમારા વચ્ચે એટલો ગાઢ સંબંધ છે કે ' એ ' અને ' હું ' જરાય જુદાં નથી એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ ન લેખાય. "

"હં, ત્યારે એક વાર એને અહીં તમે બોલાવી ન લાવો ? ગામમાં જઇ મારે તેની આ વેશે શોધ કરવી કપરી છે અને એ સાથે શરમભરી પણ છે. મારું એટલું કામ કરશો કે ?"

"સંત ! તમારા કામને સારુ નકારો ન ભણી શકાય, છતાં, એ નાગિલાને કયા કારણે તમે તરછોડી ચાલ્યા ગયા ? એ જાણ્યા વગર-એની પાછળનો હેતુ બરાબર અવધાર્યા વગર હું કેમ તેણીને સમજાવી શકું ?"

"અરે ! એ એટલી બધી પ્રેમાળ છે કે મારું નામ દેશો તો, અને કહેશો કે ભવદેવ પોતે બોલાવે છે તો તુરત દોડી આવશે. મેં સાંભળ્યું છે કે મારા ચાલ્યા જવા છતાં મારા પરનો એનો પ્રેમ નથી તૂટ્યો કે નથી તો અન્ય માર્ગે વળ્યો ? એના સ્નેહની દૃઢતા માટે મને પૂર્ણ ભરોસો છે."

"તમે ખરા સ્વામી ! આવી એક સ્નેહાળ તરુણીને ખાસ કારણ વગર છેહ દઈ ચાલ્યા ગયા ! એનો સંસાર તદ્દન ખારો બનાવી દીધો ! 'આવું છું' કહીને ગયા તે ગયા જ ! પછી ન કંઈ ભાળ આપી કે ન કંઈ સંભાળ સરખી લીધી ! એક સાચા પ્રેમીને લગાર પણ ન છાજે એવું વર્તન કર્યું; છતાં તમે માનો છો કે એ હજુ તમારા પ્રત્યે પ્રેમવત્સલ છે. તેણીનો પ્રેમ અડગ છે. માત્ર સંદેશ પાઠવતાં હાજર થઇ જશે."

"ભગિની ! મારું અંતર એની પવિત્રતાને માટે સાક્ષી પૂરે છે. એ સાચો પ્રેમ જ મને વર્ષો પછી અહીં ઘસડી લાવ્યો છે. એ પ્રેમે જ મને સાચા સંયમરંગમાં લયલીન નથી થવા દીધો. આજે લાંબા કાળે હું અહીં એટલા સારુ જ

દોડી આવ્યો છું કે જો એ કબૂલ કરે તો આ સાધુતાના પવિત્ર અંચળાને ખીંટીએ ટાંગી દઈ, પુનઃ સંસારમાં પગ મૂકું. એની લાંબા સમયની વિરહદશાનો અંત આણું. એક વાર અમે ઉભય સંસારીજીવન યથેચ્છ રીતે માણીએ. "

" સાધુજી ! તો પછી આ અંચલો શા સારુ ઓઢ્યો ? આ દંભ ચાલુ કેમ રાખ્યો ? સાચો પ્રેમ હતો તો ગુરુ સમક્ષ એ કેમ ખુલ્લું ન કર્યું ? તમે જાણો તો છો જ કે બળજબરીથી ચારિત્ર નથી લદાતું."

" બહેન ! વાત સાચી છે. મારી ભૂલ થઇ છે. વાત ટૂંકી છે છતાં એ ટચુકડી વાતે જ એવી મજબૂત દીવાલ ખડી કરી દીધી કે દંપતીજીવનના કોડ મનમાં જ રહી ગયા અને ઉભયના રાહ તદ્દન જુદા થઈ ગયા ! મારા દીક્ષિત બંધુ ભવદત્ત સાથે હું કેવળ ભક્તિથી ગયો. એમણે તકનો લાભ લઇ બંધુ-પ્રેમથી આકર્ષાઇ મને મુનિમંડળી સમક્ષ સંયમાકાંક્ષી તરીકે રજૂ કર્યો. વડિલ ભ્રાતના વિનયે-એ જૂઠા ન પડે એવા વિચારે-ઘડીભર હું કર્ત્તવ્યમૂઢ બન્યો; અને ત્યાં તો રાગીના લેબાશ દૂર ફેંકાયા અને સંયમીનો આ વેશ મળ્યો ! "

" મુનિરાજ ! તમારી ઇચ્છા વિના તમે આટલા સમય સુધી સંયમધારી જીવનમાં રહ્યા છો ? આવા પવિત્ર અંચળા તળે પણ દંભનું નાટક ભજવાય છે ખરું ? અને અવિનય થાય તો ક્ષમા કરશો પણ એ ચાલુ રાખવામાં મુખ્ય ભાગ ભજવવો, હૃદયમાં કંઈ જુદું જ ચિંતવવું, એ સર્વ શું વિનય જેવા પ્રશંસનીય ગુણની વ્યાખ્યામાં સમાય છે ? ધારો કે તમોએ વડીલ બંધુને જૂઠા ન પડવા દીધા એ બાહ્યથી ખરું છે,

એથી તમોએ વડિલનો વિનય સાચવ્યો એમ જનતા કબૂલ કરશે; પણ ચારિત્ર જેવી પવિત્ર ચીજને–તીર્થંકર પ્રભુના પવિત્ર વેશને–એથી કંઇ દૂષણ નથી પહોંચ્યું ? તમારા આત્માને તમે પોતે નથી ઠગ્યો ? ઉપાસકવર્ગમાં તમે સાધુને નામે ઓળખાયા, પૂજાયા અને એ પદના નામે વંદાયા, એમાં તમોને કંઈ વિસંવાદિતા નથી જણાતી ? માત્ર નાગિલાને મેળવવા એ સ્વાંગ છોડવો સહજ છે ? ”

“ બહેન ! સમજફેર થાય છે. મેં અંતરના ઊંડાણમાં નાગિલાની સ્મૃતિ રાખવા છતાં ચારિત્રને ક્ષતિ પહોંચે તેવું એક પણ કાર્ય કર્યું નથી. ભાગવતી દીક્ષાના પ્રત્યેક ધર્મો સમજણપૂર્વક ગ્રહણ કર્યાં છે અને યથાશક્તિ નિરતિચારપણે પાળ્યા છે. શ્રમણધર્મનો મારો અભ્યાસ એ કાચા ઘડામાં પાણી ભરવા જેવો નથી. એ જીવનમાં મારો વસવાટ જેમ વર્ષોજૂનો છે તેમ એ સંબંધમાં મારી છાપ જરા પણ દૂષિત નથી. એને લગતો મારો અનુભવ સાંભળશો તો તમને પણ એની પાછળ સમાયેલા સત્યની પ્રતીતિ થશે. આ તો ગુરુ ને વડીલ ભ્રાતા કાળધર્મ પામ્યા, કોઈ વડિલ આંગળી ચીંધે તેવું ન લાગ્યું એટલે મનમાં થઈ આવ્યું કે અંતરની વાતનો અમલ કરવાની ઘડી અણધારી પ્રાપ્ત થઈ તો શા સારુ એ પ્રયાસ ન કરવો ? યતિધર્મનું જેમ શુદ્ધ બુદ્ધિએ પાલન કર્યું તેમ ગૃહસ્થધર્મનું પણ કેમ ન કરવું ? ”

મુનિરાજની આ વિસ્મયકારી વાત સાંભળી નાગિલા એકાએક હસી પડી. મનમાં નક્કી થયું કે ભવદેવનું આગમન

આટલા વર્ષોનાં વહાણાં વાયા પછી પણ સંસારના વિલાસો માણવા અર્થે જ અહીં થયું છે. વ્યાખ્યાનપીઠ પરથી હજારોને 'વિષયો કારમા છે, એમાં લપટાવાથી આત્મા અધોગતિનું ભાજન બને છે, માટે એને તજવાનો દરેક જીવે યત્ન કરવો જોઇએ' એવો ઉપદેશ આપનાર એ પોતે જ, એ પાછળનું રહસ્ય પિછાની શકયા નથી. જ્ઞાની પુરુષોએ મોહની ગતિ વિકળ ને સ્થિતિ લાંબી કહી છે તે કંઇ ખોટી વાત નથી જ. એના ઉદયની વેળાએ ભલભલા વિદ્વાનો અને પદવીધરો પણ ગોથાં ખાઈ જાય છે તો મારા આ પ્રેમીની ભૂલ થાય એમાં શી નવાઈ ! આટલી વિમાસણ પછી સહસા તે બોલી ઊઠી:

"વડિલનું બહુમાન સાચવવા જતાં વિનયપાલનના ઘેનમાં તમે એક પણ ધર્મ બરાબર સમજ્યા નથી ! ઘરના કે ઘાટના એકેના રહ્યા નથી ! મારી નજરે–અંતરમાં નાગિલાને જીવતી રાખીને ઉપરથી ચારિત્રનો અભ્યાસ કર્યો. એથી ન તો નાગિલાનો શુકરવાર વળ્યો કે ન તો સાચો સંયમ પ્રાપ્ત થયો ! અધકચરી દશા રહી !"

"નાગિલાની સખીનો દાવો કરનાર ભગિની ! જ્યારે એક પ્રેમીએ પૂરો વિશ્વાસ રાખી હૃદય ઉઘાડું કર્યું ત્યારે એને મદદ કરવાને બદલે, ઉપાલંભ દેવા તૈયાર થવું તે તમને ન છાજે."

"જે પ્રેમી ચક્ષુ સામે ઊભેલી નાગિલાને પણ પિછાની શકતા નથી, જે ચિરકાળથી દીક્ષિત છતાં દીક્ષા પાછળનું સાચું રહસ્ય જાણી શકતા નથી, એ શું ઉપાલંભને પાત્ર નથી ? કેવળ પ્રિયાનું નામસ્મરણ કરે એટલે પ્રેમી માનવો ?

કેવળ યતિનો વેશ ધારે ને યતિધર્મના કાનૂન આંતરિક રસ વિના પાળે એને મુનિ માનવો ? રાગ અને ત્યાગ વચ્ચેનો ભેદ જ જેને હજુ ય પરખાયો નથી એને તો ઘણો ઘણો ઠપકો ઘટે છે.”

સાધુજી તો ઘડી પૂર્વેની લજ્જાયુક્ત લલનાનો આ પ્રકારનો સ્પષ્ટ ટંકાર સાંભળી ડઘાઈ જ ગયા ! ‘ ચક્ષુ સામે ઊભેલી નાગિલા ’ એ શબ્દો વારંવાર યાદ કરવા લાગ્યા. સ્મૃતિને તાજી કરવા લાગ્યા. એના ચહેરા તરફ ધ્યાનપૂર્વક જોઈ, એકાએક બોલી ઊઠ્યા.

“ શું તું પોતે જ નાગિલા છો ? અહા ! કરાલ કાળે કેવી દશા કરી નાખી ? ક્યાં એ તારુણ્યનો તરવરાટ ! ક્યાં એ યૌવનનો ઉન્માદ ! ક્યાં એ રંભાને હંફાવે એવું સૌન્દર્ય અને ક્યાં એ મધુર મુખાકૃતિ ! જાણે એ બધામાં એક સામટો જ પલટો ! પ્રૌઢતાનો સર્વદેશીય વિજય. આ ફેરફારો જ એવા છે કે ભલભલાને ભ્રાંતિ પ્રગટાવે. એ આકસ્મિક પ્રમાદને આગળ ધરી પ્રેમીને નાપાસ કરવો કિંવા એને ઠપકાપાત્ર લેખવો એ શાણી પ્રિયાને ન શોભે. ચિરકાળથી જેના દેહને ભેટવા સારુ તું માર્ગપ્રતીક્ષા કરી રહેલ છો, જેના સ્નેહતંતુને નિભાવવા અર્થે આ કોમળ કાયાને કરમાવી નાંખી, કલેવરરૂપ બનાવી રહેલ છો એ જ્યારે સામે આવી ખડો થયેલ છે, પોતાથી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા માગે છે ત્યારે ‘ **गतं न शोचामि** ’ કરવાને બદલે ઢોળાયેલ દૂધ માટે પશ્ચાત્તાપ જેવું આચરણ કાં કરે છે ? વર્તમાનને જોવાનો મૂકી ભૂતકાળને કાં ઊકેલે છે ? શા સારુ સંભારતી નથી કે–‘ આજનો લ્હાવો લીજીયે રે,

કાલ કોણે દીઠી છે ?' એક વાર હોંશપૂર્વક સંસાર ભોગવી લઈએ, પછી કરવું ઘટશે તે થઇ રહેશે. રજોહરણ ને પાત્ર કંઇ ચાલ્યા જવાનાં નથી. તું હા પાડે તેટલી જ ઢીલ છે."

ત્યાં તો પેલા ડોશીમા પણ મધ્યાહ્ન કાર્યોથી પરવારી આવી પહોંચ્યા. એમને જોતાં જ ભવદેવ મુનિએ ઉચ્ચાર્યું કે–"જુઓ માજી ! આ નાગિલાને હું કયારનો સમજાવું છું કે ગઇ ગુજરી ભૂલી જા. મારી થયેલ સ્ખલનાને સંભારવાનું ત્યજી દે અને પુન: આપણે સંસાર શરૂ કરીએ."

"ત્યારે શું તમે જ મારી સખી રેવતીના નાના પુત્ર ભવદેવ કે ? તમારા એકાએક ચાલી જવાથી મારી પુત્રીતુલ્ય નાગિલાનો સંસાર ધૂળધાણી થઇ ગયો છે ! એક દિવસ પણ એવો ગયો નથી કે જેમાં તમારું સ્મરણ એકથી અધિક વાર તેણીએ ન કર્યું હોય. શ્વસુરપક્ષ તરફથી નીતિનાં બંધનનો દોર ઢીલો મૂકાયા છતાં તેણીએ એનો લાભ ન લીધો. બાકી આ કળિયુગનો કાળ ! અમારા જેવી ઊંચ ગણાતી દ્વિજવર્ણમાં પુનર્લગ્ન થવા લાગ્યાં છે, ત્યાં બીજાની શી વાત ? એ તો પાળે તેનો ધર્મ ! પણ આ વાસુકીની પુત્રી નાગિલાની કુળવટ ટપી જાય તેવી છે. દૂષણનું નામ શ્રવણ કરતાં એ દૂર ભાગે છે. આવા વિરહમાં કાચીપોચી ન જ ટકે. તમોએ નિષ્ઠુરતાની તો હદ વાળી ! !"

"માજી ! હું એનો બદલો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વાળી આપવા આવ્યો છું, ત્યાં તમારી એ પુત્રી તત્ત્વજ્ઞાનની વાતોમાં કાળ વ્યતીત કરે છે ! સામે મીઠા પાણીનું સરોવર દેખાય છે છતાં તૃષાતુર રહેવાની વૃત્તિ દાખવે છે ! તત્ત્વજ્ઞાનની શુષ્ક

દલીલોનો તે કોઈ દિ' તાગ આવ્યો છે ખરો ? તમારું માને તો હું તો આ અંચળો ઊતારી, પુનઃ ઘરસંસારી બનવા તૈયાર છું. સંમતિની ઢીલ છે. ”

“ તો પછી, દીકરી નાગિલા ! તું શો વિચાર કરી રહી છે ? અહર્નિશ જેનું ચિંતવન કરતી હતી તે જ્યારે અનુકૂળ બનેલ છે ત્યારે મુહૂર્ત શાં જોવાં ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવાની મૂર્ખાઈ કરનાર કિંવા રસગુલ્લા સમું મિષ્ટ ભોજન થાળમાં પીરસાયું હોય તે વેળા વડીનીતિ યાને જંગલ જવાની તૈયારી કરનાર ગમારશિરોમણિ જ લેખાય. એવી ભૂલ તું ન કરતી. ”

નાગિલા પ્રત્યુત્તર આપતાં બોલી કે–“ વ્યાકરણમાં જેનો સંગ વિરોધ તરીકે ગણાયો છે એવા શ્રમણ અને બ્રાહ્મણ આ વાતમાં એક થયા ! વળી મારી દૃષ્ટિએ ઉભય વડિલ તેમ જ ગુરુપદે એટલે એમની આજ્ઞા ન જ લોપાય, છતાં આત્મશ્રેય સર્વોત્કૃષ્ટ વસ્તુ હોવાથી જ્યાં એનો સર્વ નાશ થતો હોય ત્યાં ન તો સંમતિ સંભવે, ન તો મૌન શોભે. એ વેળા ખુલ્લો વિરોધ જ આવશ્યક ગણાય. તમે શું એમ સમજો છો કે આ નાગિલાએ ભવદેવ સહ પ્રીત જોડી હતી તે કેવળ વિષય માણવા ખાતર હતી ? હરગીજ નહિં. સાચો પ્રેમ કામવાસનાને તો ફુટી બદામ સમ લેખે છે. ધાન્યના લાભની દૃષ્ટિએ બી વાવનાર ખેડૂતને જેમ ધાન્ય સાથે ઘાસનો લાભ સહજ થાય છે તેમ મોક્ષ પુરુષાર્થની સાધના અર્થે માનવભવ એ યોગ્ય ભૂમિકારૂપ હોવાથી અને સ્ત્રી–પુરુષનો સમાગમ ધર્મ, અર્થ ને કામરૂપ ત્રિવર્ગની સાધનાદ્વારા ઉપર

કહેલો ચતુર્થ પુરુષાર્થ શક્ય બનાવનાર હોવાથી સાચા પ્રેમીઓનો પ્રેમ પ્રશંસનીય લેખાય. એ વેળા ભોગવિલાસ પેલા ઘાસ તુલ્ય ગણાય. લગ્ન પાછળના એ ઉમદા ભાવથી પ્રયાણ તો કર્યું પણ વિધિનો રાહ કોઇ ન્યારો હોવાથી એમાં સફળતા ન મળી. પ્રયાણ કરનાર આત્માઓ એક અંગરૂપ ન બની શક્યા. પૂર્વકર્મોના ઉદયે એમના પંથ નિરાળા બન્યા ! વિલાસ માણવાના અને વૈભવ ભોગવવાના મનોરથની ફરજીયાત અટકાયત થઇ ! એ માટેનો યોગ્ય અવસર આંતરિક ઇચ્છા છતાં વીતી ગયો ! કુદરતનો સંકેત જ એવો નિર્માયેલ ત્યાં સતત નાગિલાનું સ્મરણ કરનાર કે સદૈવ ભવદેવની સ્મૃતિ નેત્ર સન્મુખ ધરનાર આત્માઓનો જલદી યોગ ન થયો. કરાળ–કાળે ઉભય વચ્ચે જબરો ખડક ઊભો કર્યો. માજી ! ભવદેવને સાચા પ્રેમી તરીકે ઓળખ્યા હતા એટલે એક વાર જરૂર મને મળશે જ એવી ખાતરી હું રાખતી હતી. આજે એ સત્યરૂપે પરિણમી પણ છે. એ આનંદ કંઇ જેવો તેવો નથી. મોડીમોડી પણ મારી મનોકામના ફળવાથી મને પૂર્ણ સંતોષ થયો છે. આ સોનેરી પળ છે છતાં જે જાતનું ભોજન ધરવામાં આવે છે એની ભૂખ મને હવે નથી રહી. તમે શું એ નથી જોઇ શકતા કે જરા અવસ્થાએ દેહ ઉપર પોતાની છાયા પાથરી દીધી છે ? આપણા દિદાર હવે ભોગને લાયક ગણાય ખરા ? જ્યારે પરભવની વાટ નેત્ર સામે ડોકિયાં કરતી હોય ત્યારે પાથેય તૈયાર કરવું એમાં જ બુદ્ધિમત્તા છે. જિંદગીનાં શેષ રહેલાં વર્ષો એ ચોથા પુરુષાર્થની અધૂરી રહેલી સાધના નિમિત્તે ખરચાવાં જોઇએ. સમયે સમયનું કામ કર્યું તો સમજુ ગણાતા માનવીએ માનવભવ પ્રાપ્તિ પાછળનો સંકેત ન ભૂલવો ઘટે.

" માજી ! તમો પણ મોહવશ બની ગયા ! હજુ આજની વાત પણ વીસરી ગયા કે શું ? તમે જ સોનામહોરના લોભે ભાઇને ખાધેલું વમન કરવાની ના નહોતા પાડતા કે ? એ દૃષ્ટાન્ત અહીં પણ લાગુ પડે છે. જે જીવનનો ભરોસો નથી, જ્યાં બ્હોળ ગઇ ને થોડી રહ્યા જેવું છે ત્યાં, અને જે કંદર્પને સંયમદ્વારા મહામહેનતે કાબૂમાં આણ્યો તેને ચરણે રાજી-ખુશીથી પડવા જવું એ હવે ઉચિત પણ નથી ને આદરણીય પણ નથી. આ જીવન ભોગ માટે નથી, પણ આત્મિક કલ્યાણ અર્થે છે. બાકી શાસ્ત્રકારનું વચન છે કે—

**धनेषु जीवितव्येषु, भोगेषु आहारकार्येषु ।**
**अतृप्ता प्राणिनः सर्वे, याता यास्यन्ति यांति च ॥**

**અર્થાત્**–ધન, જીવતર, ભોગ અને આહારાદિ કાર્યને વિષે અતૃપ્ત રહ્યા સતા જ સર્વે પ્રાણીઓ ગયા છે, જાય છે અને જશે.

"મુનિરાજ! તમે સિધાવી ગયા અને મારે વિરહવ્યથાના આકરા તાપ વેઠવા પડ્યા ત્યારે તો ઘણું કપરું લાગ્યું હતું. મનમાં આપના કાર્ય પ્રત્યે રોષ પણ જન્મ્યો હતો. કેટલીએ રાત્રિઓના ઉજાગરા કર્યાં હતા પણ એ બધું થોડા દિવસ ચાલ્યું. દિવસ વીતતા ગયા અને એ બધું દુઃખ કોઠે પડતું ગયું. 'દુઃખનું ઓસડ દહાડા' એ ઉક્તિ ખોટી નથી જ. જે વાડીનો માળી સિધાવી ગયો તે વાડી નવપલ્લવિત કેવી રીતે રહે ? અને કદાચ રહે તો કોના માટે ? આપના જવાથી મેં ચિત્તને, જે માર્ગ તમે લીધો એ પ્રતિ વાળવા માંડ્યું. એ વેળાનું ફરજી-યાતપણું આજે જીવન ઉજાળવા અર્થે ઉપયોગી થઇ પડ્યું. આપનો પ્રેમ સાચો હતો એ માટે શંકા નહોતી જ એટલે

જેમ દિવ્યપ્રેમી શ્રીનેમિનાથ, રાજિમતીને લગ્નનિમિત્તે સંકેત કરવા ગયા તેમ તમે પણ એક વાર મને એ માર્ગ પર લઇ જવા આવશો એવું મારું મન પોકારતું હતું. એ વાત સત્ય નિવડી છતાં જુદા સ્વરૂપે ! તમારું વર્તન તો પ્રભુ નેમીશ્વર જેવું નહિ પણ તેમના બંધુ રથનેમિ જેવું નિવડ્યું ! પણ તેથી કામદેવ ફાવી જાય તેવું નથી જ. ઉન્માર્ગે જતી પત્નીને સન્માર્ગે વાળવાની ફરજ જેમ પતિની છે તેમ સન્માર્ગથી પડતાં પતિને પુનઃ એ પર સ્થાપન કરવાની પવિત્ર ફરજ સતીની પણ છે જ.

“ પૂજ્ય શ્રમણ ! ચારિત્ર ધર્મના પાલન પછી પુનઃ ગૃહસ્થ-ધર્મમાં આવવાની દલીલ જ લૂલી છે. કાદવથી ખરડીને પછી પગ ધોવા એના કરતાં કાદવથી પગ ખરડવા નહિં એ જ સાચી રીત હે. જીવનભર બ્રહ્મચર્યવ્રત જેવા સર્વોત્તમ ગુણનું પાલન કરી, કેવળ મામૂલી સમય ખાતર એમાં અતિચાર લગાડવો એ તો ખીલીની ખાતર મોટા મહેલને જમીનદોસ્ત કરવા બરાબર છે. આપે જ થુંકેલું ચાટવામાં અને વમન કરેલને પુનઃ આરોગવામાં અત્યંત જુગુપ્સિતપણું રહેલું છે એમ શું નહોતું જણાવ્યું ? એ વાત આપના જીવનને લાગુ પાડો; એટલે મારી વાત ઝટ ગળે ઉતરશે. વમન કરેલા વિષયોને ઉત્તેજવા એ શું ઉચ્છિષ્ટ આરોગવા તુલ્ય નથી ? પ્રેમાળ પ્રિયાના આત્મિક શ્રેયની દૃષ્ટિએ અતિ કિંમતી વચનો હૃદયમાં ઉતારી લઇ, ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો અને માનસિક અતિચારનું પ્રાયશ્ચિત લ્યો. જ્યાંથી આવ્યા ત્યાં જ પાછા ફરવાના અને પુનઃ એમાં એકચિત્ત થવાના શપથ લ્યો. હવે હું પણ એ માર્ગે સાથે આવનારી આપની સહચરી બનીશ.

"લગ્નની પીઠી પૂરી સૂકાઇ નહોતી ત્યાં અખંડ શિયળ પાળવાનો યોગ મળ્યો એમાં હવે માનવું પડશે કે કંઈ દૈવી સંકેત હતો. એટલે જે સાનુકૂળતા દૈવે કરી આપી તેનો પૂરતો લાભ લેવો એ જ આપણું કામ છે."

વાંચક ! હાલ તો અહીં પૂર્ણ વિરામ. નાગિલા જેવી રમણીનું પાત્ર હવે નથી મળવાનું. એવા શ્રેષ્ઠ પાત્રને સિદ્ધશિલા ન લાભે તો પછી કોને લાભશે ? અર્થાત્ તેણીનો એકડો પડી ચૂક્યો. ચોરાશીનો ફેરો આળસ્યો.

* * *

## ૫. ધર્મસંકટ કે અપૂર્વ દૃશ્ય ?

ભગવાન સુધર્માસ્વામીની સુમધુર દેશના પૂર્ણ થતાં જ "જૈનં જયતિ શાસનમ્"નો પ્રઘોષ ઊઠ્યો. એ નાદના ગર્જારવથી સારીયે વૈભારગિરિની ડુંગરી ડોલી ગઇ ! નર-નારીના વૃંદ દેશના પ્રસંગે કથન કરાયેલ વિષય પરત્વે ચર્ચા ચલાવતાં, એ ઉપરથી ગ્રહણ કરવાના બોધપાઠોને સ્મૃતિપટમાં કાયમી સ્થાન આપવાનો નિરધાર કરતાં, ગિરિમાળાની પંક્તિઓ ઉતરવા માંડ્યા. વૈભારગિરિ એટલે જીવનને પ્રેરણા-દાયી પૂનિત ધામ. એના પ્રત્યેક કંકરને કિંવા એની પ્રત્યેક શિલાને પવિત્ર આત્માઓના વારંવાર પાદસ્પર્શ થયેલા એટલે પછી એ વાતાવરણની શુદ્ધિ અને પવિત્રતાનું શું કહેવું ? એમાં આજની ગણધર મહારાજની દેશનાએ તો કમાલ કરી ! કેટલાએ ભવ્ય આત્માઓની હૃદયગુફાનાં દ્વાર એનાથી ખુલી ગયાં. આશ્ચર્યની અવધિ ત્યારે થઈ કે એક ઊગતા તરુણે, અરે ! જેના મુખ પર હજુ મૂછનો દોરો પણ ફૂટ્યો નથી

એવા એ યુવાને ભગવંત પાસે પ્રવ્રજ્યા સ્વીકારવાની વાત કરી. ગણુધર મહારાજે એ યુવાનનો મનોરથ વધાવી લીધો. માનવજન્મમાં કલ્યાણુકારી સંયમનો રાહ એ ઊગતી અવસ્થાનો અપૂર્વ લ્હાવો દર્શાવ્યો, છતાં માતાપિતાની આજ્ઞાની આવશ્યકતા દર્શાવી.

એ શ્રવણુ કરતાં જ પેલો તરુણુ આજ્ઞા મેળવવા દોડ્યો. શ્રી સુધર્માસ્વામીએ તે વેળા એક જ વાકય ઉચ્ચાર્યું: **'मा पमाए'**

**ધર્મનંદી**—જીવનમાં આવી પળ તો કોઈક વાર જ આવે ને ?

**માનદેવ**—એટલા સારુ તો જ્ઞાનીઓ, દેશનાના શ્રવણુમાં લાભ દેખાડે છે. એમાં આવતા ધ્યાન વેળા પરિણુામની ધારા જબરી પ્રગતિ સાધે છે. કેટલીક વાર તો આકરામાં આકરા કર્મબંધનો કાપી નાખી એ દ્વારા આત્મા અણુચિંતવી કાર્યસિદ્ધિ કરી શકે છે.

**ધનદત્ત**—ભાઈ ધર્મનંદી ! માનદેવની વાત સોળ આના ને રતિ ઉપર છે, પણુ જો ને એ તરુણુ એટલામાં પાછો કેમ આવે છે ?

આ મિત્રમંડળીની શંકાને સાચી પાડતો એ યુવક પાસે થઇને શીઘ્રગતિએ અને જોતજોતામાં તો સુધર્માસ્વામીની પાસે પુનઃ ખડો થઇ ગયો.

" સ્વામિન્ ! અર્ધો માર્ગ વટાવી દીધા પછી મને એક આગંતુક પાસેથી સમાચાર પ્રાપ્ત થયા કે નગર પર ભયનું વાદળ ઘેરાયું છે એટલે હું સત્વર પાછો ફર્યો. મેં નિશ્ચય

કર્યો કે-ભયના સમયમાં માનવનું જીવન મુઠીમાં ગણાય છે. કઈ ઘડીએ કાળ કોળિયો કરશે તેની ખાત્રી નથી કરી શકાતી, તો પછી મારો મનોરથ સિદ્ધ થાય તે દરમિયાન શા સારુ મારે ત્રિવિધ બ્રહ્મચર્ય વ્રતપાલનના શપથ ન લેવા ? "

તરુણના ભાલપ્રદેશ ઉપર પળ માત્ર મીંટ માંડી, એના મુખારવિંદમાંથી ઝરતા શબ્દો પાછળની પ્રબળ ઈચ્છાશક્તિ નીરખી ગુરુદેવ સુધર્મા બોલ્યા :

" વત્સ ! તારી એ મનિષા હોય તો હાથ જોડ. હું એ માટેના પચ્ચખાણનું સૂત્ર ઉચ્ચરાવું છું. "

આ વેળા પર્ષદાનો મોટો ભાગ નગરના પંથે પળી ચૂકયો હતો. થોડા છૂટાછવાયા ભાવિકો સામાયિક પૂર્ણાહુતિની પ્રતીક્ષા કરી રહ્યા હતા. કોઇ તો ઘટિકાની રેતીને જોઇ રહ્યા હતા. એમાંના એક વયોવૃદ્ધ શ્રેષ્ઠી નાગદત્તની નજર સુધર્માસ્વામીની સામે હતી. તે તરુણને સારી રીતે પિછાનતો હતો. એણે ઊભા થઈ દીક્ષા ગ્રહણ કરવાની વાત કરેલી તે વેળા શેઠને આશ્ચર્ય થયેલું. એ દોડ્યો ત્યારે શેઠ સામાયિકમાં હોવા છતાં સ્હજ સ્મિત કરી ગયેલા અને હવે અલ્પકાળમાં એને પાછો ફરેલો જોઈ કંઇક શંકા પણ ઉદ્ભવેલી એટલે એમના કાન તો ચાલી રહેલા વાર્તાલાપમાં જ પરોવાયેલા હતા. તરુણ પ્રતિજ્ઞાબદ્ધ થઇ, પુનઃ ઉમંગભેર, ટેકરીનો માર્ગ કાપી આગળ વધ્યો. નાગદત્ત શેઠ પણ સામાયિક પારી ઝટ ઉઠ્યા, ગણધરમહારાજની પાસે પહોંચી કહેવા લાગ્યા કે-" ગુરુદેવ ! આપના આ કાર્યમાં ઉતાવળ થઇ હોય તેમ મને લાગે છે. "

" નાગદત્ત શેઠ ! એ શું બોલ્યા ? "धर्मस्य त्वरिता गतिः" એ વાત તમે ભૂલી ગયા છો કે શું ? "

"ના, મહારાજ સાહેબ ! એ જેમ સાચું છે તેમ "વ્યવહારોઽનિવાર્યઃ" એ સૂત્ર પણ ધ્યાનમાં રાખવા જેવું ખરું ને ?"

ગુરુ—મેં ક્યાં દીક્ષા આપી દીધી છે ?

શેઠ—પણ ત્રિવિધ બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા એટલે સંસારસુખ પર તાળું કે બીજું કંઈ ?

ગુરુ—યુવકની તૈયારી ને લલાટતેજ જોઈને આ પગલું ભર્યું હોય તો ? કદાચ એની પાછળ વિધિની કંઈ સંકલના હોય તો ?

શેઠ—ગુરુદેવ ! સામુદ્રિક લક્ષણ તો સારા હશે જ. આપને કદાચ ખબર પણ હશે કે આ વિશાળ રાજગૃહીમાં જે ધનવંતોમાં શિરોમણી છે એવા શ્રેષ્ઠીનો એ એકલવાયો પુત્ર છે. માતા ધારિણીની કુક્ષીમાં એ ગર્ભપણે ઉપજ્યો ત્યારે સ્વપ્નમાં તેણીએ જંબૂ વૃક્ષ જોયેલું. સિદ્ધપુત્ર યશોમિત્રનો યોગ થતાં સ્વપ્નફળ અને સાથોસાથ જંબૂદ્વીપનું સ્વરૂપ પણ તેમના મુખે જાણીને એ દંપતીને અપૂર્વ આનંદ થયેલો. ત્યારથી જ એ અગિયાર કોટિ દ્રવ્યના સ્વામીએ આ પુત્રનું નામ **જંબૂકુમાર** રાખીને અતિશય લાલનપાલનથી ઉછેર્યો છે.

બાળપણથી તરુણ અવસ્થાના આંગણે આવેલા આ યુવાને દુઃખ એ શું કહેવાય તે જાણ્યું નથી ને કષ્ટ એ કઈ વસ્તુનું નામ છે એ પણ હજુસુધી અનુભવ્યું નથી. અલબત્ત, શ્રેષ્ઠિ-મહાશય અને તેમના ધર્મપત્ની ભગવાન શ્રી વર્ધમાનસ્વામીના ચુસ્ત અનુયાયી હોવાથી એ ઘરમાં ધર્મના સંસ્કાર બાળવયથી ઊગતા તરુણમાં રેડાય એ સંભવિત છે. તેથી એના મનમાં બ્રહ્મચર્યવ્રત જેવા સર્વોત્તમ ગુણ માટે ભાવ પ્રગટ્યો હોય એ

માની શકાય તેવું છે, છતાં એ વસ્તુ સર્વથા શક્ય તો ત્યાગથી જ થઇ શકે જ્યારે એના સારુ તો સંસારજાળ વિસ્તારવાના ચોઘડીઆં બજી રહ્યાં છે !

ગુરુ—નાગદત્ત શેઠ ! શું તમે આ સાચું કહો છો ?

**શેઠ**—ગુરુદેવ ! તેથી જ હું કહું છું કે આપની ઉતાવળ થઈ છે. શ્રમણનો સમાગમ એક દિવસ પણ ન ચૂકનાર ઋષભદત્ત શેઠ આજે નથી દેખાણા એનું કારણ પણ એ જ છે. અમારા સંસારી જીવોની નજરે પવિત્ર અવસર લગ્નનો ગણાય. એ કાળે મોટા વ્યવહારીઆની બુદ્ધિમત્તાનું અને આવડત–અનુભવનું પ્રદર્શન થાય. આ જંબૂકુમાર સારુ, સારી સંપત્તિ ધરાવનાર અને કુલીનતામાં જેમનો નંબર ઊંચો આવે એવા કેટલાયે શ્રીમંતોની કન્યાના માગા આવેલા. કોને ના પાડવી એ ગુંચવણભર્યો કોયડો બની ગયેલ. આખરે એ બધી માગણી-ઓમાંથી આઠ કુલીન કન્યાઓનો સ્વીકાર થયેલ છે અને તેનાં લગ્ન પણ લેવાયાં છે.

સાહેબ ! એની તૈયારીમાં પડેલ એ દંપતી તેથી જ અહીં દેખાણા નથી. આવા પ્રબળ પ્રતાપી અને અતુલ સમૃદ્ધિશાળીનાં એકનાં એક સંતાનને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરાવી આપે એવો ગંભીર પ્રસંગ ઊભો કર્યો છે કે જેના ભાવી પ્રતિ મીટ માંડતાં બુદ્ધિ કામ નથી કરતી. એક જ ભવિષ્ય રમતું દૃષ્ટિગોચર થાય છે. કયાં તો પ્રતિજ્ઞાધ્વંસ અને કયાં તો સખત ઘર્ષણ.

ગુરુ—મહાનુભાવ ! અનુમાનની ટોચે આટલી ઉતાવળથી જવાની જરૂર નથી. 'માનવમાત્ર ભૂલને પાત્ર' એ જનોક્તિ છે

અને 'છદ્મસ્થોથી ભૂલ થવા સંભવ છે' એ જ્ઞાની વચન છે; છતાં તીર્થપતિના પાસા સેવનાર, અરે! સત્યનો સાક્ષાત્કાર થતાં પચાશ વર્ષ જેવી બુઝુર્ગ વયને ઠોકર લગાવી, બેંતાળીશ વર્ષની ઉમ્મરવાળા ગુરુના પાદ પખાલનાર, આ ગણનાયક એકાએક પ્રમાદ કરી નાંખે કિંવા વ્યવહાર ધર્મને તદ્દન દૂર ફેંકી દે એ સંભવિત નથી. એની પાછળ જ્ઞાન ચક્ષુઓએ કોઇ વિલક્ષણ ઇતિહાસ અવલોકયો છે અને એવા દિવ્ય નેત્રધારી ચરમ જિનપતિની નિશ્રાએ જીવન વ્યતીત કરનાર આ આત્માએ એ શ્રવણ કર્યો છે.

**નાગદત્ત**—ગુરુદેવ, જો આપશ્રીને એ દર્શાવવામાં વાંધા જેવું ન હોય તો મને કૃપા કરી સંભળાવશો. બાકી મેં તો મારા પ્રત્યક્ષ અનુભવની વાત કહી છે. અને એટલું ભાર મૂકીને જણાવું છું કે–કદાચ શેઠ ઋષભદત્ત આપ જેવા મહાત્માના વચનથી તરુણ પુત્રનો માર્ગ મોકળો કરે, પણ ધારિણીથી એમ થવાનો સંભવ જ નથી. શુભ સ્વપ્નસૂચિત પુત્ર પાછળ એ એટલી હદે ગાંડીતુર થઇ છે કે–પ્રતિજ્ઞાપાલનનું કાર્ય એ તરુણ માટે ખાંડાની ધાર કરતાં પણ અતિ કપરું છે. આપ સાહેબ કયાં નથી જાણતા કે પ્રતિકૂળ ઉપસર્ગોની ઝડી કરતાં પણ કોઇ વાર અનુકૂળ પરિસહ સહન કરતાં આંતરડાં ઊંચાં થાય છે. માતાનું હૃદય અને જનની–વાત્સલ્ય વિશ્વમાં અજોડ તરીકે લેખાય છે. દૂર જવાની જરૂર નથી. ત્રિશલામાતાના પ્રભુશ્રી વર્ધમાનસ્વામી પ્રત્યેના સ્નેહથી કોણ અજાણ્યું છે ? એ સ્નેહનું યથાર્થ માપ કાઢીને જ ચરમ તીર્થપતિએ પોતાનો માર્ગ નિયત કર્યો એટલું જ નહીં પણ અન્ય પણ એ કિમતી બોધપાઠ ગ્રહણ કરે તેવી રીતે એની જાહેરાત

કરી. આ જંબૂકુમાર પાછળ માતા ધારિણીની એવી જ દશા છે અને અત્યાર સુધીના વર્તનથી કહી શકાય કે માતાનો એક પણ શબ્દ આ વિનીત પુત્રે ઉથાપ્યો નથી જ; તેથી જ મને આ ધર્મસંકટ કપરું દીસે છે.

ગુરુ–દેવાનુપ્રિય ! એ ધર્મસંકટ છે તેથી જ એની ખૂબી વિશેષ છે અને જંબૂકુમાર જેવા વિનીત સંતાન મારફતે જ જગત કોઈ અપૂર્વ દૃશ્ય નિરખવા ભાગ્યશાળી બનનાર છે. મેં આજે તેને આપેલ પ્રતિજ્ઞા એ તો નવીન રીતે સર્જાતા અવનવા બનાવોની માત્ર ભૂમિકા છે. તમારી જિજ્ઞાસા છે તો થોડી પીઠિકા બાંધું છું. બાકી તો હું અને તમો, ઉપરાંત રાજગૃહીના પુરજનો એમાં સાક્ષીભૂત બનનાર છીએ.

એકદા અમે સો શિષ્યો પરમાત્મા શ્રી મહાવીર દેવ સમીપે જ્ઞાનગોષ્ઠી કરી રહ્યા હતા ત્યાં અચાનક એક દેવનું આગમન થયું. તીર્થંકર પ્રભુ સમક્ષ દેવો તો ઘણી વાર આવતા અને અમારે માટે દેવોનું આગમન એ કંઇ નવો પ્રસંગ નહોતો, પણ પેલા દેવની કાંતિ તો કાંઇ અપૂર્વ જ હતી. એની હાજરીથી ચારે બાજુ જાણે તેજપુંજના કણિયા જ હોય તેમ ઝળઝળાયમાન પ્રભા પથરાઇ ગઈ. આ પ્રકારની ઉત્કૃષ્ટ કાંતિ જવલ્લે જ જોવામાં આવે છે. અમોએ તો તેના દર્શન પહેલી જ વાર કર્યા એટલે માનવપ્રકૃતિને ઉચિત એવું આશ્ચર્ય ઉપજ્યું. પૂર્ણ ભક્તિભર હૃદયે સ્વામીની સેવા કરીને જ્યારે એ દેવ તિરોભૂત થયો ત્યારે ચિરકાળથી દબાવી રાખેલ જિજ્ઞાસાના દ્વાર ખુલી ગયાં. એના મંગળાચરણ પ્રભુશ્રી પ્રત્યે હસ્તદ[illegible] અંજલિપૂર્વક શ્રી ઇંદ્રભૂતિદ્વારા થયા.

પ્રભો ! આ દેવ કોણ હતો ? આવી અલૌકિક કાંતિ એને કયા પુણ્યયોગે પ્રાપ્ત થઇ છે ? એનું આગમન આમ એકાએક કેવળ ભક્તિથી પ્રેરાઈ થયું છે કે એની પાછળ કોઇ આગામી બનાવનું બીજારોપણ છે ?

પ્રભુ બોલ્યા–ગોયમ ! એ દેવનું નામ 'વિદ્યુન્માલી' છે. પાંચમા બ્રહ્મ દેવલોકના ઇંદ્રનો એ સામાનિક દેવ છે. એનો પુણ્યયોગ જાણવા સારુ તો પાછળના ભવો ઉકેલવા પડે. એ બધામાં હરકોઇની દૃષ્ટિ આકર્ષે એવો ભવ તે ભવદેવપણાનો અને આ જાતની સૌંદર્યતાના નિમિત્ત કારણરૂપ તો ભાગવતી દીક્ષા; પણ એનો પૂર્ણ યશ તો શીલવતી સુંદરી નાગિલાના ફાળે જાય છે. નાગિલા જેવું દૃઢ મનોબળી પાત્ર ન હોત તો આજના વિદ્યુન્માલીનો સંભવ જ નહોતો. ચારિત્રથી પતનની ઘટિકાની નોબત બજી ચૂકી હતી. વર્ષોભરની કમાણી પર પાણી ફરી વળવાની પળ હાથવેંતમાં હતી. સમયની સાનુકૂળતા હતી અને એમાં વૃદ્ધ બ્રાહ્મણીના આશીર્વાદ ઉમેરાયા હતા. વળી પ્રસંગ પણ ભૂખ્યાને ઘેબર મળ્યા જેવો હતો. પરન્તુ સામાન્ય ગૃહની એ અજોડ આર્ય રમણીએ એવી અનોખી ચાવી ફેરવી કે સારોયે દેખાવ બદલાઇ ચૂકયો.

ચારિત્રમાર્ગથી પડતો ભવદેવ ઊગરી ગયો અને દેવભવમાં પહોંચ્યો. ત્યાંથી ચ્યવી શિવકુમાર તરીકે માનવભવમાં જન્મ્યો. કુદરતી રીતે ચારિત્ર પ્રતિ બાલ્યકાળથી જ સ્નેહ ઉદ્ભવ્યો, પણ એ ગ્રહણ કરવા માતાપિતાની રજા ન મળી ! મોહરાજાના એ તમાસા કંઇ નવા નથી. સ્નેહસમી રેશમની ગાંઠ તો

કળે જ છોડવી ઘટે, બળ એમાં કામ ન આવે. વિનયપ્રધાન જૈન શાસનમાં, શિવકુમાર બળવો ન કરી શક્યો! પણ આત્મશક્તિ સતેજ હતી. કેવળ વેશમાં જ સાધુતા સંભવે એવું મંતવ્ય પોષે તેવો એ ભીરુ ન હતો. વેશ તો બાહ્ય લિંગરૂપ હોઇ, વ્યવહારનયની અપેક્ષાએ એની જરૂર એ સ્વીકારતો, છતાં જ્યાં વ્યાઘ્રતટી જેવો પ્રસંગ હોય ત્યાં શું થાય? આત્મશ્રેય પણ કેમ જતું કરાય? પ્રખર મનોબળીએ અંતરથી ચારિત્ર સ્વીકાર્યું. સર્વ સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરી ભાવયતિ બની સંસારમાં રહ્યો. બાર વર્ષ જેવો લાંબો કાળ વિત્યો. રજા ન જ મળી! આકળા બની એણે માતાપિતાને ન દુભવ્યાં. એવામાં યમરાજનું આમંત્રણ આવ્યું. હસ્તે મુખડે એણે વધાવ્યું. એ જ આ વિદ્યુન્માળી દેવ. અદ્વિતીય કાંતિના કારણરૂપ તો છેલ્લા ભવોમાં નિરતિચારપણે પાળેલું બ્રહ્મચર્યવ્રત છે.

શિષ્યો! શિયલવ્રતનો મહિમા અપૂર્વ છે. એમાં પણ ભોગ સામગ્રી ચક્ષુ સામે ખડી થઇ હોય, સર્વ વાતની સાનુકૂળતા હોય, એ વખતે રસવૃત્તિને રોકવી ને મન પર કાબૂ રાખવો એમાં જ ખરી વીરતા સમાણી છે. બાકી '**अशक्तिमान् भवेत् साधुः**' ને '**कुरूपा नारी पतिव्रता**' એ કાંઇ નવાઇની ચીજ નથી.

ત્રીજા પ્રશ્નનો ઉત્તર તો એટલો જ છે કે દેવભવમાંથી જીવ અલ્પકાલમાં ચ્યવનાર છે. આ તેનો છેલ્લો જ સુરભવ છે. વળી હવે પછીનો માનવભવ પણ આખરી છે. જિનેશ્વરની ભક્તિ સહજ તો કોઇક જ ભવ્યાત્માને સ્પર્શતી હોય છે.

દેવભવ માટે એ એક અણમૂલું સાધન લેખાય. એ ઉપરાંત અહીં એક વિશિષ્ટતા સમાયેલી છે. જેની ભક્તિમાં આજે એ રાચ્યો છે એ ગુરુના પટ્ટશિષ્યના હસ્તે એનો ઉદ્ધાર નિરધારિત થઇ ચૂક્યો છે અને દાદાગુરુનાં ઉઘાડેલ દ્વારને છેલ્લી કૂંચી ફેરવવાની તક પોતાને મળવાની છે, એનો આનંદ કાંઇ નાનેરો ન ગણાય. એના ઉછાળાથી તો દેવલોકના નાચરંગને હડસેલી મૂકી એ અહીં દોડી આવ્યો હતો. ”

ઇંદ્રભૂતિ–સ્વામી, એનો જન્મ કયાં થશે ?

પ્રભુ–ગોયમ ! થોડા સમયમાં એ દેવભવમાંથી ચ્યવી ભારતભૂમિના ભૂષણસમી રાજગૃહી નગરીમાં શ્રેષ્ઠી ઋષભદત્તને ઘેર જન્મ ધારણ કરશે અને જંબૂકુમારને નામે પ્રસિદ્ધિ પામશે.

× × ×

## ૬. દુનિયા દોરંગી—

સંધ્યાના ઓળા ઊતરી ચૂક્યા હતા અને નિશાદેવી પોતાનો કૃષ્ણ પોશાક ધારણ કરી, સૃષ્ટિતલ પર સ્વચ્છંદપણે વિહરવાની તૈયારી કરી રહ્યા હતા. હમણાં જ રાજગૃહીના મુખ્ય માર્ગે થઈ ઋષભદત્તપુત્ર જંબૂકુમાર એક, બે નહિ પણ આઠ લલના સહ પાણિગ્રહણ કરી મોટા આડંબર સહિત એક કોટ્યાધિપતિને છાજે તેવા ભવ્ય વરઘોડા ને સ્વજન, સંબંધી પરિવારથી પરિવરી, કોકિલકંઠી રમણીઓના કર્ણપ્રિય સંગીત સ્વરોથી વાતાવરણને ભરતો ને મોહક બનાવતો પાછો ફર્યો હતો.

જનતામાં જંબૂકુમારનો પાણિગ્રહણ પ્રસંગ એ વાર્તાલાપનો મુખ્ય વિષય બની ગયો હતો. વિવિધ વિચારમાળા

અને અનેકવિધ દષ્ટિબિંદુઓ વચ્ચે આ લગ્નપ્રસંગની સમસ્યા, સરોવરજળમાં પ્રતિબિંબ પાડતા ચંદ્ર સમ અનેકરૂપી બની ગઇ હતી. કોઇ કુમારના રૂપને વર્ણવતા તો કોઈ એના પૂર્વ પુન્યની કમાઇને ! કોઈ જે કમનીય લલનાઓનો સહયોગ સધાયો હતો તેમની સરખામણીમાં મશગૂલ બન્યા હતા, તો કોઈ વળી **'समानकुलशीलेषु सख्यम्'** શ્લોક પર ભાષ્ય રચતા. 'સરખે સરખી જોડી' અર્થાત્ ઇંદ્રને આઠ મહિષીઓ તેમ જંબૂકુમારને આજે પ્રાપ્ત થયેલ અપ્સરાવૃંદને પણ રૂપમાં ઠોકર મારે તેવું આઠ તરુણીઓનું વૃંદ–આ મહદ્ પુન્યના પ્રસંગરૂપ લેખાતું. **'मुंडे मुंडे मतिर्भिन्ना वा तुंडे तुंडे नवा वाणी'** સમ આ વાર્તાપ્રવાહ જનસમૂહ યા વિવિધ જાતીય વર્તુલોના સમાગમ પ્રમાણે અવનવાં રૂપો ધરતો રાજગૃહીની પ્રજાને આમોદનું સ્થાન થઇ પડ્યો હતો. લગ્નપ્રસંગ જાતે જ રળિયામણો દેખાય, એમાં વળી શ્રીમંત વેવાઈઓ, પતિ–પત્નીરૂપ યુગલ પણ ગુણોથી અલંકૃત : જ્યાં સર્વ પ્રકારની સાનુકૂળતા ઉભરાઇ રહી હોય ત્યાં વાર્તાવિહાર પર નાચી રહેલી રંગબેરંગી લહરીઓ શી રીતે વર્ણવી જાય ? આમ છતાં વૈભારગિરિ પર પૂર્વે જેમનાં મેળાપ કરી આવ્યા એ ધર્મનંદી આદિ ગૃહસ્થોનો વિનોદ અવશ્ય ઉલ્લેખનીય છે. એમાં પ્રયાણ કરતાં કથાપ્રવાહની અસ્ખલિતતા સહજ સિદ્ધ થાય છે.

"માનદેવ ! હું નહોતો કહેતો કે આખરે દેવી ધારિણીની ઇચ્છા જ કાયમ રહેવાની એટલે કે જંબૂકુમારને સંસારમાં પડવું જ પડશે. એ બનાવ તારી ચક્ષુ સામે બની રહ્યો છે એ પર શાંત ચિત્તથી વિચાર કર અને પછી જ નવલોહીઆના ઉપરછલ્લા તરંગો પર કિંવા આવેગપૂર્વક ઉચ્ચારાતા શબ્દો

પર કેટલું વજન મૂકાય તેનો તોલ કર. પેલી એની પ્રતિજ્ઞા પાતાળમાં પેસી ગઈ!"

ધનદત્તની તરુણ પ્રત્યે કટાક્ષમય વાણી સાંભળીને માનદેવનો જુસ્સો બાંધ્યો ન રહ્યો. તરત જ એ પોકારી ઊઠ્યો:

"શું બધા યુવકો જંબૂકુમાર જેવા હોય છે? માતા-પિતાનો અતિ આગ્રહ પણ બનાવમાં શું નિમિત્તભૂત નથી? ચુસ્ત જૈનત્વનો દાવો કરનાર એ દંપતી દીક્ષાભિલાષી પુત્રને ઉત્તેજન આપવાને બદલે, જાણીબૂઝીને વિલાસી જિંદગીના પ્રલોભનમાં નાંખે, અથવા તો વડિલ તરીકેના વિવેકની આડી ઢાલ ભરે ત્યારે સંતાનની દશા તો સૂડી વચ્ચે સોપારી જેવી જ થાય ને? તમોને તરુણ હૃદયનો ઉભરો આંખે ચઢે છે પણ ઉપદેશ શ્રવણ કરી જેમનાં હૃદયો ઢીલાં થઇ ગયાં છે એ દંપતીનો ધર્મઢોંગ જરા પણ ખુંચતો નથી?"

**ધર્મનંદી**-મિત્રો, તમોને ચર્ચાના મેદાનમાં કૂદી પડતાં વાર લાગતી જ નથી. સામાન્ય બનાવ પરથી તમો વિવાદની ભૂમિકા પર પહોંચી ગયા! આ તો સંસાર! એના વહેવારની વાતોને દર પળે ન્યાયના કાંટે ચડાવવા જશો તો કદી પણ એનો તાગ આવવાનો નહીં. ત્યાગની વાતો શ્રવણ કરવાની, એ પર ચોળ મજીઠ જેવી, પાકી શ્રદ્ધા પણ કરવાની; સાથે સાથે વ્યવહારી જીવનનાં ચક્રો ચાલુ રાખવાનાં. સ્નેહનાં તંતુઓ તો રેશમી ગાંઠ જેવા લેખાય. એને છોડવામાં ઉતાવળ કામ ન આવે! બળ કરતાં ત્યાં કળ વધુ કારગત નિવડે. માતા-પિતા પ્રત્યેનો વિનય કે વડિલ પ્રત્યેનું બહુમાન એ જેમ ન વિસરવાં જોઇએ તેમ ધર્મ પરની સાચી પ્રીતિ અને ત્યાગ

જીવન પરત્વેની ખરી લગની, એ પણ ન તિરોભૂત થઇ શકે. એ વિરુદ્ધ દિશામાં જતી માન્યતાઓમાં જે બળવત્તર બને એ જંગ જીતે.

**માનદેવ**–તો પ્રતિજ્ઞાના ભંગ માટે કંઇ પ્રાયશ્ચિત જ નહિ ને? જ્યાં આવી દૂધ-દહીંઆ વૃત્તિ હોય ત્યાં પછી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં જે લાભો દેખાડવામાં આવ્યા છે એનો શો અર્થ સમજવો? વ્રતભંગ થવા દેવા કરતાં કાષ્ઠ-ભક્ષણ કરવું (મૃત્યુ પામવું) બહેતર છે એમ કહેવાનો કંઇ અર્થ સંભવતો નથી.

માનદેવ એ બધું ઝટપટ બોલી નાખી ધનદત્ત ને ધર્મ-નંદી સામે જોઇ, ઉત્તરની માર્ગપ્રતીક્ષા કરી રહ્યો.

ધનદત્ત એ સાંભળી કેવળ હસવા લાગ્યો. એને યુક્તિ-પુરસ્સર ચર્ચા કરવા કરતાં, યુવાનોની નવી નવી કલ્પનાઓ કે જાતજાતનાં સ્વપ્નાઓની મજાક ઉડાડવી વધુ ગમતી હતી. એનું દૃઢ મંતવ્ય બંધાઇ ચૂક્યું હતું કે–જુવાનીઆઓ વધુ પ્રમાણમાં વાતડાહ્યા ને તર્કવાદીઓ હોય છે. એમનામાં ખંત કે આચરણ પાછળની એકનિષ્ઠા હોતી નથી.

ધર્મનંદી જુદી જ પ્રકૃતિનો આદમી હતો. જૂનવાણી ને નવમત માનસધારીઓ વચ્ચે એ પૂલ સમ હતો. ખંડન કરતાં સાંધણમાં એને વધુ રસ પડતો. તરત જ એ બોલી ઉઠ્યો: "માનદેવ! તારી શંકા સકારણ છે, છતાં અરિહંતના માર્ગમાં દરેક વસ્તુની વિચારણા અપેક્ષાને નેત્ર સન્મુખ રાખીને કરવી ઘટે. લાભાલાભ પ્રતિ ખાસ નજર દોડાવાય, વળી સાથોસાથ

દેશ, કાળ પણ જોવાય. એકાંત માર્ગનું અવલંબન વા ગદ્ધા-પુચ્છ જેવી એકધારી પક્કડને ત્યાં મહત્વ નથી.

**अनारंभो हि कार्याणाम्, प्रथमं बुद्धिलक्षणम् ।**
**आरंभस्यान्तगमनम्, द्वितीयं बुद्धिलक्षणम् ॥**

અર્થાત્ કાર્યનો આરંભ કરતાં પૂર્વે સો ગળણે ગળી જોવું ને સંશય જણાય તો કાર્યનો આરંભ ન કરવો એ અવશ્ય પ્રશંસવા યોગ્ય બુદ્ધિપ્રભા છે, પણ એક વાર એ સર્વ વિધિ થઇ ગયા પછી–કાર્યમાં પડ્યા પછી–પીછેહઠ કરવામાં કેવળ કાયરતા છે. સાચી પ્રજ્ઞા એનો અંત કાઢવામાં છે એટલે કે ઇષ્ટ સિદ્ધિ સાધવામાં છે.

આ ભાવનું પાન કરનાર આત્મા 'મરી જવું એ બહેતર છે પણ લીધેલ પ્રતિજ્ઞાનો ભંગ ન કરવો' એ વાકય પાછળનો આશય સહેલાઇથી અવધારી શકશે. આમ છતાં સામાન્ય જનસમૂહ વચ્ચેના સંબંધ કરતાં માત–પિતા અને સંતાનો વચ્ચેનો સંબંધ ગાઢ હોઇ, એમાં એક લોહીનું મિશ્રણ હોવાથી, એને લગતી વાત વધુ સૂક્ષ્મ વિચારણાથી કરવાની હોય છે. 'ગાંઠ પડી કે દોરો તોડી નાખ્યો' એવો વહેવાર ત્યાં કામ લાગતો નથી. ત્યાગ પરની લગની અને આત્માની સ્વતંત્રતા દબાવી દેવાનું પ્રયોજન નથી છતાં '**विनयो धम्ममूलो**' જેવું સૂત્ર ક્ષણવાર પણ મનમાંથી દૂર કરવાનું નથી; એટલે એવા પ્રસંગની ગાંઠ કળથી ઊકેલવાની. આવેગને નરમ પાડી, સમયની રાહ જોવામાં હીણપ ન ગણાય. સ્નેહની નિબિડ ગાંઠમાં તરુણનો ઉભરો કલ્પવો કે શ્રદ્ધાવંત દંપતીનો દંભ પોકારવો એ વાસ્તવિકતા નથી પણ યુવાન વયનો ઉન્માદ છે. એમાં અનુભવી હૃદયની છાંટ નથી.

**માનદેવ**—અંહ, બધું ગોળ ગોળ રાખવું, એક બાજુની ય ચોખવટ ન મળે. આનું નામ જ દૂધ-દહીંઆ વૃત્તિ ને!

**ધર્મનંદી**—મિત્ર! ઉતાવળો થા મા. ધીરજથી જે કંઈ થઈ રહ્યું છે તે જરા જો તો ખરો. 'તેલ જો, તેલની ધાર જો' એ વૃદ્ધોક્તિ કાં વિસારી મેલે છે? ભવિતવ્યતાના લેખ ઉકેલવા સહેલા નથી એ તદ્દન સાચી વાત છે. જ્ઞાનીપુરુષો જે વાત પોતાના જ્ઞાનવડે નિરખી શકે છે તે વાત જગતના માનવીઓ ચર્મચક્ષુદ્વારા ક્યાંથી જોઈ શકવાના? '**જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે**' એ કવિકથન દુર્લક્ષ કરવા જેવું નથી. દરમીઆન નાગદત્ત શેઠ આવી પહોંચ્યા. તેમણે ધર્મનંદીના કથનના અનુસંધાનમાં કહ્યું કે—

"ભાગવતી દીક્ષા પવિત્ર અને અણમૂલી વસ્તુ છે. એ માટે પૂર્વભવનો અભ્યાસ અને પ્રેમ પણ આવશ્યક લેખાય. એ જાતના ચણતર પર ખડો થતો પ્રાસાદ કોલના પાયાનો ગણાય. બાકી એ કિંમતી વસ્તુ માટે ન તો ખેંચતાણ સંભવે કે ન તો કલહની હુતાશની પ્રગટાવાય. એના ગ્રહણ-આસેવનમાં કેવલ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ હોય. એને લગતા પ્રસંગમાં અશાંતિનો આભાસ સરખો પણ ન સંભવે. પ્રભુ મહાવીરદેવનું સંયમ સર્વશ્રેષ્ઠ લેખાય છે અને ઉપર વર્ણવ્યો એવો એનો ધોરી માર્ગ છે."

"ઓહો, નાગદત્ત શેઠ તમે આ વખતે ઠીક આવી પહોંચ્યા અને સાથોસાથ અમારી મંડળીમાં ચાલી રહેલ ગોષ્ઠીનું વિના કહ્યે નિર્પેક્ષ દૃષ્ટિથી નવનીત તારવ્યું."

**માનદેવ**—યોગાનુયોગ ઠીક મળ્યો. એથી મુરબ્બી!

આનંદ પણ થયો છતાં આપ જંબૂકુમારની પ્રતિજ્ઞાભંગ થઇ માનો છો કે કેમ? અથવા તો એનું આ કાર્ય આવકારદાયક લેખો છે કે કેમ? એનો સ્પષ્ટ ઉત્તર ન મળે ત્યાંસુધી મારા ઊગતા વિચારને સંતોષપ્રાપ્તિ ન જ સંભવે. વળી એથી સમાજ પર કેવી છાપ પડવાની એ વાત પણ વિચારણીય તો ખરી જ.

**નાગદત્ત**—માનદેવ! જંબૂકુમારનું પાણિગ્રહણ એવે પ્રસંગે બન્યું છે કે એ કાર્યથી પ્રત્યેક વિચારક હૃદયને ધક્કો પહોંચે. વૈભારગિરિ પરનો પ્રસંગ એની પૂર્વભૂમિકામાં ન હોત તો આટલી મૂંઝવણનું કારણ ન હોત. એ બનાવે આજના વિષયને વ્યક્તિમાંથી સમષ્ટિમાં ફેરવી નાંખ્યો છે, પરંતુ કેવળ ત્રિયા સહ પાણિગ્રહણ કરવા માત્રથી બ્રહ્મચર્યની બાધા તૂટે છે એમ વ્યહવારથી કદાચ માનીએ તો તે વધારે પડતું છે. એક જ શય્યામાં પોઢનાર ખાંડાની ધારે રહી પ્રશંસનીય શિયળવ્રત પાળી શકે છે એવી નોંધ મળી આવી છે. તેથી આજના વિષયમાં અત્યારે નિર્ણય બાંધવો એ ઉતાવળો લેખાય. જ્યાંસુધી કાયિક વ્રતને ક્ષતિ ન પહોંચે ત્યાંસુધી એ સંબંધે એક હરફ સરખો ઉચ્ચારવામાં અતિ જોખમ છે.

આ વાત હું મારા ઘરની નથી કહેતો. આજે તને જે વિચિત્રતા જણાય છે તે મને ગણધર મહારાજની દેશનાવેળા જણાયેલી અને મેં તો પરિસ્થિતિ કહી બતાવી ઉતાવળ થયાનું પણ કહી નાંખેલું!

છતાં સુધર્માસ્વામીએ ટૂંકા શબ્દોમાં જે ઇશારો કર્યો એ પ્રતિ શ્રદ્ધાના જોરથી વિચારું છું ત્યારે આજે પણ આજનો કોયડો મને વધુ ગહન લાગે છે. ભગવાનની દૃષ્ટિ કોઇ અવનવો

બનાવ એ પાછળ જોઇ રહી છે. આપણી વ્યવહારદક્ષતા અગ્નિ પાસે ઘીની જેમ, લગ્ન પછી માણસનું મન ઓગળ્યા વિના રહે જ નહિં એમ બતાવે છે. પરંતુ સાચા નિર્ણય માટે 'આવતી કાલ શું સમાચાર આપે છે' એ જોવું જોઇએ.

× × ×

## ૭ "कंदर्पदर्पदलने विरला मनुष्याः"

સંસારપ્રવેશ કરતા પતિ-પત્નીરૂપ યુગલને પ્રથમ રજનીનો સમાગમ એ મોંઘેરો અવસર ગણાય છે, એટલું જ નહિ પણ જીવનનૌકાને અગાધ મહાસાગરમાં છોડી મૂકવાનો એ ગંભીર અને અપૂર્વ પ્રસંગ છે. યુવાન અંતરના તનમનાટ, હાવભાવ ઊર્ફે મદનરાજપીડિત કષ્ટો અનુભવીઓ જ જાણે. તેથી તો એ રાત્રિને સૌભાગરાત્રિનું સોહામણું નામ પ્રાપ્ત થયેલ છે. કળાકેલિકોવિદ એને મધુરજની પણ કહે છે. લગ્ન પછી એ જાતના આનંદ અર્થે ઉપાડી જવાના કાર્યને Honey Moon તરીકે ઓળખવાની વાત આજના વીસમી સદીના પરિચયમાં આવેલ કુટુંબોમાં ભાગ્યે જ નવી ગણાય. પરણ્યા પછીની પ્રથમ રાત્રિ યાને દંપતીજીવનમાં પગ મૂકવાની ક્રિયા અથવા તો બ્રહ્મચર્ય અવસ્થામાંથી ગૃહસ્થદશામાં પગલાં માંડવાનું કાર્ય, અગર તો પૂર્ણ અંગ હોવા છતાં અર્ધાંગ તરીકે લેખાતાં ઉભય અડધીઆને જોડાઇ જઈ પૂર્ણાંગરૂપે પરિણમવાની પ્રથમ ઘટિકા, ગમે તે નામે કે ગમે તે રીતે, પસાર થતી હોય છતાં એનું મહત્ત્વ સંસારસ્થ જીવોને અતિ ઘણું છે એમાં તો રંચ માત્ર સંશય નથી.

વર્ષો પૂર્વેથી વિવિધ પ્રકારનાં સ્વપ્નાં સેવતા-નવનવા

વિલાસ માણવાના મનોરથ ધરતાં–રંગબેરંગી આનંદ ભોગવવાના અભિલાષ અનુભવતાં–તરુણ યુગલો માટે સમાગમની પહેલી રાત્રિ અતિ અતિ મૂલ્યભરી, અતિ રસભરી અને સાથોસાથ અવર્ણનીય ને અકલ્પનીય ઉન્માદપૂર્ણ હોય છે. એ સત્ય આજે જેટલું યથાર્થ છે તેટલું પચીસ સો વર્ષ પૂર્વે પણ હતું.

જંબૂકુમારના શયનગૃહમાં આજે એ નિમિત્તે–સમાગમની પ્રથમ રાત્રે–જબરી ધમાલ ચાલી રહી હતી. જે કમરાની સજાવટ પાછળ એક, બે નહિ પણ કામકળાકુશળ ને રૂપલાવણ્યથી ભરપૂર આઠ લલનાઓના હાથ કામે લાગ્યા હોય, જેની પાછળ સંસારસુખ સામે આંગળી ચીંધનારને પહેલા ઘાથી પરાસ્ત કરવાની મનોકામના હોય અને એ મોહના દરેક સાધન એકઠા કરવામાં ધન પાણીની માફક વપરાએલું હોય ત્યાં કંઈ કચાશ અનુભવવાની સંભવે ? અર્થાત્ વિષય માણવાના દરેક સાધન ત્યાં તૈયાર રખાયલાં હતાં.

જંબૂકુમારની પ્રતિજ્ઞા એટલે અખંડ બ્રહ્મચર્ય વ્રતના શપથ. એના પાલન અર્થે સંયમ ગ્રહણની લીધેલી પ્રતિજ્ઞા જન સમાજથી અજાણી ન્હોતી. માતાના આગ્રહથી લગ્ન અર્થે વરઘોડે ચડેલ એ વરરાજાએ પ્રથમથી જ પોતાના નિયમની વાત સાસુ–સસરાને જણાવી દીધી હતી. એ અડગ નિશ્ચય પત્નીઓના કાને પહોંચે એવો એ પાછલ સંકેત હતો, અર્થાત્ પરણનાર તરુણીઓ પણ સારી રીતે સમજતી હતી કે પોતે જેની સાથે પાણિગ્રહણ કરનાર છે એ કુમાર સંસારના વિષયોને લાત મારવાનાં શપથ લઈ ચૂકયો છે. અર્થાત્ જે કામદેવની પૂજા પોતાને પ્રાણથી પણ અધિક વહાલી છે એ કામદેવ તો

એનો દુશ્મન છે. પોતે વિરહવ્યથા બુઝાવવા-રતિપતિની રસ-વૃત્તિ લૂંટવા-કામક્રીડા કરવા નીકળી ચૂકી છે અને સાથી તરીકે સહાયક બનવા જેનો હાથ પકડ્યો છે એ કુમાર તો એ સર્વથી પરાઙ્મુખ બની બેઠો છે; એ જાતના વિલાસ તો એને આકરા ઝેર જેવા જણાય છે. આમ પતિ-પત્નીનાં રંગઢંગ ન્યારા છે. અરે ! તદ્દન વિરુદ્ધ દિશામાં જનારા છે. જયાં દંપતી-જીવનની પ્રથમ સંધ્યાએ પ્રેમીઓ વચ્ચે કોઈ અનોખી-જગતે નહિ જોયેલી, નહિ સાંભળેલી-રીતે સ્નેહનાં મીઠાં સૂત્રો ઉચ્ચારવાનાં છે ત્યાં શહેરનાં નરનારીઓનો પ્રવેશ ન જ સંભવે છતાં કથાના વાચકોને માટે એકચિત્તે એ ખાનગી વાર્તાલાપ શ્રવણ કરવાની સગવડ કરી હોવાથી એ વાસગૃહ તરફ સત્વર પહોંચી જવાની જરૂર છે.

જંબૂકુમારનું શયનગૃહ આજે જાણે સાક્ષાત્ કામદેવને યથેચ્છપણે મહાલવાના રમણીય વિહારમાં ફેરવાયું છે. ચોતરફ સુવાસિત ધૂપદાનીઓ મોહક સુગંધ ફેલાવી રહી છે. ફૂલદાનમાં વિવિધવર્ણી કુસુમોના પુંજ દૃષ્ટિગોચર થાય છે. ગુલાબજળનો છંટકાવ ને સુગંધિત તેલોની ખુશબો પ્રવેશકની પ્રથમ નજરે ચઢ્યા વિના રહી શકે તેમ નથી. શયનગૃહની બેઠકો તેમ જ આરામ લેવાનાં વેત્રાસનો તેમજ ગાદી અને તકીયાઓ શ્વેત-તામાં પૂર્ણિમાના ચંદ્રને કિંવા ગાયના દૂધના શ્વેતપણાને પાછળ મૂકી દે તેમ છે. દિવાલ પરનાં ચિત્રો જો કે કળાકૃતિના નમૂના છે અને એમાં પૂરવામાં આવેલ જુદા જુદા રંગોથી અનહદ શોભાને ધારણ કરનારાં છે, છતાં જે પ્રિયાવૃંદે પસં-દગી કરી છે અને જે પદ્ધતિએ એ ટાંગવામાં આવ્યા છે એ પાછળ ઉપર વર્ણવ્યા ગુણો ઉપરાંત જે એક મુખ્ય ભાવ રમણ

કરતો તરી આવે છે તે એ છે કે-એ જડ ચિત્રો ભલભલા ત્યાગીને પણ ઘડીભર મંત્રમુગ્ધ કરી દઇ, એના પ્રત્યેક ગાત્રમાં મદનની તીવ્ર આગ પ્રગટાવી દે તેવાં છે. ટૂંકમાં કહીએ તો આખાયે કમરાનું વાતાવરણ એટલી હદે વિષય-વાસના પ્રેરે તેવી રીતે સર્જાયેલું છે કે કાચાપોચા મનુષ્ય માટે ત્યાં ક્ષણવાર થોભવું અને કામથી અલિપ્ત રહેવું એ જીવન-મરણના સોદા જેવું લેખાય. શ્વપતિ એવા જંબૂકુમારને બનતી ત્વરાએ પ્રતિજ્ઞાભ્રષ્ટ કરવાનો નિરધાર હોવાથી તેઓએ કશી જ ન્યૂનતા રહેવા દીધી નથી. સંધ્યાનો વાયુ ઢળવા માંડતાં જ ઝૂમર અને હાંડીઓમાં દીપકોની શ્રેણી પ્રજ્વલિત થઇ ચૂકી. શણગારમાં સ્વર્ગભૂમિની અપ્સરાઓને પણ ટપી જાય, કેશ-ગૂંથણીમાં અને વેશપરિધાનમાં ભલભલી નર્તિકાઓને પણ છક્કડ ખવરાવી દે, અને અલંકાર ધારવાની કળામાં અનુભવી પ્રૌઢા જેટલી જ દક્ષતા દાખવનાર આઠ નવોઢાએ-અરે, મદ-ભરી અભિસારિકાએ-શકય સાધનોથી સજ્જ બની, સ્વામી સાથેના વાગ્યુદ્ધમાં ખપ આવે એટલા સત્વનો સંગ્રહ કરી, કરમાં ફૂલમાળા ધારણ કરી, ચહેરા પર મધુરા હાસ્યની આછીપાતળી રેખાઓને અવારનવાર નચાવતી, શનૈઃ શનૈઃ મુખ મલકાવતી વલ્લભના આગમનની માર્ગપ્રતીક્ષા કરી રહી છે.

જંબૂકુમારથી આ બધી તૈયારી અજાણી નહોતી. આઠ પ્રેમદાઓની વ્યૂહરચનાથી એ માહિતગાર હતો. સારી રીતે જાણતો હતો કે એનો માર્ગ કાંટાળો હતો અને વિશેષમાં એટલો ગંભીર ને ગહન પણ હતો અને છે કે એકાદ ભૂલ થતાં એ ન વર્ણવી શકાય-ન કલ્પી શકાય-ન સહી શકાય-એવી નામોશીનું ભાજન બની જવાનો. એના કાર્ય પ્રતિ માત્ર

આઠ પ્રેમદાઓની આંખો હતી એમ નહોતું. પ્રેમદાઓની પાછળ એમનાં માતપિતા પણ હતા. શહેરના સંખ્યાબંધ આત્માઓ બીજા દિનની સવાર કેવી ઊગે છે એની રાહ જોઈ રહ્યા હતા.

એક પગલું ચૂકતાં જ એ ભારોભાર ટીકાનું પાત્ર બની રહેવાનો એ નિશ્ચિત હતું. પોતે સમજતો હતો કે એ બધી જવાબદારી પોતે જાતે જ ઉપાડી હતી. ગુરુ સમક્ષ પ્રતિજ્ઞા ઉચ્ચારવી, માતાના આગ્રહથી નવયુવતીઓ સહ પાણિગ્રહણ કરવું અને આવી વિસંવાદી વાતો ખડી કરી, એમાંથી નિષ્કલંક રહી, બહાર આવવું એ કંઈ મદારીના માકડા નચાવવા જેવી સહેલી વાત ન હોતી. ખાંડા પર ચાલવાના ખેલ કે નાચ ખેલાવવાની રમત કરતાં પણ એની પાછળ અતિ ઘણું જોખમ હતું. એ સારી રીતે સમજતો હતો કે આખી કરામત 'પેટ ચોળીને શૂળ ઊભું કરવાની' સ્થિતિને યાદ કરાવે તેવી રીતે સર્જાઈ ચૂકી હતી. પીછેહઠ થતાં જ સર્વનાશના નગારાં વાગવાનાં. જરાક નમતું તોલતાં જ પ્રતિજ્ઞાનાં પીંછાં વિખરાવાનાં–એક જ ભૂલ થતાં ખેલ ખલાસ !

આ બધું સમજનાર આત્મા–એક સમયનો નાગિલાનો પતિ, સાચે જ આજે મન ઉપર દૃઢ કાબૂ ધારણ કરી ડગ ભરતો હતો. જાણીબૂઝીને કાજળની કોટડીના કમાડ ખખડાવતો હતો. દરેક આત્માને રાજી કરીને પોતાનો પંથ સરળ બનાવવાનો એનો નિશ્ચય હતો. માતા પ્રત્યેની વાત્સલ્યતાથી પાણિગ્રહણ કરનાર, પ્રેમદાઓ પ્રતિ માર્દવતા વાપરવાનો પાઠ પઢ્યો હતો. જે લલનાઓએ પોતાનો નિરધાર જાણ્યા

છતાં જીવન-મરણના જંગમાં ઝુકાવ્યું હતું તેમની સાથે એ વાર્તાલાપ કરવા ઉત્સુક હતો. વિજય વરવો હતો એ જેટલું ચોક્કસ હતું એટલું જ ચોક્કસ એ હતું કે એ વિજય કાયર કે ડરપોકનો નહિ પણ સાચા શૂરવીરનો હોવો ઘટે. આમ ઉભય પક્ષની સ્થિતિ હતી. અને કોઇ પણ બાજુએ ગાફેલ-પણાની ગંધ સરખી નહોતી આવતી. જો કે અહીં શરૂ થનાર સમરાંગણમાં શસ્ત્રાસ્ત્રોનો ખડખડાટ કે ભાલાઓની ફેંકાફેંકી નહોતી થવાની, છતાં જે જાતની રસ જમાવટ થઇ રહી હતી અને પળેપળે એમાં જે નવિનતા નજરે ચડતી હતી એ એટલી તો કાતિલ ને મર્મઘાતી હતી કે એની આગળ સમરભૂમિના યુદ્ધ કંઇ વિસાતમાં ન લેખાય ! એનું તોલન કરીને જ નીતિકારોને વદવું પડયું છે કે :—कंदर्पदर्पदलने विरला मनुष्याः ।

અર્થાત્ કામદેવના ખાસ શસ્ત્રો સામે અડગતાથી ખુલ્લી છાતીએ ઊભા રહેનાર તો કોઇ વિરલા જ હોય છે. ખૂદ રાજર્ષિ ભર્તૃહરિએ સ્વાનુભવે કહ્યું છે કે:—

**शंभुस्वयंभूहरयो हरिणेक्षणानाम् ।**
**येनाक्रियंत सततम् गृहकर्मदासाः ॥**
**वाचामगोचरचरित्रविचित्रताय ।**
**तस्मै नमो भगवते कुसुमायुधाय ॥ १ ॥**

આશય એક જ છે કે ધનુર્ધારીના તીવ્ર બાણ કરતાં પણ મૃગનયનીઓનાં કામબાણ સહેવાં અતિ કઠિણ છે. એનાં નેણ-જાદુએ ભલભલાને-અરે લોકમાં દેવ તરીકે પ્રસિદ્ધિ

વરેલાને–મહાત કરી નાખ્યા છે. આવા કારણોથી જ આ શયનગૃહરૂપી રણાંગણ–આપાતરમણીય ક્રીડાભૂમિ–મોટા મહા-રથીને પણ પ્રથમ દર્શને મૂંઝવે–ઘડીભર વિજય વરવામાં શંકા પ્રકટાવે તેવી હતી.

કુમારે અંતરમાં ગુરુદેવ સુધર્માસ્વામીનું નામ યાદ કરી, વૈભારગિરિના મનોરમ પ્રદેશમાં લીધેલ પ્રતિજ્ઞા પુનઃ સ્મૃતિ-પટમાં તાજી કરી, એ પાલનના રાહ પર વજ્રલેપ લગાડી, પુલકિત વદને હસતા મુખડે–એક સાચો પ્રેમી પોતાની પ્રિયાઓ સહ જેવી રીતે વર્તે તેવી રીતે શયનગૃહમાં પ્રવેશ કર્યો.

× × ×

## ૮. પ્રેયસીઓની વચમાં—

“ આજે તો જરૂર સારા શુકન થયા છે. એ વિના નહિ જેવા પરિશ્રમે આવા અઢળક ધનના ઢગલા જોવા–ઉલેચવાના મળે કયાંથી ? ”

સાથીદારના ઉપરના શબ્દોથી ઉત્તેજિત બની જઈ પાંચસો ચોરોનો સ્વામી પ્રભવ ધીમેથી બોલ્યો.

“ અરે પિંગળ ! મારી શક્તિનો, મારા સાહસનો શું તને આજે જ ખ્યાલ આવ્યો ? આટલા દિવસના પરિચયથી તું એટલું પણ ન સમજી શકયો કે આ પ્રભવ એ કોઇ મામુલી માણસ નથી. ”

પિંગળ—તમે પોતે એક રાજપુત્ર હોઇ, મહાસાહસિક લડવૈયા છો એ તો સૌ કોઇ જાણે છે. વળી સંખ્યાબંધ ધાડો પાડી, સામનો કરનારને ધૂળ ચાટતા કરી, હજારોની લૂંટ

પલ્લી ભેગી કરનાર, આપની શક્તિ મેં મારી સગી આંખે જોયેલી હોવાથી અને એક કરતાં વધારે વાર હું આપની સાથે જ હોવાથી આપના પરાક્રમની એ વાર્તાઓથી તદ્દન અજ્ઞાત પણ નથી. મારા આશ્ચર્યનો વિષય જુદો જ છે અને તે આજે નિકળ્યા ત્યારે આપે કરેલી શુકનપરીક્ષાનો.

જો અમારા જેવાની સલાહથી આગળ વધવાનું હોત તો નીકળતાં જે શુકન થયા, જે કર્કશ અવાજ સંભળાયો–એ જોતાં અમે હરગીજ એક ડગલું પણ આગળ ન ભરત. કદાચ ન છૂટકે ભરવું પડત તો આ દિશામાં તો ન જ આવત. અલબત્ત ઋદ્ધિમાં જે ઘરની ખ્યાતિ સારા દેશમાં કપૂરની વાસ માફક પ્રસરી રહી છે એ લૂંટવાનો મોહ જરૂર હતો, પણ એને માટે લગ્નનાં દિનો પસંદ કરવા–જે વેળા અવર-જવર વિશેષ હોય અને વધારે માણસ સાથે બાખડી બાંધવી પડે એવો સમય જાણીબુઝીને સ્વીકારવો–એ અમારા જેવાને ડહાપણભર્યું ન જ લાગત. અમારી નજર તો બને ત્યાંસુધી ઓછું બળ ખરચીને ચોરી–છૂપીથી કામ લેવા ટેવાયલી છે. જ્યાં ધમાધમ ને જાગૃતિ વધુ હોય અને સામનો થવાનો ઉઘાડો સંભવ હોય ત્યાં હરગીજ પગ ન મૂકવો એ આપણા ધંધાની સલામતી છે, પણ આપે એ બધાને અભરાઈ ઉપર ચડાવી મશહૂર એવા નવાણું કોટિના સ્વામીનું ઘર પસંદ કર્યું. વળી જોડે પાંચસોને ન લાવતા બબ્બે ત્રણ ત્રણની ટુકડીઓમાં વહેંચી નાખ્યા અને માત્ર ગણત્રીના માણસ લઈ પ્રવેશ કર્યો. આ વિશાળ આવાસના એકે એક ખૂણામાં માનવવસ્તી હોવા છતાં આપની છાતી જરા પણ ધડકતી નથી. એ તો સારું છે કે લગ્નનો અમાપ આનંદ માણી ક્યાં

તો એ અંગેના પરિશ્રમથી કે માથેથી એક મોટો ભાર ઉતરી જવાના અનેરા હર્ષથી–દાસ, દાસી અને પહેરેગીરોનો સમૂહ નિરાંતથી નિદ્રામાં પડ્યો છે. જવલ્લે જ કોઈ રોકટોક કરનાર મળ્યો છે. એમાં વળી આપે અવસ્વાપિની નિદ્રાનો પ્રયોગ અજમાવ્યો છે, એટલે સર્વત્ર આપણે માટે નિષ્કંટક સામ્રાજ્ય જેવી સ્થિતિ સ્થપાણી છે. તાલોદ્ઘાટિની વિદ્યા છતાં એનો ઉપયોગ કરવાની તો જરૂર પડે તેવું જ નથી. અલંકારો ને કિંમતી રત્નો ચક્ષુની સામે ઢગલાબંધ પડ્યાં છે. બંધાય તેટલાં બાંધી લ્યો અને ઉલેચાય તેટલાં ઉલેચી લ્યો. તેથી જ અમારા કરતાં આપની શકુન જોવા–પારખવાની દૃષ્ટિ નિરાળી હોઈ, મારા માટે આશ્ચર્ય પેદા કરનારી બીના બની છે.

“ પિંગળ ! આટલા ધનથી સંતોષ માની પાછા ફરવાનું નથી. મારી સાથે મૂંગો મૂંગો ચાલ્યો આવ. બીજું પણ અવનવું નિરખવાનું છે. ”

પિંગળ નાયકની સૂચના ધ્યાનમાં રાખી, મનમાં એની અજબ કાર્યકુશળતાની પ્રશંસા કરતો જ્યાં પછવાડે મૂકપણે ડગ ભરે છે ત્યાં બાજુના કમરામાંથી વાર્તાલાપનો રવ કર્ણપટ પર અથડાય છે. ઉભય ચૂપકીદી સેવતાં, કોઇની પણ નજર ન પડે એમ એક અંધારા ખૂણાનો આશ્રય લઈ લપાઇ રહે છે.

“ હજુ તમારાં લેખાં પૂરાં ન થયાં ? આજે તો એ કાગળ કલમ ઊંચા મૂકો. એકના એક લાડકવાયાના લગ્નમાં કદાચ બે પાંચ હજાર વધુ ખરચાયા તો આપને શી મુશ્કેલી આવવાની છે ? જ્યાં કરોડોની મિલ્કત મળી ત્યાં એવો વિચાર

શોભે ? વણિકબુદ્ધિ જ કોઇ વિલક્ષણ છે ! એ દોકડાને પણ કાગળે ચડાવે. "

" ભોળી વામા ! તારી વાત સમજ વગરની છે. 'બક્ષીશ લાખની પણ હિસાબ કોડીનો' એ વૃદ્ધોક્તિ છે અને એમાં ઘણું રહસ્ય છુપાયેલું છે. વાણિયા વિના પ્રતિવાસુદેવ રાવણનું રાજ્ય ગયું એ કોણ નથી જાણતું ? વણિકની દક્ષતાનો પરચો વ્યાપારમાં જણાઇ આવે. હિસાબની ચોખવટ ને ગણત્રી તો એની જીભના ટેરવે રમતી હોય ! નામું ન માંડી શકે તે વાણિયો નહીં, પણ હું તું ધારે છે તેવું નામું નહોતો લખતો. એકના એક દીકરાના લગ્નમાં તું થોડા હજાર વધુ ખરચાયા તેની ચિંતા ન કરવાની વાત કરે છે, જ્યારે હું તો બાકી રહેલા કરોડો કેવી રીતે ખરચવા એની કાચી નોંધ કરી રહ્યો છું. સવારે અનુચરોને મેં પ્રથમથી જ આજ્ઞા આપી દીધી હતી કે ખરચાય તેટલું ખરચો ને નિશ્ચિંત બની આનંદમાં મહાલો. રક્ષણની બહુ ચિંતા કરશો જ નહીં. પ્રભાતે એ બધાનો સામટો હિસાબ કરવાનો જ છે. "

" અરે ! તમે શું વદી રહ્યા છો ! સઘળું ધન ઉડાડી મેલી, શું મારા પુત્રને અને આઠ પુત્રવધૂઓને નિર્ધન બનાવી દેવા છે ? આપણી વય પાકી છે, એ હું જાણું છું. પુત્રને તમોએ પ્રવ્રજ્યા માટે કહેલા શબ્દો મને યાદ છે. હજુ પણ તે મગજમાં રમે છે. 'દીકરા ! તારી વય લગ્નજોગ છે ને મારી વય ચારિત્રજોગ છે.' એ વાક્ય સત્ય કરી દેખાડવાની પળ પ્રાપ્ત થઈ છે. એનો આપ અમલ કરો એમાં હું આડી નહીં આવું, પણ સઘળું ધન ઉડાડી મૂકીને તમે સંસાર છોડો અને

સંસારનો જેને જરા સરખો પણ અનુભવ ન ગણાય અને માંડ જેણે એમાં પાદસંચાર કર્યાને થોડી ઘડીઓ જ વીતી છે એવા પુત્રના ખભા પર જાતે કમાઇ ખાવા જેવી ચિંતાનો ભાર મૂકતા જાઓ એ હું ન જ સાંખી શકું, માટે સાત ક્ષેત્રે ખરચવાની તમારી યાદીમાં પાછળ રહેનાર માટે પણ જોગવાઇ કરી લેજો."

"રજનું ગજ તે આનું નામ. પૂરી વાત સમજ્યા વિના 'કાગ' માંથી 'વાઘ' તેં બનાવ્યો. પુત્ર ઉપર મારા કરતાં અધિક સ્નેહ રાખનાર ઓ ભામિની! તું તારા જાયાને પૂરી ઓળખી શકી જ નથી. તું જાણે છે કે દીકરો ઘોડે ચડો એક, બે નહી પણ આઠ લલનાઓ સાથે પાણિગ્રહણ કરી આવ્યો એટલે હવે ઘર માંડશે. પોતે લીધેલી પ્રતિજ્ઞા નેવે મૂકશે. નામ પર કાયમને માટે કાળી ટીલી લગાડશે!"

"ત્યારે શું તમે એમ ધારો છો કે એ આવતી કાલે જ દીક્ષા લેશે? જ્યાં એક મૃગનયનીનો પાસ છોડવો કઠણ છે ત્યાં એવી આઠ જાળ ભેદવી એ ભલભલાને માટે મુશ્કેલ છે, ત્યાં આ તો મારો વણિક બાલુડો!"

"ખરેખર માતાનું વાત્સલ્ય કોઈ અનેરું જ છે. એનો પુત્ર-પ્રેમ શાસ્ત્રકારો લખી ગયા છે તેમ અદ્વિતીય છે. પ્રથમ તીર્થપતિ ઋષભદેવે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી મેળવી, સમવસરણમાં બેસી દેશના દેવારૂપ અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કરી હતી, છતાં મરૂદેવા માતાને મન એ બાલુડાની કંઇ ઓછી ફીકર હતી? તું જંબૂકુમારને સામાન્ય માણસ સમજે છે. લગ્ન કરી દીધું એટલે માને છે કે હવે એ પેલી પ્રતિજ્ઞા ભૂલી જઈ, પ્રમદા-

એના સ્નેહમાં સંસારી જીવડો બની જશે. સુધર્માસ્વામી જેવા ગણાધીશને શરમનું ભાજન બનાવશે. સંઘમાં ચર્ચાના પૂર વહાવવામાં નિમિત્તભૂત બનશે !

"જો આવી તારી માન્યતા હોય તો અત્યારથી જ એ ભૂલી જજે. એ વૈશ્યકુળમાં ભલે જન્મ્યો હોય છતાં એનામાં ક્ષત્રિય ખમીર છે. એની વૃત્તિ સિંહ સમ નિડર ને અડગ છે, છતાં એમાં આવેગનું નામ નથી. સ્વયં ગ્રહણ કરેલ પ્રતિજ્ઞા પર પાણી ફેરવવાનું કાર્ય આજે તો શું પણ મારા જીવનભરમાં એના હાથે કદાપિ બનનાર નથી. 'પુત્રના લક્ષણ પારણમાંથી જણાય' એ ઉક્તિના જોરે હું ખાત્રીથી કહી શકું છું કે આજની નિશા એના સંસાર જીવનની છેલ્લી રાત્રિ છે. વ્યવહારિક નજરે ભલે એ સૌભાગ્ય રાત્રિ લેખાય છતાં સાચી રીતે તો એ સ્વરૂપે-કાયમી સૌભાગ્ય દેનાર તરીકે-તો આવતી કાલની રાત્રિ જ પરિણમશે."

"અરે ! શું તમે આ સાચું કહો છો ? તો પછી મને આપેલ વચનની શી કિંમત ?"

"કેમ, તારા વચન ખાતર તો એ ઘોડે ચડી, આઠ લલના સહ પાણિગ્રહણ કરી આવ્યો. તેં કહ્યું હતું કે 'લગ્ન કરી મને પુત્રવધૂના મુખ જોવડાવ.' તારા સંતોષ ખાતર બાહ્ય નજરે મુશ્કેલ જણાતું એ પગલું પણ એણે ભર્યું."

"તો પછી શું એ બિચારી આશાવંતીઓને શુકનમાં જ પતિવિરહ પ્રાપ્ત થવાનો અને એમાં હું નિમિત્તભૂત લેખાવાની ? હું કોઇ સંજોગોમાં એમ નહીં થવા દઉં. મારાથી એ જોયું જાતું નથી. આપની વાણી સાચી છે. દીક્ષા લેવા જેવી પવિત્ર

વસ્તુ બીજી કોઇ નથી, છતાં હું બહુલકર્મી હઇશ તેથી મને પુત્રસ્નેહ છૂટતો નથી, પરિણીત પ્રિયાઓ કાયમી દુઃખ ભોગવે એ જોયું જોવાતું નથી. પરણી લાવ્યો તો લગ્નવેળાની પ્રતિજ્ઞા પાળી બતાવવી જોઇએ. "

" આ જાતની આગામી ચિંતા કરવાનું લેશમાત્ર પ્રયોજન નથી. મેં તને પ્રથમથી જ કહ્યું છે કે તારા દીકરામાં સમજુતીથી કાર્ય કરવાની કુશળતા છે તેથી તે એવો રાહ લેશે કે તેમાં તારો વિરોધ અગ્નિમાં ઘી પીગળી જાય એવી રીતે પીગળી જશે. અરે ! તું અને હું એમાં સાથીદાર બનશું. મારા કાનમાં એ વાતના ભણકારા વાગી રહ્યા છે. 'વહુના લક્ષણ બારણામાંથી જણાય' એ વૃદ્ધોક્તિ જોતાં, એ પર ઊંડી દૃષ્ટિએ વિચારતાં પરિણામ સુંદર જણાય છે. કુળની કીર્તિને અમરતા અર્પે એવું દેખાય છે. અને તેથી જ મારો અત્યારનો પ્રયાસ સાચી દિશામાં છે. "

**પ્રભવ**—પિંગળ ! આ એક ચમત્કાર જોયો. હવે એ નવપરિણીત જંબૂકુમારને પણ જોઇ લઇએ. તું સમજી ગયો હઇશ કે ઉપરનો સંવાદ જેમની વચ્ચે ચાલી રહ્યો છે એ જંબૂકુમારના માતાપિતા યાને ધારિણી શેઠાણી ને ઋષભદત્ત શેઠ છે.

**પિંગળ**—એમના પર અવસ્વાપિની નિદ્રાનો પ્રયોગ કેમ ન કર્યો ? જાગતા હશે તો જરૂર ભયજનક થઇ પડશે. "

**પ્રભવ**—" આવા જાગતા આત્મા ઉપર વિદ્યાનું જોર ન ચાલી શકે. બાકી એમની વાત સાંભળતા એ ભયકર્તા બનનાર નથી એમ સ્પષ્ટ દેખાય છે. કોઇ નવું જ આશ્ચર્ય બન-

વાનું. આવતી કાલે રાજગૃહીની જનતા કોઇ અનોખું ને અદ્ભુત કૌતુક ભાળવાની."

**પિંગળ**—"સ્વામી! બેઅદબી માફ કરશો. બાકી કૌતુક જોવાના મનોરથ સેવવા કે દુશ્મનના ઘરમાં વધુ સમય ગુમાવવો એ આપણા વ્યવસાયને બંધબેસતી વાત નથી. '**दीर्घसूत्री विनश्यति**' એ અનુભવીઓનું વચન છે."

**પ્રભવ**—"શકુન પારખવાની અદ્ભુત શક્તિનો જ્યારે તને પરચો પ્રાપ્ત થયો છે ત્યારે નિ:શંક મારી પાછળ ચાલ્યો આવ અને જિંદગીમાં પહેલી જ વાર જે વિલક્ષણ દૃશ્ય જોવાનું અચાનક પ્રાપ્ત થયું છે તે જો. ચોર કાયમને માટે 'ચોર જ' રહેવા સર્જાયો નથી. તારો માલિક, આ પ્રભવ મૂળ તો એક રાજપુત્ર છે, એ વાત રખે ભૂલતો. છૂપી ચાલબાજી કરતાં એ તો સાહસનો પૂજારી છે."

પરસ્પર ધીમેથી વાત કરતાં ઉભય શયનગૃહની પાછળની બાજુ પર આવી પહોંચ્યા કે જ્યાંથી આખુંયે દૃશ્ય નજરે પડે છતાં તેઓ સામાની દૃષ્ટિએ ન પડે. વળી અંતર પણ નહિ જેવું હોવાથી દંપતી વચ્ચે ચાલતો વાર્તાલાપ જરા પણ મુશ્કેલી વગર સાંભળી શકાય.

સ્વર્ગની અપ્સરામાં પણ જે સૌન્દર્ય અને લાવણ્ય જવલ્લે જ જોવાનું મળે એવી આઠ કાન્તાઓના મુખારવિંદ જોતાં અને એમની વચ્ચે નિ:શંકપણે બેસી સ્મિત વદને ચર્ચા કરતાં તેજસ્વી ભાલવાળા જંબૂકુમારને નિહાળતાં ઉભય સાથીઓના અચંબામાં ઓર વૃદ્ધિ થઇ. ત્યાં તો કુમારના મધુર શબ્દો કર્ણપટ પર અથડાયા.

"હે લલનાઓ! તમોને એક પછી એક મેં સંપૂર્ણપણે સાંભળી. તમારી કથાનો ઉપનય સમજી લઈ એના સામે સચોટ કથાઓ રજૂ કરી. ઉત્તરનો પ્રત્યુત્તર વાળ્યો. ભવિષ્યના સાહિત્યકાર માટે સુન્દર ને રસભરી સામગ્રી એ રીતે તૈયાર થઈ, પણ એથી આપણું કાર્ય પૂરું થતું નથી. રજની વિદ્યુત્ વેગે વહી રહી છે, જોતજોતામાં પ્રાતઃકાળના ચોઘડીઆં વાગશે. 'લગ્નવેળા ગઇ ઊંઘમાં પછી પસ્તાવો થાય.' જેવું હાસ્યજનક વર્તન ન દાખવવું હોય તો હવે આપણે મૂળ મુદ્દા પર ઝટ આવી જવું જોઇએ."

**સમુદ્રશ્રી**—"સ્વામી! એક તરફ મુદ્દા પર આવવાની વાત કરો છો અને બીજી તરફ હઠીલાઈ કરો છો. પછી વિલંબ થાય જ ને? જ્યારે પરણ્યા ત્યારે સંસાર માણી જાણો. આખરે સંયમ તો છે જ ને! આદ્ય તીર્થપતિ શ્રી ઋષભદેવ પ્રતિ મીંટ માંડો કે અંતિમ જિન શ્રી વર્ધમાનસ્વામીને અવલોકો. તેઓએ ભોગ પણ ભોગવ્યા અને સમય પ્રાપ્ત થતાં ત્યાગનો રાહ પણ સ્વીકાર્યો. એમને મન બ્રહ્મચર્ય વ્રતની કિંમત ન હતી એમ તો આપ નહિં જ કહી શકો. તમારી સરખા સમજુને વધુ શું કહેવું?"

**પદ્મશ્રી**—"નાથ! મારી વડિલ ભગિનીએ જે વાત મૂકી છે તે તદ્દન ફેંકી દેવા જેવી નથી. માની લ્યો કે તમારી ઇચ્છા લગ્ન કરવાની નહોતી, પણ માતાજીને રાજી રાખવા જ એ પગલું ન છૂટકે ભરવું પડયું. પ્રભુશ્રી વર્ધમાનના સંબંધમાં પણ એમ જ સંભળાય છે.

ત્રિશલા માતાના આગ્રહે જ તેઓશ્રી યશોદા કુંવરી સહ

પરણ્યા, પણ પછી આપની માફક છટકબારી ન શોધતાં સાચા પ્રેમીને છાજે તેમ સંસારમાં રહ્યા. જ્યાં ચોખ્ખી ને ચટ વાત છે ત્યાં શા માટે આંટીઘૂંટી આદરી તલસાવો છો ? વિના કારણ વિરહના વિચારથી તપાવો છો ? ”

**પદ્મસેના**—“ વલ્લભ ! સાચે જ તમો અમને સર્વે અતિ વહાલાં છો. એટલે જ આટલા મનામણાં અમે કરી રહ્યાં છીએ. બાકી જે હાથોમાં પારણા ઝુલાવવાની તાકાત છે તે હાથો વિશ્વમાં જાતજાતની ઉથલપાથલ કરી નાખવાનું બળ પણ ધરાવે છે.

એવા સોળ હાથોની વચમાં ફસાનાર માનવી ગમે તેવો વિચાર રાખે, પણ તે ફોગટ જ નિવડે માટે અમે જેમ કુળવટ દાખવીએ છીએ તેમ તમે પણ દાખવો અને અમને વધુ ન તલસાવો. ”

**કનકસેના**—“ પ્રાણેશ ! આવા સુસમયે જ્યારે અગત્ય છે પરસ્પરના અંગોને મળવાની ત્યારે આપ કેવું વલણ અખ્તીયાર કરી રહ્યા છો ? દલીલબાજીની વાતો ચલાવવાથી હવે થઇ ન થઇ થવાની નથી. અન્યની કન્યાઓના હાથ ગ્રહણ કર્યા. સપ્તપદીની પ્રતિજ્ઞાઓના ઉચ્ચાર કર્યા. જગતની આંખે પોતાની અર્ધાંગના તરીકે સ્વીકારી લાવ્યા અને હવે અર્ધા અંગને બદલે એક આંગળી પણ આપતા નથી, કિંવા એકાંગમાં પરિણમવાને સ્થાને ભેદ પાડવાના પગરણ માંડ્યાં છે એ પ્રથમ જિનના નામ સમ પ્રશંસનીય અભિધાન છે જેનું એવા ઋષભદત્ત શેઠના તનુજને છાજતું નથી. ”

**નભઃસેના**—“ ઇશ ! જ્યાં આજે કામકળાઓના વિવિધ પ્રદર્શનો થવા જોઇએ, જ્યાં આજે રતિક્રીડાની રમઝટ જામવી

જોઇએ અને જ્યાં આજે મદનરાજ પૂરબહારમાં ખીલવો જોઇએ ત્યાં નિરસ વાર્તાલાપ કે વ્રતપાલનની શુષ્ક વાતો શા કામની ? વ્રતભંગ પછી પુનઃ એના આરાધન નથી થતા ? નંદિષેણુ કે આર્દ્રકુમાર જેવા તીવ્ર સંયમી ન ફાવ્યા ત્યાં તમે ફાવવા માંગો છો ? એ તો કુમાર અવસ્થામાં ચાલી નીકળ્યા હતાં, છતાં લપટાણા જ્યારે તમોએ તો એક બે નહિ પણ આઠનું સ્વામીત્વ મેળવ્યું છે એ કેવી રીતે તરછોડાશે ? આઠની આંતરડી કકળાવનાર ચારિત્રમાં કેટલા ડગ ભરી શકશે ? ”

**કનકશ્રી**—“ પતિદેવ ! આજે તો નેવનાં પાણી મોભે ચઢવા જેવું ઊલટું કાર્ય થઈ રહ્યું છે. રીસાવાનું તો અમારે હોય તેને બદલે એ પાઠ તમે ભજવી રહ્યા છો ! મરદને એ ન છાજે. ઘોડે ચડ્યા ત્યારથી જ જનતાએ જાણ્યું છે કે તમે ઘર સંસારમાં પડ્યા છો તો પછી આ અવસર એળે શા સારુ ગુમાવો છો ? ”

**કનકવતી**—“ આ રસ લૂંટવાની વેળા ન વીણસાડો. ગયો સમય આવતો નથી, તેમ પ્રથમ રજનીની મોજ પુનઃ પુનઃ પ્રાપ્ત થવાની નથી. એ ગુમાવી ‘ ગમાર ’ માં નામ ન નોંધાવો ! ”

**જયશ્રી**—“ મસ્તકમણિ ! જ્યારે માતાના આગ્રહને માન આપી લગ્ન કર્યા, એ રીતે વાત્સલ્ય દાખવ્યું ત્યારે આ આઠ પ્રિયાની વિનતિ માની રતિપ્રિય બનો, રજનીને નિરસ ન બનાવો. પ્રિયાનો સ્નેહ સાચવવાની પતિની ફરજ વિસરી ન જાઓ. માતા પણ નારી જાત છે અને સ્ત્રી પણ નારી જાત છે તો બંનેની સાથેના વર્તનમાં ભેદ શા કારણે ? ”

× × ×

### ૯. દિવ્ય પ્રેમ તે આ—

**પિંગળ**—નાયક ! જોયું ને ! નિષ્ઠુરતાની કંઇ હદ છે ? દેવાંગનાઓને પણ રૂપમાં ટક્કર મારે એવી આ રમણીઓ ખોળા પાથરે છે, છતાં આ માનવના હૃદયનું પાણી પણ હાલતું નથી ? જાણે પથ્થરનું ઘડેલું હૃદય !

**પ્રભવ**—તારું કહેવું સાચું જણાય છે. જેનું એક સ્મિત, એક કટાક્ષ, જેનો એક ભ્રૂભંગ ભલભલા મરદને પાણી પાણી કરી મૂકે એવી આ મૃગલોચનાઓ આ પુરુષ પાસે હતાશ બની ગઇ છે ? અરે ! એનું અંતર ભેદી શકી નથી. એ એક આશ્ચર્ય જ લેખાય. કવિઓનું વચન **सारं सारंगलोचना** પણ એને કાને પડ્યું જણાતું નથી ! અથવા તો **युवतीनां च लीलया, मनो न भिद्यते यस्य, स योगी पशुः** એવું જે નીતિકારોનું કથન છે તેને સાચું કરી બતાવતો લાગે છે. આ પ્રગટ સ્વરૂપે ભાસતા માનવીને પશુની કક્ષામાં મૂકી શકાય તેમ તો નથી, પછી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે શું એ યોગી છે ?

**પિંગળ**—મૂકી દો ને એ ખોટી મગજમારી. આપણું કાર્ય તો સધાઈ ચૂક્યું છે, માટે હવે વિલંબ કર્યા વિના સાથ ભેગા થઇ જઇએ. જે અંતર તદ્દન દગ્ધ થઈ ગયું છે, જ્યાં સ્નેહનો એકાદો અંકુર પણ ઊગવામાં સંશય છે ત્યાં ઊભા રહેવાથી આપણા અંતર પણ બૂઠ્ઠા ને લાગણીશૂન્ય બનવાનો ચોખ્ખો સંભવ છે. અહીંથી સત્વર ચાલ્યા જવાની જરૂર છે. આપણો વ્યવસાય ચોરીનો છે એ દોષ કબૂલ કરવામાં વાંધો નથી, પણ આવી નફ્ટાઇ તો આપણા હૃદયમાં નથી જ. આ

જાતનો પ્રાર્થનાભંગ મારી જિંદગીમાં હું પહેલી વાર જ જોઉં છું. મારે નશીબે આમાંની એકાદ સ્ત્રી હોય તો હું એને માટે આહૂતિ આપી દેતાં ન અચકાઉં. આ દશ્ય જોયું જાતું નથી.

**પ્રભવ**—દોસ્ત ! ઉતાવળ ન કર. જ્યારે કુદરતે જ સારો સંયોગ સાધી આપ્યો છે ત્યારે સમયના આંકડા મૂકવાના રહેવા દઈ, કિંવા વ્યવસાયના વિચાર કરવાના છોડી દઈ, પ્રત્યક્ષપણે નિહાળવા દે કે આ તેજસ્વી કુમાર પશુ છે કે યોગી ?

**પિંગળ**—માલિક ! તો પછી મને જવાની અનુજ્ઞા આપો. એમ કહી જયાં પાછું ડગલું ભરવા માંડે છે ત્યાં જરા પણ ખસી શકાતું નથી. એકાએક આશ્ચર્યથી બોલાઇ જાય છે. ' અરે ! આ શું ? '

પ્રભવ પિંગળના મોં પર હાથ મૂકી એને જરા દૂર લઈ જવાનો પ્રયત્ન કરવા માંડે છે ત્યાં તો તેનાથી પણ ખસી શકાતું નથી. ઉભય જાણે સ્થંભિત કરેલા પાષાણના પૂતળા ! આ સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થતાં જ પ્રભવ જાણી ગયો કે શ્રેષ્ઠીપુત્રની જ આ કરામત છે. તેની ચક્ષુ સામે પ્રચ્છન્નતા ટકી શકી નથી. હવે તો જે થાય તે જોયે જ છૂટકો.

અહા ! પણ આ શું ? સ્વપ્ન માનવું કે સાચું ગણવું ? ઉભય ચોરો વિમાસણમાં પડ્યા. પોતે જે કુમારને અત્યાર સુધી અરસજ્ઞ અને હૈયાશૂન્ય લેખતાં હતાં, તે કુમાર મીઠી વાણીમાં સ્નેહથી ઉભરાતા હૃદયે, પોતાની પ્રિયાઓની વાત સાંભળીને ધીરજથી એમની માગણીઓનું તોલન કરી, એમાં રહેલી અસારતાનો ખ્યાલ આપતો વદવા લાગ્યો કે—

“ વલ્લભાઓ ! મેં તમારું પાણિગ્રહણ શુભ હેતુથી કરેલું છે. તમારા અંતરને આઘાત પહોંચાડવાથી કે તમોને તલસાવવાથી મને આનંદ થાય છે એમ હરગીજ માનશો નહિં. નિશાકાળની ઘડીઓ સરિતાના વહેણ માફક સપાટાબંધ વહી રહી છે. વળી તમોએ પણ જ્યારે અંતર ખોલી મુદ્દાની રજુઆત કરી દીધી છે ત્યારે હું પણ મૂળ વાત પર આવી જઉં એ જ યોગ્ય ગણાય. પ્રથમ તો વિચારવાનું એ છે કે વિષય માણવામાં જે સુખની કલ્પના આપણે કરી રહ્યાં છીએ એ સુખ વસ્તુતઃ સુખ છે ખરૂં ? સાચી રીતે એને સુખ માની શકાય ? માનવ ભવ પામ્યા તેનો શું માત્ર એટલો જ ઉદ્દેશ છે કે એની પાછળ કંઇ અન્ય સંકેત છે ? આપણો સમાગમ જો સંસારના આ સુખાભાસ તુલ્ય વિષય માણવા પૂરતો જ સંધાયો હોય તો એ ક્ષણજીવી–અરે ! અલ્પ સમય પૂરતો છે એમ તમોને નથી લાગતું ? એવા અલ્પકાલીન સંપર્કને તમારા સરખી દક્ષ પ્રમદાઓ પસંદ કરે ખરી ? ”

**સમુદ્રશ્રી**—સ્વામિન્ ! આપ અમારા પર આમ પ્રશ્નોની ઝડી વરસાવો એથી આપણું કાર્ય સરળ નથી થતું. શાશ્વત અશાશ્વતનું રહસ્ય નથી તો અમે અવધાર્યું કે નથી તો અમે કોઇ કાળે ક્ષણજીવી કે ચિરંજીવીની ચર્ચામાં પડ્યા. અમે અબળા જાતિને જે શિક્ષણ અત્યાર સુધીમાં પ્રાપ્ત થયું છે એનો ટૂંકો ને ટચ સાર એટલો જ કે–“ પતિવ્રત ધર્મનું પ્રાણાંતે રક્ષણ કરવું, કારણ કે સ્ત્રીસમુદાય માટે શિયલ વ્રતના પાલન સમાન ધર્મથી અન્ય કોઇ અધિક ધર્મ નથી. એટલે આપ અમારા મુગટ સમ હોવાથી જે માર્ગ બતાવશો એને અમો અનુસરશું.

**જયશ્રી**—મારી વડિલ ભગિનીએ ટૂંકામાં સર્વ કહી નાખ્યું છે. એનું તાત્પર્ય એટલું જ છે કે જેમ તમોએ માતાને રાજી રાખવા તેમનું વચન માન્ય રાખ્યું તેમ અમારી લલનાઓની પ્રાર્થના સ્વીકારો અને રસિયા બની મધુરજનીનો રસ લૂંટો. એટલું અમારું કહેણ આપ કબૂલ રાખશો તો કાલ પ્રભાતે આપ જે માર્ગ ગ્રહણ કરવાનો નિરધાર કરશો તેમાં અમો પણ સાથ દેશું.

**જંબૂકુમાર**—તમો મોહાતુર બની કથનમાં આવતો વિસંવાદ પણ જોઇ શકતી નથી. એક તરફ મરણાંતે પણ શિયલ ધર્મથી પતિત ન થવાના શિક્ષણની વાત કરો છો અને બીજી તરફ મને મારી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવાની સલાહ આપો છો. જો હું અત્યારે ભ્રષ્ટ થઇ, બીજે દિવસ કદાચ સંયમનો રાહ લઉં તો, એમાં મને સાથ આપવા તૈયાર પણ છો. તમારી સલાહનો ભાવ તો એવો છે કે-પહેલા કાદવથી પગ ખરડવા અને પછી પાણી લઇ ધોવા ! મારે ગળે એ વાત કેમ ઉતરી શકે ? કારણ કે એ સામે નીતિકારોનું જીવતું-જાગતું કથન પડકાર કરતું ઊભું છે-'**प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम्**' વ્રતભંગરૂપ કીચડમાં ખરડાવું અને પછી આલોચના કરવા બહાર પડવું એના કરતા એ પ્રતિજ્ઞાભંગરૂપ કલંકને દૂરથી જ નવ ગજના નમસ્કાર કરવા એ જ યોગ્ય લેખાય. તમારું પાણિગ્રહણ કરવામાં મારો આશય ઉચ્ચ છે. અને માતાની ભક્તિ કરતાં પણ પ્રીતિની માત્રા એમાં અધિક છે. તમો ચિત્તનો આવેગ શમાવી એ સાંભળશો અને એની પાછળ રહેલો મર્મ અવધારશો તો મારો એ ભાવ શુદ્ધ કાંચન સમ પ્રતીત થશે.

હે પ્રમદાઓ ! વિષય ભોગવવામાં જે આનંદ જણાય છે તે કિંપાકનાં કડવા ફળ સરખો છે. વિષયમાં વિષ કરતાં 'ય' વધારે હોવાથી 'વિષ' યાને 'ઝેર' કરતાં પણ એ વધારે પ્રમાણમાં ભયંકર છે. ઝેર પી જનાર એક ભવ પૂરતું મૃત્યુ વહોરે છે જ્યારે વિષયાધીન પ્રાણી તો ભવોભવના મરણને નોતરે છે. જેને સુખ તરીકે કલ્પીએ છીએ તે કેવળ પાંચ ઇંદ્રિયના વિષયની ખરજ છે. ખરજ ખણતાં મીઠી લાગે પણ એથી પીડા વધે છે તેમ અહીં પણ સમજવું. આત્મ-ગુણનો તો એમાં નાશ છે જ પણ શરીર આદિ અન્ય અવ-યવોની પણ એની પાછળ ક્ષીણતા મોં ફાડી રહી છે. વિષય ભોગવતાં ઘડીભર જણાતી તૃપ્તિ એ ખરી તૃપ્તિ નથી પણ નવી ક્ષુધાને જન્મ દેનારી, કામવૃત્તિને વધુ ઉત્તેજનારી, શાનભાનને ભૂલવનારી, તૃપ્તિના માયાવી લેબાશમાં પ્રવેશ કરનારી રક્ત-માંસચૂસક પિશાચિણી છે. જ્યાં એક વાર એના પાશમાં ફસાણા કે ખેલ ખતમ ! મદન જ્વરથી પીડાતા જીવો કેવી કરણીઓ કરે છે અને કેવા કષ્ટો અનુભવે છે, એ શું તમે સાંભળ્યું નથી ? તેથી તો શાસ્ત્રકારોને મુક્તકંઠે કહેવું પડ્યું છે કે–'**भोगा न भुक्ता वयमेव भुक्ताः**'

અર્થાત્ ભોગોને ભોગવવા જતાં આપણે જાતે જ ભોગ-વાઇએ છીએ–કૂચા પાણી બનીએ છીએ. કર્મજનિત એ ખરજને વધુ ખણવામાં સુખ નથી પણ એનો સર્વથા નાશ કરવામાં–એને કાયમને માટે ખંખેરી નાખવામાં–એટલે કે દેહ, ઇંદ્રિય આદિનો સંસર્ગ છોડી દઇ સિદ્ધિગતિ વરવામાં સાચું સુખ છે. અશરીરી થવામાં ઇંદ્રિયાદિના ક્ષણસ્થાયી આનંદનો નાશ છે પણ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ આત્મગુણોદ્વારા સર્જિત

થતાં અપૂર્વ સુખનો મનમાન્યો આનંદ પ્રાપ્ત થાય છે. 'સચ્ચિદાનંદમયતા' એ સર્વે સુખોમાં શિરોબિંદુ તુલ્ય છે. અને મુક્તદશા પ્રાપ્ત થતાં એ શાશ્વતપણે પરિણમે છે. એની સાધના માટે જો કોઇ પણ ઉચિત ગતિ હોય તો તે કેવલ માનવની જ છે. વૈભવના સુખોમાં અને નરક ગતિના દુઃખોમાં અટવાતા જીવોને માટે એ શકય નથી, જયારે તિર્યંચ દશામાં તો પરાધીનતા હોવાથી એનો સંભવ પણ કયાંથી હોય? મનુષ્ય ભવમાં પણ આર્યદેશાદિ સામગ્રી મળી હોય તો જ સાધનામાં પ્રગતિ સાધી શકાય. માની લઇએ કે સર્વ પ્રકારની સાનુકૂળતા હોય છતાં આ જીવલડો આપાતરમણિય સુખો માણવામાં લલચાઇ જાય તો સાધના તો દૂર રહે અને જીવન હારી જાય.

વિચારો, આત્મા તરીકે જોતાં, નથી તો તમો લલનાઓ અને નથી તો હું સ્વામી. આ ભવપૂરતા વ્યવહારથી બંધાયેલો એ સંબંધ છે. તમારી અને મારી એ સંબંધને અતુટપણે ટકાવવાની પ્રબળ ઇચ્છા અને હાર્દિક ઉત્કંઠા છતાં એ આપણા હાથની વાત નથી. એ સામે યમની રાતી આંખો સતત ડોળા ફાડીને જોતી હોય છે! કાળ રાક્ષસ કયારે આ દેહનો કોળિયો કરી જશે એ કહેવું જ્યાં અશકય છે ત્યાં ઇંદ્રવારૂણીના ફળ સમા આ વિષયોમાં રાચવાપણું કેમ થાય? જો મનુષ્ય ભવ યથાર્થપણે સાર્થક કરવો જ હોય તો આવા છીછરા સુખની અભિલાષા ઇરાદાપૂર્વક ત્યજી દઇ, જ્યાં કર્મરાજની સત્તા રજમાત્ર ચાલતી નથી એવા શિવપુરમાં કાયમી સ્થિતિ કરવા માટે ઉદ્યમશીલ બનવું જોઇએ, જ્યાંથી પાછા ફરવાપણું નથી અને જે સ્થાનમાં વસનાર આત્માઓમાં

પરસ્પર નથી તો સ્વામી સેવકભાવ કે નથી તો પૌદ્ગલિક લાલસાઓનો ઉદ્વેગ, એ સ્થાનમાં જવા સારુ અમોઘ સાધન-સમા આ માનવદેહને ઉપયોગમાં લેવો–પરસ્પરના સહકારથી આગળ કૂચ કર્યે જવી એ પ્રત્યેક નર–નારીનો સર્વશ્રેષ્ઠ ધર્મ ગણાય. આ રહસ્ય જ્યારથી ગણધર મહારાજના મુખથી મેં શ્રવણ કર્યું, એ પાછળ ચિંતન, મનન અને નિદિધ્યાસન ચાલુ રાખ્યું ત્યારથી જ મારા પૂરતું તો 'ચારિત્ર' એ મુદ્રાલેખ સમ બની ચૂકયું છે. એ માટેની દઢ ગાંઠ બંધાયા પછી કેટલાક સમય બાદ મેં કારણવશાત્ એ સત્વર ઉદયમાં આવે તેવા શપથ ગ્રહણ કર્યાં છે.

જો કે માતાનો આગ્રહ લગ્ન માટે ચાલુ જ હતો, પણ તેમાં તમારા પિતાશ્રી તરફથી મારો નિશ્ચય જાણ્યા છતાં સંમતિ અગ્રસ્થાને હતી. એની પાછળ રહેલા તમારા હૃદયના ભાવો વાંચીને જ મને એકાએક સ્ફુરી આવ્યું કે જે બાળાઓ વિના પરિચયે મારા પ્રતિ સ્નેહવંત છે અને જેઓ જાણે છે કે પોતે જાણીબૂઝીને અગ્નિમાં ઝંપલાવે છે તેવી રમણીઓ કેમ પૂર્વભવના સંબંધવાળી ન હોય ? આ જાતના રાગ પાછળ પાછલા ભવના અંકોડા સહજ રીતે સંકળાયેલા હોય છે એમ શાસ્ત્રકારોનું મંતવ્ય છે. મને પણ એ વિચારને અંતે ભાસવા માંડયું કે જેમ શ્રી મલ્લિકુંવરીના અને શ્રી અરિષ્ટ-નેમિના પ્રસંગમાં પૂર્વે બન્યું તેમ મારા આ પ્રસંગમાં પણ પ્રેમનું અલૌકિક દર્શન જગતને કાં ન થાય ? એ પછી મેં એક સાચા પ્રેમીને શોભે તેવો ભાવ ભજવી બતાવ્યો. હજુ પણ ભજવી રહ્યો છું. જો આપણે જીવનવાસના પૂરતાં જ જોડા-યેલા હોત તો મદનપ્રવેશને જ્યાં સંપૂર્ણ સાનુકૂળતા છે એવા

આ રંગભુવનમાં કયારનાય એના અદૃશ્ય બાણુ વાગવા માંડયા હોત. કદાચ હું પ્રતિજ્ઞાપાલન માટે દઢ રહેવા યત્ન કરત તેથી કંઇ તમારા અંગોપાંગો પોતાની મસ્તીમાં પછાત ન જ રહેત. એ સમયનો વર્તાવ શ્રીકૃષ્ણની લીલા સદૃશ બની ગયો હોત. પણ એટલી હદની કામુકતા આપણામાંથી કોઇના પણ શરીર પર નથી પથરાઇ, તેથી પુરવાર થાય છે કે આપણો આ સમાગમ સંસારના કોઇ બાહ્ય ભોગો ભોગવવા પૂરતો નથી સંધાયો; કેવળ શ્વાનવૃત્તિપોષક લીલામાં આપણું જીવન વેડફી નાંખવામાં એની સફળતા પણ નથી. જો તમારો અંતરનો સહકાર પ્રાપ્ત થાય તો આ રંગશાળામાં જ જે કામદેવે લાખોને પરાજય પમાડી ધૂળ ચાટતા કરી મૂકયા છે તે 'મારદેવને' આપણે એકત્ર મળી સખત હાર આપશું અને જગતને કોઇ અવનવો પાઠ શીખવશું. તમારી સાથેના લગ્ન પાછળ મારો ઉદ્દેશ એટલો જ છે કે જો પ્રેમની દિવ્યતા યથાર્થ રીતે પિછાનવામાં આવે તો સંસારી જનસમૂહની નજરમાં આપણે જે રાત 'મધુરજની' તરીકે વીતાવવા એકત્ર થયા છીએ એ રાત્રિને કાયમી સૌભાગ્ય રાત્રીમાં ફેરવી નાંખીએ અને એવી પ્રેમગાંઠ વાળીએ કે જે કોઇ વાર છૂટે જ નહિં. તેમજ આપણને નવે જણને સાચી સ્વતંત્રતા પ્રાપ્ત થાય કે જેથી પછી પતિ-પત્ની જેવા સંબોધનની જરૂર પણ ન રહે. કદાચ સંસારમાં પુત્રમુખ-દર્શનનો લ્હાવો મોટો મનાતો હોય અને તમો પણ એ લ્હાવો લઇને પછી સાચા રાહે વળવાના વિચારમાં હો તો મારે એનો પણ ખુલાસો કરી દેવો ઘટે કે એ કામનામાં ઝાઝો માલ નથી. એ લ્હાવાની પાછળ ઘણીવાર

બળતા હ્હાળા જોવા પડે છે. પુત્રો બધા કંઇ સપુત નથી પાકતા કે જેથી માતાની કૂખને દીપાવે. બાકી મેં ઉપર વર્ણવ્યું તેવું કાર્ય તો નિઃશંક રીતે અક્ષય કીર્તિ અપાવે તેમ છે. પુત્રદ્વારા થતી પરંપરાને અટકી જવાનો સંભવ ઉઘાડો છે, જ્યારે આ નામના તો ચિરંજીવ છે. નથી એને કાળના બંધનથી મર્યાદિત બનાવી શકાતી કે નથી એને સર્પિણીઓના ચક્રે ભુંસી શકાતી ! છતી સાધનસામગ્રીઓની મધ્યમાં બેસી તંદુરસ્ત દેહધારીઓ–જનતાનો મોટો ભાગ જે વયમાં મોહના ચકરાવામાં લટ્ટુ બની જાય એવી દિવાની યુવાનીમાં–સમજણપૂર્વક સંયમનો સ્વીકાર કરે તે આત્માઓના નામો જ્ઞાનીપુરુષોના મુખે સહેજે ચઢે. રાજીમતિ જે અમર કીર્તિને વરી તે આ જાતની નવિનતાને લીધે જ. આપણે પણ એવું કરી બતાવીએ કે વિશ્વની નજરમાં એ અજાયબીરૂપ થઇ પડે.

"બાકી **अशक्तिमान् भवेत् साधुः कुरूपा नारी पतिव्रता** જેવું કરવાથી સાચી કાર્યસિદ્ધિ નથી સંભવતી. એ રીતના કાર્યથી દુનિયાને કંઇ ચમત્કારનો ચોમકો નથી લાગતો. પૂર્વે મેં 'મધુબિન્દુ' અને 'અઢાર નાતરા'ના ઉદાહરણ આપેલા છે એની સાથે મારી આ વાતનો મેળ મેળવશો, તો તમોને પૂર્ણપણે મારા શુભ આશયની પ્રતીતિ થશે, અને સહજે જણાશે કે માતાની ભક્તિ સાચવનાર તનુજમાં પ્રિયાઓ પ્રત્યે પ્રેમની કચાશ નથી પણ અધિકતા છે.

"હવે એક છેલ્લી વાત–મારી ઉપરની દલીલ ગળે ન જ ઉતરતી હોય ને તમારા મન વિષયવાસના તરફ ખેંચાતા જ હોય તો તમો સૂચવો તે માર્ગે હું તમોને ગળે વળગેલ લગ્ન-

બંધનમાંથી મુક્ત કરું, કારણ કે કોઇ ચીજ દબાણથી થાય એ હું પસંદ કરતો નથી.”

આ સાંભળી આઠે પત્નીઓ એક સાથે પોકારી ઊઠી–“નાથ! તમો આ શું બોલી ગયા? લાંબી મીઠાશને અંતે આ લવણનો ગાંગડો કયાંથી ફેંકયો? એ શબ્દો માટે અમારા કર્ણરંધ્ર બંધ થઇ ગયેલા છે માટે આ વાતને કચરાની ટોપલીને સ્વાધીન કરો. આપનું અંતર સંપૂર્ણપણે જાણી લેવા અને હવે પછી ગ્રહણ કરવાના માર્ગનું જ્ઞાન મેળવવા અર્થે જ અમારો આ વ્યવસાય હતો. બાકી વરમાળ આરોપતાં જ અમે નિશ્ચય કરી લીધો હતો કે જે માર્ગ આપ લેશો તે જ અમારો પણ માર્ગ છે!”

આ વખતે ‘ધન્ય છે, ધન્ય છે!’ એવો અવાજ સંભળાયો પણ એ સ્વર જંબૂકુમારનો નહોતો. એથી રમણીઓને પણ આશ્ચર્ય ઉપજ્યું.

× × ×

## ૧૦. અદ્દ્ભુત, અતિ અદ્દ્ભુત!

સારી યે જનતા કેવલી ભગવંતના દર્શને જવાને ઉમટી રહી હતી. આજે પુરવાસીઓના આનંદની સીમા નહોતી. વળી કેવલીના આગમન પણ દુર્લભ ગણાય. કલ્પવૃક્ષો ડગલે ને પગલે ઓછા જ મળી આવે છે! લાખો ગાયોમાં કામધેનુ તો કોઇક જ નીકળી પડે! કેરડા કે લીંમડાનાં વૃક્ષોનાં જૂથ જોવા માટે પ્રાપ્ત થવા સહજ છે, પણ આમ્રવૃક્ષ માટેનો સંભવ ઘણો જ ઓછો હોય છે અને તેથી જ આંબાવાડીયું જે

સ્થાનમાં લાભે તેની મહત્તા અતિ લેખાય છે. એક તો વિદ્વાન આચાર્યના દર્શન પૂર્વના પુન્યનો સંચય હોય તો જ પામી શકાય છે. અને એમાં પણ ત્રિકાળદર્શી જ્ઞાની મહાત્માનો સમાગમ એ કંઇ જેવો તેવો પ્રસંગ ન ગણાય. પણ એ સર્વને ટપી જાય તેવી વાત તો એ હતી કે આજે પધારનાર કેવલી ભગવન્ એક સમયે આ જ નગરના વતની હતા. જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે તેવા કામો તેમણે નાની ઉમ્મરમાં કરી બતાવ્યાં હતાં. મગધ દેશના આભૂષણ સમી અને સંખ્યાબંધ વર્ષોના વહાણા જેને પાટનગરીપણાનો અભિષેક થયાને વાયી ચૂકયા છે એવી વસુધાસંપન્ન રાજગૃહી નગરીને કેવલીના દર્શન તદ્દન નવીન તો ન ગણાય. અન્ય નગરીઓ કરતાં એનો સિતારો ચમકતો હોવાથી, એની પવિત્ર રજમાં ખૂદ તીર્થંકર દેવો અને ગણધર મહારાજાઓનાં પગલાં પડ્યાં હતાં. અરે ! ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવના અગિયારે ગણધરોની નિર્વાણભૂમિ થવાનું ગૌરવવંતું પદ એ મહાપુરીએ પ્રાપ્ત કર્યું હતું ! આમ છતાં આજનો પ્રસંગ અને એ પાછળ સારીયે આમ જનતાનો ઉમંગ ખરેખર અનુપમ ભાસતો હતો. આજે એનું આંગણું પાવન કરનાર નવાણું કોટિના સ્વામી ઋષભદત્ત શ્રેષ્ઠીના પુત્ર જંબૂકુમાર હતા. સ્વયમેવ કેવલજ્ઞાન પામ્યા પછી આજે પહેલી જ વાર જન્મભૂમિમાં તેઓ પગલાં પાડી રહ્યા હતા. હર્ષાતિરેક થવાના કારણોમાં એ મુખ્ય હતું. જો કે આ સ્થિતિ સુધી આવી પહોંચવા સારુ કથાપ્રસંગના કેટલાક વાણાતાણા આપણે વણી લેવાના છે જે તરફ સત્વર લક્ષ પહોંચાડી આપણે પણ કેવલીની પર્ષદામાં આવી પહોંચવાનું છે. એ મોંઘેરી લહાણ ગુમાવવાનું આપણને પરવડે તેમ નથી,

કેમકે વાર્તાના એ અંતિમ ભાગમાં સારા ય જીવનની મહત્તા અને ગ્રહણ કરવાની હિતશિક્ષા સમાયેલી છે.

× × ×

પોતાના પ્રાસાદની રંગભૂમિમાં આઠ પ્રમદાઓની મધ્યમાં જંબૂકુમાર પોતાનું હાર્દ ખુલ્લું કરી રહ્યા પછી અને એ સાથે આઠે રમણીઓએ પોતાનો સૂર મેળવ્યા પછી એકાએક 'ધન્ય છે, ધન્ય છે' એવા પોકાર પડ્યા ત્યાં સુધીની હકીકત પૂર્વે આપણે વાંચી ગયા છીએ. પિંગળ ચોર અને એના નાયકના એ શબ્દોએ નારીવર્ગમાં અજાયબી પાથરી દીધી ! એ આત્માઓ કોણ હતા ? કેવી રીતે આ એકાંત ભાગમાં આવી ચઢ્યા ? અને કેટલા સમયથી પતિ-પત્ની વચ્ચે ચાલતા સંવાદને શ્રવણ કરી રહ્યા હતા ? એ જાણવાની જિજ્ઞાસા પણ એ સાથે જ ઉદ્ભવી. જંબૂકુમારના ધ્યાનમાં આ ગુપ્તચરોનું આગમન છૂપું નહોતું રહી શકયું અને તેઓ જ્યાં હતા ત્યાંથી ચસકી ન શકે એટલા સારુ સ્થંભિની વિદ્યાનો પ્રયોગ પણ એમના ઉપર કરી દીધો હતો, પણ ધન્યવાદના ઉચ્ચારોએ પરિસ્થિતિ પલટી નાંખી. ચોર નાયક-પ્રભવ બોલી ઊઠ્યો:—

"સૌભાગી કુમાર ! તમારી હૃદયમાં સોંસરી ઉતરી જાય તેવી મીઠી વાણી સાંભળીને આજે મારા હૃદયમાં 'ચોરીના વ્યવસાય' માટે માન પેદા થાય છે. કાર્ય હલકું ને નિંદ્ય છે. એમાં ગુન્હાની વૃત્તિના ચોખ્ખા દર્શન છે. પકડાઈ જતાં ફાંસીનો માચડો સામે ડોકિયાં કરતો હોય છે, છતાં જો આજે મારો એ ધંધો ન હોત તો હું અહીં જે કંઇ જાણવા પામ્યો એમાંનું રજ માત્ર પણ જાણી શકયો ન હોત ! હવે મેં

સંપૂર્ણપણે ચોરી કરી લેવાનો નિશ્ચય કરી લીધો છે કે જેથી પુનઃ એમાં હાથ ઘાલવાં ન પડે.

**પદ્મશ્રી**—ભાઈ ! ચોરી કરવાની તારે જરૂર જ નથી. અમો દંપતીનો અંતિમ નિરધાર તો તું સાંભળી ચૂકયો છે. જ્યારે કોઇપણ રીતે અમારે આ ધનમાલને છોડી દઇ સંયમનો રાહ લેવાનો છે તો પછી જેને એની અગત્ય હોય તેને પ્રથમ આપવું એ અમારો ધર્મ છે, માટે તમારાથી લેવાય તેટલું લઈ લો અને કાયમને માટે આ ધંધા પર હડતાલ દઇ દો.

**જયશ્રી**—મારી ભગિનીએ કહ્યું એ સર્વ સાચું છે, છતાં હું તો મારા આ સર્વ અલંકાર ઉતારી તારી સામે ધરી દઉં છું, કે જેથી તને એ વાતની પ્રતીતિ થાય. એ કિંમતી આભૂષણોનાં વેચાણથી જે રકમ ઉપજે તે તારી જિંદગી સુધી ચાલશે, માટે જરા પણ મુંઝાયા વિના તું એ ગ્રહણ કર. એ દ્વારા મારા પ્રાણનાથની પણ ખાત્રી થવા દે કે ઘડી પૂર્વેની આ રંગીલી વામા જેમ સંસારી ભોગ માટે આતુરતા ધરાવતી હતી, તેમ નિશ્ચય કર્યા પછી એને, સર્પ જેમ કાંચળી તજી દે તેમ, તજી દેવા પણ તેટલી જ હદે તત્પરતા દાખવી શકે છે.

**પ્રભવ**—બહેનો ! મારા 'ચોરી' કરવાના નિરધાર પાછળનું રહસ્ય જુદું છે. કુમાર મને વિદ્યાના પાશમાંથી મુક્ત કરે કે જેથી હું આપના ચરણ ચૂમી એ પ્રગટ કરું.

**જંબૂકુમાર**—તમો ઉભયને બંધનમાં રાખવાનો મારો આશય મારું ધન લઈ જતાં અટકાવવાનો નહોતો પણ જે જીવન પ્રતિ મેં મીંટ માંડી છે અને જે સંબંધી સમજણ મારી આ સ્નેહાળ રમણીઓને આપી રહ્યો છું, એ શ્રવણ

કરવાથી તમારા હૃદયદ્વાર પણ ખુલે અને એમાં કંઇ પ્રકાશ પડે, એ જ માત્ર ઉદ્દેશ હતો. આ ધનની ચોરી એ ભલે થોડા સમય પૂરતી આશ્વાસનદાયી ગણાય, પણ આખરે એમાં આ ભવ ને પરભવનું ઉઘાડું અકલ્યાણ જ સમાયેલું છે. એ પણ હવે તમારે કરવાની જરૂર નથી. અમે રાજીખુશીથી અમારું ધન દેવા ઉદ્યુક્ત થયા છીએ અને તમારા સરખા પાત્રથી એનો આરંભ કરીએ તો એ કરતાં બીજું રૂડું શું ?

**પ્રભવ**—કુમાર ! તમારો આશય બર આવ્યો છે. મારે આ અર્થની જરા પણ જરૂર નથી. એ ચોરીથી તો હાથ ધોઇ નાખવાનો અડગ નિશ્ચય મેં વાર્તાલાપ સાંભળતા અધવચ્ચે જ કરી લીધો છે. હું તો આત્માના અનુપમ ગુણો જ્ઞાન, દર્શન ને ચારિત્રની ચોરી પૂરેપૂરી કરી લેવા માંગું છું. મારી આપને નમ્ર પ્રાર્થના છે કે આપ મને ' મધુબિંદુ ' અને ' અઢાર નાતરા 'ના કથાનકો ફરીથી સંભળાવશો. એ પૂર્ણ રીતે અવધારી લઇ, આ પિંગળ જેવા બીજા મારા ચારસો અઠાણું સાથીદારો છે તેમને એકઠા કરી, તેમની સન્મુખ એ સર્વ રજૂ કરીશ. જીવનનું સાચું સુખ કયાં છુપાયું છે એ કહી દેખાડીશ. તેઓને ગળે એ ઉતરશે તો એ સર્વની સાથે અથવા તો મારી જાતે એકલો આપ જે માર્ગે જઇ રહ્યા છો તે માર્ગનું અવલંબન લઈશ. નાયક તરીકે મારે એ ફરજ બજાવવાની છે.

જંબૂકુમારે પ્રભવ ચોરની પ્રાર્થના કેવી રીતે સ્વીકારી એ આપણે પ્રભવસ્વામીના કથાનકમાં આગળ ઉપર અવલોકશું. પ્રાતઃકાળ થતાં જ રાજગૃહી જેવી વિશાળ ને વ્યવસાયભરપૂર

નગરીના માર્ગો ધમધમી ઉઠ્યા. રાબેતા પ્રમાણે ભિન્નભિન્ન વર્ણના લોકોદ્વારા પોતાના જીવનને અનુરૂપ કાર્યોનો આરંભ શરૂ થયો. પનિયારીઓ પાણીના બેડા ભરી ભરી જળ લાવવામાં ઉદ્યુક્ત બની અને ક્ષત્રિયો તેમજ પ્રજાના ઊગતા તરુણો દેહયષ્ટિને મજબૂત કરવા માટે વ્યાયામના જુદા જુદા પ્રયોગોમાં મશગૂલ બન્યા. અરિહંતધર્મના ઉપાસકો સવારના આવશ્યકથી પરવારી દેવદર્શન કરવા જિનમંદિર તરફ જઈ રહ્યા હતા. વાર્તાના પ્રારંભમાં જે સુહૃદમંડળીના નામો આવી ગયા છે એ ચારે આજે સાથે જ નીકળ્યા હતા.

**ધર્મનંદી**—મને તો ખાત્રી જ છે કે જંબૂકુમાર એ પ્રિયાઓને કોઇપણ ઉપાયે સમજાવી ચારિત્ર લેશે.

**ધનદત્ત**—જરૂર, આ કેવલ મામુલી પ્રશ્ન ન ગણાય. ગણધર મહારાજ પાસે વ્રત ગ્રહણ કરનાર જો એનો ભંગ કરે તો પરદર્શનમાં કેવી નિંદા થાય ? વળી એકધર્મી કહેવાતા કુળને કાળી ટીલી ચોંટે.

**નાગદત્ત**—મિત્રો ! પણ ક્યાં એને કાયમને માટે સંસારમાં રહેવું છે ? પૂર્વે જેમ અપવાદ સેવનારા થઈ ગયા છે તેમ આ કાળમાં પણ ન થાય ? આલોયણ લઇને કે પ્રાયશ્ચિત્ત સ્વીકારીને ક્યાં વ્રતભંગની શુદ્ધિ નથી થઇ શકતી ?

**માનદેવ**—વળી જીવદયાના પાલક તરીકે આઠ અબળાઓને એમના જીવનનો પણ વિચાર તો કરવો જ રહ્યો ને !

**ધર્મનંદી**—મિત્રો ! આ બધી તરંગમાળા અસ્થાને છે. જંબૂકુમાર જેવો યુવાન એવું પગલું ભરશે કે ન તો કોઇને

આંગળી ચીંધવાપણું રહેશે કે ન તો કોઇને દયા ખાવાની તક મળશે. મારું અંતર તો પોકારે છે કે એ એવું કંઇ કરી દેખાડશે કે જેથી જગત આશ્ચર્યમુગ્ધ બની જશે.

એ વાકય પૂરું થાય તે પૂર્વે રથને જોડેલા ધુરિણોના કંઠમાંની ઘુઘરમાળના મધુરા રવ કાને પડયાં અને જોતજોતામાં ત્વરિત ગતિએ એક સાથે આઠ રથ આવતા જણાયા. એ પર ચારે મિત્રોની નજર પડતાં જ તેમણે તે રૂષભદત્ત શેઠના છે એમ ઓળખી કાઢયા. એકાએક આ રથો વહેલી સવારમાં કયાં જતા હશે ? રાત્રિના પતિ–પત્ની વચ્ચે કલહ તો નહીં થયો હોય ? તે કારણે આઠે રમણીઓ રીસાઇને પોતાના પિયર પાછી તો નહીં જતી હોય ? એવી એવી કેટલીયે શંકાઓ ઉદ્ભવી. ધોરી માર્ગ છોડી રથકારોએ પોતાના રથમાં બેઠેલી લલનાઓના પિતૃગૃહનો માર્ગ પકડયો એટલે શંકા બળવત્તર બની. ત્યાં તો થાળી વગાડીને ખબર આપતો ટેલીઓ આવી પહોંચ્યો. ઋષભદત્ત શેઠને ત્યાં આજથી અષ્ટાહ્નિકા મહોત્સવ આરંભાય છે, એવી ટેલ સાંભળી, શંકાનો થોડો ઉકળાટ શમ્યો. દરમિયાન શેઠશ્રીના અનુચરને આવતો દેખી ચારે મિત્રોએ સર્વ વ્યતિકર જાણી લેવાનો નિશ્ચય કર્યો. સમિપ આવતા તેને પ્રશ્ન કર્યો–ભાઇ ! ઉત્સવ શા નિમિત્તે છે ?

**અનુચર**—મુરબ્બીઓ ! મુહૂર્ત સાચવવાની અગત્ય હોવાથી હાલ હું ઉતાવળમાં છું, મારે જંબૂકુમારના આઠે શ્વસુરગૃહે ફરી વળવાનું છે, તેથી વિગતવાર હકીકત જણાવવા અશક્ત છું; છતાં ટૂંકામાં કહું છું કે કુમાર સાહેબે પોતાની આઠે પ્રિયાઓને એવી રીતે સમજાવી લીધી છે કે એ આઠ ને નવમા

કુમાર પોતે બ્રહ્મચર્યાવસ્થામાંથી જ સીધા સંયમધારી બનવાના છે. સવારમાં આ નિશ્ચય સાંભળતાં જ ઘડીભર ધારિણી શેઠાણીને આશ્ચર્ય થયું. પુત્રને ખોળો પાથરી સમજાવવા અને ખીલતી કળી જેવી આ નવોઢાઓ પ્રત્યે આમ 'પ્રથમગ્રાસે મક્ષિકાપાત' જેવું ગ્લાનિભર્યું વર્તન ન ચલાવવાનું કહેવા તેઓ દોડી ગયા, પરંતુ આવાસગૃહના ઉંમરે પહોચતાં જ આઠે વધુઓને હસતી જોઇ ઝંખવાણા પડી ગયા. પોતાના મસ્તક નમાવતી એ વધુઓના મુખેથી ભાગવતી–દીક્ષા લેવાનો નિશ્ચય જાણ્યો ત્યારે તો એ આભા જ બની ગયા! એવામાં ખુદ શેઠ સાહેબ ત્યાં આવી ચઢયા. વહુઓ મર્યાદા જાળવતી બાજુ પર ઊભી રહી અને જંબૂકુમારે ઊઠી પ્રણામ કરતા રાજી ખુશીથી દીક્ષા માટે અનુજ્ઞા માગી. આ આખું દ્રશ્ય દેવોને પણ દુર્લભ ગણાય. એનું આબેહૂબ વર્ણન કરવા કોઇ સમર્થ કવિ જોઇએ.

**ઋષભદત્ત બોલ્યા** કે દીકરા! ખરેખર તું કુળદીપક છે. જ્યારે પત્નીવૃંદની રેશમ સમી કપરી ગાંઠ છોડવા તું સમર્થ થયો છે ત્યારે અમારી આજ્ઞા ક્યાં અટકાવવાની છે! અમારા આનંદના અનોખા સાધન સમા તમે નવ સીધાવી જાઓ ત્યારે અમો કોના સારુ અહીં પડયા રહેવાના? ભાઇ! જ્યાં તમે ત્યાં અમે પણ આવવાના જ. એ પવિત્ર જીવનમાં પ્રવેશ કરીએ તે પૂર્વે આ લક્ષ્મીનો સન્માર્ગે વ્યય કરી લઇએ. એની નોંધ તો મેં ગઇ રાત્રે કરી રાખો છે. નગરના અન્ય આત્માઓ આવા ઉત્તમ કાર્યની અનુમોદના કરે એવી રીતે ઉત્સવપૂર્વક આપણે વ્રતગ્રહણ કરશું. મેં ટેલીયાને બોલાવ્યો છે અને આજથી જ અષ્ટાહ્નિકા મહોત્સવ આરંભવાનો નિરધાર કર્યો છે.

**સમુદ્રશ્રી**—આપ વડિલોની સંમતિ હોય તો હું મારા માતા-પિતાને મારા આ નિશ્ચયથી માહિતગાર કરી આવું.

**ઋષભદત્ત**—પુત્રી ! જરૂર જાઓ. એમાં કંઇ જ ખોટું નથી. સત્કાર્યની ખબર આપવી જ જોઇએ. માત્ર તું એકલી જ નહીં પણ પદ્મશ્રી વિગેરે સાતે પણ પોતાના પિયર જઇ આવો. માતાપિતાને મળી આવો. થયેલા દોષો ખમાવી આવો અને રજા મેળવી હસ્તે હસ્તે મુખડે પાછા આવો. ઉત્તમ કાર્ય સૌની સંમતિપૂર્વક થાય એની શોભા તો જુદી જ ગણાય. તરતજ આઠ રથ તૈયાર કરવામાં આવ્યા અને મહાશય હું ભુલતો ન હોઉં તો થોડીવાર પહેલા તે આ માર્ગેથી જ પસાર થયા હશે. આ તો જોષીએ આવી કુંભસ્થાપન સત્વર કરવાની અગત્ય દેખાડી એટલે હું તે દરેકને જલદી પાછા ફરવાનું કહેવા જાઉં છું.

**ધર્મનંદી**—પુન્યશાળીના પુન્યની શી વાત કરવી ?

સાત ક્ષેત્રોમાં અને જીવદયામાં ઋષભદત્ત શેઠની લક્ષ્મી ખરચાઇ ચૂકી. મહોત્સવને અંતે ગણધર મહારાજ શ્રી સુધર્માસ્વામી પાસે માત્ર જંબૂકુમારે જ નહિ, પણ એમના માતપિતા અને એ ઉપરાંત આઠ પ્રમદાઓ તથા તેમના માતપિતાઓ મળી કુલ સત્તાવીશ આત્માઓએ ચારિત્ર ગ્રહણ કર્યું. રાજગૃહીની પ્રજાએ એ પ્રસંગે અનેરું દ્રશ્ય નિહાળ્યું.

**જંબૂકુમાર** સુધર્માસ્વામી પ્રત્યે બોલ્યા કે—પ્રભો ! આપે મને વ્રત આપ્યું ન હોત તો આ બનવું શકય નહોતું એટલે આજનો પ્રસંગ આપને જ આભારી છે.

**સુધર્માસ્વામી**—જંબૂ ! અર્થીને વ્રત અપાય એમાં નવીનતા નથી, છતાં તારી અડગતા અને સમજાવવાની શક્તિએ જ આ આત્માઓના હૃદય ઉજાળી નાખ્યા છે. જનતાને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકી છે. અને પેલા પાંચસો ચોરોના જીવનમાં પણ ચમત્કારિક પલટો આણ્યો છે. એ સર્વ દીક્ષા લેવાના હોઇ તેં તારા જીવન સાથે બીજા પાંચસો છવીશ આત્માના જીવન સુધાર્યા છે.

**જંબૂકુમાર**—પ્રભો ! એ પાંચસો ચોર શું પ્રવ્રજિત થશે ?

**સુધર્માસ્વામી**—જંબૂ ! જરૂર તેઓ સાધુ બનશે અને મારી પાટ પર જેમ તું આવીશ તેમ તારી પાટ પર એ ચોરનાયક પ્રભવ આવશે.

પર્ષદાગણમાંથી અવાજ ઊઠયો—અહો ! અદ્ભુત, અતિ અદ્ભુત.

× × ×

દીક્ષા ગ્રહણ કર્યાના એ પવિત્ર દિવસને આજે વર્ષોનાં વહાણા વાયા છે. સાધુ મહારાજના સ્વાંગને ધારણ કરી, પૃથ્વી-તળ પાવન કરતાં મુનિપુંગવ જંબૂ કેટલીયે વાર રાજગૃહીમાં, એની પાંચ ગિરિમાળામાં અને વિદ્યાના કેન્દ્રસમા નાલંદા-પાડામાં વસવાટ કરી ગયા છે, ચાતુર્માસ પણ રહી ગયા છે, છતાં એ કાળે પોતે છદ્મસ્થ હતા અને માથે ગુરુ એવા ગણ-ધર મહારાજનું શિરછત્ર હતું. ગુરુની હાજરીમાં શિષ્યની શક્તિના દર્શન જવલ્લે જ થવાનો પ્રસંગ આવે છે. કદાચ આવે તો વાદળની શ્રેણીમાં ઢંકાયેલી સૂર્યની ઝાંખી પ્રભા જેવો જ ઝાંખો જણાય. વિનયવંત શિષ્ય એથી વધુ આગળ જાય જ નહીં. “ ગોતમસ્વામી ” કહેનાર તો ઘણા મળશે પણ ‘ હે

ગોયમ !' નું સંબોધન, પ્રભુ વીર ! તારા વગર કોણ કરશે ?" એમ વદનાર શ્રી ઈંદ્રભૂતિ ગૌતમના જીવનમાંથી એ વાતની સહજ પ્રતીતિ થાય છે. શ્રી ગૌતમની ભક્તિ જેવી જ શ્રી જંબૂસ્વામીની ભક્તિ ગણધર મહારાજ સુધર્મા સાથે હતી, તેથી તો આપણને અંગોમાં ડગલે ને પગલે 'હે જંબૂ'ના પ્રયોગમાં જણાય છે. પ્રભુ શ્રી મહાવીર દેવે શ્રી ગૌતમના પ્રશ્નમાં જે જવાબ કહ્યો હતો તે આ પ્રમાણે—અંગોની ગુંથણીમાં પ્રભુશ્રી ઉત્તરદાતા, ગૌતમસ્વામી પ્રશ્નકાર, સમિપમાં બેસી શ્રી સુધર્મા સાંભળનાર અને એ સર્વ શિષ્ય એવા જંબૂને વર્ણવીને કહી બતાવનાર !

અંગસાહિત્યની રચનામાં નિમિત્તભૂત થવું એ કંઇ જેવાતેવા સૌભાગ્યનો વિષય ન ગણાય. વળી ચરમકેવલી તરીકેની ખ્યાતિ પણ જંબૂકુમારના ફાળે જાય છે. પરમાત્મા મહાવીરના નિર્વાણ પછી તરત જ અર્થાત્ આસો વદિ અમાસે નિર્વાણ ને કાર્તિક શુકલ એકમના નવીન વર્ષે શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાનપ્રાપ્તિ. તેમનો કેવલીપર્યાય બાર વર્ષ પર્યંત. પ્રભુશ્રીની પાટ પર શ્રી સુધર્માસ્વામીનો કેવલીપર્યાય આઠ વર્ષ પર્યંત. શ્રી વીર નિર્વાણ પછી વીશ વર્ષે વૈભારગિરિ પર તેમનું મુકિતપદ. જંબૂસ્વામીએ સોળ વર્ષની વયે ચારિત્ર લીધું. વીશ વર્ષ સુધી આર્ય સુધર્માની સેવા કરી. ચુંમાળીશ વર્ષ પર્યંત યુગપ્રધાન પદે રહી, કેવલી જીવન ગાળી, પૃથ્વીતળ પર વિચરી, હજારો ભવ્ય જીવોને પોતાની અનુપમ ઉપદેશશૈલીથી અને ભાગ્યવશાત્ પ્રાપ્ત થયેલી અદ્વિતીય પ્રતિભાથી સંસારસાગરમાંથી ઉદ્ધરી, મોક્ષમાર્ગના પથિક બનાવ્યા. કૈવલ્ય દશાની પ્રાપ્તિ થયા બાદ રાજગૃહમાં તેમનું આગમન પહેલી વાર થતું હોવાથી પ્રજાને મન આજના પ્રસંગનું મહત્વ સવિશેષ હતું,

જનતાનો આજનો આનંદ દીક્ષાવસરને સ્મૃતિપટમાં તાજો કરાવે તેવો દૃષ્ટિગોચર થતો હતો.

માનવ સમુદાયથી જંબૂકેવલીની પર્ષદા સંપૂર્ણ ભરાઇ ગઈ છે. સુવર્ણ કમળ પર વિરાજમાન થઈ જંબૂસ્વામી મધુર ગિરામાં સંસારની અસારતા પર અને માનવજિંદગીને સફળ બનાવવાના સાધનો પર તળસ્પર્શી વિવેચન કરી રહ્યા છે. કેવળજ્ઞાનરૂપી દિવ્યદૃષ્ટિના બળે હજારોના સંશય છેદી રહ્યા છે ત્યાં દેશના પૂર્ણ થતાં પર્ષદામાં બિરાજેલ ધર્મનંદીએ વિનયપૂર્વક ઊભા થઈ, બે કર જોડી પ્રશ્ન કર્યો કે—

"હે પ્રભો ! આપના નિર્વાણ સાથે મોક્ષના દ્વાર બંધ થઇ જવાના એ શું સત્ય છે ? વાસ્તવિક છે ? વર્ધમાનસ્વામીના શાસનમાં વિદ્યમાન અને ભવિષ્યમાં થનાર ધર્મી જીવોની દૃષ્ટિએ એમ કહેવું એ અપમાનસૂચક નથી ? આત્માની અનંત શક્તિ પર એ એક પ્રકારનો પ્રતિબંધ ન ગણાય ? "

**જંબૂસ્વામી**—દેવાનુપ્રિય ! ભરતક્ષેત્રની અપેક્ષાએ કેવલજ્ઞાન મેળવનાર હું છેલ્લો છું. શિવસુંદરીના આવાસને કમાડ જેવું છે જ નહિ એટલે બંધ થવાપણું નથી, પરંતુ સિદ્ધશિલા પહોંચવા સારુ આત્મામાં જે જાતનું આધ્યાત્મિક બળ જરૂરી છે તે હવે પછીના જીવોમાં જામવું અશક્ય હોવાથી એમ થાય તેમાં કંઈ અવાસ્તવિક ન ગણાય. જીવોના જેવા પરિણામો જ્ઞાનબળે જણાય એવા વર્ણવવા એમાં અપમાનની ગંધ સરખી પણ ન લેખાય. કોઇ આત્મા બળિયો થઇ શક્તિ ફોરવે તો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી ત્યાંથી સિદ્ધ થઇ

શકે છે. બાકી પાંચમા આરામાં અવસર્પિણી કાળની જે અસર થનાર છે તેને કોણ મિથ્યા કરી શકે ?

**ધનદત્ત**—પ્રભો ! આપના જીવનને આટલું સમૃદ્ધ, શક્તિ-સંપન્ન અને અડગ બનાવવામાં કયો આત્મા નિમિત્તભૂત થયેલ છે ?

**જંબૂસ્વામી**—મહાનુભાવ ! નાગિલાએ ભજવેલો ભાગ એમાં મુખ્ય છે. એ જ ભવે જીવનનો રાહ બદલ્યો છે. નાગિલા લપસી હોત તો ખેલ ખલાસ થઈ જાત.

**માનદેવ**—સ્વામી ! આપની પછી કેવલજ્ઞાન બંધ થશે કે બીજું કંઈ પણ એ સાથે બંધ થશે ?

**જંબૂસ્વામી**—ભગવાન મહાવીરદેવના નિર્વાણથી ચોસઠ વર્ષે મુક્તિગમન બાદ–૧ મનઃપર્યવજ્ઞાન, ૨ પરમાવધિજ્ઞાન, ૩ કેવલજ્ઞાન, ૪ મોક્ષગમન, ૫ પુલાકલબ્ધિ, ૬ ક્ષાયિક સમ્યક્ત્વ, ૭ આહારકલબ્ધિ, ૮–૧૦ પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત ચારિત્ર મળી દસ વસ્તુઓ વિચ્છેદ પામશે.*

---

*શ્રી પરિશિષ્ટ પર્વમાં કેવળજ્ઞાન, મોક્ષગમન અને ક્ષાયિક સમકિતને બદલે, ઉપશમશ્રેણી તથા ક્ષપકશ્રેણીઆરોહણ તેમજ જિનકલ્પ એ ત્રણ જણાવેલ છે.

# શ્રી પ્રભવસ્વામી.

## ૧. 'નાયક'ની જીવનઝાંખી—

"નાયક ! શું હજી તમારી પલ્લી દૂર છે ? લગભગ નગરની ભાગોળથી તો આપણે ગાઉ ઉપરાંત માર્ગ કાપ્યો અને એ માર્ગ પણ વાંકીચૂંકી પગલીવાળો. કોઈવાર ઊંચા ટેકરા તો કોઈવાર ઊંડી ખાઈ વચ્ચેથી નીકળતો, ભલભલા પગેરુંને પણ મૂંઝવણ ઊભી કરે તેવો, કેટલાક વળાંક તો એવી નિબિડ ઝાડીથી છવાયેલાં છે કે એમાં અંશુમાલિ( સૂર્યદેવ )ના કિરણોનો પ્રવેશ તો જાણે અશકય છે જ, પણ ભલભલા શૂરવીરને પણ ભય પેદા કરે તેવાં છે, અને આ છેલ્લું કોતર, જે આપણે હમણાં વટાવી ચૂક્યા, એ તો જાણે ધરતીના પેટાળમાં પેઠા જેવું છે. આ જાતની સાવચેતી કેવળ નૃપતિની આંખથી બચવા માટે જ ને ?"

"ગુરુદેવ ! આપનું અનુમાન સાચું છે અને જે રસ્તો વટાવી ચૂકયા છીએ એનું વર્ણન પણ યથાર્થ છે. જીવ સૌને વહાલો હોય છે. ચોરી અને ધાડ મારફતે જીવનનિર્વાહ કરનારા અમો આખરે તો માનવસંતાન ને ? પકડાયા કે ફાંસીનો માંચડો સામે જ ખડો હોય, એટલે સંરક્ષણમાં જેટલી સાવચેતી રાખી શકાય અને પીછો પકડનારને જેટલી ભૂલ-ભૂલામણીમાં પાડી શકાય, તેટલી યુક્તિઓ કામે લગાડવી એ ફરજ તો ખરી ને ? હું સમજું છું કે આપ જેવાને આ માર્ગ

અઘરો ને કંટાળાભરેલો લાગતો હશે. વળી એમાં સાધુ-જીવનના આચાર પાળીને ગમન કરવામાં અગવડ પણ આવતી હશે. કદાચ ફસાઇ જવાની ભીતિ પણ સંભવે. ”

“ નાયક ! તમારી સમજફેર થાય છે. ફિકરની ફાકી કરનાર, કાયાની માયા મેલી પરિષહ સહન કરવા અર્થે પોતાની ઇચ્છાથી બહાર પડનાર અને જેની પાસે ગુમાવવા જેવું કંઇ છે જ નહિ એવા મને ભીતિ કેવી ? આથી પણ કપરા માર્ગે જવામાં શ્રમણને વાંધો ન હોય. એના હૃદયમાં તો એક જ ધ્વનિ ઉઠતો હોય અને તે એક જ કે–**परोपकाराय सतां विभूतयः ।**

મેં પ્રશ્ન તો એટલા સારુ કર્યો કે આપણે નીકળ્યા ત્યારે મને ગુરુદેવે સિદ્ધિયોગની યાદ આપી હતી. એવા શુભ મુહૂર્તમાં કરવામાં આવતું કાર્ય સફળ થવામાં શંકા રહેતી નથી. કોઇ પણ હિસાબે એ શુભ વેળા વ્યતીત થઈ ન જાય ! ”

“ મહારાજ સાહેબ ! આપની વાત તદ્દન સાચી છે. મને પણ જ્યોતિષ પર પૂર્ણ વિશ્વાસ છે. કેટલીક વાર ગ્રહ, લગ્ન યાને મુહૂર્ત,–ચોઘડીયાનો એવો તો સુંદર યોગ સધાય છે કે જે કાર્ય સધાવું કપરું ધારવામાં આવતું હોય તે પલકારામાં સિદ્ધ થઈ જાય છે. મારો વિચાર પ્રથમ તો એવો હતો કે મારે આપના મુખે પેલા કથાનકો શ્રવણ કરવા અને મારા સાથીદારોમાં એ વર્ણવી બતાવવા. પણ મેં એ વાતનો જ્યાં ઇસારો માત્ર પલ્લીમાં કર્યો ત્યાં ઘણાના દિલમાં એક જ ઊર્મિ ઊઠી કે એ સૌભાગી કુમારના પગલાં અહીં કરાવાય તો વધુ સારું. એમના દર્શનથી જ આ દૂષિત ધરતી પાવન બનશે

અને એ ભૂમિ પર વસનારા માનવીઓના હૃદયની મલિનતા જરૂર ધોવાઇ જશે. પરિણામ સારું આવશે. મને પણ એ વાતમાં તથ્ય જણાયું. દરમિયાન આપની દીક્ષા થઇ ચૂકી અને આજે અમારી કામના સિદ્ધ કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. મનમાં શંકા થતી હતી કે આપ સરખા પવિત્ર આત્મા ચાલી ચલાવીને અમારી ટીકાપાત્ર પલ્લીમાં, પગ મૂકવામાં આનાકાની કરશે. કદાચ આપની ઇચ્છા હશે તો પણ ગુરુદેવ આજ્ઞા નહીં આપે. સમાજબંધારણ કયાં તો આડે આવશે અગર તો સંઘ કે મહાજન અંતરાય ઊભો કરશે, પણ અમારા સદ્‌ભાગ્યે એ શંકાનું વાદળ વિખરાઇ ગયું છે. વિના વિલંબે કરુણાથી પ્રેરાઇ આપ આવ્યા છો. આપ સાહેબને કષ્ટ પડવામાં ન્યૂનતા નથી રહી, પણ હવે ઝાઝું દૂર નથી જવાનું. પેલો ઢોળાવ ઉતર્યા કે ઝાડની ઘેરી ઘટા દેખાવાની અને ત્યાં જ આપણે જવાનું. એ જ અમારી પલ્લી. ચોરોના વાસમાં આપ જેવા સંતનું આતિથ્ય યથાર્થ રીતે ન થાય, તેથી આપને ખોટું તો નહિ લાગે ને ? ”

“ અરે નાયક ! આવી કલ્પના કરવાનું તમને કંઇ જ કારણ નથી. પ્રભુ શ્રી મહાવીર દેવના શ્રમણોને માન યા અપમાનની લાલસા હોય જ નહિ. સ્વકલ્યાણ સાધનામાં રક્ત રહેવું એ તેમની પ્રથમ ફરજ અને યથાશક્તિ અન્ય આત્માઓનું કલ્યાણ કરવામાં નિમિત્ત બનવું એ બીજી ફરજ.

રાય ને રંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશિ સુર;
ગંગાજળ તે બેહુતણા રે, તાપ કરે સવિ દૂર.

એ કથન અનુસાર ઉપદેશ સમયે એ સંતો નથી તો ચોર

શાહુકારનો ભેદ ગણુતા કે નથી તો આ મહાજનનો મહેલ છે કિંવા ચોરોની પલ્લી છે એવો વિચાર આણુતા. પરમાર્થ દૃષ્ટિથી શક્તિ અનુસાર વીતરાગના વચન સમજાવે છે. ચોર, ડાકુ કે લૂંટારા અથવા જેમનામાં અજ્ઞાન અને વહેમનાં થર બાઝયા છે એવા માણુસોને પાપ પ્રવૃત્તિના માઠાં ફળ સમજાવી, ધર્મ શી વસ્તુ છે એ ઓળખાવી, સન્માર્ગ પર વાળવા એ તો તેમનું દૈનિક કાર્ય છે, માટે એ સંબંધમાં ત્હારે રંચમાત્ર મૂંઝવણુ ન ધરવી."

આમ વાત કરે છે ત્યાં તો રણુશીંગાનો અવાજ કર્ણુપટ પર અથડાયો અને સંખ્યાબંધ માનવીઓ સામે આવતાં નજરે પડ્યાં. જ્યાં પરસ્પર આંખો મળી ત્યાં તો અનેરું દૃશ્ય ખડું થયું. વૃક્ષોની ગાઢ છાયામાં જેણે માંડ કુમાર અવસ્થાના પ્રાંગણુમાં હજુ તો પ્રવેશ કર્યો છે એવા જંબૂમુનિના ચરણુમાં શ્રમે અને વ્યવસાયે, પર્યાયે અને અનુભવે વૃદ્ધ એવા પાંચસો માનવીઓએ દંડવત્ પ્રણુામ કર્યા. એ સર્વની ભૂમિ તરફ નમેલી નીચી દૃષ્ટિ તે જાણે વર્ષોના પાતિકોને અંતરના પસતાવા રૂપી વારિથી પ્રક્ષાલન ન કરતી હોય એમ જણુાવા લાગ્યું. એ વૃંદની વચમાં સાધુ એવા જંબૂકુમાર અનુપમ રીતે શોભી રહ્યા છે. પાપે પડેલાના ઉદ્ધારનો જાણે માર્ગ ન શોધી રહ્યા હોય એમ લાગે છે. આવું હૃદય વલોવી નાખે તેવું દૃશ્ય કેટલીએ પળો સુધી ચાલુ રહ્યું.

આખરે, મુનિ જંબૂ બોલ્યા : " ભાઇઓ ! જે કારણે હું અહીં આવ્યો છું એમાં આપણે ચિત્ત પરોવવું ઘટે. અંજલી જળસમ આયુ ઘટતે હે—એ કવિવચન યાદ રાખી, સત્વર આશય-પૂર્તિમાં લાગી જવું જોઇએ."

પિંગલ—ભાઇઓ ! પૂજ્ય ગુરુદેવની વાણી સાંભળવાને આપ સૌ ઉત્સુક હશો. વળી આપણે એ સંબંધમાં અન્ય કંઇ તૈયારી પણ કરવાની નથી. આપણો વ્યવસાય, ધર્મ અને નીતિના ધોરણે એટલો હલકો અને નિંદ્ય છે કે જેથી જનસમૂહમાં આપણે ઉજળા મુખે નથી ફરી શકતા કે નથી તો આપણા જીવનમાં અન્ય માનવીઓના જેવો જ આત્મા વસે છે અને સુખ–દુઃખની જે લાગણીઓ તેમને થાય છે તેવી જ આપણને પણ સંભવે છે એ બતાવી શકતા. આપણામાં પણ સ્ત્રી જાતિનું સન્માન અને અપત્યપ્રેમ હોય છે, છતાં એ સર્વ ઉમદા લાગણીઓ ચૌરવૃત્તિના પડદા હેઠળ ઢંકાઇ જતી હોવાથી અને ભલેને આપણે જીવનની જરૂરીયાતો સારુ અથવા તો કેવળ આ નાનકડા ઉદરનો ખાડો પૂરવા સારુ આ જાતના નિંદ્ય માર્ગનું અવલંબન ગ્રહી રહ્યા છીએ એ હેતુ સ્પષ્ટ હોવા છતાં જન સમૂહના મોટા અને અતિ વિશાળ ભાગથી હડધૂત થયા કરીએ છીએ. તેમજ તિરસ્કાર તથા ધિક્કારનું ભાજન બની રહ્યા છીએ. આવા કોઇ વીરલ સંતના અંતરમાં કરુણાનો અંકુર ફુટે છે અને તેથીજ તેઓ દયાના પરિણામથી પ્રેરાઇ આપણા આવા કલુષિત ગણાતા સ્થાનમાં પધારી મદદ કરે છે. આપણા બધા તરફથી પૂજ્ય સંતનો હું ઉપકાર માનું છું અને આપણા જીવનમાં આ જાતનો સુવર્ણ પ્રસંગ આણવામાં નિમિત્ત સમા આપણા નાયક પ્રભવના જીવનનું ટૂંકમાં બ્યાન કરું છું કે જેથી આપણી સમક્ષ પધારેલા ગુરુજીને ખબર પડે કે અમારા જીવનમાં જે રીતે ચૌરવૃત્તિ ઉતરી છે તે રીતે નાયકમાં તે નથી ઉતરી પણ એમનું કારણ તો તદ્દન નિરાળું છે. હવે તે કથાનક સાંભળો—

જયપુર નગરના રાજવી વિંધ્યને **પ્રભવ** અને **પ્રભુ** નામના બે કુમારો રાજ્યધુરા વહન કરવા લાયક થયા. ઉભયમાં ક્ષત્રિયોચિત્ત પરાક્રમ હોવા ઉપરાંત જે એક વિલક્ષણતા તરી આવતી તે એ હતી કે " પ્રભવ " પહેલેથી જ સાહસિક હોઈ, સ્વ-આત્મબળ પર મુસ્તાક રહેનારો હતો. પિતાનું બહુમાન કરવાનો પુત્રનો ધર્મ એ જાણતો હતો, પણ ' હાજી હા ' કરવાની વૃત્તિવાળો નહોતો. ' પ્રભુની ' વૃત્તિ એથી તદ્દન વિપરીત હતી. દરેક બાબતમાં એ પિતાની નજરે જોતો. એને માટે પિતાની પ્રસન્નતા એ સર્વસ્વરૂપ હતી. શ્રીપાળ મહારાજાના કથાનકમાં શરૂઆતની ભૂમિકા ભજવતા પ્રજાપાળ રાજા અને મયણાસુંદરી તથા સુરસુંદરીના સંવાદનું દૃશ્ય ઉપરનો પ્રસંગ વિચારતાં સહજ ચક્ષુ સામે તરવરતું.

સારાંશરૂપે કહીએ તો જેટલું અંતર સ્વમંતવ્ય અંગે તે ઉભય કુમારિકાઓમાં હતું તેટલું જ ' પ્રભવ ' અને ' પ્રભુ ' વચ્ચે હતું. નતિજો એ આવ્યો કે નૃપતિ વિંધ્યનું વલણ ' પ્રભુ ' પ્રત્યે સવિશેષ ઢળતું રહેવા લાગ્યું. વાતવાતમાં ' પ્રભવ 'નું અપમાન થવા માંડયું. આમ છતાં ' પ્રભવે ' એ તરફ આંખ આડા કાન કરી કેવળ પોતાનું ચિત્ત પુરુષજાતિને ખાસ મહત્વની બહોંતેર કળાના શિક્ષણમાં પરોવ્યું. સંસારના વિલાસમય જીવનમાં લપસવા કરતાં એનું મન વધુ ને વધુ પ્રમાણમાં વિદ્યાભ્યાસંગી બનતું ગયું. આચાર્યની સાનિધ્યમાં રહી એ જાતજાતની વિદ્યાઓ શિખ્યો, જેમાં તાલોદ્ઘાટની અને અવસ્વાપિની મુખ્ય હતી. એ ઉપરાંત જ્યોતિષ અને સ્વરોદય સંબંધી જ્ઞાન પણ એણે મેળવ્યું. આ જાતની એકમાર્ગી લયલીનતાથી જુદા જુદા રાજ્ય તરફથી આવેલા લગ્ન સંબંધી માંગા

રાજવી વિંધ્યને પાછા ઠેલવા પડયા. જો કે એક પણ પ્રસંગે પ્રભવકુમારે લગ્ન કરવાની સમૂળગી ના પાડી નહોતી છતાં રાજાએ જુદો જ અર્થ તારવ્યો. મૂળમાં 'પ્રભુ' તરફ એમનો સ્નેહ વધુ પ્રમાણમાં હતો જ એમાં પોતાની વૃદ્ધાવસ્થાનું કારણ આગળ આણી એક નૃપની કન્યા સાથે કુમાર પ્રભુના લગ્ન કરી દઈ, તરતજ એને જયપુરની ગાદી પર બેસાડી દીધો. આ કાર્યો એવી ઝડપથી ઉકેલી દેવાયા કે વિદ્યાસકત જીવનવાળા પ્રભવકુમારને તેની ગંધ સરખી પણ ન આવી.

પ્રભુ રાજા થતાં પાટવીકુંવર તરીકેનો પોતાનો હક્ક ચાલ્યો જાય એ ક્ષત્રિય સંતાન મૂંગે મોઢે કેમ સહી શકે ? અપમાનનો કડવો ઘુંટડો ગળે ન ઉતરતાં પ્રભવકુમાર રીસાઈને ત્યાંથી નીકળી ગયો. રાજ્ય સામે બહારવટું ખેલવાના વિચાર એને આવ્યા. પિતાએ કરેલ અપમાન અને અન્યાયનું વેર લેવાનું મન પણ થયું અને હૃદયમાં જો નીતિશાસ્ત્રના શ્લોક રમણ કરતાં ન હોત તો સાચે જ આજે જયપુરની ગાદી પ્રભવના હાથમાં હોત. આખરે એ ભૂમિ ત્યજી જવાના નિશ્ચય પર કુમાર પ્રભવ આવ્યો અને માતૃભૂમિને દુઃખતા અંતરે છેલ્લા રામ રામ કર્યા.

એ પ્રભવ તે જ આ આપણા નાયક પ્રભવ છે. આપણી માફક એ કંઈ કચરાઈ, રીબાઈ કે આજીવિકાના દુઃખના કારણે આ વ્યવસાયમાં નથી પડયા. આજે પણ એમની નસમાં ક્ષત્રિયોચિત રક્ત વહન કરી રહ્યું છે. આપણા આગ્રહથી જ એ પલ્લીના સ્વામી બન્યા. એમની સરદારી નીચે આપણે આપણા વર્તનમાં ઘણા પલટા આણ્યા. નાની ચોરીઓ કે

સામાન્ય જનતાની લૂંટ આપણે તદ્દન છોડી દીધી. બાળકો કે સ્ત્રીજાતિને પીડવાનું કાર્ય આપણે નાયકના ઉપદેશ પછીથી મૂકી જ દીધું. ચોરીના ધનમાંથી પણ અશક્ત, અપંગ અને ધનના અભાવે જેના કંઠે પ્રાણ આવ્યા હોય છે એવા દુખિયારાને સહાય કરવાનું આપણને તેમણે જ શિખવ્યું. તેમના આગમન પછી એક રીતે કહીએ તો આપણે માટીમાંથી માનવ બન્યા. તેમની નેતાગીરી સ્વીકાર્યા પછી એક વાર પણ આપણે નથી તો ધારેલી મુરાદ બર આણવામાં પાછા પડયા કે નથી તો રાજ્યની આંખે ચડયા. એ તેમની દીર્ઘદર્શિતા અને દોરવણીને આભારી છે.

એમનો જ્યોતિષ સંબંધી અભ્યાસ આપણને ડગલે ને પગલે કામ લાગ્યો છે. આજે આપણે સુખેથી આજીવિકા ચલાવીએ છીએ, રાજના ભયમાંથી મુક્ત બન્યા છીએ અને 'પેટવરામાં પુન્યવરા' જેવી કહેવતનું પાલન કરી રહ્યા છીએ, તે તેમની સલાહને આભારી છે. આમ આપણા પર નાયક પ્રભવનો ઉપકાર ઓછો નથી, એ જાહેર કરવાની આ અનુપમ તક જતી ન કરાય.

આજના પ્રસંગની ગોઠવણ–ગુરુદેવનું ઉપદેશ અર્થે આગમન એ આપણા નાયકના વ્યક્તિત્વને આભારી છે. તેઓ એક કાળે રાજપુત્ર હતા. પછી આપણા પલ્લીપતિ બન્યા અને ઉપદેશ–શ્રવણ પછી આપણો નિરધાર ગમે તે થાય છતાં એ તો પૂજ્ય સંતના ચરણકિંકર બનવાનો નિશ્ચય કરી ચૂકયા છે એ જેવા તેવા અભિનંદનનો વિષય ન ગણાય. અંતમાં એટલી જ સૂચના કરી લઉં કે સાચા સાથીદારો તે કહેવાય કે જે

નાયકને પગલે ચાલે, તેમને માટે ‘ જો ’ ‘ તો ’ની ગણત્રી કરવા કરતા નાયકનો ઇસારો જ વધુ વજનદાર હોય. ”

આશ્ચર્ય ! મહદ્ આશ્ચર્ય ! ગણધર દેવના વચનમાં જબરૂં ગાંભીર્ય. અત્યાર પર્યંત હું જે વ્યક્તિને સામાન્ય ગણતો હતો તે તો રાજબીજ છે. અહા ! કેવો સુંદર યોગ–ક્ષત્રિયની પાટે બ્રાહ્મણ અને તેની પાટે વણિક, પુનઃ ક્ષત્રિય....

× × ×

## ૨. મધુબિંદુનું ઉદાહરણ—

કાફલામાંથી છૂટો પડેલ એક મુસાફર, માર્ગ ભૂલી ભયંકર અટવીમાં આવી ચઢયો. ચોતરફ નજર નાખે છે ત્યાં સામેથી એક મત્ત ગજેન્દ્રને પોતાની તરફ દોડતો આવી રહેલ જોયો. માર્ગ ભૂલ્યાના દુઃખ સાથે આ નવીન સંકટ જોતાં જ એના ગાત્ર ઢીલાં થયાં. સમિપમાં રક્ષણ માટે દ્દષ્ટિપાત કરતાં એક કૂવો જણાયો. ગજરાજથી બચવા સારુ એણે કૂવાનું શરણું લેવું ઉચિત ધાર્યું, પણ અંદર નજર કરે ત્યાં અતિ ઊંડાણ જણાયું. વ્યાઘ્રતટી ન્યાય જેવી સ્થિતિ થઇ. બહાર રહે છે તો મત્ત માતંગનું ભક્ષ્ય બને છે અને અંદર ભુસકો મારે તો પાણી વગરના અવડ કૂવામાં એટલો ઊંડો ગબડી જાય છે કે જ્યાંથી પાછું નીકળવું અસંભવિત જણાય છે. ઉભય કાર્યમાં યમરાજનાં ડોળાં સામે ડોકિયાં કરતાં દ્દષ્ટિગોચર થાય છે. કૂવાના છેડે ઊગેલા એક વિશાળ ને ભરાવદાર વડની વડવાઇઓ ચોતરફ વિસ્તરેલી છે. અને એમાંની એકાદ બે લાંબી થઇ કૂવામાં ઉતરેલી છે. એ તરફ ધ્યાન જતાં એક આશાબિંદુનો ઝાંખો અને ટમટમતો પ્રકાશ એના મગજમાં પથરાયો.

**सर्वनाशे समुत्पन्ने, अर्धं त्यजति धीमतः** એ નીતિકારના વચનનો સધિયારો ગ્રહણ કરી, જ્યાં વિકરાળ હાથીના મુખમાં કોળિયો થઇ પડવાની ઘડીઓ ગણાઇ રહી છે એ અસહ્ય વેળા ધ્યાનમાં લઇ, ભાગ્યયોગે વડવાઇ હાથમાં આવી જાય તો મરણભય પચાસ ટકા દૂર ઠેલાય એ વાત પર મીંટ માંડી, મુસાફરે કૂવામાં પોતાના દેહને એવી રીતે પડતો મૂક્યો કે તે એકદમ તળિયે ન જતાં પેલી વડવાઇઓની વચ્ચે લટકી પડ્યો. કુદરતની સાનુકૂળતાએ લક્ષ્ય સંધાયું. ઉભય હાથમાં વડની શાખામાંથી લાંબી વિસ્તરેલ બે વડવાઇઓ આવી ગઈ. આમ પ્રથમ તબક્કે મૃત્યુભય ટળી ગયો.

પણ જ્યાં સ્વસ્થ બની નીચે નજર કરે છે ત્યાં હાજા ગગડાવી મૂકે તેવું ભયંકર દૃશ્ય જોયું. કૂવાકાંઠેથી જે ઊંડાઇ ગહન ભાસતી હતી તે કરતાં એની વધુ વિકરાળતા તો હવે જ જણાઇ. ભયંકર અને કાળનું જાણે મૂર્તિમંત સ્વરૂપ હોય એવા એક અજગરને મુખ ફાડીને બેઠેલો જોયો. વળી જાણે એમાં કંઈ ન્યૂનતા હોય એમ ચોતરફ ફુંફાડા મારતા ચાર કાળા સર્પો નિરખ્યા. એ જોતાં જ સમજાયું કે નીચેનો ભય સામાન્ય નથી. વડવાઇનું બંધન ઢીલું પડ્યું કે ખેલ ખલાસ! તરતજ ત્યાંથી દૃષ્ટિ ખેંચી લઇ જ્યાં વડવાઈના મૂળ પ્રતિ નેત્ર દોર્યાં તો ત્યાં પણ કરાળ કાળની કરામત ચાલુ જ જોઇ. કરવત સરખા તીક્ષ્ણ દાંતોથી એ શાખાના મૂળને તોડવાનું કામ કરી રહેલા બે મોટા ઊંદર જોયા. એક સફેદ ને બીજો કાળો. જરા પણ શ્વાસ ખાધા વગર તેઓ પોતાના દાંત ચલાવતાં હતાં. આમ ચારે દિશાના ભયમાં મુસાફર મૂંઝાઇ રહ્યો છે તેવામાં એકાએક વડવૃક્ષ કંપાયમાન થવા લાગ્યું. ઊંચી નજર કરતાં જણાયું

કે જે હસ્તિથી એ નાસી છૂટ્યો હતો અને જેના ભયથી બચવા સારુ આ વિષમ સંકટમાં સપડાયો હતો એ હાથીએ હજુ પીછો છોડ્યો નહોતો. પોતાની સૂંઢના સપાટાથી એણે જ ઝાડને ડોલાવવા માંડયું હતું. જાણે આટલું દુ:ખ અધૂરું હતું એમ ધારી, એ ડોલનથી વડની શાખાઓના મૂળમાં બંધાયેલ મધપૂડાની માખો એકાએક ઊડીને મુસાફરના દેહને ચોંટી. અચાનક ભય સામે એ મુસાફરે મુખ ઊંચું કર્યું. એ વેળા પેલા મધપૂડામાંથી થોડાક મધના ટીપાં એના મુખમાં પડ્યાં.

મુસાફર એની મીઠાશમાં મુગ્ધ બન્યો. પોતે કેટલા કષ્ટોની હારમાળા વચ્ચે લટકેલો છે એ વાત ભૂલી ગયો અને પેલા મધપૂડામાંથી પુન: બિંદુ ટપકી પોતાના મુખમાં ક્યારે પડે એ આશામાં મ્હોં પહોળું રાખી પોતાની ત્રિશંકુ જેવી દશામાં પણ સુખ માણવા લાગ્યો.

એ વખતે આકાશમાર્ગે વિદ્યાબળથી સર્જેલા વિમાનમાં બેસીને ઉડ્ડયન કરતાં એક વિદ્યાધરે આ દૃશ્ય જોયું. એ જોતાં જ આ મુસાફર પર એને કરુણા આવી. દારુણ દશામાંથી એને મુક્ત કરવા સારુ પોતાનું વિમાન થોભાવી એ કૂપકાંઠે આવી મુસાફરને કહેવા લાગ્યો કે:—

"હે દુ:ખિયારા માનવ ! હું આ દોર મૂકું છું તેને દૃઢતાથી પકડી લેજે એટલે હું તને ઉપર ખેંચી લઇશ અને આ ભયંકર ભૂતાવળના મુખમાંથી બચાવી તારા ઇચ્છિત સ્થાને પહોંચાડીશ. પણ તું દોર પકડવામાં પ્રમાદ ન કરીશ." વિદ્યાધરની મીઠી ને લાભકારી વાણી સાંભળી પેલો મુસાફર બોલ્યો કે:—

" ભો મિત્ર ! તું જરા ધીરજ ધર. પેલા મધપૂડામાંથી થોડાક બિંદુ હમણાં પડશે એનું મને પાન કરી લેવા દે. અહા શું એમાં મીઠાશ છે ! કદાચ તારે નજીકમાં કંઈ કામ હોય તો એ કરી પાછા ફરતાં મને ઉંચકી લેજે, દરમિયાન હું પણ એ બિંદુઓની મીઠાશથી તૃપ્ત બની જઈશ. "

મધલાલસા વિચિત્ર છે. રસનાઈંદ્રિયની લોલુપતા અજબ હોય છે. તેથી તો કહેવાય છે કે–' આમરસ, ચામરસ અને જિહ્વારસ ત્યજવા મુશ્કેલ છે. ' શાસ્ત્રકારોએ પણ રસનાઈંદ્રિય પર કાબૂ આણવામાં અને બ્રહ્મચર્ય વ્રત પાળવામાં અતિ મુશ્કેલી બતાવી છે. એ વસ્તુઓ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારા વીરલાની કક્ષામાં મૂકાય છે.

દર્દી અને લોલુપી મનુષ્યને કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી એમ સમજી દયાળુ વિદ્યાધર મુસાફરની ઈચ્છા સંતોષવા થોડો સમય અટવીમાં ભ્રમણ કરી પાછો ફર્યો અને મુસાફરને જલ્દી કરવા જણાવ્યું. પણ આની આશા તો હજી અધૂરી હતી ! **जहा लाहो तहा लोहो** જેવું થયું હતું. બિંદુના વધારા સાથે એ વધુ પડે એવી વૃત્તિ જોર પકડતી હતી. એમ કરતાં ચારે તરફ જેના પંજા વિસ્તરેલા છે એવો કાળ કોળિયો કરી જશે એ વાત તદ્દન વીસરી ગયો હતો ! ' Hope is deep ravine ' અર્થાત્ ' આશા એક ઊંડી ખાઈ છે, એ કદી પૂરાતી નથી ' એ ટંકશાળી વચન આ મુસાફરના કાને પડ્યું નહોતું. કદાચ પડ્યું હશે તો મધુબિંદુના આસ્વાદમાં એ યાદ આવતું નહોતું. વિદ્યાધરે કહ્યું કે "ભોળા માનવી ! મહાત્માઓના મુખેથી બહાર પડેલ નિમ્ન શ્લોકનો ભાવ વિચાર.

**धनेषु जीवितव्येषु, भोगेषु आहारकर्मसु।**
**अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च॥**

બિલાડી દૂધના કચોળાને જુવે છે પણ પાછળ ઉગામેલી ડાંગ જોઇ શકતી નથી એમ તું મૂર્ખ બની કેવળ આ મધુ-બિંદુને ન જો. એની પાછળ અમાપ ભય ઝઝુમી રહ્યા છે એનો વિચાર કર. જો આટલાં ટીપા પડ્યા છતાં તૃપ્તિ ન થઇ તો એકાદ બે ટીપા વધુ પડવાથી તે કેવી રીતે થવાની છે ? સાચી તૃપ્તિ વસ્તુનું ભક્ષણ ચાલુ રાખવામાં નથી પણ સમજ-પૂર્વક એ ભક્ષણવૃત્તિ પર અંકુશ મૂકવામાં છે અર્થાત્ ઇચ્છા-પૂર્વકના ત્યાગમાં છે. હું કંઇ વધુ સમય અહીં થોભી શકું નહી, માટે સત્વર ચાલ. ”

“ મહાશય ! મારા પર થોડી વધુ મહેરબાની કરો. પેલું બિંદુ પડવાની તૈયારીમાં છે. એટલી વાર થોભો. ”

વિદ્યાધર કંટાળીને ચાલ્યો ગયો. ‘ મધુબિંદુ ’નું દૃષ્ટાન્ત સાંભળી હે રાજપુત્ર પ્રભવ અને અન્ય મહાનુભાવો ! તમે સર્વ વિચાર કરીને કહો કે એ મુસાફરને કેવો સમજવો ?

**પ્રભવ**—ગુરુદેવ ! એમાં વિશેષ વિચારનું પ્રયોજન જ ક્યાં છે ? આવી વિષમ આપત્તિમાં માત્ર એક મધુબિંદુના લાભથી ટીંગાઇ રહ્યો અને જીવનની ફનાગીરી વહોરી લીધી એને ડાહ્યો કેમ કહી શકાય ? એને તો મૂર્ખશેખર જ કહેવો ઘટે.

**જંબૂસ્વામી**—ઉત્તર તો સાચો છે. મહાનુભાવો ! એ મુસાફરના જેવી ભૂલ તમે સર્વ કરી રહ્યા છો. એની મૂર્ખાઇ પર હસનારા તમે પોતે ક્યાં ઊભા છો એ નથી જોઇ શકતા ?

**ચોરગણ**—પ્રભો ! એ કેવી રીતે ?

**જંબૂસ્વામી**—મહાનુભાવો ! મધુબિંદુના દૃષ્ટાંતનો ઉપનય યાને સાર સાંભળો.

અટવી એટલે આ સંસાર અને મુસાફર તે સંસારી જીવ સમજવો. મહાન્ ગજેન્દ્ર તે મૃત્યુ અને કૂવો તે મનુષ્યભવ સમજવો. મુસાફર જે શાખાનું અવલંબન ગ્રહી રહ્યો હતો તે આયુષ્યરૂપી દોરી સમજવી. ભયંકર અજગર તે નરકગતિ અને ચાર કાળા નાગ તે ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયની ચોકડી સમજવી. મુસાફરના દેહને વળગેલી માખીઓ તે રોગશોકની પીડાઓ. શાખાને સતત કરડી રહેલા ઉંદરો તે આયુષ્યરૂપ શાખાનું ભક્ષણ કરવામાં અસ્ખલિતપણે કામ કરતાં શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ સમજવા. મધુના બિંદુઓ તે વિષયો જાણવા, કે જે જીવને સુખનો સ્વાદ આપી રહ્યા છે, એની મોહિનીમાં આકંઠ ડૂબેલ જીવ, ચારે તરફ વીંટળાઈ વળેલી કષ્ટપરંપરા નથી જોઇ શકતો. પાછળ આવનારા દારુણ દુઃખોને પણ નથી જોઈ શકતો, માત્ર વિષયની મીઠાશમાં મોહીને જિંદગી વેડફી નાંખે છે ! '**અંજળી જળ જ્યું આયુ ઘટત હૈ**' એ કિંમતી વચન એ વેળા એને સમજાતું નથી. વિદ્યાધર તે ધર્મના જ્ઞાતા–પરમાર્થવૃત્તિએ ખેંચાયેલા–શ્રમણ સમજવા. એ સમિપ આવીને પેલા જીવના કાનમાં વસ્તુસ્વરૂપસૂચક શબ્દો રેડે છે. ગળે વળગાડી દીધેલી અને એમાં જ સુખની કલ્પેલી ભ્રાન્તિને સાચા સ્વરૂપમાં રજૂ કરી, એમાંથી છૂટવાનો ઉપાય બતાવે છે, પણ પેલા સ્વાદલોલુપીને તેની ગમ પડતી નથી, એને એમ સમજાતું નથી કે મધુબિંદુના સ્વાદથી સાચી તૃપ્તિ

થનાર નથી કેમકે એની પાછળ પહોળું મુખ રાખી ટીંગાવાનું દુઃખ અને એના અભાવમાં કંઠશોષ રહેલાં છે. તેમજ સતત જેના પર દાંતના ઘા પડી રહ્યા છે એ શાખા મોડીવહેલી તૂટવાની જ છે અગર માતંગના ઝપાટાએ કંપી રહેલ ઝાડ ઉખડી જવાનું છે. એ વેળા એનો સ્વાદ કે એ દ્વારા મેળવેલ સુખ નહિં જેવું બની જઈ કયાં તો અજગરના પેટમાં કે નાગના ડંશમાં સદાની સુષુપ્તિ સાંપડવાની છે. ચોરાશીના ભ્રમણમાં માનવજીવન હારી જવાનું છે.

હે આત્માઓ ! એક કાળે હું પણ એ મધુબિંદુઇચ્છુક મુસાફર જેવી ભૂલ કરવાની અણી પર હતો, પણ ગણધર મહારાજા સુધર્માસ્વામીનો મને યોગ થયો અને એમની હૃદયસ્પર્શી દેશનાથી મારી આંખ ખુલી ગઇ. મારા સૌભાગ્યરાત્રિના વાર્તાલાપથી પ્રથમ તમારા નાયકને આશ્ચર્ય થયું, પણ જ્યારે એમાં રહેલ તથ્ય સમજાયું ત્યારે તેમની પણ આંખ ખુલી ગઇ.

તમે પણ આ દૃષ્ટાંતનો સાર યથાર્થપણે ગ્રહણ કરો. તમારા જીવન સાથે એના અંકોડા મેળવો અને એ ઉપરથી લાભાલાભનું તોલન કરો. જિંદગીના જે વર્ષો ગયાં એ પાછા આવવાના નથી. એમાં ઉદરપૂર્તિ અર્થે જે કંઇ કરણી કરી એ તો ઉધાર પાસે નોંધાઇ ચૂકી છે, જો એની સામે જમે પાસું તદ્દન ખાલી રાખશો તો દીવાળુ નીકળવાનું એ નિઃસંશય વાત છે, તો પછી જાગ્યા ત્યાંથી સવાર કેમ ન ગણવી ? જીવનનો જે કાળ હાથમાં રહ્યો છે એનો ઉપયોગ કેમ બરાબર સમજીને ન કરવો ?

પિંગળચોર–ગુરુજી ! તમારી વાત તો સોના જેવી સાચી છે,

પણ અમારે પલ્લે ગંઠાયેલા બાયડી છોકરાનું શું ? એમને પાછળ કકળાવવા એ ઠીક ગણાય ? આપ સાહેબ તો જંજાળ વળગે તે પૂર્વે જ સમજી ગયા એટલે દેખવું કે દાઝવું સંભવે જ નહિં. અમારા નાયક પણ એ જાતની ઉપાધિથી મુક્ત છે. એટલે એમનો મારગ પણ કાંટાળો નથી, પણ અમારે તો એથી ઊલટી જ સ્થિતિ છે. કોઇને બે છોકરાં છે તો કોઈને ત્રણ ચાર છે. ઘણાખરાને રોજ ચારથી પાંચ જીવના પેટ ભરવાની ચિંતા કરવી પડે છે. થોડાંક છોકરા વિનાના છે તો એમના શિરે નાના ભાઇ ભાંડરડા કે વૃદ્ધ માબાપની આજીવિકાની ચિંતા ચોંટેલી છે. કોઇને રાંડેલી બહેન કે ઘરડી માને સંભાળવાની છે. અમારા મોટા ભાગનું જીવનગાડું સીધા ચીલા પર નથી. શું એ બધાને છેહ દઇ, રઝળતા મૂકી, લોહીના સંબંધને અવગણી ફકીર થઇ જવું ? એમાં ભગવાન રાજી રહે ?

**જંબૂસ્વામી**–ભાઇ પિંગળ ! તમારી મુશીબત વિચારણીય છે. એનાથી થઇ રહેલી મૂંઝવણ સંસારસ્થ જીવ માટે સહજ છે. કાદવમાં પગ ખરડીને પછી ધોવા નીકળવું તે કરતાં ખરડવા નહિ એ સારું છે. અમે એ માર્ગ લીધો એ પણ સાચું છે. તમારા બધાનો પ્રશ્ન એથી નિરાળો છે એ પણ એટલું જ સાચું છે, છતાં લક્ષ્ય આપવા જેવી વાત તો એ છે કે કર્મરાજના ફાસલામાં પૂર્ણપણે જકડાયેલા જીવો લોહીનો સંબંધ કેટલા કાળ સુધી જાળવી શકવાના ? જ્યાં ભવની ગણત્રીની ચોકસાઇ નથી ત્યાં પુત્ર, ભાઇ, ભગિની કિંવા માતાપિતાના સંબંધો કેટલીય વાર બંધાયા અને કેટલી વાર છોડવા પડ્યા એની નોંધ છે ખરી ?

'ચાર ગતિ વેદના, ભેદના છેદના
સ્વજનના વિરહને થાય મેળા'

એ કવિવચન યાદ કરવા જેવું છે. એ સારુ અઢાર સગપણ–સંબંધની કથા કહું છું તે ધ્યાન દઇને સાંભળો.

× × ×

### ૩. અઢાર સગપણનું વૃત્તાંત:—

સૌરીપુરનિવાસી બે વણિકમિત્રો પ્રાત:કાળે સરિતા કાલિંદીના કિનારે લટાર મારતા ને પોતાના વ્યવસાય સંબંધી વાર્તાલાપ કરતા, એકાંત પ્રદેશ તરફ જઈ રહ્યા હતા. ઉભય બાલ્યાવસ્થાના મિત્રો હતા. અભ્યાસમાં સાથે હતા અને પિતાના વ્યવસાયમાં પણ સાથે જ પડયા હતા. લગભગ બન્નેની વય ચાર દાયકા વટાવી ચૂકી હતી. ખાધેપીધે સુખી હતા તેમ લક્ષ્મી પણ સારા પ્રમાણમાં સંપાદન કરી હતી, પરન્તુ સંસારમાં જેનો સુખ તરીકે ઉલ્લેખ થાય છે એવા સંતાનસુખથી ઉભય વંચિત હતા. એ જ માત્ર ચિંતાનો વિષય હતો આમ છતાં જૈન ધર્મના સંસ્કારે પોષાયેલા હોવાથી '**अपुत्रस्य गतिर्नास्ति**' જેવા વાકયમાં ન હતો તેમને કંઇ વિશ્વાસ કે ન હતી એની લોલુપતા. દેવ–ગુરુભક્તિમાં જ પ્રતિદિન તત્પર રહેતા. દાનધર્મનું યથાશક્તિ પાલન કરતા. ભાગ્ય પર વિશ્વાસ રાખી માનવજીવન સંતોષપૂર્વક વ્યતીત કરતા. શીત ઋતુમાં સવારે દરરોજ તેઓ નદીકિનારે ફરવા આવતા. આજે પણ એ નિયમનું પાલન કરી થોડો સમય સવારની તાજી હવાનું સેવન કરી, જ્યાં નિયત કરેલા સ્થળે બેસવાનો વિચાર કરે છે ત્યાં સરિતાના પ્રવાહમાં તણાઇ આવતી એક મંજૂષા તેમની

નજરે પડી. સમીપમાં આવતાં જ ઉભય પૈકી એકે ડુબકી મારી, એને ઉપાડી લઇ, કિનારે આણી અને જ્યાં કૌતુક-દૃષ્ટિથી એ ઉઘાડે છે ત્યાં જન્મ્યા પછી માંડ જેમને પૂરો મહિનો પણ ગયો નહિ હોય એવા બાળક–બાળિકાના એક યુગલને જોયું. પ્રથમ વિચાર આવ્યો કે આવા સુંદરાકૃતિ બાળકોને આમ કોણે પાણીમાં વહેતી પેટીમાં મૂકયા હશે ? પણ સંસારમાં ચાલતી વિચિત્રતાઓ અને ખેલાઈ રહેલા અવનવા દંભો યાદ આવતાં, એ વાત પર ઝાઝો વિચાર ન કરતાં બન્ને કુદરતી રીતે પ્રાપ્ત થયેલ આ જોડકાને લઇ પ્રસન્નતાપૂર્વક ઘેર આવ્યાં. એકે બાળક લીધો ને બીજાએ બાળિકા લીધી. પોતાની પત્નીઓને એ સુપ્રત કરી અને જીવનમાં સંતાનસુખની જે એક માત્ર ઊણપ હતી તે આમ અકસ્માત્ પૂરી થવાથી એ દિનને ઉત્સવરૂપ માન્યો.

જુદા જુદા ઘરે એ બાળકો વૃદ્ધિ પામતા યૌવનાવસ્થાના આંગણુ આવી ઊભા. રૂપ, દેહ અને સ્વભાવમાં સામ્યતા ધરતા આ બન્નેનું વણિકમિત્રોએ સગપણ કર્યું. જૂના મિત્રો આ રીતે વહેવાઇપણાના નવા નાતાથી જોડાયા. શુભ મુહૂર્તે લગ્ન પણ કરી દીધા.

નવપરિણીત યુગલનો મિલન અવસર હતો. રજનીના આગમન ટાણે ઝરુખામાં બેસી ઉભય શેતરંજ રમી રહ્યાં હતાં. પ્રણયની મધુરી વાણીમાં પરસ્પરના આનંદની વૃદ્ધિ થઇ રહી હતી. જોરથી પાશા નાંખતાં કુમારની મુદ્રિકા આંગલીમાંથી સરી પડી અને તરુણીએ તરત જ એ ઉપાડી લીધી. પોતાની

વીંટી જેવી જ આ મુદ્રિકાને જોઇ ઘડીભર તેણીને આશ્ચર્ય ઉપજ્યું. તેને ફેરવી જોતાં એ પર ' કુબેરદત્ત ' એવું નામ વાંચ્યું. તરત જ પોતાની મુદ્રિકા કાઢી, એ પર જોયું તો ' કુબેરદત્તા ' એવું નામ જણાયું. એ વાંચતાં જ એ આભી બની ગઇ. હાથમાંના પાશા ફેંકી દીધા. ' ઘણું જ ખોટું થયું ' એમ કહી ઊભી થઈ ગઈ. કુમારને પણ એકાએક વીંટીઓની મેળવણીથી શું બન્યું ને હસતી–રમતી પ્રિયા એકાએક કેમ રીસાઇ ગઇ એ જાણવાનું કુતુહળ થયું. કુમારે પ્રશ્ન કર્યો–" એવું તે વીંટીમાં શું જાદુ ભર્યું છે કે જેનાવડે ચાલુ રમતમાં ભંગ પાડ્યો અને તને આવો પરિતાપ ઉદ્ભવ્યો ? "

તરુણીએ વીંટીઓ કુમારના હાથમાં આપી જણાવ્યું કે–" એના પર કોતરેલા નામોથી એ વાત તો દીવા જેવી જણાય છે કે–આપણે બન્ને એક જ માતાના ઉદરે જન્મેલા સહોદર–ભાઇબહેન છીએ. તમારું નામ કુબેરદત્ત અને મારું નામ કુબેરદત્તા છે. આપણા ચહેરા મેળવતાં પણ એ વાતમાં રહેલું તથ્ય ઊડીને આંખે વળગે છે, છતાં આશ્ચર્યની વાત તો એ છે કે–આપણા બન્નેના લગ્ન કરવામાં આવ્યા છે અને વીંટીનો અકસ્માત્ ન થયો હોત તો જે પતિ–પત્નીના સંબંધથી જોડાણ કરવામાં આવેલું છે તે સંપૂર્ણપણે દંપતીજીવનમાં પરિણમ્યું હોત; મહાન્ અનર્થ થયો હોત. ધર્મ અને નીતિથી વિરુદ્ધ એવું અધમ આચરણ થયું હોત. ક્યાં તો આપણા લગ્ન સાધનાર માતાપિતા આ મુદ્રિકાની વાતથી અજાણ હોય, કિંવા લગ્નનો લ્હાવો માણવા જાણીબૂઝીને સંબંધ બાંધવા પ્રેરાયા હોય. બાકી એટલું સ્પષ્ટ પુરવાર થાય છે કે તે આપણા સાચા માતાપિતા નથી જ. આપણ ઉભયને જન્મ દેનારી

માતા કોઇ નિરાળી છે અને ગમે તે કારણથી આપણુને તેનો વિરહ થયો છે. ”

કુબેરદત્તાએ જે રીતે વાતના અંકોડા જોડ્યા એ એટલા બંધ બેઠા કે હવે એમાં કુબેરદત્તથી કંઇ જ ભૂલ શોધાય તેવું ન રહ્યું. તે એટલું જ બોલ્યો કે–“હાથ કંકણને આરસીની શી જરૂર ? મારા મા–બાપ તો નીચેના કમરામાં બેઠેલા છે, તેમને પૂછીને ખુલાસો મેળવીએ. ” તરત જ ઉભય નીચે આવ્યા. કુબેરદત્તે આગ્રહ કરી પોતાના જન્મ સંબંધની સત્ય વાત પૂછી અને એ રીતે યમૂના નદીમાંથી મળી આવેલી પેટી પરનો પડદો ઉંચકાયો.

દંપતીજીવનની વાત પર હરતાલ દઈ, ઉભય સાચા ભાઇ-બહેન બની રહ્યા. કુબેરદત્ત વ્યવહારીયાને છાજે તેવા વેપારમાં રક્ત બની દિવસ વ્યતીત કરવા લાગ્યો અને વ્યવસાયમાં વીંટીવાળા બનાવને પણ લગભગ ભૂલી ગયો. પણ કુબેરદત્તા નારી હતી, અંગુલી પરની મુદ્રિકાઓ પર દૃષ્ટિ પડતાં જ તેણીની કોમળ લાગણીઓ નાચી ઉઠતી. પોતાનાથી અજાણપણે કેવું અકૃત્ય થઈ જાત એ વિચાર આવતાં જ ગાત્ર ઢીલા થઈ જતાં. ઘડીભર મનમાં થઈ જતું કે એમ થવામાં નિમિત્ત–કારણસમી એ નિષ્ઠુર જનનીને એક વાર શોધવી તો ખરી, પણ વિશાળ જગતમાં નારીહૃદય માટે એ કેવી રીતે શક્ય બને ? તરત જ મન પાછું પડતું. ઘણી વખત આવા વિચારમંથનોએ એના મગજમાં એક વાત નિશ્ચિત કરી કે ‘જ્ઞાનદીપકની સહાય હોય તો જનનીને શોધી શકાય અને એ દીપક પ્રગટાવવાનું એક માત્ર સાધન તે ભાગવતી દીક્ષા.’ સંસારીજીવનની પ્રથમ

સંધ્યાએ ભગ્નાશ થયેલ તરુણી માટે સંસાર તો ખારો થઈ ચૂકયો હતો જ એટલે સંયમનો રાહ એને સુખકર ભાસ્યો. એમાં એને હૃદયસંચિત જિજ્ઞાસાની તૃપ્તિનો, તેમજ આત્મ-શ્રેયનો સંભવ જણાયો અને સૌની સંમતિપૂર્વક એક દિવસ એ સંસાર છોડી સાધ્વી બની ચાલી પણ નીકળી. પરિગ્રહની ગાંઠ તોડતાં વિલંબ ન થયો. આનંદવિલાસ માણવાના સાધનો-ને લાત મારતાં પણ વિલંબ ન થયો, છતાં પેલી મુદ્રિકાદ્વય તો એણે પોતાના વસ્ત્રના છેડે બાંધી રાખી.

પ્રભવચોરની પલ્લીમાં ચોરાના મધ્યભાગે બિરાજમાન થયેલ શ્રી જંબૂમુનિએ સ્વજનનો સંગ કેમ ત્યજી શકાય એવી ચોરવૃંદ તરફથી રજૂ કરવામાં આવેલ દલીલના જવાબમાં 'અઢાર નાતરા (સંબંધ)' તરીકે ઓળખાતાં ઉદાહરણનો ઉપર પ્રમાણે પૂર્વાર્ધ સમાપ્ત કરી જણાવ્યું કે—

"હે ભવ્ય આત્માઓ! સંસારની વિચિત્રતા કેવી છે? તે તમે ઉપરના બનાવથી જોઈ શકો છો. માત્ર વીંટી પર કોતરેલ નામોથી રંગમાં ભંગ કેમ પડયો એ તમોએ સાંભળ્યું, પણ એ પાછળનો ભેદી વૃત્તાન્ત તો હવે આવે છે જે શ્રવણ કરતાં 'અજ્ઞાનતા' માનવીને કેવાં નીચ કૃત્યો કરાવે છે, અને કેવી રીતે એ ઊંધા પાટાના જોરે માનવી પશુનું જીવન જીવે છે તેનો સાચો ખ્યાલ થશે. ભાઈ પિંગળ કહે છે કે 'પુત્ર, પ્રિયા દુહિતા કે ભગિની કિંવા માતા અને પિતા વિગેરેના સંબંધોને પણ એકદમ છોડી દેવાય શી રીતે?' પણ એ સંબંધને યમરાજ ટકવા દેતો નથી, એ આપણા અનુભવનો વિષય છે. જ્ઞાનીપુરુષો એ માટે જ કહે છે કે—

**यथा काष्ठं च काष्ठं च, समेयातां महोदधौ ।**
**समेयातां व्यपेतां च, तद्वत् भूतसमागमः ॥**

મોટા સમુદ્રમાં જુદી જુદી દિશામાંથી તરી આવતાં લાકડા એકઠા થાય છે અને એ લાકડાઓ થોડો સમય સાથે તરે છે. વળી પાછા જુદી દિશામાં વિખરાઈ જાય છે. એવો આ માનવસમાગમ છે. સંસારમાં કર્મના કાયદામાં ફક્ત જીવો જુદા જુદા સંબંધથી એકત્ર થાય છે અને થોડો કાળ સાથે રહ્યાં ન રહ્યાં ત્યાં તો કાળનું આમંત્રણ મળવા માંડે છે અને કરેલ કરણીના ફળ લણવા તેમને ચાલી નીકળવું પડે છે; તેથી સમજુ આત્માઓએ પ્રાપ્ત થયેલ સંયોગોનો આત્મશ્રેય માટે ઉપયોગ કરવો.

**यो ध्रुवाणि परितज्य, अध्रुवं परिसेवते ।**
**ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवं नष्टमेव च ॥**

અર્થાત જે વ્યક્તિ નિશ્ચિત વસ્તુ ચક્ષુ સામે છે તેને વીસરી જઈ, માત્ર સ્નેહની જાળમાં મૂંઝાઇ, કલ્પિત તરંગોમાં મ્હાલે છે, તે પેલી નિશ્ચિત વસ્તુ ગુમાવે છે અને તરંગજાળ તો નશ્વર હોવાથી નષ્ટ થયેલ જ હોય છે.

હે ભવ્યાત્માઓ ! તેથી જ સમયને ઓળખવાની જરૂર છે. કથાનો ઉત્તરાર્ધ ધ્યાનપૂર્વક શ્રવણ કરો, એ પર બરાબર વિચાર કરો, તમારા જીવન સાથે એનો તાલો મેળવો અને પરમાત્મા શ્રી મહાવીર દેવના વચનમાં લાભ જણાય તો એનો અમલ કરવા માટે કમર કસો.

પ્રવ્રજ્યા અંગીકાર કરી ચાલી નીકળેલા સાધ્વી કુબેરશ્રી

ગુરુણીના સમાગમમાં રહી, કાયાને અને ઇંદ્રિયોને તપથી દમવા લાગ્યા અને આત્માને જ્ઞાનના સંચયથી વિકસ્વર બનાવતા રહ્યા. કર્મના ક્ષયથી આવરણ નષ્ટ થવા માંડ્યા. સમય જતાં તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાનના બળથી તે જોઇ શક્યા કે પોતે કોની પુત્રી હતા અને પેલી મુદ્રા પરથી તારવેલું અનુમાન સો ટકા સાચું હતું. એ સાથે બીજું પણ જોયું અને આત્મા ઘડીભર એ દૃશ્યના જોરે અતિ ગ્લાનિ અનુભવવા લાગ્યો. એકાએક બોલાઇ ગયું: ' આ અધમતા ! ભાઇ એવા કુબેરદત્ત સાથે પત્ની તરીકેનો ભાગ ભજવતા માંડ હું બચી અને ભયંકર પાપથી ઉભયનો છૂટકારો થયો, એ જ કુબેરદત્ત પોતાની જનનીનો પતિ થયો ! અરે ! વિષય ભોગવવામાં વર્ષો ગાળ્યા છતાં નેત્ર સામે બંધાયેલ પડલથી કોઇની આંખ ઉઘડી નહીં. સંસાર માણવાના ફળરૂપે તેમને ત્યાં પુત્રનો જન્મ પણ થયો છે. આ કરતાં ભયંકર વિકૃતિ બીજી કઇ સંભવે ? આથી વિરૂપ ચિત્ર બીજું કયું હોય ? પરંતુ ' મારે તેમની આંખ ખોલવાનો–એ ભૂલેલા માનવીઓની સાન ઠેકાણે આણવાનો યત્ન કરવો. ' એવો નિરધાર કરી, ગુરુણીની આજ્ઞા મેળવી, સાધ્વી કુબેરશ્રી જ્યાં ઉપર વર્ણવેલી દશા વર્તી રહી હતી એવી મથુરા નગરીમાં આવ્યા અને એ દંપતી પાસે નજીકનું મકાન રહેવા સારુ માગી લઇ ત્યાં ચારિત્રધર્મનું પાલન કરવાપૂર્વક નિવાસ કર્યો. દૃઢ મનોબળી માટે સ્થાન કે વસવાટ સંબંધી યોગ્યતાનો વિચાર ગૌણ બની જાય છે. એ વેળા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ મહત્વના ચાર પદ અગ્રભાગ ભજવે છે.

કેવળ પૌદ્‌ગલિક વિષયમાં કીડા જેવું જીવન વીતાવતાં, કુબેરસેના અને કુબેરદત્ત, આમ તો ધર્મનો પડછાયો પણ

લેતાં નહીં. 'આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા' જેવું તેમનું આચરણ હતું. વળી એ વેશ્યાવાસમાં ચાલી ચલાવીને ભાગ્યે જ કોઇ સંત ઉપદેશ દેવા આવતો, એટલે ત્યાંનું વાતાવરણ તો '**રમા અને રામાતણા, રાગ વિષે સહુ લીન**' જેવું જ હતું, પણ કુબેરશ્રી તપસ્વિની ચાલી ચલાવી ત્યાં આવી રહ્યા હતા. અવારનવાર ગોચરી લેવા પણ કુબેરસેનાને ત્યાં આવતાં એટલે તેને ધર્મબુદ્ધિથી નહિં તો વ્યવહાર-દૃષ્ટિથી તેમની પાસે દિવસમાં એકાદ વાર આવવું પડતું. કેટલીક વાર નાના બાલુડા સાથે તે સાધ્વી પાસે આવીને બેસતી. તેમના પવિત્ર જીવનમાં અને ચારિત્રધર્મમાં જરા પણ સ્ખલના ન પહોંચે એવી વૃત્તિથી અલગ રહેતી. જાગ્રત દશાની સુવાસ કુબેરસેનાને કાંઇક સ્પર્શવા લાગી હતી. નાનો બાળક કેટલીક વાર ઘરમાં રડીને માતાપિતાને સખ્ત ઉદ્વેગ ઉપજાવતો. થાકીને માતા સાધ્વી સન્મુખ તેડીને આવતી. ત્યાંના શાંત વાતાવરણથી કે પૂર્વભવનના સ્નેહસંબંધથી ગમે તે કારણે ત્યાં પગ મૂકતાં જ પેલો રડતો બાળક છાનો રહી, તપસ્વીની પ્રતિ એકીટસે જોઇ રહેતો, એટલે કુબેરસેના રડતા બાળકને લઇ અવારનવાર ત્યાં આવતી.

એક દિવસ મધ્યાહ્નનો સમય થઇ ગયો છે. ભોજનથી પરવારી જ્યાં પિતા આડે પડખે થવાની તૈયારી કરે છે અને માતા પણ પાન ખાઇ, આરામ અર્થે આડી ઢળવા ઇચ્છે છે ત્યાં પેલા અર્ભકે એકાએક રુદન આરંભી દીધું. બહુ બહુ સમજાવ્યો પણ કોઇપણ પ્રકારે છાનો જ ન રહે. માબાપ કવેળાના આ કકળાટથી કંટાળી ગયા. નાઇલાજે કુબેરસેના એ રડતા બાળકને લઇ સાધ્વી સન્મુખ આવી.

તકની માર્ગપ્રતીક્ષા કરતા સાધ્વી કુબેરશ્રીને આ સમય ઘટસ્ફોટ કરવા માટે યોગ્ય જણાયો. રડતા બાળક પ્રતિ હસ્ત પ્રસારી તે બોલી ઊઠ્યા—

"હે બાળક! તું મારો ભાઇ, પુત્ર, દિયર, ભત્રીજો, કાકો અને પૌત્ર થાય છે. એ નાતાથી હું કહું છું કે તું છાનો રહે.

હે બાળક! તારો પિતા મારો ભાઈ, પિતા, પિતામહ, ભર્તાર, પુત્ર અને સસરો થાય છે માટે છાનો રહે.

હે બાળક! તારી માતા મારી માતા, પિતામહી, ભાભી, વધુ, સાસુ અને શોક્ય થાય છે, માટે છાનો રહે.

આવી રીતે અઢાર પ્રકારના સંબંધોથી સંકળાયેલી હું તને રડવાની મના કરું છું.

મોટા સ્વરેથી બાળકને સંભળાવતાં સાધ્વીના શબ્દો કુબેરદત્તના કાને પડ્યા, એમાં રહેલી વિચિત્રતા આંખે ચડી અને કર્ણને કટુ પણ લાગી તેથી તે ત્યાં શીઘ્ર દોડી આવ્યો. કથન પૂરું સાંભળતાં એનો પિત્તો ઉછળ્યો અને ગર્જી ઊઠ્યો—

"હે સાધ્વી! આવું વિપરીત કેમ બોલો છો? જો જાતે કુંદન છો તો કેમ કોઈ વસતી આપનાર ન મળ્યું કે જેથી આ ગણિકાને ઘેર આવી રહેવું પડયું?"

મનની સ્થિરતા જાળવી કુબેરદત્તના આક્ષેપનો શાંતિથી ઉત્તર આપતાં સાધ્વી કુબેરશ્રી બોલ્યા:—

"મહાનુભાવ! ગુસ્સો કરવાની બીલકુલ જરૂર નથી. જ્યારથી આ જીવનમાં પગ મૂકયો ત્યાથી આક્રોશ, પરિષહ કે ઉપસર્ગ સહન કરવાનો અને સમભાવમાં રહેવાનો નિરધાર

કરી લીધો જ છે, એટલે આપની તિરસ્કારભરી વાણીથી મને ગભરાવાની કે ઉત્તેજિત બનવાની રંચમાત્ર જરૂર નથી. જો સત્ય અને પરોપકાર જેવા કિંમતી ગુણોનું આકર્ષણ ન હોત, તો મારા પગલાં અહીં થયા પણ ન હોત. ચર્મચક્ષુઓથી જે વાત નથી જોઇ શકાતી તે જ્ઞાનચક્ષુઓ સહજ જોઇ શકે છે. ઉકળાટનો ત્યાગ કરી, ધીરજથી એ શ્રવણ કરો.

મથુરાની ગણિકા કુબેરસેનાએ પુત્ર–પુત્રીરૂપ યુગલને જન્મ આપ્યો. મનોહર આકૃતિવાળા એ અર્ભકોને નીરખી, એ બજારુ વનિતામાં પણ માતૃત્વનો પ્રવાહ ઉમટ્યો. ઘડીભર એ યુગલને ઉછેરવાનું મન પણ થયું છતાં રૂપરક્ષણની વૃત્તિ, દેહવિક્રયની લાલસા, ધનપ્રાપ્તિની આશા અને કુટ્ટિનીના આગ્રહે એ વિચાર ઝાઝો ટકવા ન દીધો. વેશ્યાવૃત્તિના સુતરાં નિભાવ અર્થે અપત્યપ્રેમ પર, અણગમતા હૃદયે તાળું દેવાયું. પરિણામે સુંદર મંજૂષામાં એ યુગલને સહોદરપણાનો ખ્યાલ આપતી મુદ્રિકાઓ અંગુલી પર પહેરાવી, મધ્ય રાત્રીએ કાલિંદીના વહેતા નીરમાં વહેતું મૂક્યું !

બીજા દિવસથી ગણિકા કુબેરસેનાએ પોતાનો વ્યવસાય પૂર્વવત્ જારી રાખ્યો. 'વેશ્યાનો પતિ પૈસો' એ જનઉક્તિ ખોટી તો નથી જ. કોથળીનું મ્હોં ઢીલું કરનાર કિંવા ખીસા પર કાપ મૂકનાર હરકોઇ વ્યક્તિ રૂપ, રંગ કે દેહરચનામાં ચાહે તેવી હોય છતાં વેશ્યા સાથ સંબંધ જોડી શકે છે. વેશ્યાને એ વ્યક્તિને શય્યાભાગી બનાવવામાં રંચ માત્ર પણ ગ્લાનિ નથી ઉદ્ભવતી. તેથી જ ગણિકાજીવનને કૂતરાચાટની ઉપમા અપાય છે. એથી એ જીવન અધમતાની અંતિમ હદરૂપે ઓળખાય છે.

આયુષ્યની દોરી બળવાન એટલે સરિતાના પ્રવાહમાં તરતી પેલી પેટી બીજી સવારે સોરીપુરના નદીકિનારે ફરવા આવેલા બે વણિકમિત્રોના હાથમાં આવી. સંતાનવિહુણા એ મિત્રોના ઘરમાં પેલા બાળકોના જવાથી અજવાળા થયાં. સારી રીતે સંપૂર્ણ લાડકોડથી એક ઘેર બાળક અને બીજે ઘેર બાલિકા ઉછરવા લાગ્યા. વર્ષોના વહેવા સાથે તેઓ તારુણ્યના આંગણાંમાં આવી ઊભા. હર્ષઘેલા વણિકોને અંગુલી પરની વીંટી જોવાનો વિચાર જ ન આવ્યો. સંતાન–સુખના લ્હાવા પછી લગ્નનો લ્હાવો માણવાનો વિચાર ઉદ્ભવ્યો એટલે ઉભયનો વર–વહુ તરીકેનો સંબંધ જોડ્યો. કર્મે જેમને ભાઈ–બહેન તરીકે પ્રગટાવ્યા હતા એમને મોહના પાશમાં પડેલા માનવીઓએ પતિ પત્નીનો સ્વાંગ સજાવ્યો. અજ્ઞાનતાના આવરણોમાં વિચિત્રતા વધવા માંડી. જડ એવી મુદ્રિકાએ, મધુરજની માણવા મશગૂલ બની પાસાબાજી રમતાં પેલા યુગલની આંખ ન ઉઘાડી હોત તો દંપતીજીવનનો કક્કો પણ ઘુંટાઇ જાત–નિંદ્ય કર્મના ખાતાની શરૂઆત થાત.”

આટલી વાત શ્રવણ કરતાં જ ક્રોધિત કુબેરદત્તનું મુખ શ્યામ બન્યું. આ સાધ્વી કુબેરદત્તા તો ન હોય ? એવો પ્રશ્ન સહજ ઉદ્ભવ્યો એટલે જ્યાં ચહેરા પ્રતિ મીંટ માંડે છે ત્યાં તો સાધ્વી પુનઃ કહેવા લાગ્યા.

“વીંટી–દર્શને જેમનો દંપતીભાવ છૂટો કર્યો છે એવી કુબેરદત્તા થોડો સમય સંસારમાં રહી, અને પછી સાધ્વી બની. કુબેરદત્ત, પણ વ્યવસાયમાં ચિત્ત પરોવી. સાચો વેપારી બની ગયો. તે વેપાર નિમિત્તે મથુરા નગરીમાં આવ્યો. અકસ્માત્

કુબેરસેના નજરે પડી. તેણીના સૌંદર્યે ઘેરાયેલ તે પુરુષ કામાસક્ત બન્યો. વાસનાઓ ઉભરાઇ આવી. એટલે તે વેશ્યાના મંદિરે પહોંચી ગયો. દ્રવ્ય જ જેનો જીવનમંત્ર છે એવી કુબેરસેનાએ અન્ય કંઇ વિચાર કર્યા વગર એની સાથે વિલાસી જિંદગી આરંભી દીધી. ઉભયના મનમાં મોહરાજ સ્વાર બની બેઠો હતો. એના ઘેનમાં તેઓ આસક્ત થઇ. 'આ ભવ મીઠા' જેવી ઉક્તિનો રસ લૂંટવા લાગ્યા. ભોગના પરિણામે પુત્રપ્રાપ્તિ પણ થઇ. કુબેરસેના પાસે ધન ઠીક થયું હતું અને પૂર્વે સંતતિ–યુગલને ત્યજી દીધાનો ડંક તદ્દન નષ્ટ થયો ન હોવાથી, આ વેળા તેણીએ પેલા અર્ભકનું રીતસર પાલન આરંભ્યું. એ બાલુડો તે આ જ. મેં જે સંબંધો ગણાવ્યા તે સંખ્યામાં અઢાર થાય છે, છતાં આપણા ત્રણમાં એનો સમાવેશ થાય છે. જ્ઞાન–દીપકના અજવાળે હું તો દુષ્કૃત્યથી બચી ગઇ. એના અભાવે તમે બન્ને–માતા ને ભ્રાતા ભાન ભૂલી, ન કરવાનું કરી ચૂકયા, પણ 'જાગ્યા ત્યાંથી સવાર' ગણવા માંડો તો બિગડી સુધરવાનો માર્ગ બંધ નથી થયો."

સાધ્વીએ ઉઘાડી પાડેલી દૂષિત કથાને છુપાવવાના ઉપાય તરીકે કુબેરદત્તે સવાલ કર્યો. "સાધ્વી ! તમારી વાતને સમર્થન કરતો કોઇ પ્રત્યક્ષ પુરાવો બતાવી શકો છો ?"

"મોહાસક્ત સહોદર ! હજુ પણ તારી આંખ ન ઊઘડતી હોય, અરે ! આ ઘૃણાજનક વર્તન માટે પશ્ચાત્તાપ ન થતો હોય તો આ મુદ્રિકા જોઇ લે." એમ કહી સાધ્વીએ વસ્ત્રને છેડે બાંધેલી વીંટીઓ છોડીને રજૂ કરી દીધી.

જંબૂસ્વામી ચોરમંડળીને ઉદ્દેશીને બોલ્યા–"મહાનુભાવો !

સંસાર નાટકની વિચિત્રતા આવા પ્રકારની છે. વીંટીઓ જોતાં જ માતા–પુત્રના ચહેરા શ્યામ બની ગયા. પશ્ચાત્તાપના પાવકમાં ઉભય બળી રહ્યા. કુબેરદત્ત પાપપંકની શુદ્ધિ અર્થે ચારિત્રવારિની શોધમાં નીકળી પડ્યો. રાગી મટી ત્યાગી બન્યો. કુબેરસેનાથી સંયમ તો ન લેવાણું–અર્ભકનો સ્નેહ ન છોડાયો છતાં તે શુદ્ધ શ્રાવિકામાં પલ્ટાઈ ચૂકી. વિષયવાસના પર ખંભાતી તાળું લગાવી, તપ આચરતી, કર્મને ખંખેરતી, સંસારમાં રહેવા લાગી. જ્ઞાની સાધ્વીએ સ્વાર્થ પરમાર્થ બન્ને સાધ્યા.

સંસારના સંબંધ તો આવા છે! માનવભવની પ્રાપ્તિ એમાં લેપાવા સારુ નથી. મનુષ્યની સમજશક્તિનું દીવાળું ન નીકળ્યું હોય તો કર્મરાજના બંધન જડમૂળથી છેદી નાંખવામાં માનવજીવનનો ઉપયોગ કરો. લાખેણી પળો વહી રહી છે એને જવા ન દ્યો. અમૃતચોઘડીઆમાં બીજા ત્રીજા વિચાર છોડી દઈ, અંતરનો નાદ પારખી, સાચો રાહ સ્વીકારો."

**सर्वमंगलमांगल्यम्, सर्वकल्याणकारणम् ।**
**प्रधानं सर्वधर्माणाम्, जैनं जयति शासनम् ॥**

દેશના સમાપ્ત થતાં જ સર્વ ચોરો ગુરુદેવના ચરણકમલમાં નમી પડ્યા. એકી સાથે બોલી ઊઠ્યા કે–"ગુરુદેવ! આપની નિર્મળ વાણીએ અમારા હૃદયમાં અજવાળા પ્રગટાવ્યાં છે. આપે લીધેલો માર્ગ જ એક માત્ર ખરો છે. એ ગ્રહણ કરવાનું અમો 'પણ' લઈએ છીએ.

પિંગળ–સાહેબ! સમય થવા આવ્યો છે છતાં એ અઢાર પ્રકારનો સંબંધ સમજાવશો.

કુબેરદત્તાની વતી ગુરુ મહારાજ બોલ્યા કે—

(૧) આ બાળક મારો ભાઈ છે કેમકે બન્નેની માતા એક જ છે. (૨) મારા પતિનો આ પુત્ર છે તેથી મારો પણ પુત્ર ગણાય. (૩) મારા પતિનો સહોદર તેથી મારો દિયર કહેવાય. (૪) મારા ભાઇનો પુત્ર તેથી ભત્રીજો પણ થાય. (૫) મારી માના પતિનો ભાઇ તેથી મારો કાકો પણ થાય. (૬) મારી શોકયનો પુત્ર કુબેરદત્ત ગણુતા એનો પણ આ પુત્ર એટલે મારી દૃષ્ટિએ પૌત્ર લેખાય.

હવે કુબેરદત્ત સાથેના છ સંબંધ કહું છું.

(૭) બાળકનો પિતા કુબેરદત્ત તે મારો ભાઇ છે. (૮) કુબેરસેના માતાનો ભરથાર તેથી મારા માતા–પિતા પણ ખરા (૯) બાળકનો પિતા કુબેરદત્ત તે મારી માતાનો સ્વામી, એટલે મારો પિતા, આ બાળક એનો ભાઈ એટલે મારો કાકો પણ કહેવાય, અને એ કાકાનો પાછો એક રીતે પિતા થાય એટલે કુબેરદત્ત મારો પિતામહ ગણાય. (૧૦) મારી સાથે પરણેલ કુબેરદત્ત મારો પતિ પણ કહેવાય. (૧૧) મારી શોકય કુબેરસેના, તેની કુક્ષીએ ઉપજવાથી તે મારો પુત્ર પણ ગણાય. (૧૨) મારા દિયર( બાળક )નો પિતા એટલે મારો સસરો પણ ગણાય.

હવે કુબેરસેના સાથેના છ સંબંધ કહું છું.

(૧૩) બાળકની માતા તે મારી પણ માતા છે. (૧૪) બાળક એવા મારા કાકાની માતા એટલે તે મારી પિતામહી થાય. (૧૫) મારા ભાઇ કુબેરદત્તની સ્રી એટલે મારી ભાભી

ગણાય. (૧૬) માતા કુબેરસેના જે અપેક્ષાએ શોક્ય ગણાય અને એનો પુત્ર કુબેરદત્ત એ મારો પણ એ અપેક્ષાથી પુત્ર ગણાય, તેની એ જ કુબેરસેના વહુ હોવાથી મારી પુત્રવધુ પણ કહેવાય. (૧૭) પતિ એવા કુબેરદત્તની માતા તેથી મારી સાસુ પણ લેખાય. (૧૮) પતિ કુબેરદત્તની કુબેરસેના બીજી પત્ની હોવાથી મારી શોક્ય પણ ગણાય.

સાધ્વી કુબેરશ્રીની નજરે ઉપર મુજબ અઢાર સંબંધ અપેક્ષાથી જોડી શકાય.

× × ×

## ૪. નાલંદામાં આગમન—

**રોજ** કરતાં નાલંદામાં આજે વધુ જાગૃતિ આવી હતી. સામાન્ય રીતે રાજગૃહી નગરીના આ શાખાપુરમાં ( પરામાં ) મોટા ભાગે વિદ્વાનો-પંડિતો અને જ્ઞાનપિપાસા જેમનામાં થનગની રહી છે એવા દૂર દેશથી આવેલા મુસાફરો તેમ જ ભારતવર્ષના જુદા જુદા ભાગોમાંથી તેમ જ એની બહારના સમીપવર્તી પ્રદેશોમાંથી જ્ઞાનાધ્યયન અર્થે આવેલા વિદ્યાર્થીઓનો જ વસ્તી હતી. ભારતવર્ષમાં વિદ્યાના અજોડ સ્થાન તરીકે જે કેંદ્રો હતા તેમાં નાલંદાનું સ્થાન અગ્રપદે આવતું. વેદ, બૌદ્ધ અને જૈન ધર્મના પ્રખર નિષ્ણાતો અહીં જોવા મળતા. ષટ્-દર્શન પરત્વે જાતજાતની વિચારણાઓ-યુક્તિપુરસ્સરની ચર્ચાઓ-દલીલપૂર્વકના ખંડન-મંડન એ આ પ્રખ્યાત સ્થળનો મુખ્ય વ્યવસાય હતો. વિવિધ પદવીધારી દ્વિજો, બૌદ્ધધર્મી ભિક્ષુકો અને ત્યાગી શ્રમણો અહીં સારા પ્રમાણમાં દૃષ્ટિગોચર થતા. એમના ગમનાગમન ચાલુ રહેતા.

'રાત રહે પાછલી ખટ ઘડી, સાધુ પુરુષે સૂઈ ન રહેવું' એ 'નરસિંહ ભગત'ની લીંટી અહીં તો અક્ષરશઃ સાચી પડતી. પાછલી રાતના ચાર વાગતાં જ ભિન્ન ભિન્ન શાસ્ત્રોનાં અધ્યયન કરતાં વિદ્યાર્થીગણના ઘોષ સંભળાતા. પ્રાતઃકાળ થતાં તો સૌ કોઈ પોતપોતાનાં આવશ્યક કાર્યોથી પરવારી, જ્ઞાન-ગોષ્ઠી અર્થે અને એ દ્વારા નવીન જ્ઞાનસંચય કરવાના અપૂર્વ ઉલ્લાસથી સજ્જ બની, તાજેતરમાં જેમના પગલાં થયાં હોય એવા વિદ્વાનોના વિહાર તરફ પગલાં ભરતાં. ન્યાયપુરસ્સર ચાલતી આ ધર્મચર્ચામાં ભાષાની અશ્લીલતા કે કર્ણકટુ પ્રહારોનો ફેંકાફેંકીને જરા પણ સ્થાન નહોતું. જય-પરાજયની ખેંચતાણ નજરે પણ નહોતી પડતી. કેવળ જ્ઞાનપિપાસા જ મુખ્ય ભાગ ભજતી '**सा विद्या या विमुक्तये**' જેવા સૂત્રનો ચમત્કાર અહીં યથાર્થપણે ખીલી નીકળેલો અનુભવાતો.

**જ્ઞાન વિના ક્રિયા કહી, કાશકુસુમ ઉપમાન;**
**લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન.**

જેવા પ્રભુમુખે પ્રગટ થયેલાં ટંકશાળી વચનો કેટલા કિંમતી છે એ અહીં પગ મૂકતાં જ જણાઈ આવતું. 'Knowledge is Power' અર્થાત્ 'જ્ઞાન એ જ મહાશક્તિ છે' એ વાકયમાં રહેલ અર્થગાંભીર્ય આ વિદ્યાધામમાં થોડા દિવસ વ્યતીત કરવાથી પૂર્ણરૂપે પ્રતીત થતું. એ આકર્ષણે દૂર દેશોના પ્રવાસીઓ—જાતજાતની મુશીબતો વેઠી કલ્પનામાં ન આવે એવી વિટંબનાઓ વચ્ચે પસાર થઈ—અહીં આવતા. આ સ્થળમાં થોડા દિવસના વસવાટથી જે અપૂર્વ જ્ઞાનની વાનકી તેમને પ્રાપ્ત થતી એનાથી ઉઠાવેલ જહેમતનો સંપૂર્ણ

બદલો વળી રહેતો ને લીધેલ પરિશ્રમ બદલ સંતોષ ઉદ્ભવતો. જ્યાં રોજનિશીનો આ પ્રસંગ પ્રવર્તી રહેતો હતો ત્યાં આજે કોઇ અનોખી પ્રભા ખીલી ઊઠી હતી. સૌ કોઈ બનતી ઝડપે પ્રાતઃકાર્યો સમેટવા લાગ્યું. સારું ય વાતાવરણ જીવંત બની ગયું. વિદ્યાર્થીનિવાસો હલનચલનથી ગાજી ઊઠ્યાં. સૌ કોઇનાં મુખમાંથી એ ઉદ્દગાર સહજ નીકળતો કે–એક સમયનો ધાડ-પાડુ આટલો પ્રખર વિદ્વાન્ ! અરે જૈન દર્શનનો મહાન્ આચાર્ય ! દ્વિજકુળોત્પન્ન ભગવાન ગૌતમ કે આર્ય સુધર્મ અથવા તો વણિક આત્મજ આર્ય જંબૂ નાલંદાવાસીઓથી તદ્દન અજાણ્યા ન હતા. એક કરતાં વધુ વાર તેમની અમીવર્ષી વાગ્ધારાથી આ ભૂમિ પાવન થઇ હતી. વળી જૈનદર્શન એ ષડ્દર્શનમાંનું એક હોઇ, સ્યાદ્વાદની અનોખી પદ્ધતિ ધારણ કરનાર હોવાથી સાંખ્ય, મીમાંસક, જૈમિની કિંવા નૈયાયિક વા બૌદ્ધ મતવાદીઓમાં એને અંગેની વિચારણા કંઇ નવીન પણ નહોતી જ. નાલંદાની ધરતી પર શ્રમણ ભગવાન મહા-વીરના ચૌદ ચોમાસાએ વીતરાગ વાણીમાં સમાયેલી કિંમતી રહસ્ય અને ઉદારતા પૂરવાર કરી આપેલી હતી. એટલું જ નહિં પણ અપેક્ષાના મુદ્દાથી સાબિત કરી દીધું હતું કે જો ન્યાયપુરસ્સર વિચારણા કરવામાં આવે તો છ યે દર્શનો ' જિન 'નાં અંગરૂપ છે, અર્થાત્ ' જૈન ' સિવાયના બાકીનાં પાંચે મતોનો સમાવેશ ' જૈન ' મતમાં સહજ કરી શકાય છે.

' ષડ્દર્શન જિન અંગ ભણીજે, ન્યાયષડંગ જો સાધે રે ' એ યોગિરાજ આનંદઘનની ઉક્તિ ઉપરની વાત પૂરવાર કરે છે. આથી આજની ઉત્કંઠા ન તો તત્ત્વ પર અવલંબી હતી કે ન તો કોઇ નવા મુદ્દા પર સ્થિર થઇ હતી. એનું

કેંદ્ર કેવળ એક લૂંટારાના જીવનમાં જે અલૌકિક પરિવર્તન આવી ચક્યું હતું તે હતું. સમય થતાં જ વ્યાખ્યાનમંડપમાં ભિન્ન ભિન્ન સંપ્રદાયના વિવિધવર્ણી પોશાકધારી મનોષ્યોનું આગમન શરૂ થયું.

વાચકને શંકા ધરવાનો કે પ્રશ્ન ઉઠાવવાનો પ્રસંગ ન રહે એ સારુ વાતના અનુસંધાનમાં જણાવી દઈએ કે-ચોરોની પલ્લીમાં જંબૂસ્વામીને આપણે ઉપદેશ આપતા જોયા હતા અને એ વેળા આજે પધારેલા આચાર્ય પ્રભવ ચોરનાયક તરીકે શ્રોતાવૃંદમાં અગ્રણી હતા, પણ આર્ય જંબૂની વાણીના પ્રભાવથી માત્ર પ્રભવ એકલાએ જ નહિં પણ બાકીના ૪૯૯ ચોરોએ, સાપ જેમ કાંચળી ઉતારી નાંખે તેમ, સંસાર પરત્વેની માયા ત્યજી દીધી અને ઉભરાતા હૈયે તેમજ ઉછળતા હૃદયે ભાગવતી દીક્ષા લીધી. એ કાળે ઊગતા સાધુની જબાનદ્વારા સધાયેલ એ કાર્ય આશ્ચર્યરૂપ મનાયું. પછી તો વર્ષોના વહાણા વીત્યા-'સોબતે અસર અને તુખમે તાસીર' એ કહેવત પ્રમાણે સદૈવના પરિચયની અસર દૃષ્ટિગોચર થવા માંડી. સાધુજીવનમાં સમાયેલ સુવાસ ચોતરફ વિસ્તરવા લાગી. જ્ઞાનીના સાનિધ્યમાં વસનાર પણ જ્ઞાનવાન થાય જ એ લોકવાયકા સાચી નિવડી. આર્ય સુધર્માસ્વામીના પાસા સેવનાર આર્ય જંબૂ જાતે કેવળી બન્યા અને પોતાના અંતેવાસી તરીકે એક સમયના ચોરનાયકને સ્થાપન કરી જગતને મંત્રમુગ્ધ બનાવતા મોક્ષે ગયા. એ ચોરે પણ વિનાભીતિએ ગણિપિટકમાં-દ્વાદશાંગીરૂપ મંજૂષામાં-રહેલા અમૂલ્ય રત્નોની એવી સીફતથી ચોરી કરી અને જનતા સમક્ષ એવું બ્યાન કરવા માંડ્યું કે જેથી ચારે દિશામાં આશ્ચર્યની હેલી આવી.

જંબૂ જેવા કેવળીનો વિરહ, જનસમૂહને જો કોઇ પણ વીસરાવનાર હોય તો તે કેવળ પ્રભવસ્વામીની મીઠી વાણી જ. સૌ કોઇ કહેવા લાગ્યા કે-દ્રવ્ય ધનની ચોરી કરનારે ભાવધન એવું જ્ઞાન પણ ચોરી જાણ્યું. જંબૂસ્વામી જેવાની પાટને શોભાવી. પૃથ્વીતળ પર વિચરતાં, નવનવા જીવોને વીતરાગના માર્ગ પ્રતિ વાળતા, આર્ય પ્રભવે જીવનનો પાછલો સમય આત્મશ્રેયના અનુપમ કાર્યમાં-પૂર્વકાળના કર્મસમૂહને ભસ્મીભૂત કરી એનું સર્વથા ઉન્મૂલન કરી વાળવામાં-ખરચ્યો. નાલંદામાં આવ્યા ત્યારે તેઓશ્રી મૃત્યુની માર્ગપ્રતીક્ષા કરી રહ્યા હતા એમ કહી શકાય. થોડા સમયથી તેઓને ભાસવા માંડયું હતું કે પોતાનો જીવનદીપ બુઝાવાનાં ચોઘડિયાં બજી રહ્યાં છે. એ વાતનો આવા પ્રબળ વિદ્વાનને શોક નહોતો. '**मरणं प्रकृतिः**' અથવા તો 'ક્ષણમાત્ર પણ આયુ વધારી શકાતું નથી' એવી પ્રભુશ્રી વીરની અંતિમ વાણી એમનાથી અજાણી નહોતી. આમ છતાં મુખારવિંદ જોતાં સહજ માપી શકાતું કે કોઇ અનોખી ચિંતા આચાર્યશ્રીના મસ્તિષ્કમાં ઘર કરી બેઠી છે. પાસે બેસનાર શિષ્યો પણ એ જાણી શકયા નહોતા છતાં અનુમાન પરથી જે વાત બહાર પ્રસરી રહી હતી તે એ જ કે નાલંદા જેવા વિદ્યાધામમાં પધારવાનો હેતુ એ ચિંતાના નિરાકરણનો હતો.

દેશનાનો આરંભ '**ॐकारबिन्दुं संयुक्तम्**' વાળા મંગળાચરણપૂર્વક થયો. માનવજીવનનો મુદ્રાલેખ બતાવતાં કહેવામાં આવ્યું કે-સંપૂર્ણપણે કર્મો પર વિજય પ્રાપ્ત કરવો. દેવ, નારક, તિર્યંચ અને મનુષ્યગતિમાં જો શ્રેષ્ઠતા કોઇને પણ વરી હોય તો તે માત્ર માનવગતિને જ; કેમ કે એ એક જ ગતિમાં જન્મ

લઇ જીવ કાયમને માટે કર્મબંધનોથી મુક્તિ મેળવી શકે છે. કાયમનો છૂટકારો એટલે જ વિજયની પરાકાષ્ઠા–આત્માનું અમરત્વ, જુદા-જુદા દર્શનકારોએ જુદી જુદી રીતે તત્ત્વ–નિરૂપણ કર્યાં છે કોઈએ આત્મા અને પ્રકૃતિ પર લક્ષ્ય ખેંચ્યું છે તો કોઈએ અપરબ્રહ્મ અને પરબ્રહ્મની વાત પર મદાર બાંધ્યો છે. એકે છ તત્ત્વો પર ભાર મૂકયો છે, તો બીજાએ પંચભૂતોને જ આગળ ધર્યાં છે. ચાર્વાક જેવાએ પરલોક જેવી મહત્ત્વની વસ્તુનો જ ઉચ્છેદ કર્યો, ત્યારે નૈયાયિકોએ વળી તત્ત્વોની હારમાળા ઊભી કરી દીધી; પણ જૈન દર્શને તો નવનો આંક જ પસંદ કર્યો છે. એ આંકની અદ્ભૂતતા વર્ણવી જાય તેવી નથી. એ તત્ત્વોની ગોઠવણ પણ પરસ્પરની જોડે એવી રીતે સંકળાયેલી છે કે એની વિચારણા કરતાં મન પ્રફુલ્લિત બને. એમાં ' જીવ ' તત્ત્વ મુખ્ય ભાગ ભજવે છે એટલે એનું સ્થાન પહેલું, અજીવ કે જેમાં સારીએ કર્મવર્ગણા વિગેરેનો સમાવેશ થાય છે અને સતત જેની સાથે જીવનો સંગ્રામ ચાલુ જ હોય છે એનું સ્થાન બીજું, જીવની કરણી શુભ હોય તો તે પુણ્યનો સંચય કરનારી અને અશુભ હોય તો પાપનો પોટલો બાંધનારી નિવડે એટલે પુન્ય તથા પાપ ત્રીજા ચોથા નંબરે આવે. એ કરણીદ્વારા કર્મપુદ્ગલોનું આગમન ચાલુ રહે છે એનું નામ આશ્રવ અને એનો નંબર પાંચમો. એના ઉપર અંકુશ મૂકાય કિંવા અવરોધ થાય તે સંવર, એનો નંબર છઠ્ઠો. અવરોધાય એટલે નવા કર્મોના આગમન માટેના કમાડ બંધ થાય, પણ જે કર્મો પૂર્વે ભરાઇ બેઠેલાં હોય–આત્માની જોડે ક્ષીરનીરની માફક મળી ગયાં હોય તેનું શું ? એ માટે નિર્જરા નામે સાતમું તત્ત્વ કામ આવે. તપરૂપ કરણીદ્વારા

એની શુદ્ધિ આરંભાય. એ કર્મોનો બંધ એ આઠમું તત્ત્વ જાણીને–સમજીને ત્યજી દેવા જેવું ગણાય. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ (રસ) અને પ્રદેશ નામના ચાર પ્રકારે એ બંધ આત્માની જોડે ચોંટ્યો હોય છે. એનો જડમૂળથી નાશ કરી સદાને માટે છૂટકારો મેળવવો એ નવમું તત્ત્વ મોક્ષ. સ્વરાજ્ય, આત્મિક સ્વાતંત્ર્ય કિંવા મુક્તિ, એ એનાં અપરનામો છે. શરૂમાં મેં જે વિજયની વાત કહી એ પણ એનું જ બીજું નામ–સંગ્રામની નજરે મુખ્ય તત્ત્વો બે જ : જીવ અને અજીવ. આત્માની લડાઇ સતત કર્મો સાથે અનાદિ કાળથી ચાલી રહી છે અને એ કર્મો એ અજીવ તત્ત્વનો એક ભેદ છે. આમ નવમાંથી ગૌણ કરીએ તો બેથી પણ વાત સમજી શકાય, બાકીના સાતનો સંગ્રામ ભિન્ન–ભિન્ન દશાસૂચક લેખાય.

" સાચી વિજયશ્રી વરવા સારુ આત્માએ ચોરી કરવી. " આ શબ્દો કર્ણ પર અથડાતાં જ પર્ષદામાં આશ્ચર્ય ફેલાયું. છૂટાછવાયા શબ્દો પણ સંભળાયા. શું ચોરી ? એકાદે નિડરતાથી પ્રશ્ન કર્યો. " મહારાજ ! ચોરી કરવી એ ધર્મ કે અધર્મ ? " આચાર્યશ્રી ઉત્તર આપતાં બોલ્યા—

" મહાનુભાવ ! ચોરી શબ્દનો પ્રયોગ સામાન્ય રીતે અધર્મ ને અનીતિસૂચક છે પણ જૈનદર્શન તો અપેક્ષાની નજરે દુનિયા જેમાં દોષ ભાળે છે એમાંથી પણ ગુણ તારવે છે. એની નજર એકાંતમાં નથી પણ સમન્વયમાં છે. જ્યાં એ ઉમદા પદ્ધતિનું સાચું જ્ઞાન થયું ત્યાં વેર–વિરોધનું નામ ન સંભવે. સર્વદર્શન–સમભાવ સહજ પ્રગટે. વધારામાં મારી વાત કહું તો હું રહ્યો ચોર. જીવનનો મોટો ભાગ ચોરીના

વ્યવસાયમાં જ વીતાવ્યો. એ અનુભવ શ્રોતાઓને કહેવામાં દુઃખ શું ? પણ હું જે ચોરી કરવાની વાત કહું છું તે ગુણરત્નોની ચોરીની અને નહિં કે માનવીઓના ધનમાલની.

" દર્શન–જ્ઞાન–ચારિત્ર નામના ત્રણ રત્નો વીતરાગ-ધર્મમાં સુપ્રસિદ્ધ છે અને હું ભાર મૂકીને જણાવું છું કે તમારાથી ચોરાય એટલા પ્રમાણમાં એ ચોરો–ઊઘાડે છોગે ચોરો. એ ધર્મના એક પ્રણેતાની પર્ષદા વચ્ચે કરાયેલ જાહેરાતથી નિઃશંક થઇને ચોરો. પછી જુવો કે સર્વદેશીય વિજય થાય છે કે નહીં ? સાચું સ્વરાજ્ય બારણા ઠોકતું આવે છે કે નહીં ? માનવજિંદગીનો મુદ્રાલેખ ફળે છે કે નહીં ? જ્ઞાની-ના વચન પર અફર શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન, એ વચનો પ્રમાણે વસ્તુસ્વરૂપ બરાબર રીતે સમજી લેવું એ સમ્યગ્ જ્ઞાન અને સમજ્યા તો એનો પૂર્ણપણે અમલ કરવો એ જ સમ્યક્ ચારિત્ર. પર્ષદામાં આવેલ હરકોઇ આત્મા–જનોઈધારી કે જનોઇ વિનાનો–ચાહે બૌદ્ધ સંપ્રદાયનો કે સાંખ્યમતનો–એ ત્રિપુટીનો સધિયારો લેશે તે અવશ્ય સંસાર-સાગર તરવાનો. એ ત્રિસાધનવિહુણો હરકોઇ ગમે તેવા કષ્ટો આદરશે તો પણ સાચા સ્વરાજ્ય વગર રહેવાનો.

" મેં શ્રી જંબૂસ્વામી પાસેથી એ કિંમતી રત્નોની–વચનોની–ચોરી કરી છે. એથી મેં અમાપ ફાયદો ઉઠાવ્યો છે. તેઓ તરી ગયા છે અને મને તરી જવાની ચોક્કસ ખાતરી છે. તમોને પણ સાચી તમન્ના હોય તો માર્ગ ખુલ્લો છે. "

' **सर्वमंगलमांगल्यम्** ' થતાં જ સૌ વિખરાયા. પ્રત્યેકના ચહેરા પર નવી રોશની પથરાઇ હતી. ચોરમાંથી ગુરુ બનેલ

આચાર્ય પ્રભવસ્વામીની પ્રભાવયુક્ત વાણીનો એ પ્રતાપ હતો, પણ પ્રભવસ્વામીના ચહેરા પર નજર નાંખતાં એમનો હેતુ બર આવ્યો જણાતો નહોતો. વિચારના મંથનમાં ને મંથનમાં તે દિવસ પસાર થયો. દીર્ઘ વિચારણાને અંતે તેમને જ્ઞાન-દૃષ્ટિએ કંઇક ઝાંખી થઇ અને તેના તાત્કાલિક અમલ માટે બીજે દિવસે વિચક્ષણ શિષ્યોને બોલાવી, ખાનગીમાં કાંઇક કહી અમુક દિશા પ્રતિ વિહાર કરાવ્યો.

ત્યારપછી જ તેઓ ચિંતાભારથી મુક્ત થયા હોય એમ લાગ્યું. રોજ કરતાં તે સંધ્યાએ એ જ વદન વધુ પ્રફુલ્લ ભાસ્યું એનું કારણ હવે પછીના નવા કથાનકમાં નીહાળીશું.

# શય્યંભવસ્વામી

## ૧. પિતાની આજ્ઞા—

ચારે બાજુ જયાં જુઓ ત્યાં આવી પડનારા મહાદુઃખની ગ્લાનિ પથરાઇ રહી છે. અંબાજી માતાના ચકલામાં વસતા નાના મોટા પ્રત્યેક માનવીના હૃદયમાં ગઈ રાત્રી ભટ્ટ મહાશંકરે જે દુઃખમાં વ્યતીત કરી છે એ ઉપરથી નિશ્ચિત થઈ ચૂકયું હતું કે ભૂદેવ મહાશંકર હવે થોડા કલાકના મહેમાન છે. એમના પિતા–શિવશંકરે દુનિયા પર જે વર્ષો વિતાવેલા એના પ્રમાણમાં મહાશંકર અડધે પહોંચ્યાં ગણાય. ગઇ સંધ્યા સુધી અનુભવીઓનું માનવું હતું કે પથારીમાંથી ભટ્ટ મહાશય જરૂર ઉઠશે, પણ રાત્રીના રોગે જે રીતે પલ્ટો લીધો એ જોતાં આશા નિરાશામાં પરિણમી અને તેથી જ આજે સવારથી સારાય લત્તામાં દુઃખની કાલિમા પ્રસરી રહી હતી. મહોલ્લામાં લોકો ભટ્ટજીની પથારી પાસે ખડા પગે ઉભા રહી સેવા કરતા એના કારણમાં દ્વિજ મહાશયની શ્રીમંતાઇ પ્રથમ નજરે–આંખે ચઢે પણ જરા બારીકાઇથી તપાસ કરવામાં આવે તો એ વિચાર બદલવો પડે. પિતાની દોલતમંદી કરતાં તેના પુત્ર શય્યંભવની સૌમ્ય પ્રકૃતિ, સરળ વૃત્તિ અને પરમાર્થપણે જીવન જીવવાની લાલસા અગ્રભાગ ભજવતી જણાઇ આવે. મહોલ્લાના જ નહીં પણ સારાય શહેરનાં ઉપયોગી કાર્યોમાં આ ભાઇશ્રીની આગેવાની ખરી જ. કેટલાય દ્વિજ કુટુંબોમાં આ શ્રીમંત પુત્ર છૂપી રીતે મદદ પહોંચાડતો. સામાન્ય લોકવાયકામાં બ્રાહ્મણજાતિ લોભી મનાય છે. એ દાન ગ્રહણ કરવામાં જેવો ભાગ ભજવે છે તેવો દેવામાં નથી દાખવતી, એ

માપે માપતાં અને દાદા તથા પિતાની રહેણી–કરણી સાથે તુલના કરતાં શય્યંભવ દ્વિજનું વર્તન અપવાદરૂપ લેખાય. બ્રાહ્મણ-કુળની તૃષ્ણા કરતાં ક્ષત્રિયોચિત સાહસિકતા એના જીવનમાં વધુ દ્રષ્ટિગોચર થતી. એમાં એક વણિકતનય સાથેનો મૈત્રીના ઘેરાં છાંટણાં છંટાયાં હતા, જે બીના આગળ આવવાની હોવાથી હાલ આપણે પ્રસ્તુત વિષયના પ્રવાહમાં આગળ વધીએ. રૂગ્ણ-શય્યામાં પડેલા પિતાએ ઇશારો કરી, દવા તૈયાર કરી રહેલ પુત્રને પાસે બોલાવ્યો. પોતાના તકીયાને અઢેલીને બેસવા તેમજ પોતે જે કંઇ કહે તે શાંતિથી સાંભળવા સ્વેચ્છા વ્યક્ત કરી.

શય્યંભવે મરણોન્મુખ વડિલની ઇચ્છા પ્રમાણે સર્વ વ્યવસ્થા તરતજ કરી દીધી. થોડાં આપ્તજન સિવાયનાં સૌ આપમેળે અડખે–પડખે થઇ ગયા. કમરામાં એક સોય ભોંય પર પડે તો પણ ખબર પડે એવી શાંતિ પથરાઇ. ક્ષણે ક્ષણે ક્ષીણ થતી જતી દેહશકિત સંગ્રહી સ્વસ્થ થઇ મહાશંકરે કહેવા માંડયું.

“ પુત્ર ! મારા જીવનમાં તારા વિનય, બહુમાન અને આજ્ઞાંકિતપણાએ ખરેખર સુવાસ પ્રગટાવી છે. વેદમાં કહેલા યજ્ઞ, યાગ સંબંધે તારા વિચારોમાં ભિન્નતા હોવા છતાં તેં એ સામે પ્રત્યક્ષ વિરોધ દાખવ્યો નથી. વિપુલ લક્ષ્મી, વિશાળ સમૃદ્ધિ અને સુલક્ષણી ગૃહિણી મળવા છતાં તેં એક સાચા બ્રાહ્મણને શોભે તેવું જીવન જીવવામાં આનંદ માન્યો છે. કુમાર્ગનો પડછાયો સરખો પણ લીધો નથી, કુળને ઝાંખપ લાગે તેવું કાર્ય તારા હાથે ભવિષ્યમાં થવાનું નથી એની મને પૂરી ખાતરી હોવાથી મારે એ માટે કાંઇ શિખામણ આપવાપણું છે જ નહિં. ” આટલું બોલતાં વૃદ્ધનો શ્વાસ ઘેરાયો એટલે

જરાવાર ચૂપ રહ્યાં. ચાંગળું પાણી પીધું અને પુનઃ બોલવાનો આરંભ કર્યો.

“ માત્ર એ વાત જણાવવાની છે-એક તો મેં આપણે આંગણે મહાયાગ કરવાની આશા સેવેલી પણ હવે તે મારા હાથે ફળિભૂત થાય તેમ નથી જ, તે કાર્ય મારી પાછળ તું જ કરે તો જ મારી આશા પૂર્ણ થાય તેમ છે. અલબત્ત, એમાં અશ્વઆદિ જાનવરની હિંસા સમાયેલી છે, પણ તારા સરખો આજ્ઞાંકિત પુત્ર મૃત્યુશય્યાએ પડેલા પિતાની આશાપૂર્તિ અર્થે વેદવિહિત એ ધર્મકરણી કરવામાં માત્ર સ્વમંતવ્યના કારણે પીછેહઠ કરશે એમ માનવાની મારી બુદ્ધિ સાફ ના પાડે છે છતાં આ સ્નેહીવૃંદ સમક્ષ તારા મુખે જાહેરાત થઇ જાય તો વધારે સારૂં. બીજું કાર્ય તો કર્માધીન હોવાથી એ માનવશક્તિના હાથની વાત નથી. અલબત્ત, મારા નેત્રો એ ન જોઇ શકે તેથી હું તદ્દન નિરાશ નથી બનતો. કયો પિતા પૌત્રમુખદર્શનનો અભિલાષી ન હોય ? પોતાના અંગજના બાળક કે બાળિકાને ખોળામાં બેસાડી ઘડીભર લાડ લડાવવાની ઉત્કંઠા સંસારવાસી હરકોઇ વૃદ્ધને અવશ્ય હોય જ, એમાં વળી પવિત્ર ગંગા-મૈયા જેવા નિર્મળ અને ગંભીર હૃદયવાળી પુત્રવધૂ ગંગાલક્ષ્મીના અંકમાં, દ્વિજવંશમાં ચંદ્ર સમી કીર્તિને ધારણ કરનાર, શિવશંકરના વંશને વિસ્તારનાર અર્ભક રમતો જોવાના કોડ માત્ર મને એકલાને જ નહીં પણ ફળીયાના નાના મોટા દરેક માનવીને અવશ્ય હોય પણ યમરાજની હાકલ પડી રહી છે એટલે હું તો એ કોડ અણપૂર્યો મૂકી વિદાય લઇશ. પણ મારી એ આશિષ ભોળાનાથ શંકર અણપૂરી નહિં રાખે સુલક્ષણી ગંગાને જરૂર માતૃપદથી અલંકૃત કરશે. ”

" કાકાશ્રી ! તમારી વાણી જરૂર ફળશે. મારી ભાભીની જે શરીરસ્થિતિ સંબંધી હકીકત હું જાણું છું ત્યાં સુધી મને કહેવામાં વાંધો નથી કે જરૂર તેણી ગર્ભ ધારણ કરી ચૂકી છે અને થોડાં દિવસ વ્યતીત થતાં એ વાતની ખાતરી પણ થઇ જશે. મારું મન સાક્ષી પૂરે છે કે આપ જેવા વૃદ્ધના આશીર્વાદ જરૂર ફળશે. "

સમીપમાં ઉભેલી પોતાના પિતરાઇ ભાઇની દીકરી મંજુલાના કર્ણપ્રિય શબ્દો સાંભળીને સૌ કોઇને હર્ષ ઉપજ્યો. પથારીવશ મહાશંકરે પૌત્રમુખદર્શન જેટલું જ સુખ ક્ષણ પૂરતું અનુભવ્યું અને શય્યંભવની પત્ની ગંગાનું મુખ લજ્જાથી અવનત થયું.

એક વાતની પૂર્ણતા આમ આકસ્મિક રીતે થતી નીરખી ડોસાના નેત્રો પુત્ર યજ્ઞ કરવા સંબંધમાં શું ઉત્તર આપે છે એ સારુ મીટ માંડી રહ્યાં.

શય્યંભવને હકાર ભણતાં વિચાર થઇ પડયો ! આ ધર્મસંકટમાંથી કેમ સહીસલામત બહાર નીકળવું એ માટે વિચારવા લાગ્યો. આજારી વડીલની ઇચ્છા પુરવાનો એક કુલીન વંશજ તરીકેનો એનો ધર્મ હતો. બીજી બાજુ આજ કેટલાક વર્ષોથી એના વિચારો ધર્મના ઓથા તળે ચાલી રહેલી આ જાતની હિંસાથી ભિન્ન માર્ગે વહી રહ્યાં હતાં. એ કાર્યમાં ધર્મનું બુંદ સરખું દેખાતું ન હતું. કેવળ અજ્ઞાનતા અને નિર્દયતાના સ્પષ્ટ દર્શન થતાં. આ જાતના ભયંકર ક્રિયાકાંડ સામે નિર્ગ્રંથ એવા શ્રમણો તરફથી વિરોધનો વંટોળ ઊઠી ચૂકયો હતો. તેઓની યુકિતપુરસ્સરની દલીલ સામે ઘણા-

ખરા પંડિતમાનીને નમતું તોળવું પડયું પણ હતું અને એ કારણથી કેટલાક સ્થાનોમાં આ જાતનો પાપમય પ્રવૃત્તિનો અંત આવ્યો પણ હતો; છતાં અજ્ઞાનતાનું પ્રમાણ નાનુસૂનું ન હોવાથી તેમજ રાજદરબારમાં અને વર્ણોના સમૂહ ઉપર બ્રાહ્મણવર્ણની લાગવગ સવિશેષ હોવાથી યજ્ઞ–યાગો આજે પણ ધર્મનાં કાર્યોમાં લેખાતા, એના મહિમાના સ્તોત્રોનો ઘોષ હજી પણ દિગંત સુધી પહોંચતો. પોતાના વતનમાં એથી વિપરીત વિચાર કરનાર તરીકે પોતે એકલો જ હતો. તેની સ્થિતિ વ્યાઘ્રતટી ન્યાય જેવી થઇ પડી.

પિતાની ઇચ્છા આવા સમયે કેમ પાછી ઠેલી શકાય ? તો પછી વર્ષોથી જે વિચારનો સધીયારો લીધો, એનો એકાએક આમ ત્યાગ પણ કેમ કરી દેવાય ? મનોપ્રદેશમાં ઘણી ગડભાંજ થઈ. ગણત્રીની ક્ષણોમાં ત્યાં તો જાતજાતના સમરાંગણો ખેલાયા. જ્ઞાનીને ગમ્ય એ વિષયના આંદોલન માનવીની કલમથી અણચીતરાયેલ રહેવાના જ. આખરે વિનીત પુત્રનું મુખ ઉઘડયું. જે શબ્દો એમાંથી પ્રગટ થયા તે આ પ્રમાણે હતા.

" પૂજ્ય વડીલ ! આપશ્રીની ઇચ્છા પૂરી કરવાનો મારો ધર્મ છે અને જરૂર હું તે બજાવીશ. વેદવિહિત એ કરણી માટે મારો મતફેર છે છતાં એની ચર્ચા કરવાનું આ સ્થાન નથી તેમ એ માટે આ સમય યોગ્ય પણ નથી. એ માટે હું વિદ્વાન પંડિતોને આપણા આંગણે નોતરીશ. તેઓની સાથે શંકાનું સમાધાન કરી લઇશ અને મહાયાગ કરવાનો જે મનોરથ આપે ચિરકાળથી સેવ્યો છે એને સંપૂર્ણપણે બર આણીશ. આપ સંતોષથી જીવનની છેલ્લી ઘડીઓ આત્મશ્રેયના વિચારમાં

વ્યતીત કરો. હજી પણ કોઇ વાત રહી જતી હોય તો વિના સંકોચે કહી દ્યો.

"પિતાની ઇચ્છા પૂરી કરવી એ પ્રત્યેક પુત્રની ફરજ છે. માતાપિતાના ઉપકારનો બદલો નીતિકારો કહે છે તેમ પુત્ર, પોતાની ચામના જોડાં શીવડાવે તો પણ વળી શકે નહીં. એ કથન પાછળનો આશય સમજતાં એમાં જરા માત્ર અતિશયોક્તિ નથી જણાતી.

"આપે કહેલ કાર્યોમાં તો મારો પરિશ્રમ મામુલી લેખાય. આપના જ પરસેવાની લક્ષ્મી ઘરમાં ભરી પડેલી છે. આપના જ પાડોશીઓ કામ કરવા ખડે પગે તૈયાર છે. એમાં તે મારે કયો ભોગ આપવાનો છે? મારા હૃદયમાં તમન્ના તો એવી વર્તે છે કે હું કોઇ એવું કાર્ય દુનિયામાં કરી જઉં કે જગતના અન્ય જીવો એમાંથી પ્રેરણા મેળવે. અરે! જાત ઘસાય પણ એના દ્વારા સર્જિત થયેલ કામ ન ઘસાય. કદાચ વંશજના અભાવે આ ભાગ્યાધીન વંશવેલી કરમાય પણ જેનો આધાર વંશજ પર નથી અને જેનું સ્થાન જનહૃદયમાં સ્થપાયેલ છે એ કાર્ય અમરતાને વરે–વર્ષો સુધી ગવાય. પૃથ્વી પરથી અદ્રશ્ય થયા પછી અને યુગોનાં વહાણાં વાયા પછી પણ એને સંભારનારા મળી આવે."

"દીકરા, તારી મહત્વાકાંક્ષા પ્રભુ પાર ઉતારે. મને હવે કોઇ વસ્તુની અભિલાષા નથી રહી. એક કવિએ કહ્યું છે કે—

કહ્યાગરો છે દીકરો, ગુણવંતી છે નાર;
જેના ઘરમાં એ વસે, ધન્ય તેનો અવતાર.

એ કથન સર્વથા આપણા ઘરમાં તો સાચું પડયું છે. મને "શિવ" સ્મરણ કરતાં આ દેહ છોડવામાં હવે સંતોષ છે."

× × × ×

ઉપરના બનાવ પછી થોડા કલાકમાં જ મહાશંકર દ્વિજનું પ્રાણપંખેરું આ માનવભવરૂપી પિંજરમાંથી ઊડી ગયું. આત્મવિહુણા ખોળિયાને વૈદિક વિધિ અનુસાર અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. સ્નેહીવર્ગની આંખો અશ્રુભીની થઇ. જગતમાં "આવતું" સૌને વહાલું લાગે છે પણ "જતું" તો શોક પેદા કરે છે. એટલે કુદરતી કાનૂન સામે કોનું અંતર હાલ્યા વિના રહી શકે? દંપતીના શિરે છત્ર જતાં ઘરનો, વ્યવહારનો, અને સંસારનો ભાર સહજ આવી પડ્યો. "દુઃખનું ઓસડ દહાડા" એ ઉક્તિ અનુસાર વડિલનું મૃત્યુ ધીમે ધીમે વિસ્મૃતિનો વિષય બની રહ્યું. ભૂદેવો વૃદ્ધના મરણને કેવી રીતે ઉજવવું એ સંબંધી સલાહસૂચન કરવા લાગ્યા. પૂર્વે આપણે જોયું છે તેમ આ કુટુંબનો નંબર ગર્ભ–શ્રીમંતમાં આવતો, વળી પ્રૌઢ અવસ્થામાં પાંગરતા દંપતીને હજુ સુધી કંઇ ફરજંદ નહોતું એટલે લક્ષ્મીનો વ્યય આ પ્રસંગે છૂટથી કરવામાં આવે તો વાંધા જેવું પણ ન હોતું. આવા સમયે વગરમાંગી સલાહ આપનારા તો સહજ મળી આવે છે. બ્રાહ્મણ સમાજમાં ઘણીખરી વેળા મરણ પાછળ જ ધન ખરચાતું દૃષ્ટિગોચર થાય છે. જેના મરણની ન્યાતમાં છટી "વાઢી"એ ઘી પીરસાય એની વાહવા સ્વર્ગમાં બિરાજમાન દેવો સુધી પહોંચે છે. બીજા દાનમાં દ્વિજમહાશયની લક્ષ્મીનો નંબર હો કિંવા ન હો તો પણ મરણ પાછળની શય્યા ભરવામાં અને બ્રહ્મભોજનમાં એ અગ્રપદ ભોગવે છે. શય્યંભવ ભટ્ટ પણ એ વિધિમાંથી બકાત

ન રહ્યા. ધન ખરચવામાં એમણે રંચ માત્ર કૃપણતા ન દાખવી. દેવામાં એની વૃત્તિ જન્મથી જ વિશેષ હતી. અદ્યાપિ સુધી કોઈપણ યજમાન પાસે એણે હાથ ધર્યો ન હોતો કિંવા ધરવાનો પ્રસંગ પણ આવ્યો. ન હોતો એમ કહીએ તો ખોટું નથી. જ્ઞાતિબંધુઓના પેટ ઠંડા કરાવ્યા પછી મહત્વનું જે એક કામ બાકી રહ્યું તે પિતાની અંતિમ આશા પૂરવાનું–મહાયાગ કરવાનું. શય્યંભવે એ દિશામાં દેશ–પરદેશના પ્રસિદ્ધ વેદજ્ઞો અને વેદાલંકારોને આમંત્રણ મોકલવાનો આરંભ કર્યો પિતાની આજ્ઞા પાળવામાં એ જેટલો ચુસ્ત હતો એટલો જ ચુસ્ત એ ચર્ચાદ્વારા યજ્ઞનું રહસ્ય જાણી લેવામાં હતો. એટલે આ વેળાની તૈયારી સંગીન હતી. એનું પરિણામ કેવું આવ્યું તે હવે પછી જોશું.

× × ×

## ૨. મિત્રોનો વાર્તાલાપ—

**સંધ્યા**કાળના આગમનની પ્રતીતિ કરાવતી ઠંડી સમિર–લહરીઓ ચોતરફ વાઈ રહી છે. વાતાવરણમાં આજના દિવસની પ્રતિભા તેમ જ પવિત્રતાને લઇ કોઇ અનેરા ઉલ્લાસને પ્રગટાવતી છાયા પથરાઇ રહી છે. નર–નારી અને બાળકના વૃંદો સુંદર વસ્ત્રાભૂષણમાં સુસજ્જિત થઈ એક દિશામાંથી બીજી દિશામાં હર્ષાન્વિત બની ગમનાગમન કરી રહેલ છે. સારાય માનવસમુદાયમાં અને આજના સુપ્રસંગમાં કેન્દ્રસ્થાન ભોગવતાં જળ–મંદિરની શોભા અવર્ણનીય થઇ પડી છે. કાચ જેવા નિર્મળ સરોવરના જળમાં કમળના પુષ્પોની પ્રફુલ્લિતતા દૃશ્યમાં અનુપમ ભાવ પૂરે છે. મધ્યભાગે આવેલ રમણીય

પ્રાસાદ સ્વર્ગભૂમિના એકાદ વિમાન સમો ભાસે છે. એના શિખર પર રહેલા ધ્વજાદંડની પવનના વેગથી હાલતી ઘંટડીઓ જે રવ પેદા કરે છે એ એવી તો સુંદરતા ને મનોહરતાથી વાતાવરણને ભરી દે છે કે જે અનુભવી જ સમજી શકે. જો કે કાર્તિક માસની અમાસનો [ ગુજરાતી આસો વદિ ૦)) નો ] દિવસ હોવા છતાં હજુ અંધકારના ઓળા ઉતરવાની વાર છે પણ જાણે એનો દૃઢતાથી સામનો કરવાનો નિરધાર કરીને જ ઊભા હોય એવા–જળમંદિરને જોડતાં પૂલ પર તેમ જ એની આસપાસના વર્તુળ પર સ્થપાયેલા સ્થંભો ઉપરના ફાનસમાં સ્થાપિત કરેલા દીપકો પ્રજ્વલિત થઇ ચૂકયા છે.

મંદિરની દિશા પ્રતિ પગલા માંડી રહેલ ભાવિક પથિકના હૃદયમાંથી આ મનોરમ દૃશ્યને નિરખી એકાએક ઉદ્ગારો બહાર પડે છે.

" અહા ! કેવો રમ્ય એ કાળ હશે ! દેવ, માનવ અને તિર્યંચના સમૂહ વચ્ચે વિરાજમાન થઇ, પ્રભુશ્રી વર્ધમાને અહીં જ પોતાની અંતિમ દેશના આપેલી. એ દેશનામાં ભરેલા અનુપમ રહસ્યથી એક બે નહિ પણ સંખ્યાબંધ આત્માઓનાં હૃદયકમળ વિકસ્વર બનેલાં. ચોતરફ જ્ઞાનરવિનો ઉદ્યોત પ્રસરી રહેલો. સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ અણમૂલા રત્નોની પ્રભા પથરાઇ રહેલી. જેમણે એમાં સમજપૂર્વક અવગાહન કર્યું, એ તો સ્વયમેવ શ્રીમહાવીરની માફક વીર બની ગયા. આત્મત્વ પરમાત્મત્વરૂપે પરિણમાવ્યું. અહા ! પણ જેમનો એ કાળે જન્મ સરખો નહોતો થયો એવા જીવોને સારુ પણ એ મહાસાર્થવાહે જે વારસો મૂકયો છે તે ઓછો કિંમતી નથી."

અંતરના નાદને, જગતની હવામાં તરતો મૂકી રહેલા આ પથિકને પાછળ આવતા પોતાની જેવા બીજા એક પથિકનું ભાન સરખું પણ નહોતું. મનના તરંગની શ્રેણી હજુ પણ આગળ વધી હોત, પરન્તુ પેલા પથિકે પ્રથમના પથિકના ખભા ઉપર એકદમ હાથ મૂકીને, એવા તો જોરથી શબ્દોચ્ચાર કર્યો કે જેથી તેના મનોપ્રદેશના દ્વાર બંધ થઈ ગયા. ઉભય વ્યવહારુ દુનિયાના માનવી બની ગયા.

" મિત્ર જિનદાસ ! તું અહીં કયાંથી ? કયાં હસ્તિનાપુર અને કયાં પાવાપુરી ? વળી એકલો કેમ દેખાય છે ? આજના પવિત્ર દિવસે તારી સાથે કેમ ચારુશીલા ભાભી નથી દેખાતા ?"

" અરે ! હું શું જોઇ રહ્યો છું ? આ તે સ્વપ્ન છે કે સત્ય ? સહૃદ( મિત્ર ) શય્યંભવ, તું એકાએક આ નિર્વાણભૂમિમાં કયાંથી આવી ચઢયો ? બ્રાહ્મણસંસ્કૃતિનો પૂજક શ્રમણોના પુનિત ધામમાં પગલાં માંડે એ તે કેવું આશ્ચર્ય ! "

" મિત્ર જિનદાસ ! જળમંદિરના આ પવિત્ર પગથિયા પર થતો આપણો મેળાપ એ જેટલો અકસ્માતિક છે એટલો જ રહસ્યપૂર્ણ છે. ખરેખર એમાં કુદરતી સંકેત જ છે. હજુ નિશાકાળની આરતિને વિલંબ છે તો ચાલ, પેલા વિરામાસન પર બેસી પરસ્પરની કુશળવાર્તા જાણવાનો પ્રયાસ કરીએ. "

" મિત્ર શય્યંભવ ! સંસારી જીવની કુશળતા એ તો ડાભના અગ્રભાગ પર રહેલ જળબિંદુ જેવી ક્ષણિક છે. પવનનો એકાદો સપાટો લાગતાં તે બિંદુ હતું ન હતું થઇ જાય તેમ એકાદ કાળનો ધક્કો લાગતાં એ કુશળતા માટીમાં મળી જાય છે. ખરી રીતે એને કુશળતા કહેવાય જ કેમ ? દુઃખનો

અભાવ એનું નામ જ સુખ. તે પણ નામ માત્ર. બાકી સર્વત્ર દુઃખ ને દુઃખ જ છે. તેથી જ જ્ઞાની ભગવંતો સંસારને અસાર કહે છે. જોને કેવા ઉમંગભેર અમો દંપતી હસ્તિનાપુર વિગેરેની યાત્રાએ નીકળેલા. એ વેળા જુદા જુદા સ્થળોમાં પરિભ્રમણ કરવાનો નિશ્ચય પણ કરેલો પણ '**આરંભ્યા અધવચ રહે અને દૈવ કરે સો હોય**' એ વચન પ્રમાણે કંઈ જુદું જ બની ગયું. શેરડીના રસથી અક્ષય તૃતીયાના દિવસે ચારુશીલાએ હસ્તિનાપુરમાં વર્ષીતપનું પારણું તો કર્યું પણ ત્યારથી જ એનાં ગાત્ર ઢીલાં પડવા માંડયાં. અમારો તપ એટલે ભાઈ ! તું જાણે તો છે જ કે એમાં ફરાળ જેવું તો હોય જ નહીં. કેવળ ઇચ્છા હોય તો ઉકાળેલું અચિત્ત પાણી પીવાય, પણ તારી ભાભી એટલે શ્રદ્ધાની સાક્ષાત્ પ્રતિમા. પ્રભુશ્રી વીરે જેમ નકોરડા–જળ સરખું પણ લીધા વગરના–ઉપવાસો કરેલા તેમ કરવાનો નિયમ એણે રાખેલો. પારણા પૂર્વેના ચારે ઉપવાસ નિર્જળ કર્યાં. જો કે એની પ્રતિજ્ઞા તો અણનમ રહી પણ એમાં એની કાયાએ સાથ ન આપ્યો. શરીરમાં નબળાઈ વધી પડી. બીજા યાત્રાધામોમાં ફરવાના મનોરથ બાકી રાખી મારે ફરજીયાત મહિનાઓ સુધી એ ભારતવર્ષની પુરાણી પાટનગરીમાં રહેવું પડયું. એ સ્થાનનું મહત્વ અમારી ધાર્મિક નજરે ઓછું તો નથી જ. ઘણા વર્ષો પૂર્વે અમારા આદ્ય તીર્થપતિ શ્રી ઋષભદેવને એક વર્ષના ઉપવાસોને અંતે શ્રેયાંસકુમારે એ જ સ્થળમાં ઇક્ષુરસથી પારણું કરાવેલું. એ પછીના કાળમાં આ પવિત્ર નગરીમાં સોળમા તીર્થપતિ શ્રી શાંતિનાથ, સત્તરમા શ્રી કુંથુનાથ અને અઢારમા શ્રી અરનાથ–એમ ત્રણ

ભગવંતો થયેલા. એ દરેકે ચક્રવર્તીપણાની ઋદ્ધિસિદ્ધિઓ પણ ભોગવેલી અને પ્રાંતે એ સર્વને તજી દઈ સંયમ સ્વીકારેલો. એ દરેકના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાનરૂપ ચાર ચાર કલ્યાણકો આ પવિત્ર ભૂમિમાં જ ઉજવાયેલા. આ પુનિત શહેરમાં કારણવશાત્ મારે ઘણો સમય રોકાવું પડ્યું. વહાલી એવી વલ્લભા ચારુશીલાએ ત્યાં જ પ્રાણ છોડ્યા, તેણીનો જીવન-દીપ ત્યાં જ બુઝાયો. હસ્તિનાપુર તીર્થ મારે માટે અનોખા ધામ સમ બન્યું. પત્નીના વિરહે પ્રથમ તો મારો સંસાર ખારો બનાવ્યો પણ જેમ જેમ હું એના સ્મરણમાં ઊંડો ઊતરતો ગયો તેમ તેમ મને એના મૃત્યુમાંથી અવનવા બોધપાઠ મળવા માંડ્યા. મુસાફરખાના જેવા આ સંસારની અસ્થિરતા ચોખ્ખી સમજાવા માંડી. એના જેવી દૃઢ શ્રદ્ધા કેળવી, માનવભવની સાર્થકતા કરવાની ભાવના પ્રબળ બની. એકલું શ્રમણજીવન જ ભય રહિત ભાસ્યું. 'श्रमणत्वं रमणीयतरम्' એ પદ યાદ આવ્યું.

लोकः पृच्छति मे वार्ता, शरीरे कुशलं तव ? ।
कुतः कुशलमस्माकम् ? आयुर्याति दिने दिने ॥

શ્રાદ્ધમુખ્ય આનંદે જેમ પોતાની કુશળતા પૂછનાર સ્નેહીવર્ગને ઉપરનો શ્લોક કહી, આયુષ્યની ચંચળતા દર્શાવી જે ઉત્તર આપ્યો હતો તે મને વ્યાજબી જણાયો અને તેથી હે મિત્ર ! મેં પણ તારા પ્રશ્નના જવાબમાં મારી કહાણી વર્ણવી, સંસારની નશ્વરતા દર્શાવી, મારો ભાવી રાહ કેવા પ્રકારનો છે એનો ખ્યાલ કરાવ્યો છે. ચારિત્ર અંગીકાર કરતાં પૂર્વે વ્યવહારીજીવનના પાસા સરખા કરવા માટે જ હું પાછો ફર્યો છું.

એમાં દીવાળીપર્વ આવતાં એક વાર આ દેહે શ્રી મહાવીર-દેવનું નિર્વાણકલ્યાણક ઉજવવાની ભાવના ઉદ્ભવી તેથી જ આજે સવારે અહીં આવી ચઢ્યો. નિર્વાણપળે થતું છત્રસંચાલન નિરખવાના ઇરાદાથી કંઈક વહેલો આવ્યો. "

"જિનદાસ ! તારી કથની જેમ દુઃખ પ્રગટાવે છે તેમ એનો અંત ભાવી જીવનની સુવાસ સૂચવતો હોવાથી હર્ષ પણ જન્માવે છે; છતાં મારી કહાણી તો કેવળ દુઃખપૂર્ણ છે. અહીંનાં મારા આગમનથી આશ્ચર્ય થાય એ સહજ છે પણ એની પાછળ તિમિરના જે પટો છવાયા છે એ જ્યારે તું સાંભળશે ત્યારે તને પણ અવશ્ય દુઃખ ઉદ્ભવશે.

"પિતાશ્રી થોડા દિવસની માંદગીમાં ગુજરી ગયા. આત્માની અમરતાને પિછાણનાર વ્યક્તિ એવા પ્રસંગમાં અતિશય હતાશ ન બની જાય, કેમકે જન્મમરણ એ તો વિશ્વની પ્રચલિત રીતિ છે. વળી મારો સ્વભાવ તું સારી રીતે જાણે છે કે હું મરણથી ડરનારો નથી–એ તો સંસારની પ્રકૃતિ છે, પણ એ વડિલે મૃત્યુશય્યા પરથી મને એક જે કપરી આજ્ઞા આપી છે તે મારે માટે આજે જીવલેણ દર્દ સમ બની ચૂકી છે. એમના અવસાન નિમિત્ત મારે મહારૂદ્ર યજ્ઞ કરવાનો છે. યજ્ઞ પાછળની હિંસા માટે મારા શા વિચાર છે તે તું જાણે છે, છતાં પર-લોકપ્રયાણ કરી રહેલા વડિલની આજ્ઞા શિરોધાર્ય કરવા માટે એ 'પણ' મેં લીધું. મારા વિચાર ફરજના બોજા નીચે દબાયા. **आज्ञा गुरूणाम् अनुल्लंघनीया।** એ સૂત્રે જોર પકડયું.

"યજ્ઞ કરવાનો નિશ્ચય કરી મેં જુદા જુદા પંડિતોને આમંત્રણ પાઠવ્યાં. કેટલાકના આવવા સંબંધી નિશ્ચિત ઉત્તરો

પણ મને મળી ગયા. નાલંદાના પ્રસિદ્ધ વિદ્વાન્ તર્કભૂષણ શ્રીધરશાસ્ત્રીએ લખ્યું કે ' એક વાર મારે જાતે તેમને નાલંદામાં મળી જવું. ત્યારપછી જ પોતાના આગમનની મિતિ નિશ્ચિત થઈ શકે. ' મારે એ વિદ્વાનને મળવા જાતે જવું પડયું પણ ' **प्रथमग्रासे मक्षिकापातः** ' જેવું થયું. અર્થાત્ મુલાકાત થતાં પહેલો જ ધડાકો એમણે એ કર્યો કે–' જો શય્યંભવ! તારે યજ્ઞ કરવો જ હોય તો અત્યાર પૂર્વેના તારા અહિંસા સંબંધીના મંતવ્યોને તિલાંજલિ આપી દેવી પડશે. આ પ્રસંગે તારા પેલા વણિકમિત્રને કે કોઈ જૈનને તારા આંગણે નોતરવા દેવામાં નહીં આવે. વેદના પાઠના ધ્વનિ સિવાય અન્ય કોઈ પ્રકારની વાત જ નહીં થઇ શકે. જો આ શરત કબૂલ મંજૂર હોય તો જ હું આવું. '

' વ્યાઘ્રતટીન્યાયે ' ઘડીભર થયું કે આ ભૂદેવને ન બોલાવું, પણ એ મહાશય તો જાણે અધૂરું હોય તેમ મારો ઉત્તર મળે તે પૂર્વે ગર્જી ઊઠ્યા કે—

' રખે મનમાં ધારી લેતો કે શ્રીધરશાસ્ત્રી વિના યજ્ઞ આટોપીશ, પણ મારી ન આવવા સંબંધી વાત બહાર પડતાં જ જેમણે હા પાડી હશે તે પણ ના કહેશે. મારું એક ફરમાન થતાં જ તારું કાર્ય અટકી પડશે. મારા કથનનો વિજય એ જ મારું જીવનકાર્ય. શ્રમણ–સંસ્કૃતિ સામે બળવો ઊઠાવવો એ જ મારું ધ્યેય. અહિંસાની પ્રતિષ્ઠા મારી હાજરીમાં થઇ શકે જ નહિ. આ વચન એક શાસ્ત્રના છે કે **वर्णानां ब्राह्मणो गुरुः ।** એમાં મીન–મેષ થનાર નથી. વેદવાકયોમાં શંકા કરવી એનું જ નામ નાસ્તિકતા. એવું સત્યયુગ, દ્વાપર કે ત્રેતામાં ન બને

પણ આ હડહડતા ‘ કલિયુગ ’ માં બની રહ્યું છે, છતાં એ દ્વિજસંતાન ! તું એ વાત જરા પણ લક્ષ્ય બહાર જવા દઈશ નહીં કે જેના પૂર્વજોએ ‘ **हस्तिना ताड्यमानोऽपि, न गच्छेत् जैनमंदिरम्** ’ જેવા સૂત્ર અનુસાર જીવન ગાળ્યાં છે તેનું સંતાન કદી પણ પોતાની નજર સામે શંકાસ્પદ વાતાવરણ ન તો ખડું કરશે કે ન તો અન્ય કોઈને કરવા દેશે. એને મન વેદના વાક્ય એ શિલામાં કોતરેલા શબ્દો કરતાં વધુ કિંમતી છે, એ માટે ચર્ચાની અગત્ય જ ન હોય. ’

“ વહાલા મિત્ર ! ભૂદેવ મહાશયની આ જલતી જ્યોત સમી વાણી શ્રવણ કરી હું તો ઠંડો જ થઈ ગયો. ચક્ષુ સામે ધર્મસંકટ ખડું થયેલું નિરખી ગ્લાનિ અનુભવવા લાગ્યો. તૈયારીઓ થઈ ચૂકી હોવાથી–પ્રતિજ્ઞાપાલનનો અન્ય માર્ગ ન હોવાથી–એ જ સ્થળે પંડિતની ‘ હા ’ માં ‘ હા ’ ભેળવી, પધારવાની તિથિ નક્કી કરી, મ્લાન વદને ત્યાંથી ચાલી નીકળ્યો. રસ્તામાં મારી જાત પર મને તિરસ્કાર ઉપજ્યો. પોતાના મંતવ્યમાં આ રીતે નમતું મૂકવા બદલ પશ્ચાત્તાપ થયો, પણ એ સર્વ ‘ પાણી પીધા પછી ઘર પૂછવા જેવું ’ નિરર્થક હતું. થોડી માનસિક ઘડભાંજ કરી એક જ નિરધાર કર્યો કે અહીં આવ્યો છું તો એક વાર અહિંસાના ફિરસ્તાની નિર્વાણભૂમિના દર્શન તો જરૂર કરવા, અને તરત જ આ દિશા પ્રતિ પગલા માંડ્યા. સ્વપ્ને પણ એ વેળા તારો મેળાપ થવાની આશા નહોતી, પણ ‘ **વિધિના વિધાન તો ન્યારા જ છે.** ’ અણધાર્યો તારો મેળાપ થયો અને અંતર ખોલવાની તક પણ સાંપડી અને તારા દુઃખી હૃદયને દિલાસો દેવાની પળ પણ પ્રાપ્ત થઈ. ”

"શય્યંભવ! તો પછી તારે હાથે યજ્ઞક્રિયા થવાની એમ જ ને? કોઈ બીજા પાસે એ ક્રિયા ન કરાવાય?"

"જિનદાસ! માત્ર ક્રિયા જ નહિ પણ વેદમાં કહેલ અજા-મેધ પણ મારા હાથે જ કરવાનો–દિલ હો કિંવા ન હો પણ વિધિ પ્રમાણે પિતાના શ્રેયાર્થે એ કરુણાજનક નાટકમાં મારે મુખ્ય નટ તરીકેનો સંપૂર્ણ પાઠ ભજવવો પડશે."

"અરરર! જાણી જોઈને એક પંચેંદ્રિય જીવનો વધ કર-વાનો અને તે પણ ધર્મના ઓઠા તળે. કેવું વિચિત્ર! પણ જ્યાં બીજો ઇલાજ ન દેખાતો હોય ત્યાં થાય પણ શું? જો અંતર ખોલી શકાતું હોય તો આજે તારી સામે એમ કરી ખાત્રી કરી આપત કે મિત્ર! તેં જે દયાનું સ્વરૂપ સમજાવ્યું છે તે ઉખરભૂમિ પર નથી પડ્યું. એને અંકુર તો ઊગ્યા જ છે. અફસોસ એટલો જ કે હાલ તો એ અંકુર કરુણાવારિના સિંચન વિના ચીમળાવા લાગ્યો છે; છતાં આશા અમર છે."

"મિત્ર! નામરજીથી કાર્ય કરવું પડતું હોય તો અમારા સિદ્ધાંત પ્રમાણે એમાં મંદ પ્રકારનો દોષ લાગે છે, એનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લઇ શકાય છે, એને માટે **गणाभियोग** આગાર છે."

આ પ્રમાણે વાત થાય છે ત્યાં તો જળમંદિરમાં થતી આરતિનો સ્વર કર્ણપટ પર અથડાયો અને ઘંટાના મધુર તેમજ આહ્લાદક નાદથી વાતાવરણ ડોલાયમાન થયું.

× × ×

### ૩. શ્રીધરશાસ્ત્રીની ગોઠવણ—

"**શાસ્ત્રી** મહારાજ! આપ ગમે તેમ માનો, પણ મને આ વેળા કોઇ મહાન્ સંકટ ઉપસ્થિત થશે એમ લાગે છે."

પ્રાત:કાળની સંધ્યામાંથી પરવારતાવેંત ભૂદેવ રામશંકરના મુખદ્વારા ઉપર વર્ણવ્યા અશુભ સમાચાર શ્રવણ કરતાં જ શ્રીધરશાસ્ત્રીની ભૃકુટી એકાએક ચઢી ગઇ અને નેત્રોમાં રતાશની ટશરો ફૂટી નીકળી. તેઓ તાડુકીને બોલ્યા :

"તમને આવી આગાહી કરવાનું કોણે શીખવ્યું ? તમારો અભ્યાસ કેટલો ? કેવળ 'સ્વાહા સ્વાહા' કરતાં આવડયું એટલે શું તમારી જાતને પંડિત માની બેઠા કે સ્વયમેવ ત્રિવેદી બની ગયા ? યજ્ઞસ્થંભના આરંભકાળથી જ આ જાતની કુશંકાઓ તમે કરતા આવ્યા છો. આજે યજ્ઞની પૂર્ણાહુતિનો દિવસ છતાં તમારા પેટમાં રમતા શંકાના કુરકુરિયા હજી પણ ન મટ્યા ! તમે મને કેવો શાસ્ત્રી સમજો છો ? વારંવાર આવી રીતે દોડી આવવાનો તમારો અધિકાર શું છે ? આજના પવિત્ર દિવસે પ્રાત:કાળની મંગળઘટિકામાં આવા અપશુકન શા સારુ કરી રહ્યા છો ? કઇ જ્યોતિષની ગણત્રીએ તમે આમ વદી શકો છો ? " શાસ્ત્રીમહારાજની લાવાના રસ સમી ધીકતી પ્રશ્નાવળી સાંભળીને રામશંકરના મોતીઆ મરી જ ગયા ! ક્યાંસુધી તો મુખમાંથો એક હરફ સરખો ન ઉચ્ચારી શક્યા ! માથા પરની ચક્કરડી ગોળ પાઘડીને બરાબર ગોઠવતાં ને ઉભય હસ્તોને અંજલિબદ્ધ કરતાં નમ્ર સાદે મહાકષ્ટપૂર્વક તે બોલ્યા—

" તર્કભૂષણ મહોદય ! આપ ગુસ્સે ન થાઓ. નાલંદા સરખા પવિત્ર વિદ્યાપીઠમાં વેદાંત પર પ્રવચન કરનાર આપ જેવાની વિદ્વત્તા હું નથી જાણતો એમ ન માનતા, પણ વારંવાર વિઘ્નના પડછાયા પડતા જણાય ત્યારે મારી ફરજ આપને માહિતગાર કરવાની ખરી કે નહીં ? વિઘ્નની આપને ખબર

હોય તો જ એના નિવારણ સંબંધમાં મંત્રતંત્રનું શરણ લઈ શકાય.

"મહાશય! પ્રથમ દિવસે મંગળાચરણમાં જ શિયાળણીના શબ્દો સંભળાયા હતાં. વેદિકાની સ્થાપના કરતાં ભૂમિશોધન પ્રસંગે હાડકા પણ નીકળ્યા હતા. યૂપ પર રાત્રિના ચીબરી બોલે છે એ તો આપને પણ ખબર છે અને પરમદિવસે વિધિ ચાલી રહી હતી તે વેળા અચાનક ધક્કો લાગવાથી યજ્ઞસ્તંભના બે ટુકડા થઈ ગયા. ગઈ કાલે તો અવધિ થઈ, કોને ખબર હતી કે એકાએક યજમાન બેભાન થઇ જશે. હરિ! હરિ! મારી આટલી ઉમ્મરમાં આવી વિઘ્નશ્રેણી આ સ્થાને જ મેં પહેલી વાર જોઇ. શિવ! શિવ! શાસ્ત્ર મુજબ એના નિવારણનો ઉપાય ન થાય તો કેવું ભયંકર પરિણામ આવે!

"કરનાર અને કરાવનાર ઉભય પર સાડાસાત વર્ષની પનોતી બેસે કે નહીં? મારા સરખા માંડ આજીવિકા મેળવનારના શા હાલ થાય? છોકરાં ભૂખે મરે. બાપજી! એનો ઇલાજ શોધો. 'કિરિયામાં વિઘન' એ તો મહાભયંકર! આટલા સારુ તો હું સંધ્યા કર્યા વિના કહેવા આવ્યો છું. સાંભળ્યા પ્રમાણે હજુ ગઈ રાતના યજમાનને પણ કંઇ ચેન પડયું નથી."

"રામશંકર! રંચ માત્ર ગભરાશો નહીં. એનો ઉપાય તો મારી મુઠીમાં જ છે. તમે સત્વર જઇ સંધ્યાથી પરવારો અને હવનની તૈયારી કરો. મારી પાસે ભાનુશંકર અને ગણેશચંદ્રને મોકલી આપો.

**हिंसा स्वभावो यज्ञस्य**–મચ્છપુરાણ.

યજ્ઞ હોય ત્યાં હિંસા તો હોય જ. અને સારા કામમાં

સો વિઘ્ન આવે. '**श्रेयांसि बहुविघ्नानि**' એ સૂત્ર યાદ છે? જાઓ થોડા સમયમાં જ આનંદમંગળ વર્તાવી દઉં છું." રામશંકરને વિદાય કરી તર્કભૂષણજીએ ખડીયો કલમ ઉપાડી યજ્ઞની મહત્તા દર્શાવનાર અને તેમાં હિંસા છતાં પુન્યફળની શ્રેષ્ઠતા દર્શાવનાર એક સુંદર લખાણ તૈયાર કર્યું અને તેને પૂરતા પ્રમાણમાં ઓપ આપ્યો.

પછી કલમને બાજુ પર મૂકી શાસ્ત્રી મહોદય જ્યાં ઊંચું જુવે છે ત્યાં ભાનુશંકર અને ગણેશચંદ્રને સામે ઊભેલા જોયાં.

"અરે! તમો ક્યારના આવ્યા છો?"

"અમોને આવ્યાને કંઈ ઝાઝી વેળા નથી થઈ, આપ લખતા હતા એટલે અમો મૌન રહ્યા."

"જુઓ, ત્યારે તમારે આજે ચપળતાથી તેમજ અતિ ગુપ્ત રીતે મારી સૂચના પ્રમાણે કેટલાંક કાર્યો કરવાના છે. એ સંબંધમાં કંઈપણ વાત આપણા સમુદાયમાં કે યજમાનના સ્વજનવર્ગમાં પણ પ્રગટ કરવાની નથી. ભાનુ! યજ્ઞના સ્વરૂપ તેમજ વર્ણનને સૂચવતી મેં જે નકલ તૈયાર કરી છે તેની સારા અને સુંદર વર્ણવાળી આઠ નકલો બનાવી મંડપની ચાર દિશામાં અને ચાર વિદિશામાં ટાંગી દે.

"ગણેશ! તારે જલદીથી શહેરમાં જ્યાં મારો ઉતારો છે ત્યાં પહોંચી જવું અને મારા ચિરંજીવી મહેશને કહેવું કે નાલંદાથી આવતી વેળા જે સામાન જોડે લાવ્યા છે એમાં એક ચંદનની મંજૂષા પણ છે તે શાસ્ત્રીજી મંગાવે છે. મંજૂષા લઈ જલદીથી અહીં આવીને યજ્ઞસ્થંભ નીચે એ મંજૂષા સમાય

તેટલો ઊંડો ખાડો ખોદવો. દરમિયાન ભાનુ પોતાના કામથી પરવારી તારી પાસે આવે. ઉભયે મળી પેલી મંજૂષા બરાબર સન્મુખ દ્વાર રહે એ રીતે પેલા ખાડામાં ઉતારવી. આસપાસ માટી પૂરી પૂર્વવત્ કરી દેવું અને ઉપલા ભાગમાં કુમકુમના છાંટણા અને અક્ષતના ઢગલા કરવા.

"આ દરેક કાર્ય જલદીથી આટોપવા અને એવી ગુપ્ત રીતે કરવા કે આપણા સિવાય અન્યને એની ગંધ સરખી પણ ન આવે. હું યજમાનને ઘેર જઉં છું અને હોમ-વિધાનના આરંભકાળે એને સાથે લઈને આવી પહોંચું છું. સમય થતાં આપણા સાથીદારો તેમજ બીજા શાસ્ત્રીઓ આવી જશે. એ વેળા કોઇ પ્રશ્ન કરે તો પણ જાણે તમે એ સંબંધમાં અજાણ છો એ રીતે જ વર્તવું."

"તર્કભૂષણજી! આપ સુખેથી પધારો. આપના કહ્યા મુજબ કાર્ય જલ્દીથી કરી દઈએ છીએ."

વાર્તાપ્રવાહમાં બરાબર ભળી જઈ આગળ વધવા સારુ આપણે જળમંદિરના વાર્તાલાપ પછી શું બન્યું એ તરફ જરા ઊડતી નજર ફેરવી લઈએ અને તર્કભૂષણ શ્રીધરશાસ્ત્રી યજમાન શય્યંભવ ભટ્ટની પાસે આવી પહોંચે તે પૂર્વે ત્યાં હાજર થઈએ.

પાવાપુરીમાં ત્રણ દિવસ સાથે રહી ઉભય મિત્રો પોતપોતાને કામે લાગી ગયા. એકે સંસારી જીવ તરીકેની લેણદેણ પતાવી રાજગૃહીનો માર્ગ લીધો અને પ્રભવસ્વામી જ્યારે નાલંદા તરફ વિહાર કરતાં પધાર્યા ત્યારે ભાવપૂર્વક તેમની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. કેટલાક દિવસ રાજગૃહીમાં ગચ્છા-

ધીશની સ્થિરતા થઇ. તેઓશ્રી જે દિવસે રાજગૃહીથી વિહાર કરી એના પરા જેવા નાલંદાવિહારમાં આવ્યા તેને બીજે દિવસે તર્કભૂષણ મહાશય પોતાના શિષ્યોના રસાલા સાથે ભટ્ટ શય્યંભવના નિમંત્રણથી અજામેધ યજ્ઞ કરવાને ઉપડયા. કર્ણોપકર્ણ આ વાત નવદીક્ષિત મુનિના જાણવામાં આવી અને જળમંદિરનો વાર્તાલાપ સ્મૃતિપટમાં તાજો થયો. પોતાના મિત્રના અહિંસા સંબંધી મંતવ્યમાં પિતાની મરણપથારીની માગણીએ મોટું ગાબડું પાડયું અને એમાં નાલંદાના શ્રીધરશાસ્ત્રીની હઠે એવી ગંભીર પરિસ્થિતિ જન્માવી કે પોતાના મિત્રને નમતું આપવું પડયું. સમય એવો આવ્યો કે વેદોક્ત હિંસા સામે વરાળ ઠાલવનાર અને દ્વિજસંતાન છતાં શ્રી વીરની અહિંસાની તરફેણ કરનાર એ શય્યંભવના હાથે જ પ્રબળ હિંસાના આંધણ મૂકાવાના! પોતે મિત્રના શિરે આવેલ આપદા ટાળવામાં શો ભાગ ભજવે અથવા તો એવી તે કઇ યોજના હાથ ધરે કે જેથી પોતાનો દ્વિજમિત્ર અહિંસા સંબંધી પોતાના મંતવ્ય પર દૃઢ રહી શકે? થોડા કાળની વિચારણાને અંતે નવદીક્ષિત સાધુને એક વાત સ્ફુરી. સારુંય વૃત્તાન્ત ગુરુદેવને કહી સંભળાવવું અને એ સંબંધમાં તેઓ જે સલાહ આપે તેમ વર્તવું. તરત જ તે ઊઠીને ગુરુદેવ પ્રભવસ્વામી પાસે ગયા. આચાર્યશ્રી નાલંદામાં જૈન-જૈનેતરોની વિશાળ પરિષદમાં દેશના દઈ હમણાં જ પાછા ફરી આસન પર વિરાજી આરામ લેતા હતા. એમણે નવદીક્ષિત સાધુના મુખથી સર્વ વ્યતિકર શ્રવણ કર્યો. જાણે લાંબા સમયની ચિંતા અચાનક દૂર થવાનો યોગ સાંપડ્યો તેથી સ્હેજ મુખ મલકી ગયું. તેઓશ્રી શાંતિથી બોલ્યા ‘ભાઇ! તારા મિત્રની દૃઢતા ટકી રહે તેવો પ્રબંધ હું કરીશ. એ

માટે તું હવે બેફીકર રહે.' ગુરુદેવે નવદીક્ષિત સાધુની વાત સાંભળી, દ્વિજ શય્યંભવના દયા સંબંધી વિચારો ટકી રહે એ સારુ કેવા પગલાં ભર્યાં એ તો સાધુમંડળીમાં કોઇ ખાસ જાણી શકયું નહીં, પણ ચોથા દિવસની મંગળપ્રભાતમાં બે સાધુને શય્યંભવભટ્ટના નિવાસસ્થાન તરફ વિહાર કરાવ્યો ત્યારે સૌના મનમાં એટલી તો ખાત્રી થઇ કે નવદીક્ષિત મુનિની વાત નકામી નથી ગઇ. ટૂંક સમયમાં જ કંઈ નવું બનવાનું.

તર્કભૂષણ, ભટ્ટ શય્યંભવ પાસે આવ્યા ત્યારે નિશાકાળની તંદ્રામાંથી માંડ બિછાનું ત્યજી તે દંતધાવનવિધિ પતાવતા હતા. શરીર સ્વસ્થ નહોતું તેમ મન પણ આગલા દિવસના વિઘ્નથી જાતજાતની શંકાઓના વમળમાં ચડયું હતું; છતાં શાસ્ત્રી મહારાજ પધાર્યા એટલે ઘટતો વિવેક યજમાને કરવો જોઇએ તેમ કર્યો.

પહેલો સવાલ એટલો જ કર્યો કે—

"ગુરુજી! યજ્ઞપૂર્ણાહુતિનું કાર્ય બીજા શુભ મુહૂર્ત પર રાખીએ તો ન ચાલી શકે?"

શ્રીધરશાસ્ત્રી તરત જ બુલંદ અવાજે જુસ્સાથી બોલી ઊઠ્યા–"કદી પણ નહીં. આજે કાર્યની પૂર્ણાહુતિ થવી જ જોઇએ. સારા કામમાં વિઘ્નો તો આવે જ, પણ એથી ગભરાવાનું ન હોય! ભૂતકાળમાં આવા યજ્ઞમાં દાનવો ઓછો ઉપદ્રવ નહોતા કરતા. હિંસા–અહિંસા કે પાપ–પુન્યની વાતો એ કાળે પણ થતી, તેથી સનાતન કાળથી ચાલી આવતી આં યજ્ઞવિધિ કદાપિ અટકી નથી અને અટકી શકે પણ નહીં. તારા મગજમાંથી દયાનું ભૂત તું દૂર કર એટલે જેને તું હિંસા

માની બેઠો છે તે વસ્તુતઃ હિંસા નથી પણ ધર્મ છે એમ સહજ સમજાશે. તારું વંટોળે ચઢેલું મગજ ઠેકાણે આવશે. વેદોક્ત કરણીમાં દોષ સંભવે જ નહીં. મારી સાથે વસ્ત્ર સજી ચાલ એટલે આપણા વેદ ને શ્રુતિઓ આ યાગનું સ્વરૂપ કેવું દર્શાવે છે તે હું તને બરાબર સમજાવું.” શાસ્ત્રીજીની વાત સાંભળી, પ્રથમ તો ભટ્ટજીને મનમાં ગુસ્સો આવ્યો. ગઇ કાલની બેભાન અવસ્થામાંથી હજુ સ્વસ્થતા પ્રાપ્ત કરે છે ત્યાં આચાર્યની આજ્ઞા સામે જ ઊભી છે. પણ અત્યારે ગમ ખાધા સિવાય ચાલે તેમ હતું જ નહીં. પ્રતિજ્ઞાપાલનમાં આજનો દિવસ વીતે એટલે, ‘ગંગા નાહ્યા’ જેવું હતું. એકાદ ભૂલ થાય તો ખેલ ખલાસ થઇ જાય. ગુરુજી રીસાઈ જાય તો સર્વ હતુ ન હતું થઈ જાય. એટલે માનસિક વ્યથા પર પડદો પાડી, શાસ્ત્રીમહાશયની સાથે શય્યંભવ ભટ્ટ યજ્ઞમંડપમાં આવ્યા. પ્રથમ નજરે સુંદર અક્ષરે આલેખાયેલા વચનામૃતો પડ્યા. અશ્વમેધની પ્રશસ્તિ પણ એમાંથી વંચિત નહોતી.

વેદના આલાપોથી અંતિમ દિવસની વિધિ આરંભાઇ. નર–નારી ને બાળકોના વૃંદથી મંડપની ભૂમિ ભરાઇ ગઈ. વારંવાર હોમાતા ઘૃત આદિ દ્રવ્યોથી, જે ધૂમાડો વેદીમાંથી ભભૂકી ઊઠી આકાશગામી બનતો એની મધુરી વાસથી ચારે દિશા છવાઇ જવા લાગી.

જાત–જાતના ટીલા–ટપકા કે ત્રિપુંડ્ર આદિથી જેમના કપાળો સુશોભિત બન્યા હતા એવા લાંબી શિખાધારી ભૂદેવોના પહાડી નાદોથી અને ‘સ્વાહા સ્વાહા’ ના પોકારોથી સંપૂર્ણ વાતાવરણ છવાઇ ગયું. યજ્ઞસ્થંભ આગળ બાંધેલા બકરાની

કારમી ચીસ અને જેની સામે યમરાજના ઓળા ઉતરવાની ઘડીઓ ગણાઇ રહી છે એવા અશ્વના ગભરાટની ભાગ્યે જ કોઇને પડી હતી. આચાર્યનો ઇસારો થતાં જ યજમાનના હાથમાં રહેલી નાગી તરવાર એ મૂંગા પશુઓની ગરદન પર ફરી વળવાની હતી. એ વેળા લોહીના જે ફુવારા ઊડવાના હતા અગર તો માંસના જે લોચા ભૂમિ પર પડવાના હતા એ ગમે તેવા મજબૂત હૈયાને પણ ધ્રુજાવે તેમ હતું, પણ આ વિદ્વાન ગણાતા મહાશયોએ એ કૃત્ય પાછળ ધર્મને એવી રીતે જોડી દીધો હતો કે હાજર રહેલા કોઈના પણ મન પર એ વિષાદની છાયા સરખી દેખાતી નહોતી. પરંતુ એ બને તે પૂર્વે અચાનક નિમ્ન શબ્દો કાને પડ્યા—

**अहो कष्टम् अहो कष्टम् । तत्त्वम् न ज्ञायते परम् ॥**

× × ×

### ૪. સત્ય બતાવો.

**ધરતીકંપના** આંચકાથી જેમ પૃથ્વી પરની મહેલાતો ધ્રૂજી ઊઠે, અને એમાં વસનાર માનવગણ એકાએક ગભરાટમાં પડી જાય તેમ '**अहो कष्टम्**' ના ઉચ્ચારથી યજ્ઞમંડપમાં મળેલી સમસ્ત મેદિની એકાએક આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ! કેટલાકને તો આ ગેબી અવાજ આવ્યો કયાંથી એ ન સમજાયું. વેદ અપૌરુષેય કહેવાય છે તેમ આ શબ્દો પણ અપૌરુષેય હોય તો? પણ આ શંકા ધરવાપણું હતું જ નહિં. એ વાકય ઉચ્ચારનાર શ્રમણયુગલ યજ્ઞસ્તંભની પાસે થઇને જ પસાર થયું અને વિધાન કરનાર યજમાને પોતાની સગી આંખે તે દીઠું.

પ્રાત:કાળથી યજમાનની પ્રકૃતિ અસ્વસ્થ હતી અને એના કારણમાં આગલા દિવસોમાં થયેલ અપશુકનો નિમિત્તભૂત હતાં છતાં છેલ્લી ઘડીએ અચાનક આ શબ્દો અને તે પણ એક એવા સંતોના મુખથી ઉચ્ચરાયા હતા કે જેમને સંસારની સાથે કંઇ લેવાદેવા નહોતી–જેમને આ વિધાન સાથે કંઈ સંબંધ પણ નહોતો એ જેવું તેવું આશ્ચર્ય ન કહેવાય!

આટલા બધા કષ્ટો છતાં તત્ત્વ તો અજ્ઞાત છે અર્થાત્ પરમતત્ત્વ શું છે એ હજુ સમજાયું જ નથી. એ ઉક્ત વચનનો ભાવ હતો.

જો આ સાચું જ હોય અને નિર્ગ્રંથના વચનમાં શંકા ધરવાનું કારણ ન જ સંભવે, તો અવશ્ય શાસ્ત્રીમહોદય પણ કંઇ છૂપી રમત રમી રહ્યા છે એમ માનવું જ પડે. યજમાન જોડે આ જાતનો વર્તાવ ઇષ્ટ ન જ ગણાય. બસ, આ વિચારોથી શય્યંભવ ભટનું મગજ ઘેરાયું અને ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. નેત્રો લાલચોળ બની ગયા. હાથમાંની તલવાર સહિત તે એકાએક પાટલા ઉપરથી ઊઠ્યો અને ગર્જના કરતો જાણે કાળો મેઘ ન ધસી આવતો હોય એવા ગંભીર સ્વરે આચાર્યને ઉદ્દેશી કહેવા લાગ્યો કે—

“ગુરુજી! મેં બહુ ખામોશ રાખી. વિઘ્નપરંપરા નિહાળતાં મારું મન એટલી હદે ઉદ્વિગ્ન બન્યું હતું કે યજ્ઞ પૂર્ણાહૂતિ કરવાની મેં અનિચ્છા પણ તમારી સમક્ષ દર્શાવી, પણ આપ એકના બે ન જ થયા. છતાં કુદરત સામે પંજો ઉગામનાર માનવી ક્યાં સુધી ફાવી શકે? માનો યા ન માનો પણ આ મેષ તેમજ પેલા અશ્વનું આયુષ્ય લાંબું છે. યમરાજ સ્વયં

એમનો કોળિયો કરવા તૈયાર નથી. તે વિના આપની, હિંસા-પિશાચિણીને ભક્ષ્ય ધરવાની આટલી હદની મહેનત નિરર્થક જાય ખરી ?

" વર્ષોથી મારા મનમાં આ જાતના હિંસક કૃત્યોમાં ધર્મ જેવી પવિત્ર વસ્તુનો અંશ સરખો પણ ન હોઇ શકે એવી માન્યતા બંધાઇ ચૂકી છે, એ બાબતના મને પુરાવા પણ ઓછા નથી મળ્યા. એ માટે આપણા વિપ્રસમાજ તરફથી મને નાસ્તિક તરીકેનું ઉપનામ પણ પ્રાપ્ત થઇ ચૂક્યું છે. એથી મને કંઇ ગુમાવવાનું નહોતું. અજ્ઞાન જનતાના એવા બિરુદની મને કંઇ જ પરવા હતી નહીં અને આજે પણ નથી જ. અહિંસા જેવી અમોઘ વસ્તુ પ્રત્યેની મારી શ્રદ્ધા આજે પણ કાયમ છે અને એ વાત મારું અંતર જાણે છે તેમ મારો એક વણિક-મિત્ર પણ પિછાને છે. "

" મરણપથારીએ પડેલ પિતાનો આગ્રહ અને એ સત્વર પૂર્ણ કરવા સારુ વહાલી એવી પ્રિયાનો સતત ચાલતો ઉપદેશ ન હોત તો આ શય્યંભવ નાલંદામાં આપની પાસે ન જ આવ્યો હોત. મારે તો વેદની આ હિંસાવિધિ સંબંધમાં આપ સરખા પંડિતો સાથે ચર્ચા ચલાવવાના કોડ હતા, એ દ્વારા નિચોડ આણવાનો અને જગતમાંથી આ મહામારીને હાંકી કાઢવાનો અભિલાષ હતો. પણ ઓ તર્કભૂષણજી ! આપે મને પ્રથમથી જ બાંધી લીધો–પહેલી મુલાકાતમાં જ મારી આશાનો કિલ્લો ધરાશાયી થઇ ગયો ! જીવનભરનો સંગ્રહેલો અમૃત ભંડાર પળવારમાં લૂંટાઇ ગયો ! ખેર થવાનું થઇ ગયું '**गतं न शोच्यम्**' એ સૂત્રનો સધિયારો લઇને એ બધું હું

ભૂલી જઉં છું, પણ અત્યારે ભાર મૂકીને આપને વિનંતિ કરું છું કે પેલા મુનિઓ કહી ગયા તેમ આ સર્વ કરણી કેમ કષ્ટરૂપ છે અને જે સત્ય છે અર્થાત્ નિર્મળ તત્ત્વરૂપ છે તે કઇ વસ્તુ છે ? હજુસુધી આપ મને કેમ સમજાવતા નથી ? શા સારુ બતાવતા નથી ? ”

**શ્રીધરશાસ્ત્રી** બોલ્યા: “ યજમાન શય્યંભવ ! આ તું શું વદે છે ? વેદશાસ્ત્રોમાં જેનું બહુ પુન્ય દર્શાવવામાં આવ્યું છે એવા અનેક યજ્ઞ કરાવતાં મને પળિયા આવ્યા છે, મારા બાપ-દાદાઓનો જિંદગી પણ એમાં જ વ્યતીત થઇ છે, છતાં અદ્યાપિ કોઇએ આવો પ્રશ્ન નથી કર્યો. આ પવિત્ર વિધાનનું ફળ સ્વર્ગ છે એ ભાગ્યે જ કોઇ દ્વિજસંતાનથી અજાણ્યું હોય ! તારા સરખો એક ઉત્તમ વંશોત્પન્ન બ્રાહ્મણસંતાન પેલા નિર્ગ્રંથોના મામૂલી શબ્દોથી આકર્ષાઇ આવો પ્રશ્ન કરવા તત્પર થાય એ જ આશ્ચર્ય છે. અરે ! આગળ વધીને કહું તો એ અયુક્ત છે અને ગુરુના અપમાનરૂપ પણ છે ‘ **आज्ञा गुरूणामनुल्लंघनीया** ’ એ વચન તેં સાંભળ્યું છે કે કેમ ? જ્યારે મને આચાર્ય તરીકે યજ્ઞનું સર્વ વિધાન સોંપ્યું ત્યારે તેમાં શંકા કરવાનું શું પ્રયોજન ? આવો પ્રશ્ન ઉઠાવાય જ કેમ ? પેલા અરિહંત ઉપાસક વણિકમિત્રની સંગતિનું એ પરિણામ છે. અડગ શ્રદ્ધાબળની અપૂર્ણતા જ એમાં કારણરૂપ છે. યજ્ઞ-નિમિત્તે થતી હિંસા એ હિંસા જ નથી. એમાં પાપ સંભવતું જ નથી, એમ નિ:શંકપણે માન્યા સિવાય ચાલે તેમ નથી જ. વેદનું ફરમાન છે કે એ પરત્વે રંચમાત્ર સંશય ધરાવનાર રૌરવ નરકગામી બને છે. ”

**શય્યંભવ** : "તર્કભૂષણજી ! દલીલના અભાવે આ જાતનો ભય દર્શાવી સ્વમંતવ્યનું સમર્થન કરવું તે બીજાને ભલે શોભતું હોય પણ આપ સરખા વિદ્યાકોવિદને અને જગતપ્રસિદ્ધ એવા નાલંદાવિદ્યાપીઠમાં વસનારને નથી શોભતું. વચન તો યુક્તિવાળું હોય તે જ ગળે ઊતરી શકે. અંધશ્રદ્ધાની દોરીએ બાંધેલા વાડા ઝાઝો કાળ નહીં ટકે. સાચી શ્રદ્ધા તો સો ટચના સુવર્ણ જેવી છે. એની સામે જેમ ઝંઝાવાત ઊઠે તેમ એ ઓર પ્રકાશી ઊઠે. જવા દો બીજી ત્રીજી વાતો. મને સમજાવો કે આવા પવિત્ર વિધાનમાં આટલા બધા ઉપદ્રવ શા કારણે જન્મ્યા ? નિષ્ણાત ક્રિયાવંતના હાથે આવા અપશુકનો કેમ સંભવે ?"

**શ્રીધરશાસ્ત્રી**–"વત્સ ! સારા કાર્યમાં વિઘ્નો તો આવે જ, દસ્યુ અને ક્ષુદ્રો તરફથી ભૂતકાળમાં ઓછા ઉપદ્રવ નહોતા થતા. આજે એ જાતનું કાર્ય, મંત્રતંત્રની જાળ બિછાવી બેઠેલા પેલા શ્વેતવસ્ત્રધારી સાધુઓ કરી રહ્યા છે. એવા નાસ્તિકોના ઉપદ્રવોથી ગભરાવાનું હોય જ નહીં."

**શય્યંભવ ભટ્ટ**–"આચાર્યશ્રી ! મૂળ પ્રશ્નનો ઉત્તર આપવામાં આમ ગોટા ન વાળો. જે વિઘ્નો ઉપસ્થિત થયા એમાં આ શ્રમણોનો હાથ કેવી રીતે કલ્પી શકાય ? તેઓ તો માત્ર આજે પ્રથમ જ વાર દેખાયા છે અને માત્ર થોડા શબ્દો ઉચ્ચારીને ચાલ્યા ગયા છે. વળી અહીં દસ્યુ કે ક્ષુદ્રોના પ્રશ્ન સાથે આ સાધુઓનો સંબંધ જોડવો અથવા તો મંત્રતંત્રની વાત જોડવી એ અયુક્ત છે. અલબત્ત, ચરમ તીર્થંકરના ઉપદેશનું પાન કરવાથી આમજનસમૂહમાં આ પ્રકારની હિંસા

પ્રત્યે ગ્લાનિ ઉદ્ભવી છે—ઘૃણા પેદા થઇ છે અને ક્ષુદ્રોનો કંઇ હક કે અધિકાર નથી-કેવળ તેઓ નીચ છે એટલે ઊંચ વર્ણની સેવા કરવા જ સરજાયેલા છે એવા આપ સરખાના ઉચ્ચાર અને આચરણથી એ જાતિઓમાં અસંતોષ જન્મ્યો છે-એ બધા ચાલુ વિધાન અંગેના વિરોધમાં નોંધી શકાય. અહિંસા એ જ સર્વશ્રેષ્ઠ છે અને આત્મત્વની નજરે કોઈ ઊંચનીચ નથી એવા ઉમદા અને ઉદાર વચનોના પ્રમાણિક અને ચારિત્ર-સંપન્ન શ્રમણોના હાથે થઇ રહેલા પ્રચારથી **वर्णानाम् ब्राह्मणो गुरूः** જેવા અધિકારનું અપમાન થઇ રહેલું છે એ તો ઉઘાડી વાત છે, પણ એમાં એ અજ્ઞાનવર્ગને દોષ દેવા કરતાં આપણા જ વિદ્વાનો ઇંદ્રભૂતિ-સુધર્મા આદિ દલીલોનું દીવાળું નીકળ-વાથી આ બધું ત્યજી દઈ, જૈન દર્શનમાં ભળી ગયા અને તેના મુખ્ય પ્રચારક બન્યા એ વધારે ગંભીર ફટકા સમાન છે. કયાં તો આ ક્રિયા દોષપાત્ર લેખાય અથવા તો આપણે આ કાર્યને પવિત્ર ઠરાવવા સારુ યોગ્ય દલીલનો સધિયારો મેળવવો જોઇએ. બાકી મારું અંતર કહે છે કે આ નિર્દોષ પ્રાણીઓના રક્તમાં હાથ બોળવા કે એમના માંસની ઉજાણી કરવી એમાં નથી તો ધર્મ કે નથી તો કલ્યાણ-આ જાતનું નિંદ્ય કર્મ કરીને ઉપરથી આપણે દંભ કરીએ છીએ કે એ જીવો મરીને સ્વર્ગમાં જાય છે! આના કરતાં વિચિત્ર વાત બીજી કઇ હોઈ શકે? ઝરણાનાં જળ અને જંગલના તૃણ પર જીવન વીતાડ-નારા એ નિર્દોષ જીવોએ, કયે દિવસે તમારી પાસે સ્વર્ગની માંગણી કરી હતી? આજે અગર તો ગમે તે દિવસે આપણે રચેલા આ દંભી નાટકનો પડદો જરૂર એક વાર ચીરાવાનો જ છે.

“ગઇ રાત્રે હિંસા-અહિંસાની વિચારણામાં મને ઊંઘ

સરખી નથી આવી. પુષ્કળ વિચારણા પછી મને તો અહિંસા-નું ત્રાજવું નમતું જણાયું છે, તેથી તો સવારે મેં અંતિમ ક્રિયા લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. હજુ પણ મારી તો એક વાર આપશ્રીને પ્રાર્થના છે કે મુનિના વાક્યો પાછળનો ભાવ વિચારો. સાચા તત્ત્વને ઓળખાવો."

શ્રીધરશાસ્ત્રીને યજમાન તરફથી આટલું લંબાણ સાંભળવાનું જીવનભરમાં પ્રથમ જ પ્રાપ્ત થયું. ચાલી આવેલી પ્રથામાં તેઓ શંકા સરખી પણ સાંભળવા ટેવાયા નહોતા ત્યાં દોષના સંભવની વાત તો તેમના ગળે કેમ જ ઊતરે? શ્રમણસંસ્કૃતિને તેઓ નાસ્તિકતામાં મૂકતા હતા એટલે એ સંસ્કૃતિ, એના ઉદ્ભવસ્થાન સમો જૈન ધર્મ અને એના ઉમદા તત્ત્વોનો પ્રચાર–એ સર્વ એમને આંખમાં કણાની માફક ખૂંચતા હતા. તેઓ વૈદિક મતનો વિજયગર્વ અને ઘટાટોપ કરવા ટેવાયા હતા. યુક્તિપુરસ્સર ચર્ચાને ત્યાં સ્થાન જ નહોતું. આટલી માનવમેદની વચ્ચે યજમાન આવું વદે એ પણ કેમ ચલાવી લેવાય. એટલે તેઓ તાડુકી ઊઠ્યા—

"શય્યંભવ! તું યજમાન છે, હું ગુરુ છું. આ કંઇ ચર્ચાનો સમય નથી. એ શ્વેતવસ્ત્રધારીનું કે એમની અહિંસા ચીડીયાનું. પુનઃ નામ સરખું ન લેતો. કેવળ ક્રિયામાં જ લક્ષ્ય આપ અને આ મહાવિધાનને સમાપ્ત કર."

તર્કભૂષણની આ આજ્ઞા વિચારશીલ શય્યંભવ હવે મૂંગા મુખે સાંખી લે એ શક્ય જ નહોતું. અંતર તત્ત્વ જાણવા તલપાપડ થઈ રહ્યું હતું. શ્રમણો કદાપિ અસત્ય બોલતા નથી એ વાતની પ્રતીતિ એને વર્ષો પૂર્વેથી થઈ ચૂકી હતી. યજ્ઞ-

જનિત હિંસામાં કે એના દ્વારા થતાં રક્તકુંડમાં એ હાથ બોળવા તૈયાર હતો જ નહી, માત્ર પિતૃવચનથી બંધાયેલાને આ છૂટવાની બારી મળી. એનો લાભ લીધા વિના તે કેમ રહે? જ્યાં આચાર્યનું બોલવું સમાપ્ત થયું ત્યાં તો તે ગાજી ઊઠ્યો. સમરાંગણમાં શત્રુને જોતાં જેમ શૂરો યોદ્ધો ઝાલ્યો ન રહે તેમ તલવારને હવામાં વીંઝતો તે પોકારી ઊઠ્યો—

"એ શાસ્ત્રી! તારી આજ્ઞા પાળવાની વાત પછી. પહેલાં મને ઉત્તર આપ કે અહીં તત્ત્વ શું છે? નહીં તો આ ખડ્ગ-દ્વારા પ્રથમ આહૂતિ તારા શીરની થશે. ગઇ કાલ સુધી વિપ્રો આંચ્યા એ વિધિમાં મને રંચમાત્ર શ્રદ્ધા નથી રહી. મને તો આશ્ચર્ય એ થાય છે કે આ પાપક્રિયા આકાશવાસી દેવો અને પૃથ્વીવાસી દાનવો મૌનપણે કેમ જોઇ રહ્યા છે? આ પાપલીલા ધરતી માતા ક્યાં સુધી સાંખી લેશે? ઉપસર્ગોની શ્રેણીને અટકાવનારું કયું તત્ત્વ અહીં અસ્તિત્વ ધરાવે છે તે મને સત્વર બતાવ."

માત્ર શ્રીધર શાસ્ત્રી જ નહિં પણ અન્ય ઋત્વિજો, હોતાઓ અને વિધાનમાં લીન બનેલા અન્ય ભૂદેવો યજમાનની વિકરાળ પ્રકૃતિ અને જોશભરી ભાષા સાંભળી ધ્રૂજી ઊઠ્યા. ચક્ષુ સામે સાક્ષાત યમરાજ ઊભો હોય અને એનું ભક્ષ થવાની ઘડીઓ ગણાતી હોય એમ લાગ્યું અને એ વેળા હૃદયમાં જે કંપ ઉદ્ભવે એવો કંપ સહજ સૌ કોઇને ઉદ્ભવ્યો. અન્ય જીવોના ગળે છુરી ફરતી જોવાના અભ્યાસવાળા આ દ્વિજ મહાશયો પોતાની સામે નાગી તલવાર લટકતી નિહાળતાં જ બકરી જેવા રાંક બની ગયા. મંડપમાંની પાછલી હારો સરકવા માંડી.

કેટલાક તો રફુચક્કર થઇ ગયા. કેટલાક ઓશિયાળા બની પગે પડ્યા. યજમાનના નેત્રમાંથી ઝરતો તાપ શાસ્ત્રીજી ન સહી શકયા. ગળગળા સાદે તે બોલી ઊઠ્યા.

" ભટજી ! [યજ્ઞસ્થંભ નીચે શ્રી શાંતિનાથની પ્રતિમાવાળી મંજૂષા છે. એનાથી ઉપદ્રવોનું શમન થાય છે. એ મૂર્તિ વૃદ્ધપરંપરાથી મને પ્રાપ્ત થઇ છે. એથી વિશેષ હું નથી જાણતો.] "

સ્થંભે બાંધેલા બોકડાનું બંધન શય્યંભવે તલવારના ઝટકે કાપી નાખ્યું. અશ્વને છોડી મૂકવાનો હુકમ કર્યો. પશુઓ બંધનમુક્ત થતાં જ વનના માર્ગે વળ્યા. યૂપ ખોદી મંજૂષા બહાર કઢાવી. તે ઊઘડતાં જ પ્રશમ રસથી ભરપૂર મૂર્તિ નિહાળી. જલમંદિરનો સ્મૃતિ તાજી થઇ. એ માટે કંઈ પૂછવા મંડપ તરફ નજર કરે છે તો ત્યાં તો કોઈ ન મળે ! તલવાર ફેંકી દઇ મંજૂષાને સાથે લઇ, અંતરના કોઇ અગમ્ય ભાવોથી પ્રેરાઈ એ પોતે મુનિયુગલવાળી દિશામાં આગળ વધ્યો–તેમની પાસે જવા ચાલી નીકળ્યો.

× × ×

### ૫. જિજ્ઞાસુ હૃદય—

" ગયા ધામથી ૨૫ માઇલ પૂર્વે વિંધ્યાચલની છેલ્લી કડીરૂપ પાંચ સુંદર ટેકરીઓ આવેલી છે. ગૃધ્રકૂટ, ઋષિગિરિ, વૈભાર, વિપુલ અને પાંડ્યગિરિ એ આ ટેકરીઓના બૌદ્ધકાળના પ્રચલિત નામો છે. એમની વચ્ચે એક નાનો સરખો સમતલ પ્રદેશ આવેલો છે ને તે ટેકરીઓમાંથી વહેતી ત્રણ નાની નાની સરિતાઓથી પ્લાવિત થાય છે. દૃઢ કુદરતી રક્ષણ, અપ્રતિમ પ્રાકૃતિક સૌંદર્ય અને વિપુલ જળથી પરિપૂર્ણ આ અદ્વિ-

તીય સ્થળે જરાસંધના વડવા વસુએ રામ-રાવણના યુદ્ધની પણ પૂર્વે ગિરિવ્રજપુરી નામની નગરી વસાવી હતી. મગધ-દેશની એ રાજનગરીને માગધપ્રજા 'રાજગૃહ' કહેતી ને એ નામથી જ તે જગપ્રસિદ્ધ બની હતી.

નાલંદા એ આ રાજગૃહનું એક સમૃદ્ધ પરું (બાહિરિકા) હતું. શિશુનાગવંશના રાજ્યકાળ(ઈ. પૂ. ૬૦૦ થી ૩૬૦ )માં એ વસેલું. જુદા જુદા ગ્રંથોમાં તેનાં 'નાલ' 'નાલંદ' 'નાલક' એવાં વિવિધ નામો મળી આવે છે, અને ત્યાં બુદ્ધ ભગવાનના પટ્ટશિષ્ય (અગ્ર શ્રાવક) સારિપુત્તનો જન્મ થયાનો ઉલ્લેખ મળે છે.

'નાલંદા' નામની ઉત્પત્તિ શી છે? તે નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી. હર્ષવર્ધનના રાજ્યકાળ( ઇ. સ. ૬૦૬–૬૪૮ )માં નાલંદામાં અભ્યાસ કરવા આવેલો ચીનો પ્રવાસી યુવાનચ્યાંગ જણાવે છે કે–આ સ્થળે પૂર્વકાળમાં નાલંદા નામનો નાગ રહેતો હોવાથી તે સ્થળનું એ નામ પડયું હતું. નાલંદાનું ખોદકામ કરાવનાર ડૉ. હીરાનંદ શાસ્ત્રી એમ પ્રતિપાદિત કરે છે કે નાલંદાની મુખ્ય વિશેષતા કમળોથી ભરચક તેનાં અનેક સરોવરો હતાં. નાલ એટલે કમળની ડાંખળી અને જે સ્થળ એ આપતું હોય તેનું નામ તે નાલંદા.

અનેક વનાચ્છાદિત પર્વતશૃંગો, અતિ રમણિય ને કમળ-પુષ્પોથી પરિપૂર્ણ સરોવરો અને વનવેલીઓથી શોભતી ગિરિ-ગુહાઓથી શણગારાયલી રાજગૃહની આ ભૂમિ જેવી રીતે રસિકજનોના હૃદયમાં રસનો સંચાર કરતી તેવી જ રીતે પરિ-વ્રાજકોને પણ તપ કરવા માટે આકર્ષતી. નિસર્ગની સુંદર

લીલાનો પ્રભાવ માનસિક તેમ જ આધ્યાત્મિક વિકાસ માટે ઘણો સહાયક થઇ પડે છે. આ દૃષ્ટિએ રાજગૃહપુરી આખા મધ્યદેશ( ઉત્તર હિંદ )માં તે સમયે અજોડ હતી ને તેના આ ગુણને લઇને જ **મહાવીરસ્વામી** ને બુદ્ધ ભગવાન તેના આંગણે સર્વપ્રથમ તપશ્ચર્યા કરવા આવ્યા હતા.

કાશી પાસે સારનાથ આગળના વનમાં ' ધર્મચક્રપ્રવર્તન ' કરીને ભગવાન બુદ્ધ ત્યાંથી ૧૨૫૦ ભિક્ષુઓનો શિષ્યસંઘ લઇ રાજગૃહ આવ્યા. મગધપતિ રાજા બિંબિસારે તેમને રાજગૃહની નિકટ આવેલું વેળુવન અર્પણ કર્યું ને નગરજનોએ રાજગૃહની ઉત્તરે આવેલ પ્રાવારિકાશ્રવન નામનું ઉદ્યાન તેમને ભેટ કર્યું. અહીં બુદ્ધ ભગવાન શિષ્યમંડળ સહિત રહ્યા. નાલંદામાં જેનો જન્મ થયેલો તે સારિપુત્ત અને મોગ્ગલાયન અહીં તેમના પટ્ટશિષ્યો થયા. સારિપુત્ત નાલંદામાં જ નિર્વાણ પામેલા ને તે સ્થળે એક ચૈત્ય બાંધવામાં આવેલું, તેથી એ સ્થળ બૌદ્ધસંઘમાં પહેલવહેલું મહત્ત્વ ધરાવતું થયું.

નાગાર્જુન નાલંદામાં આચાર્ય તરીકે રહેતા હોવાથી એ સ્થળ મહાયાન( બૌદ્ધ સંપ્રદાયની એક શાખા )નું કેન્દ્ર થઇ પડયું. હીનયાને પાલીભાષાને પસંદગી આપી હતી જ્યારે મહાયાને સંસ્કૃતને અપનાવી હતી, એટલે નાલંદા સંસ્કૃતનું પણ કેન્દ્રસ્થાન બન્યું હતું. નાગાર્જુન પછી તેમના શિષ્ય આર્યદેવ નાલંદા વિહારના આચાર્ય થયા હતા.

ઇ. સ. ૪૧૩ થી ૬૦૭ સુધીનો નાલંદાનો ઇતિહાસ ચીની પ્રવાસી યુવાનચ્યાંગની નોંધપોથીમાંથી પ્રાપ્ત થાય છે. એ યુવાનચ્યાંગ પાંચ વર્ષ નાલંદા વિદ્યાપીઠમાં યોગશાસ્ત્ર, વેદાદિ

બ્રાહ્મણ ગ્રંથો અને મહાયાનનો અભ્યાસ કરવા રહ્યો હતો. તે લખે છે કે–'હિંદમાં જો કે બીજા અસંખ્ય સંઘારામો (વિહારો) છે, પણ તે સર્વેમાં વૈભવ, વિસ્તાર ને ઉચ્ચ કેળવણીની દૃષ્ટિએ નાલંદા અજોડ છે. એમાં ૩૦ ફુટ ઊંચી બુદ્ધની કાંસાની એક પ્રતિમા ઊભેલી છે. ત્યાં ૬ મહાવિહારો, ૧૦૦ અધ્યાપન માટેનાં ગૃહો, ત્રણથી ચાર હજાર ચાર ચાર માળવાળાં ભિક્ષુઓનાં આવાસગૃહો, અનેક સ્તૂપો અને બીજી ઇમારતો છે. નાલંદાનું મહાન્ પુસ્તકાલય ત્રણ મોટા ગૃહોમાં આવેલું છે. તે દરેક ગૃહને નવ નવ માળ છે. આ ત્રણે અનુક્રમે રત્નસાગર, રત્નરંજક અને રત્નોદધિ કહેવાય છે. નાલંદા મહાવિહારની ચારે બાજુ ઘણો ઊંચો કોટ બાંધેલો છે. તેના દ્વાર પર દ્વારપાલ પંડિતો હાજર રહે છે. પ્રવેશ કરનાર પંડિત કે વિદ્યાર્થીની તેઓ પરીક્ષા લે છે ને તેમાં પસાર થાય તો જ પ્રવેશ મળે છે. વિહારમાં દશ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૧૫૧૦ મહાપંડિતો તેમને અભ્યાસ કરાવે છે. બધા વિદ્યાર્થીઓ ધીર, ગંભીર, પ્રતાપી ને ચારિત્ર્યશુદ્ધ છે, અને વિદ્યાપીઠની ૭૦૦ વર્ષની કારકીર્દિ દરમ્યાન એક પણ વિદ્યાર્થીને શીસ્તભંગ માટે શિક્ષા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી. મહાવિહારના ખર્ચ માટે રાજ્ય તરફથી ૧૦૦ ગામ મળેલાં છે."

અમૃતલાલ વ. પંડ્યાના 'પ્રાચીન ભારતનું સંસ્કૃતિકેન્દ્ર નાલંદા' (કુમાર માસિક, અંક ૨૨૨) નામના લેખમાંથી ઉપરનો ઉતારો ઉધ્ધૃત કરવાનું કારણ એટલું જ કે નાલંદાનું ગૌરવ પરમાત્મા મહાવીર દેવના સમયમાં જેમ સવિશેષ હતું

તેમ ત્યારપછીના કેટલાક સૈકાઓ સુધી એની મહત્તા ચાલુ રહી હતી, એ વાતનો વાચકને ખ્યાલ આવે. 'કુમાર'માં લેખ તો ઘણો લાંબો છે અને ઉપર જે અવતરણ મૂક્યું છે એમાં માત્ર એક જ સ્થળે શ્રી મહાવીર પ્રભુનું નામ આવે છે, બાકી બૌદ્ધધર્મની વાત વધારે છે; છતાં જેમને ઈતિહાસના અંકોડા મેળવવાની ખબર છે તે એ ઉપરથી સહજ તારવી શકે તેમ છે કે એક કાળે નાલંદા વિદ્યાપીઠમાં જૈનદર્શન પણ વધારે જોર પર હતું. ભગવાન મહાવીર દેવના બે ચાર નહિ પણ ચૌદ ચોમાસાં એ ભૂમિ પર થયાં હતાં અને જૈન સાહિત્યમાં રાજવી શ્રેણિક યાને બિંબિસારનો ઉલ્લેખ બૌદ્ધસાહિત્યને ટપી જાય તેવી રીતે સંખ્યાબંધ સ્થાને કરાયેલ દૃષ્ટિગોચર થાય છે એ વાત એની સંગીનતામાં વધારો કરે છે. પ્રારંભમાં બિંબિસારનું વલણ બૌદ્ધધર્મ પ્રતિ હતું પણ પછીથી તે ચુસ્ત જૈન બન્યો હતો. એક રીતે કહીએ તો ભારતવર્ષનાં ત્રણ દર્શનો–જૈન, બૌદ્ધ અને વદિક એક સાથે પાંગર્યાં હોય એવી કોઈ ભૂમિ હોય તો તે નાલંદા વિદ્યાપીઠ. ટૂંકમાં કહીએ તો એ ધામ ભારતભૂમિની પ્રાચીન સંસ્કૃતિઓરૂપી ત્રિવેણીના સંગમસ્થાન સમું હતું, અને સૈકાઓ સુધી એ પ્રકારની એની કીર્તિપતાકા જગતભરમાં ફરકતી હતી.

આપણે જે કાળની વાત કરી રહ્યા છીએ એ સમયે ઉષાકાળની મીઠી મોજ માણતો અને અંતરના કોઈ અગમ્ય ઉમળકાથી પગલાં ભરતો એક પ્રૌઢ ભૂદેવ નાલંદાની મનોરમ ભાગોળ સમીપ આવી રહ્યો છે. એની ચાલ જોતાં આ સ્થાન એને મન અજાણ્યું નથી એમ સહજ સમજાય છે. ત્યાં તો એણે એકાએક અવાજ સાંભળ્યો–"શય્યંભવ કે ?"

પાછું વાળી જોતાં જ એક શ્રમણને પોતાની નજિક આવી પુનઃ વદતા દીઠા—" મિત્ર શય્યંભવ ! આખરે આવ્યો ખરો. "

" વહાલા સુહૃદ ! મુનિપણાના આ વેષ હેઠળ તું એવો તો ફેરવાઈ ગયો છે કે પ્રથમ નજરે ઓળખાયો પણ નહીં. અહા ! પાવાપુરીના જળમંદિરમાં આપણે મળ્યા હતા એ વેળાની તારી દેહસ્થિતિ કયાં અને અત્યારની કયાં ? "

" મહાનુભાવ ! અરિહંતમાર્ગનું ચારિત્ર એ નથી તો શરીરના સત્કાર અર્થે ઉપદેશાયેલું કે નથી તો વેષ–ભૂષા પોષવા સારુ બનાવાયેલું. ઉપસર્ગ અને પરિષહ–સહન કરી કાયાને દમવાનું કાર્ય ત્યાં મુખ્ય છે. એ વિના આત્મતત્ત્વની યથાર્થ ઝાંખી ન થઈ શકે. કહ્યું છે કે–**સંયમ પથ અતિ આકરો, વ્રત છે ખાંડાની ધાર;** છતાં જ્ઞાન–ધ્યાનમાં મારું જીવન એવું તો સુંદર રીતે વ્યતીત થઇ રહ્યું છે કે મને પૂર્વજીવનની કંઇ જ સ્મૃતિ થતી નથી. કદાચ તને મારી દેહસ્થિતિમાં શુષ્કતા ભાસતી હશે છતાં આત્મસંતોષની જે રમ્ય દશા હું અનુભવી રહ્યો છું એમાં મને એ જાતનો કદી વિચાર સરખો પણ ઉદ્દ્ભવ્યો નથી. "

" વારુ, એ ચર્ચા અન્ય સમયે કરશું પણ મને એ તો દર્શાવો કે આચાર્ય પ્રભવસ્વામી નાલંદાના વિવિધ વિહારો પૈકી કયા વિહારમાં વસે છે ?

" યજ્ઞવિધાનની આખરી પળે, જો કોઇએ પણ મારું ચિત્ત આકર્ષ્યું હોય તો એ મહાત્માના બે શિષ્યોએ જ. એ દીર્ઘદર્શી સંતે પરોપકારબુદ્ધિથી એ શ્રમણોને મોકલ્યા ન હોત તો મારા હાથ નિર્દોષ પશુઓના લોહીથી રંગાત અને

ભૂદેવનો સમૂહ એને પવિત્ર સમજી ઉજાણીમાં ઉડાવત. પણ મારા સદ્ભાગ્યે '**तत्त्वम् न ज्ञायते खलु**' એ અંતિમ પદે હૃદયમાં જબરો ક્ષોભ પ્રગટાવ્યો. દબાઇ રહેલ ઊર્મિ પુન: થનગની ઊઠી અને તત્ત્વ જાણવાની જિજ્ઞાસા એટલી હદે તીવ્ર બની કે એ મહાયાગને મરણાંત ફટકો મારી, હું ત્યાંથી ચાલી નીકળ્યો. એ શ્રમણયુગલનો પત્તો મેળવી, ભેટો કર્યો. તેમના મુખેથી જાણ્યું કે 'એ શ્લોકનું રહસ્ય તો ગુરુદેવ પ્રભવસ્વામી સમજાવશે. તેઓશ્રીની આજ્ઞા અનુસાર તેઓ તો માત્ર યજ્ઞ-મંડપ આગળ ઉચ્ચારનાર જ હતા.' જિજ્ઞાસા કોઇ જુદી જ ચીજ છે. તરત જ ત્યાંથી હું ઉત્સાહભેર ચાલ્યો આવું છું અને સૌથી પ્રથમ ગુરુવર્યનો મેળાપ કરવા ચાહું છું. તમે એમાં માર્ગદર્શક બનો એવી મારી પ્રાર્થના છે."

"ભટ મહાશય! એમાં પ્રાર્થનાની અગત્ય જ નથી. અમારા ગુરુદેવ પણ એ જ છે. અમો સાધુઓ સ્થંડિલ જઇ આવી, એ વસતીમાં જ પાછા ફરી રહ્યા છીએ. તમે રખે માનતા કે ચારિત્ર લીધા પછી લાંબા સમયની આપણી મિત્રતા હું તદ્દન વીસરી ગયો છું. મૈત્રીની એ ગાંઠે જ ગુરુજી સમક્ષ તમારું નામ ઉચ્ચરાવ્યું અને જ્ઞાનના સાગર સમા એ સંતે જ તમારા પ્રતિબોધાર્થે શ્રમણયુગલને મોકલવાની વ્યવસ્થા કરી."

'**परोपकाराय सतां विभूतयः**' એ નીતિસૂત્રનો અમલ કરનાર શ્રમણો! મારા શાસ્ત્રીજીએ તો ગોઠવી દીધું હતું કે યજ્ઞના પવિત્ર કાર્યમાં વિઘ્નો નાખવા સારુ આ સાધુઓ અજ્ઞાન અને ક્ષુદ્ર વર્ગને ઉશ્કેરે છે અને એ માટે જ્યાં યજ્ઞ થવાનો હોય છે એની નજદિકમાં ફરતા રહે છે. કેવું જૂઠાણું!"

“શાસ્ત્રીજી ભલેને કલ્પનાના ઘોડા દોડાવે. દ્વિજવર્ગ ગમે તેમ અમારા માટે બોલે તેથી કંઇ સત્ય અવરાવાનું નથી. અમારો માર્ગ ખુલ્લો છે. અમારો જીવનક્રમ આ પ્રકારે છે. પવિત્ર આચારના પાલનદ્વારા જીવન શુદ્ધ બનાવવું અને અહિંસા જેવા સર્વશ્રેષ્ઠ તત્ત્વનો પ્રેમપૂર્વક પ્રચાર કરવો. સકળ વિશ્વમાં મૈત્રી ભાવનાનો વિસ્તાર વધારવો. કીટથી માંડી કુંજર સુધીના અર્થાત્ નાના મોટા સર્વ જીવોને અભય પ્રાપ્ત થાય તેવો બોધ દેવો.”

“મુનિવરો! મારે કબૂલ કરવું જોઇએ કે તમારા આવા સુંદર ચારિત્ર અને પવિત્ર જીવનનો સાચો ખ્યાલ આપવાને બદલે અમારા તર્કભૂષણો અને વેદાલંકારોએ ઇરાદાપૂર્વક આમજનતામાં કોઇ જુદો જ ભાવ જન્માવ્યો છે. મારા જાતિભાઇઓના એ અપરાધનું પ્રાયશ્ચિત્ત મારે કરવું જ જોઇએ એમ મારું મન પોકારી ઊઠે છે.”

“મહાનુભાવ! તમારી એ આશા સત્વર ફળો. આપણે અમારા સ્થાનમાં આવી પહોંચ્યા છીએ. જુઓ, સામેના કમરામાં પાટ ઉપર વિરાજમાન છે એ અમારા ગુરુદેવ-સૂરિપુંગવ પ્રભવસ્વામીજી.”

શય્યંભવ ભટ, આચાર્ય મહારાજની સમીપ પહોંચી, દંડવત્ પ્રણામ કરી, જિજ્ઞાસાવૃત્તિથી કર જોડી થોડે દૂર ગુરુ સન્મુખ બેઠા. પ્રભવસ્વામીજી ભટજીની મુખાકૃતિ જોતાં જ જાણી ગયા કે આ વ્યક્તિ કોઈ સામાન્ય નથી. એનો ભાલપ્રદેશ જે જાતની તેજસ્વિતા દાખવે છે એ જોતાં એ કોઈ મહાન્ વ્યક્તિ થવાની સાબિતી આપે છે. માનસશાસ્ત્રને અવ-

લંબતી આ વિચારણામાંથી આચાર્યશ્રી ધર્મલાભનો આશીર્વાદ આપીને જ્યાં વ્યવહારુ જગતમાં ઉતરવાની શરૂઆત કરે છે ત્યાં તો મિત્ર સાધુએ આવી જણાવ્યું કે–

"ગુરુદેવ! પેલા યજ્ઞકર્તા શય્યંભવ ભટ તે આ ગૃહસ્થ પોતે જ. આપે મોકલેલા શ્રમણયુગલની પ્રેરણાથી તેઓ અહીં ખેંચાઇ આવ્યા છે. તેમને 'તત્ત્વ' જાણવાની ઉલટ ઉભરાઇ રહી છે. એક સમયના મારા એ મિત્રની આશા આપ પૂર્ણ કરશો."

"ઓહો, આપ જ ભટ શય્યંભવ કે?"

"જી હા. યજ્ઞક્રિયામાં કેવલ મહાકષ્ટની પરંપરા છે એવો ધ્વનિ આપશ્રીના શિષ્યોદ્વારા શ્રવણ કરી હું એકાએક ધ્રૂજી ઊઠ્યો. મારા મિત્રના સંસર્ગથી મને યજ્ઞમાં થતી પશુહિંસા પ્રત્યે મૂળથી જ વિરોધ તો ઉદ્ભભવ્યો હતો એમાં મુનિવચનથી ઉમેરો થયો. પશુની ગરદન પર ફેરવવાની તલવાર યજ્ઞ કરાવનાર શાસ્ત્રી સામે ધરી તત્ત્વ બતાવવા મેં હાકલ કરી, ત્યારે જ યજ્ઞસ્થંભ હેઠળથી એક મંજૂષાની પ્રાપ્તિ થઇ. એ ઉઘાડતાં જ અતિ મનોહર અને કેવળ વીતરાગદશાસૂચક મૂર્તિનાં દર્શન થયાં."

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नम् ।
वदनकमलमंकः कामिनीसंगशून्यः ॥
करयुगमपि यत्ते शस्त्रसंबंधवन्ध्यम् ।
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥ १ ॥

આ શ્લોકમાં દર્શાવેલ ભાવો મારા હૃદયકમળમાં રમવા માંડ્યા. એ સ્થળ ત્યજી દઇ તરત જ હું આપના શિષ્યોની શોધમાં નીકળી પડ્યો. મેળાપ થતાં જ તેઓએ આપના તરફની દિશા

બતાવી. આપનાં દર્શન થતાં જ અગાઉના કોઈ વખતના મેળાપનો અભાવ છતાં, મારા રોમાંચ ખડા થાય છે. જાણે કે એક માર્ગભૂલેલા પથિકને ભરજંગલમાં માર્ગદર્શક ભોમિયાની ભેટ થાય એથી અધિક આનંદ આપની કેવળ મુખાકૃતિ જોતાં થાય છે. આ મૂર્તિના દર્શનથી અહિંસામાં રહેલી અદ્ભુત શક્તિનો ખ્યાલ આવી ગયો હતો તેમાં આપના આ સમાગમથી ઉમેરો થયો છે."

"ભટજી ! મને પણ તમારું ભાલસ્થળ જોતાં જે માનસિક વિચાર જન્મ્યો હતો એ વાતચિત પરથી સાચો જણાય છે. તેજી તુખારને ઇસારો જ બસ થઈ પડે, એ ચાબુકના ઝપાટાને પાત્ર ન લેખાય. એમ તમારા સરખા વિદ્વાન દ્વિજને જ્ઞાનનું સાચું ભાન કરાવવા સારુ ઝાઝાં શાસ્ત્રો ઉકેલવાનાં ન હોય. એકાદ વાક્યથી જ હૃદયદ્વાર ખુલી જાય. કોઈ પણ ક્રિયા વંધ્ય નથી હોતી એ કોણ નથી જાણતું ?

**यूपं कृत्वा पशुन् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।**
**यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ? ॥ १ ॥**

એ શ્લોકનો અર્થ અવધારતાં શું ફલિતાર્થ નીકળે છે એ વિચારણીય છે. જો અન્ય જીવનો વિનાશ કરી, લોહી માંસનાં ખાબોચિયાં ભરી, કરવામાં આવતાં એ પિશાચી કાર્યનો બદલો સ્વર્ગનાં સુખોમાં થતો હોય તો નરકમાં લઇ જનારી કરણી કેવા પ્રકારની સમજવી ? 'સારી કરણીનાં સારાં ફળ અને માઠીનાં માઠાં ફળ' એ તો અનુભવની એરણે ઘડાયેલી લોકોક્તિ છે. એથી ઉલટું માઠી ને હિંસાપૂર્ણ કરણીના ફળરૂપે સ્વર્ગ મળતું હોય તો નરક સ્થાનમાં કોણ જશે ? પણ

જ્યારે જ્ઞાનદૃષ્ટિ યથાર્થપણે ઊઘડે અને તર્કશુદ્ધ વાતની લાભાલાભની નજરે વિચારણા કરવામાં આવે ત્યારે આજના ભૂદેવોએ યજ્ઞ પાછળ જે હિંસાસમારંભ ગોઠવ્યો છે તે અર્થ-શૂન્ય જણાય છે એટલું જ નહિ પણ આત્માને અધોગતિનું ભાજન બનાવનાર લાગ્યા સિવાય રહેતો નથી. એટલે જ પરમાત્મા મહાવીર દેવને એ તત્ત્વ સમજાવવા કમર કસવી પડી. ઇંદ્રભૂતિ આદિ અગિયાર મહાપંડિતોને સૌથી પ્રથમ એ વાત ગળે ઉતરાવી. પ્રભુનો ઉપદેશ પામીને જે સૂત્રોની રચના એ ગણધરદેવોએ કરી એની સંખ્યા બારની છે. દ્વાદશાંગીના નામથી એની ખ્યાતિ સવિશેષ છે. આ મૂર્તિ શ્રી શાન્તિનાથ ભગવાનની છે. તીર્થપતિ શ્રી મહાવીરની પૂર્વે એ થયેલા. તીર્થંકરના ક્રમમાં તેમનો અંક સોળમો આવે છે, જ્યારે શ્રી મહાવીર દેવનો ચોવીશમો યાને છેલ્લો છે. એ સંબંધી સવિ-શેષ જાણવાના જિજ્ઞાસુએ સંસારની લાલસા અને બંધન છોડીને સંયમપંથે પળવું જોઇએ; કેમકે રાગી ને ત્યાગીના પંથ નિરાળા હોય છે. જિજ્ઞાસુવૃત્તિ એમાંના એક માર્ગને પકડે તો જ કાર્યસિદ્ધિ સત્વર થાય. ત્યાગી યાને સાધુનો માર્ગ અનુભવીને શીઘ્ર આગળ વધવાનો છે. શ્રાવક યાને રાગીનો માર્ગ ધીમેધીમે, પ્રગતિ કરવાનો છે. તમે કયા માર્ગના અર્થી છો ? ”

**શય્યંભવ**–“ હું તો આપનો શિષ્ય થવા ઇચ્છું છું. ”

“ પાછળનું કંઇ બંધન નડતરરૂપ હોય કિંવા દુન્યવી બાબતોની કંઇ તોડજોડ બાકી હોય તો એમાંથી પરવારીને આવો. અમારાં દ્વાર સદા ઉઘાડાં જ છે. ”

“ સાહેબ ! મારે કંઈ કરવાનું બાકી નથી. ”

× ×

## ૬. દીકરો અને મા—

" વત્સ મનક ! મધ્યાહ્નકાળ વીતી ગયાને લગભગ સાતેક ઘટિકા થઇ ચૂકી છતાં હજી તું સુસ્ત દશામાં કેમ પડી રહ્યો છે ? રોજ તો ભોજન પછી માત્ર અર્ધો કલાક આરામ લીધો ન લીધો ને તરત જ અભ્યાસ કરવામાં લીન થઇ જતો, વળી પાઠશાળામાં જવા સારુ બે વાગ્યામાં ઘર છોડતો અને આજે તો એ ચાલુ ક્રમથી તદ્દન ઊલટી રીતે વર્તી રહ્યો છે. આચાર્યે કંઇ ઠપકો તો નથી આપ્યો ને ? અથવા તો શરીર અસ્વસ્થ બન્યું છે કે શું છે ? શાળામાં જવા માંડ્યા પછી આટલા વર્ષોમાં હું પહેલી જ વાર તારામાં આ જાતનો પ્રમાદ અને ચહેરા પર નિસ્તેજતા જોવા પામી છું. "

" માતુશ્રી ! તારી વાત સો એ સો ટકા સાચી છે. એ પાઠશાળાને અને મારા એ નિત્યક્રમને, મેં આજે છેલ્લા રામરામ કર્યાં છે. "

" પણ ! એનું કંઇ કારણ ? બ્રાહ્મણના દીકરાને જ્ઞાનાર્જન વિના ચાલે જ નહીં. '**વિદ્યા વિનાના નર પશુ સમાન**' એ લોકોક્તિ લાગુ તો સૌને પડે છે, છતાં દ્વિજવર્ગને તો ખાસ. "

" ભણ્યો એટલું બસ છે. મને આજે શાંત પડી રહેવા દે. પ્રશ્નો પૂછી કંટાળો ન આપ. રોજ મને તારી વાતમાં રસ પડતો હતો પણ આજે એથી ઊલટું દુઃખ થાય છે. "

" પુત્ર ! આમ અકળાઇ ન જા, જે કંઇ બન્યું હોય તે મને બરાબર કહે. જાણ્યા વગર ઉપાય શી રીતે થાય ?

આચાર્યને કહેવા જેવું હશે તો તેમને પણ કહી શકાશે. બાકી આજે તબિયત સારી ન હોય તો ભલે પાઠશાળાએ ન જતો. સવારે તો જઇ આવ્યો છે અને બપોર પછીનો એકાદ પાઠ જશે તો એમાં કંઇ ખાસ હાનિ નથી થવાની.

" મનક ! મારા વહાલા બાલુડા ! આજે તું મારા પ્રત્યે આવા ઉદ્વેગજનક વચનો શા સારુ બોલી રહ્યો છે ? કેવી આશાઓવડે મેં તને ઉછેર્યો છે એ મારું મન સમજે છે. આપણા કુળની કીર્તિ બનીબની રહે અને શ્વસુરની અંતિમ આશા પૂર્ણ થાય એ જોવા સારુ તો હું સંસારના કપરા સંયોગોને પણ ગળી ગઇ છું. તને વિદ્વાન જોવાના મને કોડ છે. પિતામહની માફક વેદમાર્ગના એક ચુસ્ત અનુયાયી તરીકે તારી પ્રતિષ્ઠા આર્યગણમાં જામે અને નાલંદાના શ્રીધરશાસ્ત્રી માફક તું પણ એક મહાપંડિત બને એ જોવા હું ઉત્સુક છું, તેથી જ તારા અભ્યાસ પાછળ વધારે કાળજી રાખું છું. ધન તો છે, એની ખાસ તૃષ્ણા નથી. તું વિદ્વાન્ થઇ એક પુરાણા વંશનું નામ દીપાવે એવી મારી ચિરકાળસંચિત અભિલાષા છે. અત્યાર સુધીના તારા ચીવટભર્યા અધ્યયનથી એ પૂર્ણ થવાની આશા પણ બંધાઈ હતી, પણ અચાનક આજે શું બન્યું કે તું પહેલાનો ' મનક ' જ નથી રહ્યો એમ લાગે છે. થોડા વર્ષ–અરે ગણત્રીના વર્ષ બાકી છે એટલા ખાતર ભણવાના કાર્યને તિલાંજલિ દેવા તત્પર બન્યો છે. એવું તે તને શું થયું છે કે નથી તો ગમગીન બનવાનું કારણ બતાવતો ? તારું આ વર્તન જોઇ હું તો તદ્દન હતાશ થઇ ગઇ છું. મારી આશાનું જાણે જડમૂળથી ઉન્મૂલન થઇ ગયું છે. કોઈ શત્રુએ મારી ગોદમાંથી મારા પ્યારા બાળકને ઝુંટવી લીધો

હોય એવું મને લાગી રહ્યું છે, માટે ભાઇ ! જે કંઈ મનદુઃખ થયું હોય તે મને શાંતિથી સંભળાવ. ”

“ માતાજી ! આજના બનાવે મારું સર્વ જ્ઞાન, સાન-ભાન ભૂલાવ્યું છે. માતા ! બધું સહન થાય પણ ‘ નબાપા ’ નું સંબોધન તો ન જ સહી શકાય ? ”

“ બાલુડા ! તારા રોગનું કારણ સમજાયું. તું ગભરાઇશ નહિં. એનું નિવારણ મારા હાથમાં જ છે, પણ મને જરા કહી સંભળાવ કે તને ‘ નબાપો ’ કોણે કહ્યો ? અને શા કારણે કહ્યો ? ”

“ સવારની શાળાનો વખત પૂર્ણ થતાં અમે સૌ વિદ્યાર્થીઓ ઘર તરફ પાછા ફરતા હતા. બાલોચિત ઠઠ્ઠા-મશ્કરી ચાલુ હતી. મધ્યાહ્નનો સૂર્ય તપવાને વાર હતી એટલે માર્ગ પણ સુખે કપાતો હતો. ત્યાં એકે કહ્યું કે-‘ આચાર્ય આ મનક પ્રતિ પક્ષપાત દાખવે છે. ’ બીજાએ ઉમેર્યું કે-‘ વાત સાચી છે. આચાર્ય અને મનકના દાદા વચ્ચે ગાઢ દોસ્તી હતી. બાકી મનકને શું વધારે આવડે છે કે વારંવાર આપણા સર્વમાં રોજ ગુરુજી એના વખાણ કરે છે ? ’ મેં કહ્યું- ‘ મિત્રો ! આ રીતે ગુરુદેવના અવર્ણવાદ ન બોલો. વિનાકારણ તેમના જેવા વિદ્વાન ઉપર પક્ષપાતનો આરોપ ન મૂકો. તમે બરાબર પાઠ કરી લાવતા હો તો ઠપકાનું કારણ ન રહે. તમારી પાછળ તેમને રોજ લોહી ઉકાળો કરવો પડે છે તે ન થાય. ’ એક વિદ્યાર્થી બોલ્યો-‘ અમે બધા ઠોઠ ને તું એકલો આવડતવાળો ! મિત્રતાના નાતાથી જ આચાર્યે તારા જેવા ‘ નબાપા ’ને આટલો ચઢાવી દીધો છે ! ’

મેં કહ્યું-'જરા સંભાળીને બોલ. મને 'નબાપો' શા ઉપરથી કહે છે?'

તેણે કહ્યું કે-'તારો બાપ હોય તો બતાવને? આખું ગામ જાણે છે કે તું જન્મ્યો તે પૂર્વેનો તારો બાપ કાંઇક ચાલ્યો ગયેલ છે, એટલે જ્યાં લગી તું તારો બાપ નહીં બતાવે ત્યાં લગી અમે તો તને 'નબાપો' કહેવાના.'

"માતાજી! માત્ર મારી વાત તો આટલી જ છે, પણ ત્યારથી જ મારું અંતર વલોવાઇ જાય છે. જમવા બેઠો છતાં આજે મને ખાવું ભાવ્યું નથી! બિછાના પર સૂતા છતાં આંખ મળી નથી. કેવલ એક જ વિચાર મગજને કોરી રહ્યો છે. મેં મારા બાપને જન્મ્યા પછી આટલા વર્ષોમાં એક પણ વાર જોયા નથી. તારા મુખે એ સંબંધમાં કંઇ સાંભળ્યું પણ નથી. ઘણીએ વાર તેં દાદાનું નામ સંભાર્યું છે પણ મારા પિતાના સંબંધમાં એક હરફ પણ નથી ઉચ્ચાર્યો. કેવા સંજોગોમાં તે ગયા છે તેની વાત પણ કરી નથી. આ દુઃખ સહ્યું કેમ જાય? એની મૂંઝવણમાં હું પડ્યો છું ત્યારથી જાણે મારું જીવન જ પલટાઇ ગયું છે."

માતા બોલી-"બસ કર દીકરા! હું તારા શોકનું કારણ સમજી ગઇ. વત્સ! તારા પિતા સંબંધી વ્યતિકર હું ઉકેલવા ઇચ્છતી નહોતી પણ આજે ઉકેલું છું.

"બાલુડા તું 'નબાપો' નથી. તારા પિતા આજે મોજુદ છે. કેવા સંયોગોમાં એ ચાલી ગયા અને શા કારણે આ ભૂદેવો એમના ગમન પાછળ બનાવટી જાળ રચે છે એ તું મૂળ વાત જાણીશ એટલે સહજ સમજાશે.

"તારા દાદા પ્રખર વેદાંતી ને કર્મકાંડી બ્રાહ્મણ હતા. પ્રતિષ્ઠા વંશઉતાર ચાલી આવતી હતી અને લક્ષ્મી એની સખીરૂપે હતી. બાળપણથી જ તારા પિતા લાડકોડમાં ઉછરેલા. છતાં તેનામાં અવગુણનું નામ નહોતું. અધ્યયનમાં એક્કા હોવાથી થોડા સમયમાં વેદજ્ઞાનપારંગત બન્યા. એક જૈન ધર્મી વણિક જોડે તેમની ગાઢ મિત્રતા થઈ. ઉભય વચ્ચે કેટલીય વાર ધર્મચર્ચા ચાલતી. પરસ્પર દલીલો થતી. એના પરિણામે કહો કે ઊંડા અભ્યાસના અનુશીલનથી કહો પણ તારા પિતાને યજ્ઞ-યાગ પર અપ્રીતિ જન્મી-જીવતાં પ્રાણીના બળિદાનવાળી એ ક્રિયા સાચી ન લાગી. વળી વેદમાં દર્શાવેલ 'નિયોગ' પદ્ધતિ પણ નૈતિક નજરે દોષપૂર્ણ જણાઈ. જાતે સત્ત્વશાળી આત્મા-સત્યના ઉપાસક એટલે પોતાની એ માન્યતા કોઈથી છુપાવતા નહીં. કેટલીક વાર કહી નાંખતા કે—

'યજ્ઞ' એટલે શાસ્ત્રિય દૃષ્ટિની ઓથે માંસ ખાવાનું પર્વ અને 'નિયોગ' એટલે વ્યભિચાર સેવવાની સ્વતંત્રતા. **'अपुत्रस्य गतिर्नास्ति'** જેવા વચન પર તેમને જરા પણ શ્રદ્ધા નહોતી. એક વાર હું બહારના ભાગમાં હતી તે વખતે બાપ દીકરા વચ્ચે અંદરના કમરામાં જે વાતચિત થઈ તે આજે પણ મને યાદ છે. સસરાજી બોલ્યા-' જો ને ભાઈ! તને પરણ્યાને લગભગ પંદર વર્ષો વીતી ગયા છતાં પુત્રમુખ જોવાનો પ્રસંગ ન લાધ્યો. પુત્ર વિના શ્રાદ્ધ કોણ કરે અને સ્વર્ગપ્રાપ્તિ તો અપુત્રીયાના ભાગ્યમાં સંભવે જ શાની? માટે તું ફરીથી લગ્ન કર.'

'પિતાજી! તમે સમજુ થઇને આ શું બોલો છો? બ્રાહ્મણ એટલે 'બ્રહ્મચર્યનું મૂર્તિમંત સ્વરૂપ.' જ્ઞાન-અર્જન અને

પરમાર્થ કાર્ય એ એનો જીવનમંત્ર. એ સંસાર માણે પણ હરગીજ રાચીમાચીને નહીં. પુત્ર હોય તો જ સ્વર્ગ મળે એ મિથ્યા વાત છે. તમારું શ્રાદ્ધ કરનાર તો હું બેઠો છું, બાકી મારા શ્રાદ્ધની મને ફીકર નથી. નામ કંઇ પુત્રોથી નથી રહેતું. જો કામ સારા કરીએ તો જગતમાં જીવ્યા લેખે ગણાય. બાકી કોના વંશ અચળ રહ્યા છે ? એક પ્રેમાળ ને શીળવતી પ્રિયાના સાચા સ્નેહને લાત મારી કેવલ સંતાન–આશાથી હું તેની સામે બીજી પત્ની લાવી શોકયનું સાલ ઊભું કરું; કિંવા આ ઉંમરે એક ખીલતી કળીનો ભવ બગાડું એ કદી પણ બનનાર નથી. જો પુત્રનો યોગ સર્જિત હશે તો તમારી આ પુત્રવધુનો ખોળો અવશ્ય ભરાશે. વાનપ્રસ્થ થવાનો સમય સમિપ ભાસતો હોય ત્યાં આપ ગૃહસ્થાશ્રમના પાઠ પઢવાની સલાહ આપો એ ઉચિત કેમ લેખાય ? '

" એ પછી ઘરમાં ફરીથી કોઇ વાર બીજા લગ્ન કરવાની વાત નીકળી નથી. મારી સાથેનો તારા પિતાનો સ્નેહ પણ પૂર્વવત્ ચાલુ જ રહ્યો. આજે પણ સંભારું છું ત્યારે મારું હૃદય ભરાઈ જાય છે. સસરાજીની અભિલાષા પૂરી થતી નિરખવાની ઇચ્છા જોર ન કરતી હોત તો કયારનીએ હું તેમની સમિપ પહોંચી ગઈ હોત.

" એક વાર મહેશના પિતા અહીં આવી જૈનદર્શન માટે ગમે તેમ બોલતા હતા અને તીર્થંકર વર્ધમાનસ્વામીને માટે કહેતા હતા કે ' આપણા પૂર્વના ગૌતમગોત્રી ઇંદ્રભૂતિ આદિ ભાઇઓને તેમજ સુધર્મ–પ્રભાસ મળી અગિયાર પંડિતોને પોતાની વાક્ચાતુરીથી ભોળવી લઇ, વૈદિક ધર્મથી પરાઙ્મુખ

બનાવી વર્ધમાનસ્વામીએ એકદમ મુંડી નાખેલ છે. સાથે સાથે એ બધાના વિદ્યાર્થીઓને પણ સાધુ બનાવી દીધેલ છે. કોઈના માબાપની અનુમતિ મેળવવા પણ થોભ્યા નથી. નિર્ગ્રંથોનો માર્ગ વિચિત્ર અને અવ્યવહારુ છે. એ ત્યાગ પર ભાર મૂકી ગૃહસ્થાશ્રમનો મૂળથી ઉચ્છેદ કરનારા છે. તમારો આ શય્યંભવ એના વણિક મિત્રના છંદે ચઢી આપણા સનાતન ધર્મની પ્રચલિત વિધિઓમાં છીંડા શોધવા લાગ્યો છે. આ કંઈ ઠીક થતું નથી. એ નાસ્તિકવાદીઓના ફંદમાંથી જલ્દી છૂટે તો ઠીક છે, નહિ તો આપણામાંના કેટલાક એનો બહિષ્કાર કરવાનું ધારે છે."

"એ વેળા તારા પિતાએ ધીરજથી ઓજસભરી વાણીમાં જે ઉત્તર આપ્યો હતો તે આજે પણ મારી સ્મૃતિમાં રમી રહેલ છે.

'કાકાશ્રી ! તમારા બહિષ્કારની વાતથી ડરી જાય એ બીજા. આવું અગડંબગડમ્ સમજાવી તમે કદાચ તમારા મહેશને ભરમાવી શકશો પણ મને નહીં જ. યુક્તિથી જે વાત ટકી શકે તેને જ હું તો ગ્રહણ કરનારો. તમે કહો છો તે પ્રમાણે પણ જ્યારે તમારા અગ્રેસર વિદ્વાનો મહાવીરના પંથમાં ભળી ગયા ત્યારે કયાં તો તમારી માન્યતાઓમાં વિકળતા છે કિંવા એ મોટેરાંઓમાં નબળાઇ હતી. એ બે વાતમાંથી એક તો સહજ પૂરવાર થાય છે. સામો ભલેને ભુરકી નાંખે પણ એ સામે ટકવા સારુ પુરુષત્વ તો ફોરવવું જ જોઇએ. ઓછા જ એ જોરજુલમથી મુંડી નાંખવાના હતા. બાકી મારા મિત્રના મુખે એ બનાવ મેં જે રીતે સાંભળ્યો છે એ જોતાં તો શ્રી મહાવીરની પ્રણાલિકા ન્યાયયુક્ત છે. દરેકના મનમાં રહેલા

સંશયનું છેદન કરી, ખૂદ વેદવાકયોના પૂરાવા આપી નિરુત્તર કરવામાં અપૂર્વ શક્તિ દાખવી છે. પચાસ વર્ષના ઇંદ્રભૂતિને કોની રજા લેવાની હતી ? શું એ વાનપ્રસ્થ અવસ્થાથી દૂર હતા ? અને વિદ્યાર્થીઓ તો બ્રહ્મચર્યાશ્રમમાં હતા. બાકી એ કેવલજ્ઞાની મહાવીરને દરેક વાતનું જ્ઞાન જ્યાં હસ્તામલકવત્ હતું ત્યાં અન્યને પૂછવાની કે સંમતિ જાણવાની વાતનું પ્રયોજન ન જ સંભવે. કેવળ કાદવ ઉરાડવાની વૃત્તિ છોડી દઈ દેશકાળ મુજબ સુધારણા કરો તો જ ટકી શકશો. '**बाबावाक्यं प्रमाणम्**' વા '**पोछेसे चली आती है**'નો યુગ વહી ગયો છે.'

સસરાજીએ કહ્યું–'જવા દો એ ચર્ચા. એક જ વાકય યાદ રાખો કે '**स्वधर्मे निधनं श्रेयः, परधर्मो भयावहः।**'

"વહાલા અર્ભક ! તારા પિતા સંબંધી આવા કેટલાય પ્રસંગો મારી ચક્ષુ સામે રમે છે. એથી મારી છાતી ફુલાય છે. પણ યજ્ઞના અંતિમ દિને એ ચાલ્યા ગયા તે ગયા જ. ત્યારપછી કંઇ સમાચાર તેમના તરફથી નથી. કર્ણોપકર્ણ સાંભળ્યું છે કે એ જૈનધર્મના મોટા આચાર્ય બન્યા છે. ત્યારથી મેં ગાંઠ વાળી છે કે હવે તે પાછા ફરી રહ્યા ! એમનામાંથી સ્નેહ ને સ્વધર્મ બન્ને લુપ્ત થયા છે.

"તે ગયા ત્યારે હું ગર્ભવતી હતી. મહેશનું કુટુંબ એ વાત જાણે છે એમ નહીં પણ સારીય દ્વિજજ્ઞાતિ પણ એ જાણે છે."

દાદાજીની મરણપથારીથી આરંભી યજ્ઞના અંતિમ દિન સુધીનો વૃત્તાન્ત એ પછી મનકે જ્યારે માતાના મુખદ્વારા

સાંભળ્યો ત્યારે એના ચક્ષુ ખુલી ગયા, ગમગીની ઓસરી ગઇ અને પોતાને 'નબાપો' કહેવા પાછળ ભૂદેવગણનો કેવો પ્રપંચ છે તે સ્પષ્ટ જણાયો. 'પાડાના વાંકે પખાલીને ડામ દેવાની વૃત્તિ' નું સાચું દર્શન થયું. એકાએક આત્મ-જાગૃતિ ઉદ્દભવી.

મનક બોલ્યો-" માતા ! રંચમાત્ર ગભરાવાની જરૂર નથી. સાચને આંચ આવતી જ નથી. ગમે તેમ કરી એ સાધુ થયેલા પિતાને હું એક વાર અહીં તેડી લાવી આ લોકોના મોઢા જરૂર બંધ કરીશ."

"દીકરા ! તારી ઉમર કઇ ? તું એમને કયાં શોધીશ ? મને ખાત્રી હતી કે તું વાત સાંભળી ઝાલ્યો નહીં રહે. પૂરું ભણીને પછી શોધવા જજે."

"માતા ! એ નહીં બને. તારી પવિત્રતા પહેલી; પછી બીજું સર્વ."

× × ×

## ૭. પુત્ર અને પિતા—

"હે ભોળાનાથ ! પિતાની શોધમાં નીકળ્યાને લગભગ છ માસ થવા આવ્યાં. સાથે લીધેલું સંબળ પણ ખૂટવા આવ્યું છતાં સુદ્દાસરની ભાળ ન મેળવી શકયો. વહાલી વસંત ને કપરી ગ્રીષ્મ વ્યતીત કરી હેમન્તના આંગણે આવી લાગ્યા છતાં સ્થિતિ તો તેની તે જ રહી ! આટઆટલી ધરતી ખુંદવા છતાં અને જાતજાતના માનવીઓના સમાગમમાં આવવા છતાં જે આચાર્યનું મારે કામ હતું તે તો હજુસુધી મારી નજરથી

દૂર જ છે. માતા સાચું જ કહેતી હતી કે 'પુત્ર ! નિર્ગ્રંથની શોધ સહેલી નથી.' તો પછી શું મારે વીલે મોઢે પાછું ફરવું પડશે ?"

આ રીતે સ્વતઃ વિચારમણકા, કંઈક મોટા સ્વરે મૂકતો, જે અર્ભક ચંપકવૃક્ષની છાયામાં બાંધેલા ગોળ ચોતરા પર બેઠેલ દૃષ્ટિગોચર થાય છે તે અગાઉ જોઈ ગયેલ મનક પોતે જ છે. તે માતાની પવિત્રતા પુરવાર કરી આપવા માટે ઘર છોડીને નીકળી પડ્યો છે. આવા નાના બાળકને વિશાલ અને અપરિચિત એવી દુનિયામાં એકલવાયો મૂકવા 'મા' ક્યાંથી રાજી હોય, પણ ધર્મસંકટમાં સપડાયેલી એ મનકને રોકી શકવા સમર્થ ન થઈ શકી. દુભાતા હૃદયે ધરતીમાતાના ચરણે તેણીએ પોતાના બાલુડાને ધરી દીધો. આંસુભીની આંખે વિદાય આપી. એ વેળા જ અંતરમાંથી આછો સાદ ઊઠ્યો હતો કે 'ફરી એનું મુખ તું ક્યારે જોઈશ ?' પણ એનો ઉત્તર અધૂરો જ રહ્યો !

---

એકધારી લગનીના જોરે મનકે પરિભ્રમણ કરવામાં કચાશ ન રાખી. કોઈના મુખે સાંભળ્યું કે એ આચાર્ય તો ગુણશીલવન ચૈત્યમાં છે કે તરત જ એના પગ એ દિશામાં વળે. અધવચ માર્ગે બીજો ખબર આપે કે ત્યાંથી તો વિહાર કરી ગયા, હવે તો 'પાવામાં' તપાસ કરો એટલે જરા પણ નિરાશ થયા વિના એ દિશામાં ગમન કરે. કોઈ પણ હિસાબે એક વાર તેમને મળવું અને આગ્રહ કરી પોતાના વતનમાં સાધુ થયેલા પિતાને લઈ જવા એ જ એક ધ્યેય હતું. પણ જૈન શ્રમણોની વિહારપદ્ધતિ નિરાળી. ચોમાસા સિવાય એ

નિયતસ્થાનસેવી ન હોય. ગામમાં એક રાત્રિ ને નગરમાં પાંચ રાત્રિ એ એમનો સ્થિરતા કરવાનો રવૈયો. વિહાર અને ઉપદેશ એ જીવન વીતાવવાના મુખ્ય માર્ગો. જ્ઞાનગરિમા વિના ઉપદેશ શકય નથી જ એટલે જ્ઞાનાર્જન પાછળ વિપુળ સમયનો ભોગ તો ખરો જ. ચારિત્રની સુવાસ માટે તો મુનિપણું. આવા પંથના પ્રવાસીઓને શોધવા એ કપરું કામ તો ખરું જ અને તે પણ એક અલ્પવયસ્ક દ્વિજસંતાન માટે ખાસ મુશ્કેલ. તેથી જ ચોતરા પર બેઠેલા મનકના વિચારોમાં નિરાશાના સૂર સંભળાય છે. ચોતરફ ચક્ષુ ફેરવતાં એ બોલ્યો કે—

' સામે દેખાતી મહાનગરી એ જ ' ચંપા '. દૂરથી નજરે ચઢે એવો એનો ઊંચો દરવાજો. મંદારગિરિ પરના મુનિએ કહેલી વાત ખરી હોય એમ લાગે છે. આ વિશાલ પુરીમાં જતાં પહેલાં એ મહાત્માની શિખામણ પ્રમાણે અહીં થોભી, જતાં આવતાં રાહદારીને પ્રશ્ન કરી, ભાળ મેળવીને જ આગળ કદમ ભરવા. વળી તેમના જેવા સંતો ઓછા જ એવી ધમાલ-વાળી શેરીઓમાં કે મોટા બજારો વચ્ચે વસે છે ! તેમનો વાસ ઘણુંખરું તો વસ્તીના છેડે કિંવા નગર બહારના ઉદ્યાનમાં હોય છે. '

આમ વિચારે છે તેવામાં તો એની દૃષ્ટિએ નગર તરફ આવતાં એક સાધુ પડે છે. હાથમાં રજોહરણ ને દંડ ઉપરાંત માત્ર એક તરપણી જણાય છે. નીચી નજરે તેઓ ગંભીરતા-પૂર્વક પગલાં મૂકે છે. મનક તેમની સામે જઇ, અંજલી જોડી પ્રણામ કરે છે અને પૂછે છે કે—

" સાધુમહારાજ ! આપ શય્યંભવસૂરિને પિછાનો છો ? "

તેઓ બોલ્યા–" વત્સ ! માની લે કે મારી સાથેનો મેળાપ એ બરાબર શય્યંભવસૂરિ સાથેનો જ મેળાપ છે. તારે એમનું શું પ્રયોજન છે ? "

મનક–" તો પછી મને સત્વર એમની ભેટ ન કરાવો ? મુનિરાજ ! આપનો એ ઉપકાર હું કદી નહીં ભૂલું. મારે એમની સાથે સંસારસંબંધનો નાતો છે અને એ અંગે વાત કરવી છે. તેમના સિવાય અન્યને એ વાત કહેવાય તેવી નથી. "

મનકના શબ્દો શ્રવણ કરતાં જ આચાર્યશ્રીને લગભગ નવ વર્ષ પૂર્વેનો પ્રસંગ સ્મૃતિપટમાં એકાએક તાજો થયો. યજ્ઞ–મંડપમાંથી સીધા ચાલી નીકળનાર અને ચારિત્રધર્મમાં જીવન વીતાવનાર સૂરિને ગર્ભિણી પ્રિયા યાદ આવી. સામે પ્રશ્ન કરનાર બાળકના ચહેરામાં એ પવિત્ર પ્રમદાનું પ્રતિબિંબ પડતું જણાયું. મન સાક્ષી પૂરવા લાગ્યું કે એ કલ્યાણીએ જેને જન્મ આપ્યો હશે તે આ જ બાલુડો જણાય છે.

સૂરિ બોલ્યા–" વત્સ ! તું શય્યંભવભટ્ટનો દીકરો થાય છે ? "

મનક બોલ્યો–" તો શું આપ પોતે જ શય્યંભવ છો ? મેં માતાના મુખે સાંભળ્યું છે કે ' હું ગર્ભમાં હતો ત્યારના જ મારા પિતા સાધુ થઈ ગયા છે. જૈનધર્મી મુનિઓનો આચાર એવો છે કે સંસાર છોડ્યા પછી તેઓ એને લગતી વાતો પણ સંભારતા નથી. આપ જ્યારે આ શબ્દો ઉચ્ચારો છો ત્યારે એમ સહજ લાગે છે કે આપ પોતે જ શય્યંભવ છો. "

" વત્સ ! હું પોતે જ શય્યંભવ છું. આ ચંપાપુરીમાં ચોમાસું વ્યતીત કરવા અર્થે મુનિગણ સહિત થોડા દિવસો

પૂર્વે આવ્યો છું. સવારમાં ઠલ્લે જવા નીકળ્યો હતો તે હવે વસતીમાં પાછો ફરી રહ્યો છું. આજે જ કુદરતી એકલો છું, નહિં તો સાથે બે ત્રણ શિષ્યો હોય જ. તારે જે કહેવાનું હોય તે નિઃશંકપણે કહી નાંખ. અત્યારના જેવી તક પુનઃ નહીં સાંપડે. જો કે સંસારની એ રામકહાણી પર મેં તો કાયમને સારુ હડતાળ ફેરવી છે છતાં તું જ્યારે ચાલીચલાવીને આવેલ છે અને રક્તનો સંબંધ ધરાવનાર સંતાન છે ત્યારે તને નિરાશ ન કરવો એ મારી ફરજ ગણાય. ”

“ વડિલશ્રી ! ભૂલ્યો, આચાર્ય મહારાજ ! અવિનય થતો હોય તો માફ કરશો પણ મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે આ રીતે ઉતાવળથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આપે મારી માતાને ગંભીર અન્યાય કર્યો છે. આપ તો મોટા આચાર્ય બની પૂજાઓ છો પણ અમારી સ્થિતિ કફોડી બની છે. બ્રાહ્મણોએ અમને બહુ હેરાન કર્યા છે. ”

“ વત્સ ! દ્વિજોના મોટા સમુદાયને પવિત્ર એવી આ શ્રમણ સંસ્કૃતિ પ્રત્યે અસૂયા છે. મારું ગમન તો નિમિત્ત માત્ર છે. ઇર્ષ્યા દર્શાવવા માટે કોઇ ને કોઈ છીંડા તેઓ શોધતા જ ફરે છે. હું કહું છું કે તારી માતા પતિપરાયણા સતી સ્ત્રી છે અને તું મારું જ ફરજંદ છે. દ્વેષીઓના બોલવાથી સત્યને આંચ આવતી નથી. ”

“ પૂજ્ય પિતાશ્રી ! આપની વાત સો ટચના સુવર્ણ સમી છે. મને પણ વિદ્યાગુરુજીએ ‘ सत्यमेव जयते ’ નો જ મુદ્રાલેખ ધારણ કરવાનું કહ્યું છે છતાં સામાન્ય જનસમૂહની દૃષ્ટિ તો વ્યવહારમય હોય છે. તેથી મારી માતાને નિર્દોષ ઠરાવવા

માટે આપની શોધમાં હું નીકળ્યો છું. હું બહુ ફર્યો છું. આખરે આજ આપનો મેળાપ થવાથી એ બધો પ્રયાસ સફળ થયો છે. હવે આપ એક વાર મારી સાથે રાજગૃહીનાં એ પ્રદેશમાં પધારી અમ મા-દીકરા ઉપર ઉપકાર કરો. આપના આગમનથી જ એ ભૂદેવના પેટનું પાણી હાલી ઊઠશે, અને એમણે ચલાવેલા દંભનાટકની અંતિમ ઘડીઓ ગણાશે."

"વત્સ ! તારી માતૃભક્તિથી મને આનંદ થાય છે. હૃદયની સરળતા નિરખી 'વત્સગોત્ર'માં તારા સરખો વંશજ પાકવા બદલ હર્ષ થાય છે. જો ચોમાસું માથા પર ન હોત તો જરૂર તારી વાત સ્વીકારત પણ હવે તો જે કંઇ બને તે મૌનએકાદશી પછી જ બને. પ્રભુશ્રી વર્ધમાનસ્વામીની આજ્ઞા મુજબ વર્ષાઋતુમાં શ્રમણો એક સ્થાને જ વાસ કરે છે."

મનક–"તો પછી હું પણ આપની પાસે જ આટલો કાળ વ્યતીત કરીશ. આપને લઇને જ પાછો ફરવાનો મેં નિરધાર કર્યો છે."

સૂરિ–"મનક ! અમારી મંડળીમાં અમારા સરખો સ્વાંગ સજ્યા સિવાય રહી શકાતું નથી. તારી ઇચ્છા મારી માફક સાધુ થવાની અને જ્ઞાનાર્જનમાં જીવન વ્યતીત કરવાની છે ? સંસારના પ્રલોભનો પર વિરાગ આવ્યો છે?"

"પૂજ્ય પિતાશ્રી ! માતાના શીર પરથી ખોટો આરોપ દૂર કરવો એ પ્રથમ કાર્ય અને આપ જેવા પાસે રહી જ્ઞાનવૃદ્ધિ કરવી એ બીજું કાર્ય. એ સિવાય મારી અન્ય કંઇ અભિલાષા જ નથી."

મનકનો જવાબ શ્રવણ કરતાં આચાર્ય શય્યંભવસ્વામીને પ્રથમ તો આશ્ચર્ય ઉદ્ભવ્યું. આટલી નાની વયમાં વીતરાગ-દેવના સંયમ તરફ આવું વલણ એ પૂર્વભવની પુન્યાઇ સિવાય દ્વિજસંતાનમાં ન જ સંભવે. તરત જ તેઓશ્રીએ શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂકયો. સરળહૃદયી મનકનું આયુષ્ય માત્ર છ માસનું જ જોયું. સાથોસાથ માનવજીવન સફળ કરવાનો યોગ પણ જોયો. એ જે હેતુ અર્થે નીકળ્યો હતો તે હેતુ એના દ્વારા પૂર્ણ થવાનો ન દેખાયો. મૌન એકાદશી આવતા પૂર્વે જ એ ફાની દુનિયાનો ત્યાગ કરવાનો! ભાવિભાવની પ્રબળતા! શક્રેન્દ્રને ક્ષણમાત્ર આયુ ન વધારી શકાય એવા પ્રભુ શ્રીવીરે કહેલા કથનની યથાર્થતા ઊડીને આંખે વળગી. ટૂંકો સમય છતાં મનક ઈચ્છિત કાર્ય સાધી શકે તેવી રીતે કામ લેવાનો મનમાં કાર્યક્રમ નિયત કરી આચાર્યશ્રી બોલ્યા—

"મનક! તો પછી મારી સાથે ઉપાશ્રય તરફ ચાલ. તારી ઇચ્છા છે એટલે પ્રવ્રજ્યા આપવામાં વાંધો નથી, છતાં આપણા વચ્ચે અહીં થયેલી વાતચિત કિંવા સંસારી નજરે હું તારો પિતા છું એ વાત તારે જરા પણ સંભારવી નહીં; અગર કોઇને કહેવી પણ નહીં. અરિહંતદર્શનમાં વૈયાવચ્ચનું ફળ મહાન્ બતાવ્યું છે. '**सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यम् ।**' જેવા નીતિસૂત્રો તારા જાણવામાં હશે જ. જો અન્ય સાધુઓ જાણે કે આ ગુરુપુત્ર છે તો એ અણમૂલા લાભથી તું વંચિત રહે, માટે મારી સલાહ પ્રમાણે વર્તવામાં લાભ છે. એક તરફ એ તપસ્વી અને ચારિત્રસંપન્નોની સેવા—એમનો સત્સંગ અને બીજી તરફ મુનિધર્મનું રહસ્ય સમજાવનાર અપૂર્વ જ્ઞાનમાં રમણતા થશે એટલે તારો બેડો પાર."

મનક–"પિતા અને પૂજ્ય ગુરુ, એમ ઉભયપદધારી આપ જે કહો છો તે મારે કબૂલ છે. માત્ર મારી જનનીવાળી વાત સ્મૃતિપટમાંથી અદૃશ્ય થવી ન જોઇએ–એ તરફ આપશ્રીના કદમ એક વાર અવશ્ય થવા જોઈએ એટલી જ પ્રાર્થના." પછી મનક સહિત આચાર્ય ઉપાશ્રયે આવ્યા.

પટ્ટશિષ્ય એવા યશોભદ્રજીને દીક્ષાવિધિને અંગે સૂચના આપી, નવિન શિષ્યને પ્રાથમિક તૈયારી કરાવવાની ભલામણ કરી, પોતે આવશ્યકવિધિમાં લીન થયા.

પછી સૂરિએ ચૌદપૂર્વમાંથી નિચોડરૂપે નવનીત સમા દશવૈકાલિકસૂત્રની રચના કરી. દૂધમાંથી જેમ માખણ કાઢવામાં આવે તેમ એ સૂત્રની સામગ્રી જુદા જુદા પૂર્વોમાંથી આચાર્યશ્રીએ ઉદ્ધરી હતી એટલે દશવૈકાલિકસૂત્ર સાચે જ નવનીતરૂપ હતું. એ તૈયાર કરવામાં મનકની આયુઅવધિ નિમિત્તરૂપ હતી. ચૌદપૂર્વધર આ પ્રકારની રચના કારણ–સદ્ભાવે કરી શકે છે. દશવૈકાલિકસૂત્રનું સર્જન કરી અહર્નિશ સૂરિજી એનું રહસ્ય મનક મુનિને સમજાવવા લાગ્યા. મનકમુનિ પણ દૃઢ શ્રદ્ધાથી એનું પાન કરવામાં એકચિત્ત બન્યા. અભ્યાસમાંથી પરવારતાં જ પોતાથી દીક્ષાપર્યાયે મોટા એવા સર્વ મુનિરાજોની શુશ્રૂષા કરવા દોડી જતાં. વિનયમાં જરાપણ ખામી આવવા દેતા નહીં. થોડા દિવસમાં તો સૌ મુનિની જીભે મુનિ મનક રમવા લાગ્યા. કોઇને કંઇ ચીજની જરૂર જણાતાં 'મનક' નામનો સાદ સંભળાય ત્યાં તો એ લાવીને મનક મુનિ હાજર થાય. આવો વિનીત શિષ્ય કોને ન ગમે ? એ સર્વનું પ્રીતિપાત્ર બને એમાં નવાઇ પણ શી ?

વડિલ એવા યશોભદ્ર મુનિ સાથે તો આ નવિન શિષ્યને ઘણી વાર બેસવું પડતું. ઉભય વચ્ચે મોટાનાના ભાઈ જેવી પ્રીતિ જામી હતી. જ્ઞાનક્રિયામાં વર્ષાકાળ વીતી જવા આવ્યો હતો. એક દિવસ મનકમુનિએ સહજ પ્રશ્ન કર્યો કે–"મૌન એકાદશી ક્યારે આવશે?" યશોભદ્રજી કહે–"કેમ, કંઇ મૌન ગ્રહણ કરવાનો અભિગ્રહ લેવો છે કે શું? હજી તો એ દિવસ આવવાને વાર છે."

મનક–"હું તો સહજ પૂછું છું. આચાર્યશ્રી એ દિન પછી અહીંથી વિહાર કરી રાજગૃહી તરફ પધારવાના છે." આ સાંભળી યશોભદ્રને કંઈક આશ્ચર્ય થયું છતાં મૌન રહ્યા. ગુરુદેવને એ સંબંધમાં અવકાશે પૂછવાની તક જોવા લાગ્યા, પણ તેમનો ઘણોખરો સમય આ નવિન ક્ષુલ્લકને દશવૈકાલિક-સૂત્રના અધ્યયનમાં અને એના અર્થગાંભીર્યની સમજાવટમાં જ જતો હોવાથી દિવસો ઉપર દિવસો વીતવા માંડ્યા છતાં તક પ્રાપ્ત ન થઈ! કાર્તિકી વીતતાં જ નિર્ગ્રંથો માટે વિહારના દરવાજા ખુલ્લી ગયા હતા પણ ચંપાપુરી ક્ષેત્ર હજુ વર્ષાથી તદ્દન મુક્ત નહોતું થયું. આજ કેટલાક દિવસથી આચાર્ય મહારાજના ચહેરા પર કોઈ અગમ્ય ચિંતાની ઘેરી છાયા રમી રહેલી જણાતી હતી. સમય મળતાં જ તેઓ મનકને બોલાવતા ને સૂત્રવાંચન કરાવતા. ગોચરી પછીનો સામાન્ય આરામ પણ નહોતા ભોગવતા. મનક ઉત્સાહથી એમાં રચ્યોપચ્યો રહેતો, છતાં છેલ્લા કેટલાક દિવસથી એના ગાત્રો ગળતા હતાં, અંગ શિથિલ થતું જતું હતું. કરણીમાં પૂર્વવત્ ચંચળતા ને ચપળતા નહોતી રહેતી. મૌન એકાદશી નજીક આવતી જોઇ એ બધું શરૂ રાખતો.

પોતાની અસ્વસ્થ દશાની વાત સરખી એણે કોઈને કહી નહોતી, છતાં ગુરુદેવની દૃષ્ટિથી એ બહાર નહોતી રહી. સૂત્રપાઠ આજે પૂરો થયો હતો. એનો આનંદ ગુરુજીના ચહેરા પર હતો એ કરતાં વધુ શિષ્ય મનકને હતો. કાલે જ મૌન એકાદશી થવાની, પરમદિને જ ગુરુ વિહાર કરવાના, પોતાની કામના સિદ્ધ થવાની–આ જાતના મણકા મૂકતા મનક મુનિ એકાદશીને દિવસે સખત તાવથી એકાએક ઘેરાયા અને મધ્યાહ્ન થતાં પૂર્વે તો પરલોકને પંથે પ્રયાણ કરી ગયા! શ્રુતધર ગુરુદેવની આંખમાંથી અશ્રુ વહી રહ્યાં.

# આચાર્ય યશોભદ્રસૂરિ

## ૧. પૂર્વજીવન—

"અહા! કેવું રમણીય સ્થળ છે? કેવી સુંદર સુવાસ પથરાઇ રહી છે? એક તરફ ચંપાનું વૃક્ષ તો સામે જ આમ્રવૃક્ષ, પેલી બાજુ આસોપાલવ તો ઓલીમેર અશોક જાણે દ્વારપાળ સમા ખડા છે. એ બધા કેવળ પરમાર્થભાવે પથિકોને આશ્રય આપે છે અને પોતાના રંગ-બેરંગી પર્ણ-પુષ્પોનો વરસાદ વરસાવી એ વણનોતર્યા અતિથિઓનું મધુરું સ્વાગત કરે છે. એ કુસુમોની મીઠી પરાગ ગમે તેવા સંતપ્ત હૃદયોની પીડા ક્ષણવારમાં હરણ કરી લે છે અને એને સ્થાને શાંતિની કોઇ અનેરી અને અવર્ણનીય લહરીઓ પ્રસારી દે છે. માનવી ઘડીભર જગતની આધિ, વ્યાધિ અને ઉપાધિને તો વીસરી જાય છે પણ એ સાથે પોતાને પણ ભૂલી જાય છે! સાચે જ વિશ્વનાં ઉદ્યાનો કિંવા આરામો એ વિશાળ નગરોના બહિર્ભાગે સાક્ષાત્ નંદનવનો જ છે.

"મારા પર જે સંકટની હારમાળાએ ચઢાઇ કરી છે અને એક પછી એક કરતાં જે વિજયસ્થંભો ઊભા કરતી એ આગેકદમ કરી રહી છે એમાં મૂંઝાઇ ગયેલ મારા આત્માને જો કંઇપણ નિરાંત વળી હોય તો કેવળ અત્યારે જ અને આ સ્થાનમાં જ.

"અરે! પેલું વળી શું સંભળાય છે? આવા રમણીય ઉદ્યાનમાં-ધીમી ગતિએ કૂચકદમ કરતાં પ્રાતઃકાળમાં-કોઇ સંત વ્યાખ્યાન કરી રહ્યા જણાય છે. ચાલ જીવડા! એવો લાભ અચાનક સામે આવ્યો છે તો મેળવું. મહાત્માના બે ચાર શબ્દો કેટલીક વાર જીવનપલટો કરી નાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. પિતાશ્રી વારંવાર કહેતા હતા કે-' પોતાના વ્યવસાયમાંથી ગમે તે રીતે થોડો સમય કાઢી મહાત્માની વાણી શ્રવણ કરવી.' એમ કરવાથી અપૂર્વ લાભ થયાનાં દૃષ્ટાન્તો શાસ્ત્રમાં મોજુદ છે. રોહિણીયા ચોરના જીવનમાં જે પરિવર્તન છેલ્લા તબકકે આવ્યું એ શ્રી મહાવીરદેવની દેશનાને આભારી હતું. પ્રભવ જેવો બહારવટીઓ ચોર મટીને આચાર્ય બન્યો એ શ્રી જંબૂકુમારની વાણીનો જ પ્રતાપ છે."

મહાત્માના મુખમાંથી ઉપદેશસરિતાનો પ્રવાહ અસ્ખલિત ગતિએ વહી રહ્યો હતો. શ્રોતાઓ એકચિત્તે એનું પાન કરી રહ્યાં હતાં.

"સંસાર તો એકાદા નગરની ભાગોળે આવેલા મુસાફરખાના જેવો છે. મુસાફરખાનામાં જેમ વટેમાર્ગુઓ-પથિકો માર્ગનો પરિશ્રમ ઉતારવા-વિશ્રાન્તિ મેળવવા થોભે છે તેમ આ સંસારમાં પણ જીવો પૂર્વકૃત કર્મોનો પરિપાક લણવા જન્મે છે. મુસાફરખાનામાં આવનાર મુસાફરો નથી તો એક જાતના હોતા કે નથી તો એક ગામના. એમના વ્યવસાયો પણ વિવિધ પ્રકારના હોય છે અને એ કારણે રોકાણનો સમય પણ ઓછોવત્તો હોય છે. સંસારવાસી જીવોનું પણ એવું જ વિચિત્રતાભર્યું વર્તન હોય છે. કોઇ સુખી તો કોઇ દુઃખી;

થોડા શ્રીમંત તો બીજા વળી તદ્દન રાંક; કોઈના જન્મસમયે સાકર વહેંચાઇ હોય તો અમુકના જન્મકાળે ભાગ્યે જ પૂરા ચાર માનવી હાજર હોય! કર્મરાજાના પ્રપંચનો પાર પૂર્ણ-જ્ઞાની સિવાય બીજો કોઇ પામી શકતો નથી. આ સંસારરૂપી મુસાફરખાનામાં જુદી જુદી ગતિથી આવેલા જીવો પોતાની પૂર્વસંચિત મૂડીના પ્રમાણમાં બાંધેલ આયુષ્યની મર્યાદા મુજબ ઉછરે છે, મોટા થાય છે અને જાતજાતના વ્યવસાય આરંભે છે; પણ એ બધાનો સમાગમ સમુદ્રમાં તરતાં લાકડાં જેવો છે.

**यथा काष्ठं च काष्ठं च समेयातां महोदधौ ।**
**समेयातां व्यपेतां च तद्वत् भूतसमागमः ॥**

મહાસાગરમાં પાણીના જોરે ભિન્ન ભિન્ન દિશામાંથી ધકેલાઇ આવેલ લાકડાંઓ એકઠાં થાય છે, થોડો સમય સાથે તરે છે અને પુનઃ પવનનો ધક્કો લાગતાં જુદી જુદી દિશામાં હડસેલાઇ જાય છે! તેવું જ પરિણામ મુસાફરખાનામાં થોભેલા મુસાફરોનું છે, અને તેવી જ દશા સંસારવાસી જીવડાઓની છે!

**'થતાં દરબારનો ડંકો, રહે નવ ગર્વ બંકાનો!'**

કર્મરાજનું ફરમાન છૂટયું કે બાજી અધૂરી મૂકી ચાલી નીકળવું જ પડે. આટલા સારુ જ્ઞાની પુરુષો વારંવાર ચેતવણી આપે છે કે–

"મહાનુભાવો! એમાં (સંસારના વિલાસોમાં) મૂંઝાયા વગર એનો સદાને માટે અંત આણવાના ઉપાયમાં ચિત્ત લગાવો. જ્યાં સતત 'જન્મવું અને મરવું' એ રૂપી અરહટ્ટ-ઘટ્ટી ચાલ્યા કરે છે એનાથી છૂટકારો મેળવવો હોય તો આત્મ-

સ્વરૂપની ઝાંખી કરો. માનવજીવન બીજાના દૂષણ શોધવામાં કિંવા આપાતરમણીય વિલાસોમાં વ્યતીત ન કરતાં 'હું કોણ છું ?' 'ક્યાંથી આવ્યો છું ?' અને 'મેં શી કમાણી કરી ?' એ પ્રશ્નોના સાચા ઉત્તર મેળવવામાં ખર્ચો. સાચી દિશામાં પ્રયાસ કરનાર આત્મા જ આ સંસારના કારમા બંધનોને કાયમને સારુ ફગાવી દેવા સમર્થ થાય છે. એકલી માનવગતિ જ એ પ્રકારનો પુરુષાર્થ ફોરવવા માટે ઉમદા સાધનરૂપ છે. આત્માને સમ્યગ્જ્ઞાન લાધતાં જ એની પ્રગતિ થવા માંડે છે અને કષાય પર પૂર્ણ કાબૂ આવતાં પ્રગતિનો પારો મધ્ય-બિંદુએ પહોંચે છે. '**उद्यमेन हि सिध्यन्ति कार्याणि**' કાર્ય-સિદ્ધિ સાચી દિશામાં ઉદ્યમ કરવાથી જ થાય છે, તેથી હે આત્માઓ ! પુરુષાર્થ ફોરવો. પોતાની આસપાસના સંજોગો જોઇ યથાશક્તિ વ્રત–નિયમ આદરો અને સતત એ પાછળ લક્ષ્ય રાખ્યા કરો."

સંતપુરુષની દેશના સમાપ્ત થઇ. પર્ષદામાંથી કેટલાકે ઊભા થઇ જાવજ્જીવ સુધી બ્રહ્મચર્ય વ્રત પાળવાના શપથ લીધા. કેટલાકોએ શ્રાવકધર્મનાં ચિહ્નરૂપ બાર વ્રત ગ્રહણ કર્યાં. બીજાઓએ ઓછાવત્તા વ્રતપાલનના પચ્ચખ્ખાણ કર્યાં. આ જાતના નિયમ લેવામાં કેવળ નર–નારીનાં વૃંદ હતાં એટલું જ નહિ પણ કેટલાક નાની વયના બાલુડાઓ અને ખીલતી કળી સમી બાળાઓ પણ હતી. ધર્મ એ ઇજારાની વસ્તુ નથી. એને વયના બંધન નડતાં નથી. એ તો જે પાળી શકે એને માટે છે.

જોતજોતામાં ઉપરની વિધિ થયા બાદ માનવમેદની વિખ-રાવા માંડી અને મહાત્માની પાસે માત્ર કેટલાક ગણત્રીના

શ્રમણાદિ રહ્યા ત્યારે એક વ્યક્તિએ નજીક આવી, હસ્તદ્વય જોડી નમ્રભાવે પ્રશ્ન કર્યો—

"સંત મહારાજ! હમણાં આપે જેમને બાધાઓ આપી તે સર્વ આ સંસારનો પાર પામવાના કે? એ સર્વને આપ ધર્માત્માઓ માનો છો કે? આ જાતના દેખાવ પાછળ એમના અંતરમાં શું ભર્યું છે એનો ખ્યાલ આપને છે ખરો?"

આગંતુકના આ પ્રશ્ને આચાર્યશ્રીની નજર તેના પ્રત્યે સચોટ રીતે કેંદ્રિત કરી. સવાલો પાછળ જે વેધક દૃષ્ટિ નાચી રહી હતી અને હૃદયના ઊંડાણમાં જે આગ પ્રજ્વળતી હતી એ અનુભવી ગુરુએ સહજ પારખી લીધી. વ્યક્તિના કપાલ પર ઘડીભર એમની આંખો ઠરી રહી. આવા વિચિત્ર પ્રશ્નો શ્રવણ કરી પેલા શ્રમણાદિ તો ઠરી ગયા. સૂરિ સામે આવો પ્રશ્નકાર એમણે પ્રથમ જ ભાળ્યો. પ્રશ્ન પાછળની ધગશ પિછાનવામાં અશક્ત એવા તેમણે એનો અવિનય જરૂર પિછાન્યો અને એ માટે ઉપાલંભ દેવા આરંભ કરે તે પૂર્વે જ દીર્ઘદર્શી આચાર્ય નમ્રપણે બોલી ઊઠ્યા.

"દેવાનુપ્રિય! અહીં નજીક આવ. તેં જે પ્રશ્નો પૂછ્યા છે એ જોતાં તું આ સ્થાનનો વતની જણાય છે અને વ્રત લેનાર માનવીઓના સમાગમમાં મારા કરતાં વધારે આવેલો છે એ વાત હું સહજ અનુમાની શકું છું. બોલ, મારું અનુમાન ખરું છે કે નહીં?"

"હા સાહેબ! આપનું અનુમાન તદ્દન સાચું જ છે."

તો જરા આગળ સાંભળ—

"તારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર કેવલજ્ઞાની જ આપી શકે, કેમકે પ્રત્યેક આત્માના હૃદયમાં સમયે સમયે કેવા ભાવો રમણ કરે છે એ જાણવાની શક્તિ એવા વિશિષ્ટ જ્ઞાની સિવાય બીજામાં હોતી નથી, છતાં એ મહાપુરુષોએ શ્રુતજ્ઞાનનો જે માર્ગ દોરી બતાવ્યો છે એના અભ્યાસથી હું એટલું કહી શકું કે એ સંબંધમાં મારો જે જવાબ મળશે તેનાથી તને અવશ્ય સંતોષ થશે.

"જો બાધાઓ ગ્રહણ કરનાર આત્માઓ સાચા દિલથી જ પોતે ગ્રહણ કરેલ પ્રતિજ્ઞાઓનું પાલન કરશે તો પોતાની પૂર્વકાળની માઠી કરણી માટે તેમને જરૂર પશ્ચાત્તાપ થવાનો. એથી કર્મોની નિર્જરા થવાની. નવા કર્મોનો બંધ અટકી પણ જવાનો અને પ્રગતિ ચાલુ રહેવાની. ભલે એની ચાલ ધીમી રહે પણ પરિણામ તો ભવના પારમાં આવવાનું જ. તારા પ્રથમ પ્રશ્નનો આ ઉત્તર.

"બીજા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે–આજે તેઓ ભલે ધર્માત્માના બિરુદને શોભાવવાની શક્તિ ન ધરાવતા હોય છતાં નિશ્ચય કરે તો એ પદની પ્રાપ્તિ અશક્ય નથી. પુરુષાર્થને કંઇ જ અપ્રાપ્ય નથી. કારણવશાત ઉન્માર્ગનું સેવન થઇ જાય કિંવા પાપના પંકમાં હાથ બોળી દેવાય તેથી એ દુષ્કર્મ કાયમને માટે આત્માને ચોંટી જ જાય છે એમ નથી. પાપી સદાને માટે પાપી રહેવા સર્જાયેલો નથી.

'નિમિત્તવાસી આત્મા, મનમોહન મેરે' એ વાક્યમાં ઘણું રહસ્ય છુપાયેલું છે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ હૃદય–ગુહામાં પથરાવાથી કે સદ્‌ગુરુના સમાગમથી અધર્મી ગણાતા આત્માઓ પણ ધર્મમાર્ગે ચઢી જઈને આત્મશ્રેય સાધે છે.

"છેલ્લો પ્રશ્ન દેખાવનો છે પણ એની અસરથી થોડા ઘણા પ્રમાણમાં તો સૌ કોઇ લેપાયેલું હોય છે જ. આડંબર, દંભ કે ઢોંગ એ માયાડાકિનીએ ગોઠવેલા પાસા છે. એમાં સમજુ ગણાતા માનવીઓ પણ ફસાઇ જાય છે ત્યાં સામાન્ય જનતાની શી વાત કરવી? પણ જે આત્માઓ એ કષાયનું સ્વરૂપ યથાર્થપણે પિછાનીને વર્તે છે અને સતત કાળજીથી કાર્ય આચરે છે તે એના પાશમાંથી જલ્દી મુક્ત થઇ શકે છે."

"ગુરુદેવ! આપે મારા પ્રશ્નોનું જે રીતે પૃથક્કરણ કર્યું છે તેથી મને ખરેખર સંતોષ થયો. બાધા લેનારમાંના કેટલાક પર મને સખત ગુસ્સો હતો. મારું વૃત્તાંત સાંભળવાથી આપને એની પ્રતીતિ થશે. 'मधु तिष्ठति जिह्वाग्रे, हृदये तु हलाहलम्' જેવું તેમનું વર્તન જોતાં જ મેં આપની સમક્ષ ઉપરના પ્રશ્નો કર્યાં છે. આપશ્રીની સચોટ ને મધુરી વાણી શ્રવણ કર્યા પછી જેમનું હૃદય પવિત્ર ન બને તે ખરેખર ધરતીને ભારરૂપ લેખાય. તેમાંના કેટલાકનો વ્યવસાય જ તેમની ધાર્મિકવૃત્તિ અંતરની છે કે ઉપરછલ્લી છે એ કહી આપે છે. એ બધા આડંબરથી વ્રત માટે ઊભા થયા ત્યારે મને પ્રથમ તો એમના જીવન જાહેર કરવાનો ઉભરો ચઢી આવ્યો હતો પણ આપ સરખા મહાત્માની ગંભીર મુદ્રા જોતાં જ એનો ઓટ થયો. તેથી જે થાય તે મૌનપણે જોવાનો નિશ્ચય કરી ઉભરો શમાવ્યો, પણ આપે તેનું પૃથક્કરણ કરી મારી આત્મદૃષ્ટિ સતેજ કરી, એટલે મારું એ વલણ હવે બદલાઈ ગયું છે. 'પોતાની ગાંઠના સાબુથી પારકો મેલ ધોવાને બદલે પોતાનો જ મેલ ધોવા માંડ.' એ આપનું ટંકશાળી વચન મારા અંતઃકરણમાં આરપાર ઊતરી ગયું છે.

"મહારાજ સાહેબ ! મારો જન્મ ગર્ભશ્રીમંત વણિક-કુળમાં થયો છે. મારા જન્મ સમયે અમારા કુટુંબ પર લક્ષ્મી-દેવીના ચારે હાથ હતાં એમ કહું તો ખોટું ન કહેવાય, પણ હું પૂરો પાકટ વયમાં આવ્યો ન આવ્યો ત્યાં તો દૈવ રૂઠ્યો ! સૌ પહેલાં શીળી છાંયડી સમી જનેતા પરલોકને પંથે પડી અને પછી તો યમરાજે અમારા ઘરનું બારણું છોડયું જ નહીં. પિતાશ્રીના માથે સ્વજનના મૃત્યુથી એક પછી એક એમ ઘા પડતાં જ ગયા. વણજમાં પૂરું લક્ષ્ય દઇ ન શકયા. ભાગીદારે તકનો લાભ લીધો. સંપત્તિકાળના સાથીદારો પણ હાથતાળી દેવાનું ન ચૂકયા. એ રીતે લક્ષ્મીદેવી રૂઠી, અર્થાત્ સૌ જાતની લીલાલહેર જોતજોતામાં કરમાઇ ગઈ. ભર્યા-ભાદર્યા કુટુંબમાં વિપત્તિથી ગ્રસિત થયેલ અને અકાળે વૃદ્ધત્વ પામેલ પિતા, એક વિધવા ભગિની અને ત્રીજો હું-**યશપાલ** રહ્યા. નામ યશપાલ છતાં વડિલના યશનું પાલન કરવા શક્તિવંત નિવડું તે પૂર્વે વંશ-વાડી વેડફાઇ ગઇ. આબરુ સાચવવા પિતાશ્રીએ બધું આપી દીધું અને લેણદારોને ઘર પણ લખી આપ્યું. વિપત્તિના વાયરા જ્યારે શમ્યા ત્યારે પિતાશ્રી તથા મેં હિસાબ-કિતાબ તપાસવા માંડ્યા ત્યારે જણાયું કે જે ખોટ આવી છે એ કોઇ ધંધાને અંગે નહીં પણ અમારા ભાગીદારે તેમ જ પિતાશ્રી સાથે ગાઢ સંબંધ રાખતા બે મિત્રોએ ઇરાદાપૂર્વક સાથે મળી કરેલી ઉચાપતને આભારી છે. પણ એમાંનો એક પણ હવે સામું જોતો નથી. બીજા એક ગૃહસ્થ પાસે ધન હોવા છતાં અમારું લેણું આપવાના અખાડા કરે છે. મારી બહેનના શ્વસુર દીકરો મરી ગયો એટલે સંબંધ પરવારી ગયા એમ માની મારી ભગિની-પોતાની જ પુત્રવધુ—સાથે કંઇ સંબંધ

ધરાવતા નથી. અરે ! તેણીના હક્કના નાણા પણ આપતા નથી. જગત જાણે છે કે સ્ત્રીધન પર હક વિધવાનો જ ગણાય, છતાં એ મહાશયને રકમ કાઢવી પડે એટલે દલીલ કરે છે કે નારીના હાથમાં નાણું આવે તો એ વંઠી જાય. એ તો માત્ર રોટલાની જ હકદાર લેખાય. આમ અમારી સાથે પ્રમાણિકપણા પર કાતર ચલાવી, કેવલ ધનના મોહમાં ફસી, પરભવ કે કર્મવિપાક વીસરી જઈ, ધર્મ–નીતિથી વિરુદ્ધ આચરણ કરનાર મહાશયોને વ્રત ગ્રહણ અર્થે ઊભી થયેલી મંડળીમાં ધર્માત્માઓનો સ્વાંગ સજી આગેવાની કરતાં નિહાળ્યા ત્યારે સાચે જ મારું લોહી તપી આવ્યું. એ બૂગ ભક્તોને ખુલ્લા કરવાની સાબિતીઓ મારે શોધવા જવી પડે તેમ છે જ નહીં.

“ઘર ઘરાણે રાખનાર શેઠના તકાદાએ તો મારા પિતાનો જીવ લીધો. દોકડાનું વ્યાજ ચઢાવનાર એ શેઠ પારેવાની જાળ છોડાવવામાં ધર્મ માને પણ વ્યાજમાં ‘આની’ સરખી ન ઘટાડે. હફતો ન ભરાયો હોય તો કડવા વચનોની વર્ષા જ વર્ષાવે. પોતાની પૂર્વ સ્થિતિ તો ભૂલી જાય પણ સ્વામીભાઈનો નાતો પણ યાદ ન આણે. કેવળ સુખમાં અને સાહ્યબીમાં જેણે જીવનનો મોટો ભાગ વીતાવ્યો હતો એવા મારા પિતાથી આ ત્રાસ સહ્યો નહોતો જતો. એક તરફ આ ચિંતા, બીજી બાજુ નિર્વાહની ચિંતા–એ ઉભય વચ્ચે એમનું જીવન ભીંસાતું ચાલ્યું. ગઈ દીવાળીએ તેમનો પણ જીવનદીપક બુઝાઈ ગયો.

“મહારાજ સાહેબ ! છેલ્લા દાયકામાં મેં આવું ઘણું ઘણું જોયું છે. એ ઉપરથી વ્રત–નિયમ માટે તેમજ કહેવાતા ધર્માત્માઓ માટે મારા દિલમાં કોઈ જુદી જ ગંગા વહે છે. કદાચ જગત ઊલટી ગંગા કહે તો નવાઈ નહીં, પણ મારે આપ

સમક્ષ સાચું જ કહેવું જોઇએ કે ધર્મની છાયા હેઠળ મને તો એ બધા દંભી–ધર્મઠગો ને બગભગતો જણાય છે. આપનો અચાનક યોગ ન સાંપડ્યો હોત અને મીઠી વાણી શ્રવણ કરવાનો પ્રસંગ ન લાધ્યો હોત તો, એ માંહેલા કેટલાકની જીવાદોરી તોડવામાં હું લયલીન બન્યો હોત, એટલો ગુસ્સો પિતાના મૃત્યુ પછી એમના ઉપર આવ્યો હતો. ”

“ યશપાલ ! ધીરો પડ, શાંત થા. એવું બનવા નથી પામ્યું એટલા તારા દિવસ પાધરા ગણાય. વેરનો બદલો પ્રતિવેરથી કોઇ કાળે નથી વળી શકતો. એમ કરવા જતાં તો કેવળ કર્મબંધ ને ભવભ્રમણ જ વધે છે. વૈરીને સાચી રીતે જીતવો હોય તો એના પ્રત્યે પ્રેમ કરવો ઘટે. ગુસ્સાને ત્યજી દઇ, સમતાનું જાતે શરણ લેવું જોઇએ. વિપરીત આચરણ કરનાર વ્યક્તિ તો નિમિત્તમાત્ર છે પણ એ બધું કરાવનાર તો કર્મો છે અને એ જ જીવના સાચા શત્રુઓ છે એમ સમજવું ઘટે. આત્માને ઓળખનાર વીરાઓનો આ ધોરી માર્ગ છે. એ દ્વારા જ મુક્તિમંદિરના દ્વાર ખુલે છે. તું ધારે તો એ કંઇ અઘરું નથી. ઘડી પૂર્વે તેં જ્યારે પોતાને ઓળખવાનો નિરધાર કર્યો છે તો એ બધાને હૃદયથી માફી આપ. એમના પ્રત્યેનુ વૈમનસ્ય વિસારી મેલ. સંસાર વાસનાને તિલાંજલિ આપ. **‘ જગતના કાચના નેત્રે ખરી વસ્તુ નહીં ભાસે ’** એ સાચું માની, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ કરી, તદનુરૂપ વર્તન રાખી માનવજીવનને સફળ કરવા વીતરાગભાષિત ધર્મનું જ શરણ લે. ”

“ ગુરુજી ! મને એ પ્રિય છે. મારી બહેનની રજા લઇ આવું ત્યાં સુધી આપ અહિં સ્થિરતા કરશો. ”

× × ×

## ૨. આંસુ અંગેનો પડદો ઉંચકાયો—

દરેક ભાષામાં કહેવતો–સમસ્યાઓ અથવા ટૂંકા અક્ષરોમાં સમાવવામાં આવેલી રહસ્યપૂર્ણ બાબતો દૃષ્ટિગોચર થાય છે. ભલે એનું પ્રમાણ સરખાઈવાળું ન હોય. એને કાળના બંધન નડતા નથી અર્થાત્ યુગ બદલાવા છતાં પણ એમાં જે અણમૂલો ઉપદેશ સંગ્રહિત કરવામાં આવેલો હોય છે તે વર્તમાનકાળવાળાને ભૂતકાળ જેટલો જ ઉપયોગી નીવડે છે અને ભવિષ્ય માટે પણ એની અગત્ય ઓછી નથી અંકાતી. અલબત એ ટૂંકાક્ષરી કહેણીઓમાં તરતમતા સંભવે છે.

ભરપર્ષદામાં એક ચોર આવે છે. પરમાત્મા મહાવીરદેવ પોતાની મધુર ગીરામાં ઉપદેશની વર્ષા વરસાવી રહ્યા છે. ચોરનું આગમન એકાદા સંશયના છેદન અર્થે થયેલું છે પણ સંશય ભરસભામાં પૂછવાની એ હિંમત ન કરી શકયો. કર જોડીને એટલું જ ઉચ્ચરી ગયો—**या, सा?**

જ્ઞાની ભગવંતોને કંઇ જ અજાણ્યું નહોતું. ચૌદ રાજલોકના ભાવોને કેવલજ્ઞાનરૂપી દર્પણમાં સમયે સમયે અવલોકનાર એ વિભૂતિએ પ્રશ્નકારનો ઉત્તર માર્મિક રીતે જ આપ્યો અને તે શબ્દો આટલા જ **सा, सा** આમ '**या सा सा सा**' રૂપ ચાર અક્ષરોમાં એક રહસ્યપૂર્ણ કિસ્સો ઉકેલાઇ ગયો.

દૂર શા સારુ જવું ? ગુરુ–ચેલાનો નિમ્ન દુહો તો જગમશહુર છે.

**પાન સડે, ઘોડો અડે, વિદ્યા વિસર જાય;**
**અંગારે રોટી જળે, કહો ચેલા કયું થાય?**

ઉત્તરમાં–' ફિરાવે નહીં તો ' એટલા જ શબ્દો.

સાહિત્યના મહાસાગરમાં આવી સમસ્યાઓ અથવા લોક-પ્રચલિત ઉક્તિઓ સુપ્રમાણમાં ભરેલી છે. ચાલુ વાર્તાપ્રવાહમાં એ સંબંધી ઉલ્લેખ એટલા પૂરતો કરવો પડ્યો કે કેટલીક વાર માર્મિક શબ્દોમાં બહુ રહસ્યપૂર્ણ વાતો સમાયેલી હોય છે એ મહત્ત્વનો મુદ્દો લક્ષ્યમાં રહે.

' વહેતા પાણી નિર્મળા '–સરિતાનાં જળ તળાવ કે કૂવાનાં પાણી કરતાં વધારે ચોખ્ખા ગણાય છે એનું કારણ એના સતત વહેવાપણામાં કલ્પી શકાય. આમ તો કહેતી વ્યવહારિક વાતસૂચક મનાય પણ એ જ નિયમ શ્રમણના જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. વહેતાં નીર માફક તેમનો વિહાર પ્રવર્તતો હોય તો જ એ શોભાસ્પદ છે. જ્ઞાની પુરુષોએ એમાં જ શ્રેય જોઇ નિયત કર્યું છે કે–ચોમાસાના કાળ સિવાય મુનિઓએ એક સ્થળે વધુ સમય રહેવું નહીં. આ મહત્ત્વના કાનૂનને અવગણનાર સાધુ પોતાના ચારિત્રને ઝાંખપ લગાડે છે અને કેટલીક વાર રાગદશાના તીવ્ર બંધનોમાં જકડાય છે, એ જેમ અનુભવનો વિષય છે તેમ એની ઇશારારૂપ નોંધ પાના–પુસ્તકે પણ સાંપડે છે.

પૂર્વધર મહાત્મા શય્યંભવજી આ વાત સારી રીતે પિછાનતા હતા. મૌન એકાદશી વીતી જવા છતાં કારણવશાત્ તેઓ વિહાર કરી શકયા નહોતા પણ આજે રાઇ પડિક્કમણ પૂરું થતાં જ પટ્ટશિષ્ય યશોભદ્રજીને વિહાર માટે તૈયારી કરવાની સૂચના આપી હતી. મુનિગણ ' વહેતાં પાણી નિર્મળા ' ના ઉમદા બોધપાઠથી માહિતગાર હતો; છતાં વિનીત શિષ્ય

મનકના સ્વર્ગગમન પછી આટલો જલદી વિહાર થશે એવું ધારતો નહોતો. થોડા દિવસો સ્વર્ગસ્થ આત્મા નિમિત્તના ઉત્સવમાં પસાર થઈ જશે એવી ઘણાની ધારણા હતી. ખુદ પટ્ટશિષ્ય યશોભદ્રજીને એકાદ બે બાબતની શંકાના સમાધાન કરવાના બાકી હતાં. ગુરુ સાથેના વિહારમાં એ થઈ શકે તેમ હતું પણ આજની આજ્ઞા તેમને ઉદ્દેશીને કરાયેલી હોવાથી, સહજ કલ્પી શકાતું હતું કે આચાર્યશ્રી આ સ્થળમાં હજુ શોભવાના છે. આ રીતે વિહારની તૈયારીમાં મશગૂલ છતાં મુનિવૃંદમાં એક પ્રકારની ભાવી કાર્યક્રમની અસ્થિરતા હતી. યશોભદ્રજી તો ગોચરી પછીના આરામની માર્ગપ્રતીક્ષા કરી રહ્યા હતા પણ હવે એ સમય સ્વશંકાનિરસન માટે એમને વધુ યોગ્ય જણાયો.

વાચકને આશ્ચર્ય થાય એવું તો નથી છતાં વાર્તાનો સંબંધ સાંધવા પૂરતું અત્રે કહેવું ઘટે કે પૂર્વે જે યશપાલની વાત કહેવામાં આવી છે તે પોતે જ કથાનાયક યશોભદ્રસૂરિ છે.

શય્યંભવસૂરિના ઉપદેશથી જેની હૃદય–ગુહાનું ઢાંકણુ ખુલી ગયું છે અને જેને આ સંસાર ઝેર સમાન લાગ્યો છે એવો યશપાલ પોતાની મોટી બહેન પાસે દીક્ષા લેવાની રજા મેળવવા સારુ ઘેર પાછો ફરે છે.

સંસારની વાસના વિલક્ષણતાથી ભરપૂર છે. દુઃખના ઢગલા વચ્ચે પણ માનવહૃદયને ત્યાગની વાત એકદમ ગમતી જ નથી.

મોહરાજની જાળમાં ફસાયેલ જીવો એટલી હદે ઘેન–નિદ્રા અનુભવતા હોય છે કે એમના અંતરમાં જેટલો રાગનો પ્રવેશ સુલભ હોય છે તેટલો વિરાગનો દુર્લભ છે. યશપાલના

જીવનમાં કષ્ટની પરંપરા સિવાય શું હતું? વિધવા ભગિનીની જિંદગીને સંસારજન્ય વિલાસના કાંટે ચઢાવતાં સુખનું પલ્લું તદ્દન ખાલી લેખાય છતાં જ્યારે ભાઈના મુખેથી ઉદ્યાનમાં પધારેલા સૂરિપુંગવ શય્યંભવજી પાસે પ્રવ્રજ્યા લેવાની વાત સાંભળી ત્યારે તેણી એકદમ બોલી ઊઠી—

"ભાઈ! તારી વય સંયમ લેવાની નથી. નિર્ગ્રંથજીવન એ કંઈ ગુલાબ પાથરેલા માર્ગ જેવું નથી કે મીઠી સુવાસ અનુભવતાં એ પર વિચરી શકાય. ડગલે ને પગલે પરિષહ ને ઉપસર્ગરૂપી કાંટા એ માર્ગ પર પથરાયેલાં છે. પિતાશ્રી સજ્ઝાયમાં બોલતા હતા એ લીંટી તને યાદ નથી?"

**'સંયમ પંથ અતિ આકરો, વ્રત છે ખાંડાની ધાર.'**

"ભગિની! તમે કહો છો એવો એ માર્ગ હોય તો ય ત્યાં જવામાં વાંધો શું છે? અહીં આપણા માટે કયાં છત્રપલંગો ઢાળેલાં છે? પૂરી મહેનત કરવા છતાં પેટપૂર અન્ન મળે છે ખરું? અને એ શાંતિથી ખાવાનું આપણું ભાગ્ય પણ કયાં છે? દિ' ઊગ્યે કોઇની રાવ આવી જ છે ને? આજે જ્યારે લેણદારોનું દેવું પૂરેપૂરું અપાઇ જવાથી એ આ તરફ આવતા અટકી ગયા છે ત્યારે તારા પેલા સાસરીયા કયાં ઝંપવા દે છે?"

"ભાઇ! સંસારમાં તો એમ જ ચાલે. એ કહેતાં ભલાં ને આપણે સાંભળતાં ભલાં. દુઃખ કંઇ સદાને માટે રહેવાનું નથી. તું હવે સમજણો થયો છે એટલે કાલે સવારે સુખ જોવાનો વારો આવશે. 'પુરુષના નસીબ આડું પાંદડું' એ તો ખુલવા માંડે તો વાર ન લાગે. પિતાના વંશનો વેલો કાયમ રહે અને તું સુખી થઇ ઘર માંડે એ જોવાની મારી અભિલાષા છે."

"મોટી બહેન! તમારી અભિલાષા આ યશપાલ પૂરે એવો યોગ જણાતો નથી. જ્યાં સાત પેઢીથી એકધારા ચાલ્યા આવતા નામોનો અંત આવે છે ત્યાં તમે 'ઘઉં ખેતમાં' જેવી વાત કરો છો! ગામમાં પેસવાના ફાંફાં છે ત્યાં પટેલને ઘેર ઊના પાણી જેવી આશા તમોને વ્યર્થ નથી જણાતી? માંડ પેટનો ખાડો પૂરાય છે ત્યાં તમને ઘર ઊભું કરવાના કોડ થાય છે એ બધું વૃથા છે. હું તો સંસારમાં દેખાતી આળપંપાળથી કંટે આવી ગયો છું. નામ કોના રહ્યાં છે? માનો કે થોડાકનાં નામો આજે ઇતિહાસને પાને નોંધાયેલા છે કે જનસમૂહની સ્મરણપોથીમાં યાદ કરાય છે તો એ કોઈ વંશ-વારસને આભારી નથી. એની પાછળ તો તે તે આત્માઓના સુકૃત્યોની, પરમાર્થે ગાળેલા જીવનની લાંબી કથા હોય છે. હું જે માર્ગની વાત કરું છું તેનાથી બંને કાર્યો સધાય છે. જો જ્ઞાનાર્જન કરી શુદ્ધ ચારિત્રનું પાલન કરવામાં આવે તો તમે જે નામના, કીર્તિ કિંવા વંશઉદ્યોતની વાત કરી તે સહજ સધાય છે અને વધારામાં આત્મશ્રેય થાય છે. આ ભવ ને પરભવ-બંને સુધરે છે. જ્યારે આપણે પરમાર્થ પંથે પળેલા પ્રવાસીઓ જેવા કે-ગજસુકુમાળ, ઈલાચીકુમાર, અનાથીમુનિના જીવનના પાના ફેરવીએ છીએ ત્યારે સહેજે માલૂમ પડે છે કે એમાં અગ્રપદે ભાગવતી દીક્ષા જ નિમિત્તરૂપ બનેલ છે. આત્મકલ્યાણના ઇચ્છુક માટે એ જ એક માત્ર ધોરી માર્ગ છે. મુશ્કેલીઓ અને સુશીબતો શેમાં નથી? એ જોઇ જે ભડકે છે તે કાયર ગણાય છે અને જે એનો પાર પામે છે તે શૂરવીર કહેવાય છે.

"વહાલી સ્વસા! તારી અટકાયત પાછળ મારા પ્રત્યેનો સ્નેહ કામ કરે છે એ હું સમજું છું, પણ એનું સુકાન ફેરવવાની જરૂર છે. મને આ સંસાર પર તિરસ્કાર તો કેટલાક સમયથી ઉદ્‌ભવ્યો હતો જ. એમાં મહાત્માની આજની દેશનાએ સાચો વિરાગ જન્માવ્યો છે, માટે તમે મને એ મહાપુરુષના સહવાસમાં વસવાની હસ્તે મુખડે અનુજ્ઞા આપો. એ રીતે જ મારા પ્રત્યેનો સ્નેહ દાખવો. મારા કલ્યાણની દિશાના દ્વાર ખોલો. મન જ્યાં ચોંટયું ત્યાં વિલંબ કરવો નિરર્થક છે."

"પ્યારા ભાઇ! તો પછી હું કોના આધારે રહું? સાસરીયાની કેવી નજર છે એ તો તું જાણે છે. તારા અવલંબને તો હું રહેલી છું. પિતાશ્રી કોના ભરોસે આપણ બન્નેને મૂકી ગયા?"

"વહાલી બહેન! સ્વાધ્યાય કરતાં કેટલીય વાર તમે બોલો છો—'**કેના છોરુ કેના વાછરુ, કેના માય ને બાપ**' એ લીંટીનો અર્થ વિચારશો તો તુરત સમજાશે કે આ સંસારમાં કોઇ કોઇનું નથી. દરેક પોતાની કર્મસંચિત મૂડી પર જીવે છે. તમે મારા આધારની વાત પર મુસ્તાક રહેતા હશો પણ કાળની નોંધમાં કોણે જોયું છે કે એની અવધિ કેટલી છે? શિરછત્ર ચાલ્યા ગયા છતાં આપણું જીવન નભ્યું કે નહીં? તેમ હું પ્રવ્રજ્યા લઇશ તેથી તમારું ગાડું અટકી પડવાનું નથી. જ્યારે કીડી–મંકોડી જેવા પોતાના પેટ ભરી શકે છે તો તમારા સરખી અનુભવી અને સહનશીલતાની મૂર્તિને એમાં કંઇ જ મુશ્કેલી નડે તેમ નથી જ."

"યશપાલ ! જો તારો ચારિત્ર લેવાનો નિરધાર જ છે તો મારી હવે રોકટોક નથી. હું પણ તારી માફક પ્રવ્રજ્યા સ્વીકારીશ. ફક્ત તારા પ્રત્યેના સ્નેહ-તંતુ પર હું જીવન નભાવતી હતી તે પણ આજે જ્યારે તૂટવા બેઠો છે ત્યારે કઈ આસક્તિથી હું પ્રતિદિન બળતી ભઠ્ઠીમાં શેકાયા કરું ? ચાલ, પરમાત્મા મહાવીરદેવના પવિત્ર માર્ગનું અવલંબન લઇ આ માયાપાશ પર કાયમનો કાપ મૂકીએ. એ દેવાધિદેવના ચરણે આ દેહને ધરીએ."

ઉભય આત્માએ આ રીતે આચાર્ય શ્રી શય્યંભવજીનો સાથ મેળવ્યો. મનોરમ ઉદ્યાનમાં આસોપાલવની શીળી છાંયડી-માં બન્ને જીવોએ વેશપલટો કર્યો અને સાથોસાથ હૃદયપલટો પણ કર્યો. યશપાલ મટી યશોભદ્ર બનેલ એ નવીન સાધુ, સ્થવિરની દેખરેખ હેઠળ જ્ઞાનાર્જનમાં પ્રગતિ કરવા લાગ્યા. એની ભગિની સાધ્વીગણમાં ભૂતકાળને ભૂલી જઈ, કર્મોના ક્ષય અર્થે નવનવા તપઅનુષ્ઠાનમાં રક્ત બની. આચાર્યશ્રી થોડા દિવસમાં આ સ્થળનો ત્યાગ કરી અન્ય દિશામાં વિહરવા લાગ્યા.

યશોભદ્રનો સિતારો જલ્દીથી ચમકયો. ધનપ્રાપ્તિમાં એનો નંબર ભલે છેલ્લો રહ્યો પણ વિદ્યાના અર્જનમાં એ મોખરે આવ્યા. સરસ્વતી દેવીના સંપૂર્ણ આશીર્વાદ પ્રાપ્ત થતાં ટૂંક સમયમાં એ વિદ્વાન અને શિષ્યવૃંદમાં અગ્રણી બન્યા. સૂરિ-મહારાજે એની શક્તિની પિછાન કરી એને પટ્ટશિષ્યનું માન-વંતું પદ સોંપ્યું. જગતમાં જેની કદર નહોતી તે શય્યંભવ-સૂરિના હાથમાં જતાં સાચું ગૌરવ પામ્યા.

ગોચરીનું કાર્ય આટોપાઇ જતાં આચાર્યશ્રી ઉપાશ્રયમાં

થોડા આંટા મારી, આસનમાં ડાબા પડખે જરા આડા થયા. કાળવેળા અભ્યાસ માટે નિષિદ્ધ ગણાય છે એટલે બીજા મુનિઓ પણ યશોભદ્રજીની આગેવાની હેઠળ ગુરુ સમિપ હાજર થયા. આવતી કાલના વિહાર અંગે સૂચન મેળવવાનો આશય તો હતો જ પણ એ ઉપરાંત શંકા-નિવારણ કરવાનું કાર્ય પણ હતું; એટલે એ શંકાની બાબત ઉપાડતાં યશોભદ્ર બોલ્યા કે—

"પૂજ્ય ગુરુદેવ ! આપ તો શ્રુતધર છો. આપની પ્રત્યેક કરણી આગમને અનુસરીને જ સંભવે. મારા જેવા લઘુ શિષ્યને એ માટે વિચારવાપણું ન જ હોય છતાં સ્વર્ગસ્થ મનક મુનિના પ્રસંગને અંગે બે બાબત એવી બની છે કે એ સંબંધમાં મારે આપશ્રીનો ખુલાસો મેળવવો જોઈએ. તે વિના હૃદયગત શંકા ટળી શકે તેમ નથી. કાલે સવારે મારો વિહાર છે એટલે આજ્ઞા આપો તો એ શંકા રજૂ કરું."

"યશોભદ્ર ! તારી પ્રત્યેક શંકાનું નિવારણ કરવું એ મારો પ્રથમ ધર્મ છે, કેમ કે જે મહત્ત્વનું સ્થાન હાલ હું ધરાવું છું તેનો પછીનો અધિકારી તું છો. બાકી વીતરાગ ધર્મની ખૂબી જ એ છે કે નાની મોટી દરેક બાબત બુદ્ધિતુલાએ તોળી, અંતરમાં બરાબર ઉતારી, પછી જ એના અમલમાં દૃઢચિત્ત બનવું. હરકોઈની શંકાનો ઉકેલ એ આચાર્યનો ધર્મ છે. જ્યાં સુધી આત્મામાં શંકા-કાંક્ષાદિ દોષો હોય છે ત્યાં સુધી સાચું સમ્યક્ત્વ પમાતું નથી. જૈનદર્શનમાં અંધશ્રદ્ધાને જરા પણ સ્થાન નથી. "

"ગુરુદેવ ! મનકમુનિ જેવા વિનીત શિષ્યની ભક્તિ તો સહુને યાદ રહી જાય તેવી હતી અને એનો વિરહ પણ

કેમે કરી ભૂલાય તેવો નથી છતાં '**મરણં પ્રકૃતિઃ**' જેવા રહસ્યનો ઘુંટડો ગળનાર આપ સરખા ચૌદપૂર્વીને એ વખતે અશ્રુપાત થાય એ શું યોગ્ય છે? 'મરનારાને રુવે માનવી' એ કવિ–ઉક્તિ પ્રાકૃત જનસમૂહ માટે ભલે સાચી હોય પણ જેઓ 'રોનારા પણ જનારા છે' એવું સ્પષ્ટપણે સમજે છે તેવા જ્ઞાનીઓની આંખ એવે સમયે પણ ભીની ન થવી ઘટે એ શું સાચું નથી? મનકમુનિ કરતાં પણ વધુ વિનયી અને દીક્ષા-પર્યાયે સ્થવિર એવા કેટલાય વિદ્વાન્ સાધુઓના પરલોકપ્રયાણથી આપની પાંપણ ભીની નથી બની તો આ વેળા આમ કેમ બન્યું?

"વળી આપણા મુનિપણાનો ધર્મ આહારની પ્રાર્થના વેળા કે ક્ષેત્ર પાવન કરવાના આમંત્રણ પ્રસંગે 'વર્તમાન યોગ' કહેવાનો. કારણવશાત્ નિશ્ચિત સમય કે નિર્ણીત ક્ષેત્ર નક્કી કર્યું પણ હોય છતાં એકાદા ક્ષુલ્લકને એની વાત ન કહેવાય. એ જો મર્યાદા ગણાય તો પછી મનકમુનિને મૌનએકાદશી પછી રાજગૃહી તરફ વિહાર કરવાનો નિશ્ચય જણાવેલ એ કયા હેતુને આભારી છે? આપ સરખાને પ્રમાદ થવા સંભવ નથી એટલે ઉભય બાબતમાં અવશ્ય કંઈ ઊંડું કારણ છુપાયેલ છે. એ જ શંકા કરાવનાર છે તો આપશ્રીને ઉચિત જણાય તો એની ચોખવટ કરશો."

"સાધુ, સાધુ, યશોભદ્ર! તારી નજર લાંબે સુધી પહોંચી છે અને તે યોગ્ય પણ છે. પરિસ્થિતિનું બારીકાઈથી અવલોકન કરનારની ચક્ષુ બહાર એક રીતે મહત્ત્વ ધરાવતી આ વાત ન જવી જોઈએ, અને તે નથી ગઈ એ જાણી આનંદ થાય છે. સાંભળો–મનકમુનિ એ મારો શિષ્ય હતો પણ સંસારના સંબંધથી મારો પુત્ર પણ હતો."

કલ્પનામાં પણ એકાએક ન ઉતરે એવું ઉપરનું કથન શ્રવણ કરતાં જ સર્વ સાધુઓ આશ્ચર્યમાં મગ્ન થયા. આચાર્ય શય્યંભવે પોતાનો પૂર્વનો ઇતિહાસ ટૂંકામાં કહી સંભળાવી ચાલુ બનાવ સહ અંકોડા સાંધ્યા અને આગળ ચલાવ્યું.

"એની ભાવના એક જ હતી કે એની માતુશ્રીના કપાળે ભૂદેવોદ્વારા ચોંટાડવામાં આવેલ ખોટું કલંક જલ્દીથી દૂર થવું ઘટે. એટલે જ મારે મૌનએકાદશી પછીનો રાજગૃહીનો વિહાર નિર્ણીત કરવો પડેલ. એ ખાત્રી મળ્યા પછી એણે મારી પાસે દીક્ષા લીધી. દ્વિજના કુળમાં જન્મનાર આટલી ત્વરાએ બોધ પામે એ જોઇ મેં જ્ઞાનનો ઉપયોગ મૂકયો. મને એનું આયુષ્ય અલ્પ જણાયું. નિર્ણીત દિને એ જીવતો હશે કે કેમ એ પણ શંકાનો વિષય બન્યો. આવો સરલ-જીવ માનવભવ પામ્યાનું સાર્થકય કરી જાય એ હાર્દિક તમન્નાથી પ્રેરાઇ પૂર્વોમાંથી દશવૈકાલિક સૂત્રનું મેં અવતરણ કર્યું અને તેનો અભ્યાસ એને ખંતથી કરાવ્યો. મારા સંબંધની વાત ગૌણ રાખી તમારા સરખા સંતોની શુશ્રૂષાનો સંપૂર્ણ લાભ અપાવ્યો. આમ જ્ઞાન અને ક્રિયા એ ઉભયનો યોગ મેળવી આપ્યો."

"સાહેબ! અમને કહ્યું હોત તો અમે પણ ગુરુપુત્રનો ઉચિત વિનય સાચવતને?"

"એ સાચું. પણ એ જે ટૂંકા સમયમાં સાધી શકયો છે તે ન સધાત. આજે તો એ માનવફેરો સફળ કરી ગયો. લોહીનો સંબંધ એટલે જ અવસાનકાળે અશ્રુપાત થયો. જરા પણ નબળાઈ જોતાં મોહરાજ હુમલો કરી દે છે. મારી બાબતમાં પણ એમ જ કહેવાય."

**યશોભદ્ર**–"પૂજ્યશ્રી ! મારી શંકાના વાદળો ભેદાઇ ગયા. આપશ્રીના ખુલાસાએ સારા ય પ્રસંગને શૃંખલાબદ્ધ કરી દીધો. મનકમુનિને આપેલ વચનની પૂર્તિ અર્થે જ આપે વિહારની દિશા રાજગૃહી નક્કી કરી; અને ભૂદેવવર્ગની વિપરીત માન્યતા ભૂંસવાની જવાબદારી આપે મારે શીરે મૂકી. એ કારણે વિહારમાં આપ પાછળ રહેવાના છો ?"

"દેવાનુપ્રિય ! તારું અનુમાન સાચું છે."

× × ×

### ૩. મનક આવ્યો ?

"**અરરર** ! આજે ઊઠ્યો ત્યારથી આમ અપશુકનની હારમાળા કેમ રચાતી આવે છે ? હે શંભુ–ભોળાનાથ ! તારું શરણ ચાહું છું. આ દાસ પર–આ વિપ્ર રાજારામ પર મીઠી નજર રાખજે."

પંડિતજી આમ તો વહેલી સવારે ઊઠતાં અને બે ઘડી દહાડો ચઢતા પૂર્વે તો સંધ્યા આદિ નિત્યકર્મથી પરવારી, ઘરના ઓટલે બેસી મોઢેથી ચંડીપાઠ ભણવો શરૂ કરતા. વચમાં જતાં આવતાં નર–નારી સહ વાર્તાલાપ પણ કરી લેતા; પરન્તુ ગઇ રાતે ગૃહિણીએ તારુણ્યમાં પ્રવેશતી દીકરીના લગ્ન સંબંધી વાત કાઢી ઉજાગરો કરાવ્યો. એમાં કન્યાદાનના ખર્ચની ચિંતાએ ઉમેરો કર્યો. માંડ પાછલી રાતના આંખ મળી એટલે રોજ કરતાં ઊઠવામાં કલાક મોડા પડ્યા. સફાળા ઊઠ્યા ને કમંડલુ તથા સ્નાન કરી બદલવાના વસ્ત્ર લઇ જેવા ઘર બહાર પગ મૂકે છે તેવી જ વિધવા મહિયારી દૂધના પૈસાની ઉઘરાણી કરતી સામી મળી. માંડ એને વાયદો કરી

જ્યાં શેરીના નાકે આવ્યા ત્યાં સામેથી આવતાં નિર્ગ્રંથો જોયા. એકાએક મથાળે ટાંકેલા શબ્દો બોલી જવાયા; શુકન ફેરવવા સારુ પાછાં પગલાં ભરતા ગયા અને અસ્ફુટ સ્વરે લવતા ગયા.

"ભારી અપશુકન! ઊગતી સવારે આ નાસ્તિકો ક્યાંથી અહીં ફૂટી નીકળ્યા? વર્ણોમાં અગ્રેસર ગણાતા ભૂદેવોની વસતિમાં તેમનાં પગલાં થયા એ કળિયુગની જ બલિહારી! શિવ શિવ!"

પંડિતજી પાછા ફર્યા તેથી કંઈ ગામનું કે માર્ગનું તંત્ર સ્થંભી ન જ ગયું. બધાને કંઇ શુકન–અપશુકનની નહોતી પડી. આ ગામ રાજગૃહી નગરીથી દૂર નહોતું છતાં કહેવું જોઈએ કે અહીં ચુસ્ત વેદાંતી બ્રાહ્મણોની વસ્તી સવિશેષ હોવાથી શ્રમણોનું આગમન જવલ્લે જ થતું. વિતંડાવાદમાં કાળક્ષેપ કરવાની જેમને ટેવ નથી અને પ્રેમભાવે ઉપદેશ દઇ જેમણે સ્વકલ્યાણ સાધવા સારુ જ યતિવેશ ધારણ કર્યો છે એવા શ્રમણો આ સ્થાનને ઉખરભૂમિ સમ અવગણી અહીં થોભ્યા સિવાય રાજગૃહીમાં પહોંચતા અથવા નાલંદાના ચર્ચાધામમાં રહેવાનું વધુ પસંદ કરતાં; કેમકે ત્યાં વિવિધધર્મી પંડિતો વચ્ચે વિધવિધ પ્રકારની ચર્ચાઓ ચાલતી પણ એ સર્વ યુક્તિપુરસ્સર થતું હોવાથી જાણવાનું ઘણું મળતું અને ખોટો કાળક્ષેપ નહોતો થતો.

મનમાની કીર્તિ મેળવેલ આ નાના ગામમાં એકાએક દશેક શ્રમણોનું આગમન થયું અને તે પણ ચઢતા પ્રહરે! પંડિત રાજારામને તો કેવળ અપશુકનનો ભાસ થયો પણ

એટલે બેઠેલા અને બારીએ ઊભા દાતણ કરતાં કેટલાક ભૂદેવોના પેટનાં તો પાણી હાલી ઊઠ્યાં ! જોતજોતામાં બે ત્રણ જુવાનીઆ મુનિગણ પાસે આવી પહોંચ્યા અને એમાંનાં એકાદ બટકબોલા યુવાને તો સ્મિત કરતાં કહ્યું કે—

"તમો શું એટલી હદે ભૂખાળવા થઇ ગયા છો કે આટલા જલ્દી રોટલા ઉઘરાવવા હાલી નીકળ્યા ?"

કરુણાશંકર મજાક ઉડાવતો બોલ્યોઃ–

"ભાઇ છેલશંકર ! એમના પેટના ખાડાથી જ તારી વાત પુરવાર થાય છે પણ એ બાપડાઓને કયાંથી ખબર હોય કે–આ વાસ તો ચુસ્ત વેદાંતીઓનો છે.

'हस्तिना ताड्यमानोऽपि ।
न गच्छेत् जैनमंदिरम् ॥'

અર્થાત્ સામેથી ગાંડો થયેલ હાથી આવતો હોય અને એનાથી હણાવાનો ભય ચોખ્ખો હોય છતાં નજીકમાં જો જૈનોનું મંદિર હોય તો રક્ષણ સારુ એમાં ન જવું એવું શ્રદ્ધાપૂર્વક માનનારા દ્વિજોનો આ વાસ છે."

ત્રીજો યુવાન વયમાં નાનો હતો છતાં દક્ષ હતો. એનું નામ ભદ્રશંકર હતું. પોતાના જોડીદારોની આવી મશ્કરી એને ગમી નહીં. હજુ તો એ વિદ્યાર્થી અવસ્થામાં હતો છતાં જે કંઇ અધ્યયન અત્યાર સુધીમાં એણે કર્યું હતું તે ઉપરથી એટલું તો તે સારી રીતે સમજતો હતો કે–કોઇની પણ નિંદા કરવી એ મોટું દૂષણ છે. અભ્યાગત કિંવા અતિથિ પ્રત્યે વિવેકપૂર્ણ વર્તન દાખવવું એ ગૃહસ્થીનો શ્રેષ્ઠ ધર્મ છે.

કોઈપણ ધર્મના સંત–સાધુની મજાક ઉડાવવામાં મોટું અકલ્યાણ સમાયું છે. પોતાના સાથીદારોને ઉપાલંભ દેતાં એણે ઉચ્ચાર્યું કે–

"મિત્રો! સાધુપુરુષોની આવી મજાક આપણને શોભતી નથી." પછી અંજલિ જોડી, મુનિમંડલી તરફ ફરી વિનમ્ર સ્વરે પોતાના મિત્રોના દોષોની ક્ષમા યાચતો ઊભો રહ્યો. આગમનનું પ્રયોજન જાણવા આતુર બન્યો. સાધુ–મંડલીમાંથી જ્ઞાન, ચારિત્ર અને વયમાં જે વૃદ્ધ હતા એવા એક પ્રતાપશાળી સ્થવિર ભદ્રશંકર પ્રતિ મીંટ માંડતા બોલ્યા કે–"દેવાનુપ્રિય! ક્ષમા એ તો અમારા સાધુપુરુષના દશ પ્રકારના ધર્મમાં અગ્રસ્થાન ભોગવે છે. પરમાત્મા મહાવીરદેવના અમો ઉપાસક છીએ. અમોને સંયમના સ્વાંગ સજાવતા સૌ પ્રથમ એમ જ કહેવામાં આવે છે કે–આ સંસારમાં ફસેલા આત્માઓ કર્મનટના દોરવ્યા ચિત્રવિચિત્ર ખેલ ખેલ્યા કરે છે અને કષાયચોકડીના પ્રપંચમાં પૂરાયા થકા સ્વચ્છંદપણે વાણીવિલાસ કે વર્તન કર્યા જાય છે એટલે તેમના તરફથી સંયમ પંથે વિચરનાર આત્માઓને કદર્થના થવાનો સંભવ ઉઘાડો દેખાય છે, પરંતુ એવા જનોદ્વારા થતાં ઉપસર્ગો સમતાથી સહન કરવાનો ધર્મ સંયમપંથના પથિકોનો છે. '**ક્ષમા वीरस्य भूषणम्**' એ સૂત્ર સામે રાખજો. ભાઈ! સાધુના લક્ષણ સૂચવતું આ પદ અમારી નજર સામે સદૈવ હોય છે—

**સાધુ નામ તે સાધે કાયા, પાસે ન રાખે કવડીની માયા;**
**લેવે એક દેવે ન દો, ઉસીકા નામ સાધુ કહો.**

કર્મરાજને પરાભવ આપવા મેદાને પડેલા અમો કેવળ કંચનકામિનીના ત્યાગી છીએ એટલું જ નહિ પણ સદા

અંતરમાં એક વીતરાગદેવનું જ સ્મરણ કર્યા કરીએ છીએ અને દેવે ન દો એટલે નથી તો કોઇને આશીર્વાદ કે શ્રાપ આપતા. પરિષહ સહન કરવાની પ્રતિજ્ઞાવાળા અમોને તમારા મિત્રોની મજાકથી માઠું નથી લાગ્યું. એ વેળા મનમાં એ જ વિચાર રમી રહ્યો હતો કે દ્વિજવંશમાં ઉત્પન્ન થનાર–સદા જ્ઞાનાર્જનમાં રક્ત રહેનાર–આ તરુણો પાસે કર્મરાજ કેવા વિચિત્ર વેશ ભજવાવે છે! કેવા નાચ નચાવે છે!"

સ્થવિરની અર્થગંભીર, ઓજસ્વી અને મીઠી વાણી સાંભળી પેલા જુવાનો શરમથી નીચું જોવા લાગ્યા અને ભદ્રશંકર તો સંતમાં જ્ઞાન અને સમતાનો આવો સુંદર યોગ જોઇ આશ્ચર્ય પામ્યો. વિદ્વત્તાની સાથે ગર્વ તો ઘણી વાર જોડાયેલો જ છે. પંડિતોની સાઠમારી એણે કેટલીએ વાર નજરે નિહાળી હતી. નહીં જેવી વાતમાં ત્રટકી પડતાં 'ત્રવાડીઓ' કે સહેજ કસુરમાં દુબળા પડતાં 'દુબેજીઓ' પોતાના મહોલ્લામાં જ વસતા હતા અને વારે-કવારે વાગ્યુદ્ધ ચલાવી પ્રાપ્ત કરેલ પંડિતાઇના પ્રદર્શન ભરતા હતા, એ સર્વનો વિચાર કરતાં આ શ્રમણોનું વર્તન નિરાળું જણાયું. એમનો વધુ પરિચય કરવાની ઇચ્છા સહજ જન્મી. એટલે નમ્ર વાણીમાં પૂછયું કે–

"મહારાજ! આ તરફ પધારવાનું શું પ્રયોજન છે? જો આપ આહાર મેળવવાના ઇચ્છુક હો અને એ સારુ આ શેરીને પસંદ કરી હોય તો એમાં આપને નાસીપાસ થવાનું છે, કેમ કે અહીં વ્યાકરણમાં આવતાં પેલા દ્વંદ્વો જેવું છે–

**अहिनकुलम्। मूषकमार्जारम्।** એ જોડકાઓ જેમ જન્મવૈરી ગણાય છે તેમ અહીંના ભૂદેવોને શ્રમણો દેખ્યા ગમતા નથી.

જો વસતિ( ઉતારા )ની શોધમાં આ તરફ આવી ચઢ્યા હો તો મારી સાથે ચાલો, હું આપને અહીંથી થોડે દૂરના મહોલ્લામાં લઇ જઉં, જ્યાં વૈશ્યો–વ્યવહારિકો–વસે છે અને અતિથિધર્મ સાચવવા સદૈવ તત્પર હોય છે. વ્યવસાયરક્ત એ વર્ગ સૌ કોઇને દાન દે છે. ત્યાં નથી જ્ઞાનના આડંબર કે નથી મારા-તારાના મતાંતર; કેવળ દાનધર્મ અગ્રપદ ધરાવે છે 'પેટવરામાંથી પુન્યવરો કરવો ' એ જ એમનો જીવનમંત્ર છે. "

" યુવાન ! તારા જેવા સંતાનોથી દ્વિજકુળ સાચે જ ગૌરવવંતું છે. વર્ણમાં મોખરે આવતી એ સમાજમાંથી ધુરંધર વિદ્વાનો પાકયા છે; અને પોતામાં રહેલી અપ્રતિમ વિદ્યાનો વિસ્તાર વિશ્વમાં પાથરી રહ્યા છે. અલબત્ત એમ કરવા સારુ દેશ–કાળને પિછાનવાની જરૂર છે તેમ '**સાચું તે મારું**' એ મંત્રને પોતાનો કરી ભૂતકાળના ભ્રમજનક વમળમાંથી બહાર નીકળવાની હિંમત કરવી પડે છે–એવા એક શય્યંભવ ભટ્ટજી કે જે આ ગામના વતની હતા તે અમારા ગુરુ છે અને તેમના સંસારીપણાના પત્ની અહીં વસે છે તેમને સંદેશો પહોંચાડવા સારુ આ સ્થાનમાં અમારું આગમન થયું છે. અમારા સાધુધર્મના નિયમ અનુસાર અહર્નિશની આવશ્યક ક્રિયા અને રાઈ પ્રતિક્રમણ કરીને સૂર્યોદય થયા પછી જ અમે વિચરી શકીએ છીએ. એ વિધિ પૂર્ણ કરવામાં જરા વધુ દિવસ ચઢી ગયો. અમારી ધારણા એવી છે કે જો સંદેશાનું કાર્ય જલ્દી આટોપાઇ જાય તો રાજગૃહી અહીંથી દૂર ન હોવાથી, વિહાર ચાલુ રાખી મધ્યાહ્ન પૂર્વે ત્યાં પહોંચી જઈએ તેથી જ અમારા પુસ્તક અને પાત્રો સહિત વિહાર કરવાના સ્વાંગમાં સજ્જિત બની આ તરફ આવ્યા છીએ. "

**ભદ્રશંકર**—સાહેબ ! શય્યંભવભટ્ટ આ શેરીના વતની છે એ સાચું છે તેમ એ સાધુ બની ગયા એ પણ મારી જાણમાં છે. એમને મળવા તેમનો પુત્ર મનક કેટલાક મહિનાઓ પૂર્વે ગયો છે પણ તેના કંઈ સમાચાર નથી. લોકવાયકા પ્રમાણે ભટજીએ તેને પણ સાધુ બનાવી દીધો છે એ શું સાચું છે? પતિથી એકાએક ત્યજાયેલી લલના—માત્ર બાળકના આધારે જીવન નભાવતી—કંઇ આશાના કિલ્લા રચતી એવી એ અબળાના એક આધાર સમા—ગભરુ બાળકને મળવા આવતાં સાધુ બનાવવો એ શું વ્યાજબી છે ? અર્હન્તનો ધર્મ આ જાતની આજ્ઞા આપે છે? મારો અભ્યાસ વધારે નથી છતાં જે કંઈ જાણવામાં આવ્યું છે તે ઉપરથી જૈનધર્મ વિનયપ્રધાન કહેવાય છે અને માતા–પિતાની આજ્ઞા વિના પુત્રને દીક્ષા અપાતી નથી એવો તેનો નિયમ છે. દીક્ષા આપવા સંબંધી ઘણા કાનૂન પણ છે."

ભદ્રશંકરના આવા અકસ્માતિક પ્રશ્નથી મંડળીના કેટલાક સાધુઓ અજાયબીમાં પડી ગયા! સ્થવિરજીનો ઈસારો થતાં એક દક્ષ સાધુ મિષ્ટ વાણીમાં જવાબ આપતાં બોલ્યા—

"પ્રિય યુવક! તારો પ્રશ્ન વાસ્તવિક છે. ઊડતી અફવાઓએ જન્માવેલ કચુંબરમાં સત્ય શું છે એ દર્શાવવા ખાતર ગુરુદેવે એમના આ પટ્ટશિષ્ય યશોભદ્રજીને આ તરફ વિહાર કરાવ્યો છે. અત્યારસુધી સ્થવિર સાથેના વાર્તાલાપથી તમો એટલું તો અવધારી શકયા હશો કે એ ધર્માત્મા કોઇ વાત ખોટી કહેવાના નથી. સાધુપણાના અંચલા હેઠળ કંઇ જ છુપાવવાનું હોતું નથી. જગતના કાચના યંત્રવડે જોતાં ઘડીભર જે દ્રશ્ય

વિષમ અને અળખામણું લાગે છે તે જ્ઞાનીની નજરે રહસ્યપૂર્ણ હોય છે. જ્યારે એના પરના પડળ ખસેડાય છે ત્યારે જ તળે છુપાયેલી સાચી ખૂબી દૃષ્ટિગોચર થાય છે. મનકના પ્રસંગમાં પણ તેવું જ બન્યું છે. ગુરુદેવ શય્યંભવ સ્વામી હાલ ચંપા-નગરીમાં બિરાજે છે અને તેઓશ્રીએ સારોએ વ્યતિકર યથાસ્વરૂપમાં મનકની માતુશ્રીને વિદિત કરવા અર્થે પોતાના મુખ્ય શિષ્ય અને ભાવી પટ્ટધરને અહીં મોકલ્યા છે. કેવળ તેમને એકલાને જ નહીં પણ મનકની માતા આદિ બીજા પણ સંબંધીઓને હાજર રાખી એ નિવેદન કરવાનું છે. તેથી જ અમને મનકનું ઘર જલ્દી બતાવવાની જરૂર છે."

"પૂજ્ય મુનિરાજ! આ તો મોસાલ જમણ ને મા પીરસનાર જેવું થયું. મનક મારો મિત્ર થાય. એના ચાલી ગયા પછી એની માતાને મારી માતા ગણી અવારનવાર તેમની પાસે હું જઉં છું. મારા પર તેમનું વહાલ પણ પુત્ર તુલ્ય છે. આજ કેટલાય દિવસથી મારા મિત્ર સંબંધે વારંવાર પૂછયા કરે છે. મેં તપાસ કરવામાં કચાશ નથી રાખી પણ વિદ્યાર્થી-જીવનમાં મારાથી વધુ શું બને? અહીંની વસતિનો મોટો ભાગ મૂળથી જ ભટજીના કાર્યની સામે છે એટલે આ વાતમાં જરા પણ રસ લેતો નથી.. એ તો મનકની માતાને નિંદવાના અને મનક સંબંધી મનગમતી ગુલબાંગોના વિસ્તારમાં જ મશ-ગૂલ રહે છે, જૈનધર્મી શ્રમણોના અવર્ણવાદ ફેલાવે છે અને જોરશોરથી પોકારે છે કે–'જોયુંને એ લોકો કેવા ગભરુ બાળકોને સાધુ બનાવી દે છે! નાના છોકરાને નસાડી–ભગાડી સંસારના સુખોથી બળજબરીવડે દૂર રાખે છે! વર્ણવ્યવસ્થાનો ઇરાદાપૂર્વક ભંગ કરે છે!'

"આપના અચાનક સમાગમથી મનક સંબંધી સાચી વાત જાણવાની મળશે અને ભૂદેવોએ ઉઠાવેલ તુક્કાનો ઘડો આપોઆપ ફૂટી જશે, એ ઓછા આનંદની વાત નથી. મારે માટે આજનો દિવસ સુવર્ણમય ઊગ્યો લેખાય."

છેલશંકર અને કરુણાશંકર તો સાધુ મહારાજની મનક સંબંધી વાત સાંભળી આભા જ બની ગયા. મનકની માતાને માથે આળ ચઢાવવામાં તેમના પિતા આગેવાની લેતા હતા. શિશુવર્ગમાં નબાપાની વાયકાના મૂળ રોપનાર છેલશંકરભાઈ પ્રથમ હતા. ઘરમાં થતી ચર્ચા પર ભરોસો રાખી કરુણાશંકર એમાં ભળ્યો હતો. એ ઉભય સામે ભદ્રશંકરને મનકની વાત નીકળતાં સામનો કરવો પડતો. ભદ્રશંકરને ઘરમાંથી એવા સંસ્કાર નાનપણથી મળતા રહ્યા હતા કે કોઈનો પણ વાત બુદ્ધિરૂપી કસોટીએ કસ્યા વિના સાચી માની ન લેવી. પ્રત્યેક બાબતને ખરી લેખતા પૂર્વે આસપાસના સંજોગોની પૂરતી ચકાસણી કરવી, પૂર્વાપરનો સંબંધ અવલોકવો. પેલા ઉભય બ્રહ્મપુત્રો તો તરત જ ત્યાંથી ચાલ્યા ગયા. બીજા નરનારીઓ ઝટપટ કપડાં પહેરી જાણે વાદસભામાં જ જયશ્રી વરવા જતા હોય એમ મનકના ઘર તરફ વળ્યા. અપશુકનની ચિંતામાં પાછા વળેલ ભૂદેવ રાજારામ કોઈ નવા શુકન જોઈ નદી પ્રતિ પ્રયાણ કરવાની પળ અવલોકી રહ્યા હતા ત્યાં તો સામેથી ભદ્રશંકર અને પાછળ મુનિમંડળને નિહાળ્યું. એ જોતાં જ એમની છાતી બેસી ગઈ. જાણે કોઈ મોટું પાતક થઈ ગયું હોય ને ઉપાલંભ દેતાં હોય એમ તેઓ રાડ પાડી ઊઠ્યા.

"અલ્યા ભદ્રિક! આ શું કરી બેઠો? 'ત્રિપાઠી' અને 'ચતુર્વેદી' જેવા કુલીન દ્વિજોના વસવાટવાળા, પવિત્ર ભૂદેવોના

મહોલ્લામાં આ મલિન વસ્ત્રધારી નાસ્તિકોના પગલાં કરાવ્યા! ધરતી અભડાવી! હરિ! હરિ! ઘોર કળિયુગ આવ્યો! એ સિવાય બ્રાહ્મણનો દીકરો ચાલીચલાવી આવું નિંદ્ય આચરણ કરે! હજુ અહીંથી જ પાછો ફર. નહિ તો વાત વધી પડશે અને જોયા જેવું થશે. બ્રહ્મપુત્રો જો રૂઠશે તો પ્રલયકાળનો ભીષણ વાયુ વાતા વિલંબ નહીં થાય!"

ભદ્રશંકર નાનો હતો છતાં ઘમંડી ભૂદેવોની પ્રકૃતિથી માહિતગાર હતો; એટલે એણે રાજારામની ચીચીયારીને મચક આપી નહીં અને મુનિવર્ગને પણ એકાદા ગ્રથિલના પ્રલાપ સમ એ સર્વ ગણી પોતાની પાછળ જરા પણ ક્ષોભ પામ્યા વગર આવવાનું ચાલુ રાખવા જણાવ્યું.

જોતજોતામાં એ બધા એક વિશાળ મકાન સમીપે આવી પહોંચ્યા. મકાનની બાજુમાં થોડી છૂટી જગ્યા હતી, જ્યાં ખૂણા પર તુલસીના છોડ વાવ્યા હતા અને વચમાં એક ઓટલો બાંધેલો હતો ત્યાં મંડળી ઊભી રહી. ભદ્રશંકરે સાંકળ ખખડાવી, મનકની માતાને હાકલ કરી.

"ગંગા મા, ઓ ગંગા મા, બારણા ઉઘાડો." પરિચિત સ્વર સુણતાં જ શ્વેત વસ્ત્ર પરિધાન કરેલી ગંગાએ બારીએ જોયું. ભદ્રશંકર સાથે સાધુઓને જોતાં જ તે મ્હોં ફેરવી પાછી ફરી અને બારી વાસી દીધી. ભદ્રશંકરે પુનઃ હાકલ કરતાં કહ્યું કે–"તમારા મનકને લાવ્યો છું. મહેરબાની કરી સત્વર કમાડ ખોલો."

"મારો મનક આવ્યો? ક્યાં છે?" એમ પોકારતી ગંગાએ દ્વાર ખોલ્યા.

× × ×

## ૪. મનકની અમરતા—

વ્હાલા પુત્રને અવલોકવાના ઉત્સાહમાં ગંગાએ સત્વર કમાડ ઉઘાડી નાંખ્યા અને ઓટલે આવી ઊભી રહી, છતાં એનો બાલુડો મનક ક્યાંયે દેખાયો નહીં. ચોતરફ ચકરડી પાઘડીવાળા ભૂદેવો અથવા તો ઊઘાડા શરીર પર સૂત્રની જનોઈથી શોભતા દ્વિજયુવાનો, ઓટલા નજીક ઊભેલા થોડા શ્વેત વસ્ત્રધારી શ્રમણો અને પોતાની તરફ આતુર નયને કંઈ કહેવા ઉદ્યુક્ત થયેલ ભદ્રશંકર નજરે ચઢ્યા.

તરત જ ભદ્રશંકર તરફ લાલ આંખ કરતી ગંગા બોલી ઊઠી—"દીકરા! તું પણ આ વૃદ્ધાની મશ્કરીમાં ભળ્યો ને! ક્યાં છે મારો બાલુડો? મારો મનક મને જલ્દી દેખાડ. આટલા ટોળામાં તે ક્યાંયે દેખાતો નથી. ખોટી મજાક કરી શા સારુ મને દુઃખી કરે છે? આ બધાને નાહક શા કારણે તેં એકઠાં કર્યાં છે?"

ભદ્રશંકર—"ગંગા મા! હું મજાક નથી કરતો. પેલી મુનિ-મંડળી ચંપાનગરી કે જ્યાં આચાર્ય શય્યંભવ ચોમાસું રહ્યા હતા ત્યાંથી આવેલ છે. તેમની પાસેથી મનક સંબંધી સઘળો વૃત્તાન્ત તમે જાતે શ્રવણ કરો એટલા સારુ તે મંડળીને અહીં હું તેડી લાવ્યો છું."

ગંગા—"તો પછી, આ બ્રહ્મસમુદાય એકત્ર કરવાની શી આવશ્યકતા હતી? શું તું એટલું પણ જાણતો નથી કે એમને નિર્ગ્રંથો જોડે બારમો ચંદ્રમા છે. તેઓ येन केन

પ્રકારેણ આ શ્રમણોની અપભ્રાજના કરવાના અને મનગમતી વાતો ઉરાડવાના ! જે ધર્મની બાંય મારા સ્વામીનાથે રાજી-ખુશીથી પકડી એ પંથના સાધુઓનું–અરે ! એક સમયના પતિના શિષ્યોનું મારી ચક્ષુ સામે–મારા આંગણામાં અપમાન થાય એ જોવા હું જરા પણ ઇચ્છતી નથી. આ શ્રમણો કંઇ અહીં વાદ કરવા આવ્યા નથી એટલે જયશ્રી વરવાનો ઘટા-ટોપ કરી જે ભૂદેવો અહીં પધાર્યા છે એ સર્વને મહેરબાની કરીને પોતાના ગૃહોમાં પાછા ફરવાનું તું કહી દે. એ મહા-શયોના પાછા પગલા થયા વગર એ મુનિમંડળીને કંઇ પણ પૂછવાની મારી મરજી નથી. પેલા ઓટલા ઉપર તેમના આસન પથરાવ. માર્ગના પરિશ્રમથી તેઓ ભલે શાંતિ મેળવે. જેઓના અંતરમાં કેવળ અસૂયા ઉભરાય છે અને જેઓએ મારા સરખી એક કુલિન અબળાને વિના કારણ કલંકિત ચિતરવામાં જરા પણ કચાશ રાખી નથી એ મહાશયો શાંતિથી અહીં બેસશે કિંવા જેમની સાથે આંખ–દીઠા વૈર છે એવા એ શ્રમણોનો સંદેશ સાંભળશે એમ માનવું એ ધૂમાડા-ના બાચકા ભરવા જેવું નિરર્થક છે. આકાશકુસુમવત્ અસંભવિત છે.”

ભદ્રશંકર–“ માતુશ્રી ! તમારું અનુમાન સાચું છે. મારા મિત્રો છેલશંકર ને કરુણાશંકર એ સંબંધમાં ઉદાહરણરૂપ છે. એમણે મંગળાચરણ તો આ મંડળીએ શેરીમાં પગ મૂકયા ત્યારના કરી દીધાં છે અને અહીં પણ પોતાના વડિલો સહિત બાંયો ચઢાવી જાણે સભામાં ન આવ્યા હોય એવા આડંબરથી આવીને ઓટલાની નજીકમાં જ અડ્ડો જમાવી પણ દીધો છે. હું તમારી સાથે વાત કરી રહ્યો છું એ દરમિયાન ત્યાં મુનિ-

મંડળીને કેવા યે કડવા વેણ સંભળાવતા હશે. વારંવાર થતા તેમના હાથનાં લહેકાં અને ચહેરા પર બદલાતા ભાવથી એવું અનુમાન કરવું સહજ છે. તમાસાને તેડાની જરૂર ન હોય એ મુજબ આ બધું સાજન અકસ્માતિક રીતે જ ભેગું થયું છે. મારા કહેવાથી તેઓ ઝટપટ પાછા ઘર ભેગા થશે ખરા? તમારી રાજી કે ઇતરાજીની તેમને પડી છે ખરી? જેટલો વિલંબ કરીશું એટલો આપણને નડવાનો છે."

ગંગા—" તો પછી આ સ્થાનમાં એ સાધુઓ સાથે સાઠમારી થવા દેવી એ જ એક રસ્તો છે એમ ને? છીંકતાં છીંડુ પાડનાર શું નહીં કરી બેસે? ઘમંડી ભૂદેવો વિતંડાવાદના પડછાયે ચઢે છે ત્યારે કેવી ચેષ્ટાઓ દાખવે છે એ શું તું નથી જાણતો? ભાઇ! સંદેશો સાંભળવાની મારે ઉતાવળ નથી. એક વાર આ વાદળ વીખરાવા દે. જરૂર જણાય તો એ મુનિ-મંડળીને પણ પાછી વાળી જા. મારા નામ પાછળ જે છોગા ઉરાડાય છે એમાં હવે હું એકનો પણ વધારો થવા દેવા રાજી નથી."

ભદ્રશંકર—" ગંગાસ્વરૂપ ગંગા મૈયા! તમારા અનુમાન ખોટાં નથી અને તમો જે ભીતિઓ કલ્પો છો તે બનવા સંભવ પણ છે, છતાં હવે પાઘડી ફેરવવાની એક પણ તક નથી રહી. ધનુષ્યમાંથી તીર ફેંકાઇ ગયું છે. ભોળાનાથને ભરોસે રહી જે થાય તે જોવું અને પ્રસંગને શાંતિથી પાર ઉતારવા કમર કસવી એ જ ઉઘાડો માર્ગ છે.

" વળી આ મંડળી સંદેશાનું કાર્ય આટોપી રાજગૃહી જવા ઉત્સુક છે. બીજું એમને જે કંઇ કહેવાનું છે તે જાહેર-

માં કહેવાનું છે અને ત્રીજું તેઓ અહીં કોઇ દર્શન સંબંધી વાદવિવાદ કરવા આવ્યા નથી એ સ્પષ્ટ વાત છે. આમ છતાં– ગુરુ આજ્ઞા પ્રમાણે માત્ર સંદેશો પહોંચાડતાં–જો ઉપસર્ગ સહન કરવાની ઘડી સાંપડે તો એ સમભાવે ઝીલવા તૈયાર પણ છે. એમનામાં જ્ઞાનની ગરિમા છે અને સાથે પ્રકૃતિની ઠંડક પણ છે. '**સહન કરવું એય છે એક લ્હાણું**' એ કવિઉક્તિને તેઓ પી ગયા છે. ખરેખર એ સાચા સંતો છે.'

ભદ્રશંકર આમ કહે છે ત્યાં તો ઓટલા ઉપર રજોહરણથી ભૂમિ પ્રમાર્જી પાથરેલા આસન ઉપર વિરાજમાન પટ્ટશિષ્ય યશોભદ્રજી મીઠી વાણીમાં ભદ્રશંકરને ઉદ્દેશી બોલતા જણાયા.

"ભાઇ ! દિવસ ચઢવા માંડ્યો છે અને અમારે વધુ વિલંબ કરવો પોષાય તેમ નથી, માટે મનકની માતાજીને લઈ આ તરફ આવી જાઓ કે જેથી મારે જે કંઈ કહેવાનું છે તેનો આરંભ કરું."

ભદ્રશંકર જઇને છેલશંકરના પિતાની જોડે ગોઠવાયો અને ગંગા ઓટલાની પાછલી બાજુ જે થોડી સ્ત્રીઓ કુતુહલથી પ્રેરાઈ શું બને છે ? એ જોવા એકઠી થઇ હતી તેમાં જંઇને બેઠી. તરત જ મધુર વાણીમાં યશોભદ્રજીનું વિવેચન શરૂ થયું.

"મહાનુભાવો ! તમારી સન્મુખ હું નથી તો વાદ કરવા આવ્યો કે નથી તો ઉપદેશ દેવા આવ્યો. કેવળ મારા ગુરુએ કરેલી આજ્ઞાનું પાલન કરવા આવ્યો છું. એ સાથે ગુરુભાઇનું ઋણ ચૂકવવાની અભિલાષા પણ છે. આશા છે કે તમો સર્વ મારું કથન શાંતિથી સાંભળશો. કોઈ વાતમાં શંકા જણાય તો પ્રાંતભાગે વિનાસંકોચે પૂછશો.

સમિપમાં બેઠેલા, શ્વેત, વસ્ત્રોમાં શોભતા, પુણ્યશ્લોક ગંગામૈયાના સોભાગી પુત્ર મનકનો મારા ગુરુ શ્રી શય્યંભવ સહ મેળાપ ચંપાપુરીની ભાગોળે થયેલ. સામાન્ય વાતચિત પરથી જ પિતાએ પુત્રને ઓળખ્યો અને એ વાતથી મનકને વાકેફ કર્યો. એ વેળા વિનીત તનુજે એક માગણી પિતા પાસે મૂકી.

'એક વાર મારા ગામમાં પધારો અને મારી જનેતાને શિરે જે કલંક ચઢાવાય છે, એથી હું 'નબાપા' તરીકે ઓળખાઉં છું એ વાતને સાચા સ્વરૂપમાં રજૂ કરો.' ગુરુજીએ 'દુનિયા દોરંગી છે' અને 'લોકના મોઢે કંઇ ગળણું ન બંધાય' એમ કહી ખાતરી આપી કે—

'તું મારો જ પુત્ર છે અને તારી જનેતા કુળવતી છે. હું ચાલી નીકળ્યો ત્યારે તે ગર્ભવતી હતી. એ વાત મારા ઉપરાંત બીજા પણ જાણે છે. હું કલ્પી શકું છું કે તારા પર આ જાતનો આરોપ ઓઢાડવામાં કેવળ મારા પ્રત્યેની અસૂયા જ અગ્ર ભાગ ભજવે છે.

મનક–'તો પછી એક વારની આપની એ પ્રેયસીની ખાતર, આપ મારી સાથે ગામમાં આવો. અમારા પ્રત્યેનો રાગ આપ ભલે ત્યજો; પણ ફરજ ન ચૂકો.'

ગુરુજીએ મનકની વાત સ્વીકારી અને કહ્યું કે–'ચોમાસું વ્યતીત થયે જરૂર હું એ તરફ વિહાર કરીશ; કારણ કે નિર્ગ્રંથો વર્ષાકાળમાં વિહાર કરી શકતા નથી. વત્સ ! હવે તું સુખેથી સીધાવ અને તારી જનનીને આ વૃત્તાન્તથી વાકેફ કર.'

મનક–' પૂજ્ય ! હું નીકળતી વેળા પ્રતિજ્ઞાબદ્ધ થઇને નીકળ્યો છું કે આપને લીધા સિવાય ગામમાં પ્રવેશીશ નહીં, એટલે ચોમાસામાં હું આપની પાસે રહી જ્ઞાનઅર્જનમાં સમય વ્યતીત કરીશ. '

' મનક ! જૈન દર્શનના સાધુઓ પોતે જે ભિક્ષા વહોરી લાવે છે એમાંથી સંસારવાસીને કંઇ આપી શકતા નથી; એટલે અમારા સરખા ત્યાગી જીવનમાં પગલું માંડ્યા સિવાય તારા જીવનનિર્વાહનો પ્રશ્ન વિચારવો રહ્યો. ભૂખ્યે પેટે જેમ જ્ઞાનાર્જન સંભવિત નથી તેમ ગૃહસ્થીના નિમિત્તે ભોજનની વ્યવસ્થા અમારા આચારમાં શકય નથી. એ ગુંચનો ઊકેલ તારે સ્વયમેવ કરવો રહ્યો.'

મનક–' પૂજ્ય ! એમાં મારી નજરે કંઇ જ ગુંચ નથી. આપ મને દીક્ષિત બનાવો. બ્રહ્મપુત્રને જીવનમાં જ્ઞાનનો જ એક મોટો પુરુષાર્થ સાધ્ય કરવાનો હોય છે. જ્યારથી મારી વ્હાલી માતુશ્રીના સંબંધમાં ટીલાટપકાધારી દ્વિજોને યદ્વાતદ્વા બોલતા મેં સાંભળ્યા છે ત્યારથી જ સંસારી જીવન માટે મને ઘૃણા જન્મી છે. કેવળ જ્ઞાનપ્રાપ્તિ એ જ મારું ધ્યેય બન્યું છે. માતૃભક્તિ નિમિત્તે સેવેલ પરિશ્રમ જ્યારે આપની ' હા ' થી સફળ થયો છે ત્યારે મારે માટે આપના ચરણોપાસક બની, જીવન વ્યતીત કરવું એ જ બાકી રહેલો માર્ગ છે. એથી મારું ધ્યેય સિદ્ધ થાય છે. મારી આપને આગ્રહભરી વિનંતિ છે કે મને સત્વર દીક્ષિત બનાવો. '

યશોભદ્રજી–" મહાનુભાવો ! મેં ઉપર વર્ણવ્યો તે પ્રસંગ સાંભળ્યા પછી તમોને દરેકને જરૂર લાગશે કે લોકવાયકા

મુજબ મારા ગુરુદેવે મનકને મૂંડી નથી નાખ્યો પણ મનક પોતે સ્વેચ્છાથી શિષ્ય તરીકે દીક્ષિત થયો છે. એ અમારો ગુરુભાઈ બન્યા છતાં એના હૃદયમાંથી માતા પરનું આળ દૂર કરવાની વાત રંચ માત્ર ભૂંસાઇ નહોતી. ચોમાસું પૂરું થવાની, ચાતક જેમ મેઘની રાહ આતુરતાથી જુવે તેમ તે જોતો હતો. મારા ગુરુજીને આટલી નાની વયમાં તેનો ત્યાગીજીવન પ્રત્યે દૃઢ રાગ જોઈ આશ્ચર્ય ઉપજ્યું. પૂર્વધર એવા તેઓશ્રીએ એકદા ઉપયોગ મૂકતાં આ નવદીક્ષિતનું આયુષ્ય અલ્પ જોયું. ચૌદપૂર્વી શ્રુતકેવલી કહેવાય છે અને એ સાચું જ છે. એમનું જાણવું કે જોવું કેવલજ્ઞાનીના જાણવા-જોવા જેવું સોએ સો ટકા ખરું પડે છે. તરત જ તેઓશ્રીને અલ્પજીવી સંતાનનો-સ્વ શિષ્યનો-માનવ જન્મ સફળ કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો. તેમને એક જ માર્ગ જણાયો અને તે એ જ કે મનકે જે ચારિત્ર દ્રવ્યથી ગ્રહણ કર્યું છે તે ભાવથી યથાર્થ રીતે પરિણમે-મનકનો આત્મા ભાગવતી દીક્ષામાં સંપૂર્ણપણે-સમજીને તરબોળ બને-તો થોડામાં ઘણું થાય.

"પછી ચૌદ પૂર્વમાંથી તેઓશ્રીએ દશવૈકાલિક સૂત્રની રચના કરી અને અહર્નિશ એનું મનકને અધ્યયન કરાવવા લાગ્યા. શિષ્ય સત્વર એ સૂત્રનો પાર પામે એ સારુ તેઓ ગમે તેમ સમય કાઢી અભ્યાસ પૂરઝડપે આગળ વધારવા લાગ્યા. મનક પણ ખંતથી એમાં લીન બન્યો. અમારામાંના ઘણાને આ પ્રવૃત્તિથી આશ્ચર્ય થયેલું. એ વેળા અમો સર્વ મનક ગુરુનો પુત્ર થાય છે એ વાત જેમ જાણતા નહોતા તેમ એ અલ્પાયુષી છે એ વાતથી પણ અજાણ હતા.

'હોણહાર મિથ્યા નથી થતું' એ માટે દૃષ્ટાંત શોધવા જવું પડે તેમ નથી. નિમ્ન શ્લોકનો ભાવ સમજતાં ભવિતવ્યતા બળવાન છે એ કબૂલવું જ પડશે.

**गुणाभिरामो यदि रामभद्रो, राज्यैकयोग्योऽपि वनं जगाम।**
**विद्याधरः श्रीदशकंधरश्च, प्रभूतदारोऽपि जहार सीताम् ॥१॥**

રાજ્યને લાયક એવા શ્રી રામને વનવાસ લેવો પડ્યો અને અનેક રૂપવંતી રામાઓ હોવા છતાં રાવણને મહાસતી સીતાનું હરણ કરવાની વૃત્તિ ઉદ્ભવી એ ભવિતવ્યતા સિવાય કોને આભારી લેખાય? ગુરુદેવે જોયેલું ભવિષ્ય સાચું નિવડ્યું. મનક સૂત્રનો પાર પામ્યો પણ સાથોસાથ ભવપારની ઘડી નજીક પણ જઈ પહોંચ્યો. એની પ્રતિજ્ઞા પૂર્તિ અર્થે મૌન એકાદશી પછી તમારા ગામ તરફ વિચરવાનો કાર્યક્રમ ગોઠવાઈ ચૂકયો હતો. ત્યાં તો થોડા દિવસની માંદગીમાં મનકનો આત્મા ઊડી ગયો. દેહરૂપી પિંજર સૂનું પડ્યું. એ બનાવે અમારા સમુદાયમાં જબરો સંક્ષોભ પ્રગટાવ્યો. મનકે થોડા સહવાસમાં સૌ કોઈનાં દિલ જીતી લીધાં હતાં. નાના કે મોટા સૌ કોઈની સુશ્રૂષામાં એ હસ્તે મુખડે ખડો રહેતો એટલે એનો જીવનદીપ બુઝાતાં અમારી વચ્ચે અણચિંતવ્યો અંધકાર પ્રસરી ગયો. પૂર્વે અમારામાંથી કેટલા ય મુનિએ વિદાય લીધી છે છતાં સંસારત્યાગી અમ સરખાને મનકની વિદાય તો હજુ પણ સાલે છે. પણ તમારા એ અર્ભકે તો ચૌદપૂર્વી ગુરુની આંખ પણ ભીની બનાવી. દેહ–આત્માનો સંબંધ અને એમાં કર્મરૂપી વણકરના તાણા–વાણા સૂક્ષ્મતાથી સમજનાર એ મહાત્મા પણ ઘડીભર મોહમુગ્ધ બન્યા."

ધરતીકંપનો આંચકો લાગે ને ક્ષણવાર ધરતી ધ્રૂજી ઊઠે તેમ મનકના મરણની વાતથી ગંગાનું અંતર હાલી ઊઠ્યું. જીવન ટકાવવાનું એ આશા–કિરણ આમ અસ્ત થયું સાંભળી એકાએક એ મોટેથી પોકારી ઊઠી:

"મહારાજ ! સાચું કહો છો, મારો મનક મરી ગયો ?"

"માતા ! ધીરજ ધરો, તમારો મનક મરી નથી ગયો પણ ખરેખર અમર બન્યો છે."

"**मरणं प्रकृतिः**' એ વાકય કોનાથી અજાણ્યું છે? આપણી ચક્ષુ સામેથી પસાર થતાં આપણે કોને કોને નથી જોયા ? જે જન્મ્યું એ એક દિ–મોડું કે વહેલું–જવાનું તો ખરું જ. મનક જન્મ્યો ત્યારથી જ છઠ્ઠીના લેખમાં મરણ પણ સાથે લખાવીને લાવ્યો હતો. બધા મરે છે તેમ તે પણ મરત; પણ જે રીતે તે મૃત્યુ પામ્યો તેવી વાત ઓછી જ સૌ કોઇના નશીબમાં હોય છે. એની માફક દેહત્યાગ કરવો એ તો ગૌરવનો પ્રસંગ. સૌ કોઇના એવા તકદીર કયાંથી સંભવે ?

"થોડા મહિનામાં એ નૃજન્મ સફળ કરી ગયો અને સૈકાઓ પર્યંત ન વિસરાય એવી અમર નામના પાછળ મૂકી ગયો. ચૌદપૂર્વીની આંખ ભીની કરાવનાર મનક તો એક જ હતો."

"મહારાજ ! તમે મનકને સાધુ બનાવી દીધો અને સેવા કરાવી એના દેહને ગાળી નાંખ્યો. ફરીથી માનું મ્હોં જોવા પણ પામ્યો નહીં ! માતાના હૃદયને ચીરી નાંખે એવા એ સમાચારને તમો અલંકારી ભાષાના સ્વાંગ સજાવી ગૌરવના પદે ચઢાવો છો કે બીજું કંઇ ?" કોઈ દ્વિજ મહાશય અચાનક બોલી ઊઠ્યા.

કોથળામાંથી બિલાડું નીકળવા જેવું વાતાવરણ સર્જાયું જોઇ ગંગા કિંકર્ત્તવ્યમૂઢ બની ગઇ. તેણીનું હૈયું ગમગીન બન્યું. પોતે સ્વામીના માર્ગે ગઇ નહોતી છતાં એમણે લીધેલો માર્ગ ખોટો હતો કિંવા એ ફસાઇ ગયા હતા એમ તેણી માનતી નહોતી. યજ્ઞની હિંસા જોઇ તેણીને કમકમા આવતા; છતાં કુળની પરંપરા તેણી ત્યજી શકી નહોતી એટલે જ તેણી ધર્મ બદલો જેમ ન કરી શકી તેમ પોતાને આંગણે સ્વામીના શિષ્યોનું અપમાન થવા દેવા રાજી નહોતી. મનકના મૃત્યુથી તેણીનું હૃદય સખ્ત રીતે ઘવાયું પણ એમાં વાંક વિધાતાનો હતો. આયુષ્યની દોરી તૂટે એમાં કોઇ શું કરે? એમાં સાધુઓ જરા પણ જવાબદાર નહોતા એમ તેણી માનતી હોવાથી, માથાનું વસ્ત્ર જરા નીચું ખેંચી આગળ આવી બોલી કે—

'મનક મારો ભલે ગયો, પરંતુ મારે આંગણે આવેલા અતિથિઓનું મારી દયા ખાઇ કોઇએ અપમાન કરવાની જરૂર નથી.' ભદ્રશંકર કે જે વાતમાંથી વતેસર જેવું દૃશ્ય ખડું થયું નિરખી હતાશ થયો હતો અને એના નિવારણનો કોઇ ઇલાજ શોધી રહ્યો હતો તે ગંગાના શબ્દોથી ઉત્સાહિત થઇ, બધા દ્વિજોને ગંગામાની દયા ખાતા જોઇ સત્તાવાહી અવાજથી બોલ્યો:

"રાજારામજી! તમે બેસી જાઓ. આટલા દિવસ તમે બધા કયાં છુપાઇ ગયા હતા? ગંગામાની ભાળ લેવાની તો દૂર રહી પણ ઊલટી નિંદા–વગોવણી કરતા હતા તે આજે એકાએક દયાના અવતાર કયાંથી બની ગયા? અમને પૂરું વૃત્તાંત સાંભળવા દ્યો. શાંતિથી બેસો, નહિ તો પોતપોતાના ઘરનો માર્ગ લ્યો."

યશોભદ્રજી બોલ્યા–" મહાનુભાવો ! આપસમાં ઝઘડો કરો નહીં, વૃત્તાન્ત પૂરું સાંભળો, પછી જે કંઇ કરવું ઘટે તે કરજો."

× × ×

## ૫. પવિત્ર આચારની સચોટ છાપ—

મગધના પાટનગર રાજગૃહમાં ઉત્સવની નવાઇ ન ગણાય. એ સ્થાનમાં પરમાત્મા શ્રી વર્ધમાનસ્વામીના તેમજ શ્રી બુદ્ધદેવના પગલા અવારનવાર થતાં હોવાથી ધર્મ નિમિત્તના જુદા જુદા પ્રસંગો ઉદ્‌ભવતાં અને વિવિધ પ્રકારના સમારંભો થતાં. એ મહાનગરની જનતાને નજીકના ગામે એક મોટા ઉત્સવના શ્રીગણેશ મંડાયાની જાણ થઇ ત્યારે આશ્ચર્ય થયું એટલું જ નહિં પણ ત્યાં જાતે પહોંચી જઇ એ નિરખવાની–એમાં અવકાશ મુજબ ભાગ લેવાની તમન્ના પણ ઉદ્‌ભવી. અદ્યાપિ સુધી જે ગામ હઠાગ્રહી ભૂદેવોના અખાડા સમાન લેખાતું અને જેમાં મોટા ભાગે વ્યવહારિયાનો વસવાટ પણ નહોતો; કેવળ વાદવિવાદમાં કુશલતા ધરાવનારા દ્વિજોની વસ્તી વધુ પ્રમાણમાં હતી ત્યાં છૂટા હાથે લક્ષ્મી ખરચનાર કયાંથી મળી આવે ? ત્યાં એકાએક મહોત્સવ આરંભાય એ પણ જરૂર આશ્ચર્યનો વિષય ગણાય.

વૈભારગિરિની દિશામાં ગામ બહાર વૃક્ષોની ઘન રાજીથી શોભતા એક મોટા મેદાનમાં વિશાલ મંડપ ઊભો કરવામાં આવ્યો છે અને એને સુશોભિત કરવામાં આવ્યો છે.

વાચકને પણ આ ગામ અજાણ્યું નથી, પણ પ્રથમ પ્રશ્ન એ ઉદ્‌ભવશે કે–અગાઉ જોયું તેમ મહારાજ સાહેબ યશોભદ્રજી સામે ભૂદેવો તડુકી ઉઠ્યા હતા એનું શું થયું ? આ મંડપ શા માટે ઊભો કરવામાં આવ્યો ?

હવે આપણે વાર્તાપ્રવાહના અધૂરા અંકોડા સાંધી લઇએ. યશોભદ્રજીએ દ્વિજોની હોંસાતોંસી શાંત થતાં મનક સંબંધી વૃત્તાન્ત આગળ ચલાવ્યું :—

"મહાનુભાવો ! એટલો તો વિચાર કરો કે હું જાતે ઊઠીને મનક સંબંધી વાત કહેવા ન આવ્યો હોત તો તમોને એ જીવતો છે કે નહીં એની કયાંથી ખબર પડત ? જૈન શ્રમણો જે મહાવ્રતો ગ્રહણ કરે છે એમાંના બીજા વ્રતમાં અસત્ય ન વદવાની પ્રતિજ્ઞાનો સમાવેશ થાય છે અને એમાં જરા માત્ર સ્ખલન ન થાય એ સારુ પ્રત્યેક શ્રમણ જાગ્રત રહે છે. બાકી માયા–મમતા ત્યજનારને ભય કેવો ?

"મનકની અમરતા એ કે જ્યાં સુધી દશવૈકાલિક સૂત્રનું અસ્તિત્વ રહેશે અને સાધુસમૂહમાં એનું વાંચન–મનન થતું રહેશે ત્યાં સુધી એનું સર્જન કેવી રીતે અને કોના નિમિત્તે થયું એ વાત સૌથી પ્રથમ યાદ આવવાની જ. એ વેળા શ્રી શય્યંભવસૂરિ સાથેનો મનકનો આખો પ્રસંગ ચક્ષુ સામે તરવરવાનો. આવો અનુપમ લ્હાવો સૌ કોઇના નશીબમાં કયાંથી લખાયો હોય. ગુરુમહારાજ તો એ સૂત્રને પાછું પૂર્વમાં ભેળવી દેતા હતા. તીર્થંકર પ્રભુની આજ્ઞા તો એવી છે કે તેમણે પ્રરૂપેલા પૂર્વોમાંથી કારણપ્રસંગે પૂર્વધરો મુખ્ય મુખ્ય બાબતોનું દોહન કરી સ્વશિષ્યવૃંદને એનો અભ્યાસ કરાવે પણ એને કાયમ કરવું કે સમેટી લેવું એ તેઓની ઇચ્છા પર અવલંબે છે. એ વેળા આગામી કાળ પ્રતિ મીટ માંડી, લાભાલાભની ગણત્રી મૂકી કામ લેવાનું હોય છે. ચંપાપુરીના સંઘનો આગ્રહ તેમ અમારી સાધુમંડળીની વિનવણીથી જ મનકના

કારણે જેની ગૂંથણી થઈ છે **એવું દશવૈકાલિક** સૂત્ર કાયમ રહ્યું. સાધુજીવન પર પ્રકાશ ફેંકતું અને એને લગતા નિયમો સૂચવતું મુખ્ય અંગ તો શ્રી આચારાંગ ગણાય છે, પણ એ અતિ મોટું છે. એનાથી બીજે નંબરે દશવૈકાલિક આવે છે. સંક્ષિપ્તમાં પ્રથમ અંગની ઘણીખરી વાત એમાં સમાવી છે. એ ઉપરાંત આત્મસાક્ષાત્કાર કરવાના બીજા માર્ગોની વિચારણા પણ કરી છે. ટૂંકમાં કહું તો આગામી પ્રજા માટે દશવૈકાલિક સૂત્ર સાચે જ અનુપમ વારસો છે. અણગારધર્મનું પાન કરવાનો ઇચ્છુક સૌ પ્રથમ એ કૃતિને હાથમાં લેવાનો, એના અભ્યાસથી આગળનો માર્ગ નક્કી કરવાનો. આવું ગૌરવ જે સૂત્રને વર્યું છે એના મંગળાચરણમાં મનકનું નામ આવે એ અમરતાના ગુણ કોણ ન ગાય ? કોઇના નામ બે પેઢી; તો કોઈના વળી ચાર પેઢી સુધી અને બહુ પુન્યવંત હોય તો સાત પેઢી સુધી ચાલે. એ પછી તો વિસ્મૃતિ થાય. જ્યારે આ તો સેંકડો અને હજારો વર્ષ સુધી સ્મૃતિનો વિષય બની રહે એવું અદ્ભુત નામ અને કામ થયું છે. તમો અને અમો ચાલ્યા જઈશું અને ભૂતકાળના વિષય બનશું છતાં એ વેળા મનકની અમરતા તો અક્ષય રહેવાની.

"માતા ! આનંદ અનુભવો, તમો પણ એ મહત્તાના નિમિત્તરૂપ છો માટે પ્રમુદિત બનો અને જે કાર્યનું આવું સુંદર પરિણામ આવ્યું એના વિષમ ભૂતકાળને કાયમ માટે સ્મૃતિપટમાંથી ભુંસી નાંખો. મનકને આપેલી પ્રતિજ્ઞા મુજબ મારા દ્વારા આ નિવેદન કરાવી ગુરુદેવ એ ઋણથી મુક્ત બને છે. સંદેશવાહકની ફરજ બજાવી પ્રયાણ કરી જતાં ગુરુભાઇની આશા પૂર્ણ કરવાનો આનંદ માની હું પણ આપ સર્વની

રજા માગું છું. શંકાનું સમાધન કરવા તૈયાર છું. કોઇને માઠું ન લાગે એની કાળજી રાખેલી હોવા છતાં માનવપ્રકૃતિ અનુસાર બની ગયું હોય તો તે માટે ક્ષમા ચાહું છું."

મહારાજસાહેબની વાત પૂરી થઇ, એમાં રહેલાં સત્યે, પર્ષદામાંનાં દ્વિજવર્ગના વાદવિવાદ કરવાના મનોરથો ઠારી દીધાં. ઘણાના હૃદયમાં શ્રમણસંસ્કૃતિ માટે જે વિરોધ હતો તે નિર્મૂળ બની ગયો. જ્ઞાનવૃદ્ધિ સાથે ક્ષમા અને સમતાને બેલડીરૂપે રમણ કરતાં નજરે જોયા પછી ભાગ્યે જ એવો કોઇ ભૂદેવ રહ્યો કે જે દૂધમાંથી પોરા કાઢવા જેવું અર્થાત્ હજુ પણ શંકા ધરવા જેવું હાસ્યાસ્પદ વર્તન કરવા આગળ આવે. વાતાવરણમાં સહજ શાંતિ વ્યાપી રહી.

ગંગામૈયાએ ઊભા થઇ, કરજોડી મહારાજસાહેબને આજનો દિવસ પોતાના આંગણે થોભી જવા વિનંતિ કરી અને વિશેષમાં જણાવ્યું કે—"આપે કહેલું સર્વ વૃત્તાન્ત હું અક્ષરે-અક્ષર સાચું માનું છું. શંકા ઉઠાવવાનું કે કુશંકા કરવાનું મને કે અન્ય કોઇને રંચ માત્ર કારણ નથી. મારા સ્વામી લક્ષ્મી મૂકીને ત્યાગી થયા ત્યારે મનમાં હતું કે ભાવિ સંતાન એનો ઉપભોગ કરશે. એ આશાએ લોકોના કર્ણ-કટુ વેણો સાંભળી એને મોટો કર્યો. એ પણ જ્યારે કાળનો કોળિયો બન્યો ત્યારે હવે એવો માર્ગ દર્શાવો કે જે દ્વારા એ લક્ષ્મી ખરચવાથી સૌ કોઇને આનંદ થાય."

હાજર રહેલાં ભૂદેવોમાંથી જેમના મસ્તકના વાળ પૂર્ણપણે શ્વેતતા ધારણ કરી રહ્યા છે એવા બે વયોવૃદ્ધ બ્રાહ્મણો ઊભા થઇ, પ્રણામપૂર્વક બોલ્યા:—

"સાહેબ ! ગંગાવહુની વાત સાચી છે. અમારામાંના કેટલાકે 'પાડાના વાંકે પખાલીને ડામ' દેવા જેવું કર્યું હતું. વહુનો કંઈ જ વાંક નહોતો. શય્યંભવ ગયા ત્યારે તે ગુપ્તગર્ભા હતી જ. મહોલ્લાના માણસોથી એ વાત અજાણી પણ નહોતી, પરંતુ નિર્ગ્રંથો તરફની કેવળ અસૂયાથી તેમ જ દ્વિજવર્ગનું જૈનધર્મ પ્રત્યે ઢળણ વધી રહેલું ન સહન થવાથી ખોટી રીતે કાદવ ઉરાડવાનું શરૂ રાખ્યું. અમારા ઘરઆંગણે આપ ન આવ્યા હોત તો વાતના વતેસરમાં શું યે બન્યું હોત? પણ ભૂતકાળને ભૂલી જઇ આજે જે પ્રાર્થના કરવામાં આવી છે એનો આપ સ્વીકાર કરો. આપે જે પદ્ધત્તિએ વાત સમજાવી છે એ જોતાં વૈદિકસંસ્કૃતિ અને શ્રમણસંસ્કૃતિ વચ્ચે મહત્વનો ફેર નથી. '**अहिंसा परमो धर्मः**' '**सत्यमेव जयते**' આદિ મુદ્રાલેખો ઉભયમાં દૃષ્ટિગોચર થાય છે. વાદવિવાદ કરવાને બદલે પરસ્પર વાર્તાલાપ કરવાની જરૂર છે. એકબીજાના દૃષ્ટિબિન્દુ સમજવાની જરૂર છે. આજે પણ નાલંદામાં પંડિતો એવી જ પ્રવૃત્તિ કરી રહ્યાં છે. અમારા કમભાગ્યે આ ગામનું નામ વાયડું થઇ પડયું છે. આપ થોડો સમય સ્થિરતા કરી એ વાત ભૂંસી નાંખો અને અમારા ગામના આભૂષણ સમાન શય્યંભવ આચાર્ય આ ધરતી પર પગ મૂકે એવો માર્ગ બતાવો."

ભદ્રશંકર—"મહારાજ સાહેબ ! આપની મંડળીને પ્રથમ જોતાં જ મારા અંતરમાં કોઈ અગમ્ય ભાવો ઉદ્‌ભવેલા. આપશ્રીના પગલાથી આ નાનકડા ગામને કોઈ અનેરો લાભ સાંપડવાની આગાહી થયેલી. દરમિયાન મારા મિત્રોના વર્તાવે એવું તો વાતાવરણ ખડું કર્યું કે એ વાત મારે મનમાં દબાવી દેવી

પડી, પણ મારા મ્હોલ્લાના એ આગેવાનોએ જે પ્રસ્તાવ શરૂ કર્યો છે એ જોતાં એ વાત તાજી થાય છે. ગંગામાની વિનંતિ આપ સ્વીકારો. આ સ્થળમાં સ્થિરતા કરો. કંઈ એવો પ્રસંગ યોજો કે આચાર્ય શય્યંભવને આવવું જ પડે. મારો મિત્ર જેમ પોતાની પાછળ સ્મૃતિ મૂકી ગયો તેમ એને *જન્મ* આપનારી ગંગામા પણ યાદ રહી જાય.

"ટૂંકામાં કહું તો એટલું જ કે એવો પ્રસંગ યોજો કે જેમાં દેવી સરસ્વતીના બહુમાન હોય, દેવી લક્ષ્મીના રણકાર હોય. આપશ્રીના ઉપાસકો અને અમારા ભૂદેવો એની ઉજવણીમાં ખભેખભો મિલાવી કાર્ય કરતાં હોય. એ વેળા ગામજનતાનું આકર્ષણ તો હોય જ પણ પાટનગર રાજગૃહની પ્રજા પણ ઘેલી બની આ તરફ દોડી આવતી હોય."

યશોભદ્ર–"મહાનુભાવો ! જો મારા અહીં થોભવાથી તમો સર્વને પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય અને જનસમૂહ ધર્મકરણીમાં ઉદ્યુક્ત બનતો હોય તો મારી એમાં ના ન જ હોય, પણ એટલા માત્રથી આપ સૌ ઇચ્છો છો એ વસ્તુ બની નહીં શકે. આપ સર્વના અંતરની કામના ગુરુદેવને અહીં લાવવાની હોય તો એ આગેવાનોએ ચંપાપુરી પહોંચી જઈ તેઓશ્રીને આ ક્ષેત્ર પાવન કરવા વિનંતિ કરવી જોઈએ."

ગુરુમહારાજનું કથન સર્વને રુચ્યું. ગંગાએ ખર્ચની જવાબદારી ઉપાડી લીધી અને ભૂદેવોએ તેમાં અંતરનો સહકાર આપ્યો.

ગંગામાએ ઓટલાની નજીકમાં એક ઘરને સાફ કરાવી એમાં મુનિમંડલીને ઉતારો આપ્યો અને ભદ્રશંકરને સરભરામાં સોંપ્યો.

ગુરુમહારાજે પણ મનક-માતાની અભિલાષા બર આવે એ સારુ મહાન્ ઉત્સવ ગોઠવ્યો. શય્યંભવસૂરિ પધારી શું કહે છે તે હવે આપણે જોઇએ.

× × ×

## ૬. પટ્ટધર બન્યા—

" ચાતુર્વેદીજી ! નમસ્કાર, આટલા વહેલાં કઇ તરફ ? "

" પંડિત રાજારામ ! તમો શું એ નથી જાણતા કે આજે આચાર્ય શય્યંભવ પોતે મંડપની વ્યાસપીઠ પર વિરાજી પ્રવચન કરવાના છે ? "

" હં, હં, તેની આ બધી ધમાલ જણાય છે. કુંડ પરથી સ્નાન કરી હું પાછો ફરું છું ત્યાં તો માનવીઓનાં ટોળેટોળા ઉગમણી દિશા પ્રતિ જઇ રહ્યાં જોઇ મને આશ્ચર્ય થયું; પણ હવે સમજાય છે કે એ સર્વ પેલા નિર્ગ્રંથો તરફથી શરૂ કરાયેલા મહોત્સવમાં ભાગ લેવા જતા હશે. મને એ ઉત્સવની ખબર છે. એને આરંભાયાને છ દિવસ વીતી ગયા તે પણ હું જાણું છું. ગામમાં શય્યંભવજીના પગલા ધામધૂમપૂર્વક થયા એથી પણ હું અજાણ નથી જ. ગંગાવહુએ તે દિવસે દ્રવ્ય ખરચવાનો પ્રસ્તાવ મૂકયો હતો ત્યારે હું હાજર હતો. "

ચાતુર્વેદી-" તો પછી પંડિતજી ! ચાલોને સત્વર, આજે વહેલાં પહોંચ્યા સિવાય મંડપમાં જગ્યા મળવી મુશ્કેલ છે. "

રાજારામ-" તમારા સરખા વયોવૃદ્ધ વેદજ્ઞાતાને આ તે કેવી મતિ સૂઝી ? શિવસ્તોત્રનો જાપ મૂકી, જેઓ ખૂદ ઇશ્વરનો

જ છેદ ઊડાવે તેઓની વાણી સાંભળવાનો શો અર્થ ભલા ? ' **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।** ' એ સૂત્ર તમારા ધ્યાન બહાર તો નથી ને ? "

ચાતુર્વેદી-" પંડિતજી ! આટઆટલું નેત્રો સામે જોયા છતાં હજુ તમારો કદાગ્રહ નિર્મૂલ થયો નથી ? વિદ્વાનોની વાણીથી કાનોને પાવન કરવા તે સદૈવ જ્ઞાનપાનમાં રક્ત એવા દ્વિજોનો સૌથી પ્રથમ ધર્મ. સાંભળેલા ઉપદેશને બુદ્ધિરૂપી કાંટાએ તોળવો અને અનુભવરૂપી કસોટીએ કસવો એ ભૂદેવો માટે આવશ્યક કર્મ. એમ કરતાં જે નવનીત લાધે એ પચાવવાની બ્રાહ્મણ તરીકેની ખાસ ફરજ. બ્રહ્મ એટલે જ્ઞાન. બ્રાહ્મણ એટલે એને વરેલો. નવું જ્ઞાન મેળવવા એ સર્વત્ર ભ્રમણ કરે. એ વેળા એને માટે ' સબ ભૂમિ ગોપાલકી ' જેવું જ હોય. જ્ઞાનના પિપાસુને વળી ' વાડાના બંધન ' કે ' અટકના અવરોધ ' હોય ખરા ? સ્વધર્મ એટલે આત્માનો ધર્મ અને એમાં નિધન કહેતા મૃત્યુ અર્થાત્ લયલીનતા. પરધર્મ કહેતા આત્મવિહુણા પુદ્ગલનો યા જડનો ધર્મ, આત્મશ્રેયના પથિક સારુ સાચે જ એ ભયાવહઃ કહેતાં ભયરૂપ છે. હું તો સમજતો હતો કે જમણ સમયે તમો સહકુટુંબ ગંગાને ઘેર દેખાઓ છો એટલે સારાય ઉત્સવમાં ભાગ લેતા હશો; પણ તમારી વાત પરથી તો એમ લાગે છે કે તમો નથી તો પ્રાતઃકાળે થતાં યશોભદ્રસૂરિના પ્રવચનમાં ભાગ લેતા કે નથી તો મધ્યાન્હ કાળ પછી કરવામાં આવતી સિદ્ધચક્રની સ્વાધ્યાય ભક્તિમાં હાજરી આપતા. એક સ્નેહી તરીકે કહું છું કે-મહાશય ! એમ કરવામાં તમે ઘણું ઘણું જોવાનું અને જાણવાનું ગુમાવ્યું છે. "

રાજારામ—“ શિવ ! શિવ ! નાસ્તિક દર્શનના આટલી હદે વખાણ ! અને તે પણ એક વેદનિષ્ણાતના મુખે ! ! ”

ચાતુર્વેદી—“ મહાશય ! હતાશ થવાની જરૂર નથી. ભારતવર્ષમાં ઉદ્ભવેલા અને જુદા જુદા સમયે સવિશેષપણે પાંગરેલા વેદ, જૈન અને બૌદ્ધરૂપ ત્રણ ધર્મો એ પવિત્ર ત્રિવેણીના સંગમ-સમા છે. એમાં એક બીજા પ્રત્યેની વિષમતા કરતાં પરસ્પરનું સામ્ય સવિશેષ છે. આત્મિક સ્વરાજ્ય પ્રાપ્ત કરવાના એ જુદા જુદા માર્ગો છે. આચાર્યશ્રીજીના પટ્ટધર યશોભદ્રજીએ ગઈ આઠમના દિવસે એ વિષય ઉપર એટલું તો સચોટ વ્યાન કર્યું હતું કે શ્રોતાઓના હૃદય થનગની ઊઠ્યા હતા. એ સંબંધમાં તેઓએ જે પ્રકાશના કિરણો ફેંક્યા એ પરથી કોઈપણ જિજ્ઞાસુને લાગ્યા સિવાય ન રહે કે અભ્યાસ કોઈ અનોખી ચીજ છે અને જે વ્યક્તિમાં એ અભ્યાસના બળે જ્ઞાન પૂરેપૂરું પચી ગયું છે એની પ્રતિભા કોઈ અદ્વિતીય હોય છે. બાકી વાદવિવાદના ઉલ્કાપાતમાં ધર્મવિજય માનનારા આપણે ઘાંચીના બેલ કરતાં વધુ આગળ વધ્યા નથી. સત્યથી તો દૂર જ છીએ. આજે તો આપણા જ ઘરનો—એક સમયનો બાલુડો—પરદર્શનનું પાન કરી આચાર્ય બનેલો—શય્યંભવ પોતે જ પ્રવચન કરનાર છે. એની વાણી સાંભળવામાં દોષ કેવો ? ”

ત્યાં તો ભદ્રશંકરને પોતાની સાથમાં બે પાંચ બ્રાહ્મણો સહિત આવતો જોયો. નજીક આવતાં જ ચાતુર્વેદીજી એમાંનાં એકને ઉદ્દેશીને બોલ્યા—

“ ઓહો ! શંભુપ્રસાદજી ! તમે અહીં ક્યાંથી ? ત્રિવેદી સરયુપ્રસાદ પણ સાથમાં છે ને શું ? ”

ભદ્રશંકર—"ગુરુજી ! ગઈકાલે તેઓ આપણા ગામમાં આવેલા છે. એમને મેં પ્રવર્તી રહેલ મહોત્સવની વાત કરી, એટલે પ્રથમ તો એમને ભારે આશ્ચર્ય ઊપજ્યું. ઘડીભર વેદધર્મની પતાકા હેઠી ઉતરતી જણાઈ, પણ જ્યારે સર્વ વાત સમજાવી, જૈનદર્શનના વિધિવિધાનની, ચાલી રહેલા આયંબિલ તપની, ષડ્રસ વગરની લૂખી જુદી જુદી વાનીઓ એક ટંક વાપરી સર્વશ્રેષ્ઠ એવા નવપદના આરાધન પાછળના રહસ્યની પિછાન કરાવી, એ સંબંધમાં વિદ્વાન યશોભદ્રજી પ્રતિદિન રસમય વાણીમાં જે વિવેચન કરી રહ્યા છે તેનો ઊડતો ખ્યાલ આપ્યો ત્યારે તેઓને પણ લાગ્યું કે આવો મહત્ત્વનો પ્રસંગ નિહાળ્યા વિના પાછા ફરવું એ 'તળાવે જઈ તરસ્યા પાછા ફરવા' જેવું છે; તેથી આજે જવાનું મોકુફ રાખી તેઓ મારી સાથે સભામંડપમાં આવી રહ્યા છે. આપ પણ એ દિશામાં જતા લાગો છો તો સત્વર પગ ઉપાડો. જૈન ધર્મની દૃષ્ટિએ આ દિવસો સિદ્ધચક્રજીની આરાધનાના ગણાય છે. બીજા નવ દિવસો આશ્વિન માસમાં આવે છે જ્યારે આપણે નવરાત્ર ઊજવતાં હોઇએ છીએ. ફરક એટલો કે આપણે આસો શુદિ એકમથી આરંભ કરી દશેરાના દિને પૂર્ણાહુતિ કરીએ છીએ જ્યારે તેઓ શુદિ સાતમથી આરંભ કરી પૂર્ણિમાએ સમાપ્તિ કરે છે. અલબત એ સાથે વિધિ-વિધાનમાં ફરક તો ખરો જ. ચૈત્ર માસના આ પવિત્ર દિવસોમાં આજનો દિવસ અતિ મહત્ત્વનો એટલા સારુ છે કે એ છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો જન્મદિવસ છે. એની ઊજવણી અર્થે આજે વહેલી સવારથી જ આસપાસના પ્રદેશમાંથી ભાવિક જનસમુદાય આવી રહ્યો છે. રાજગૃહીથી પણ ઘણા

માણસો આવ્યા છે, તેથી ગીરદી થવાની; માટે જ વહેલા જવાની જરૂર છે. ”

ચાતુર્વેદી—“ શિષ્ય ! તારી વાત સાચી છે. હું તેથી જ વહેલો નિકળ્યો છું. આ પંડિતજીને એ લાભથી વંચિત ન રહેવાનું સમજાવી રહ્યો છું, પણ તે પોતાનો હઠાગ્રહ છોડતા જ નથી. આ કાર્યમાં તેમને સ્વધર્મનું અપમાન ભાસે છે. ”

રાજારામ—“ મહાશય ! આપ સર્વના આ જાતના આચાર-વિચાર પરથી જ એ પુરવાર થાય છે. ”

ભદ્રશંકર—“ ગુરુજી ! પાણી વલોવવાથી કદી માખણ નિકળે ખરું ? એમને સમજાવવાની મેં મહેનત કરી જોઈ છે પણ પરિણામ શૂન્યમાં આવ્યું છે. ”

પંડિતજીને પડતા મૂકી મંડળીએ પગ ઉપાડ્યા અને જ્યારે તેઓ મંડપમાં આવ્યા ત્યારે નર–નારીના સમૂહથી સ્થાન વિશાળ છતાં નાનું બનવા માંડયું હતું. રોજના કાર્યક્રમ પ્રમાણે સમય થતાં જ આચાર્યશ્રી શય્યંભવે મંગળાચરણ કર્યું અને જણાવ્યું કે—

“ મહાનુભાવો ! આયંબિલની ઓળી તરીકે ઓળખાતા આ શાશ્વત પર્વમાં આજનો દિવસ અતિ શ્રેષ્ઠ છે; કારણ કે આ ચૈત્ર શુકલ ત્રયોદશીના દિવસે ચરમ તીર્થંકર શ્રી મહાવીરદેવ ક્ષત્રિયકુંડ નગરમાં જન્મ્યા હતા. રોજના ક્રમને અનુસરી વાત કરું તો આ દિવસ સાતમા જ્ઞાનપદની આરાધનાનો કહેવાય, જ્ઞાનના અવર્ણનીય મહિમાથી કિંવા જ્ઞાનની સર્વશ્રેષ્ઠતાથી ભાગ્યે જ કોઇ અજાણ્યું હશે.

જ્ઞાનના બહુમાન અને ગુણકીર્તન જૈન અને ઇતર દર્શનોમાં મુક્તકંઠે કરાયા છે. એ સંબંધમાં ઘણું ઘણું કહેવાયું છે.

'જ્ઞાન સમું કોઈ ધન નહીં.' 'લોકાલોકપ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન.' '**नमो नमो नाणदिवायरस्स**' 'જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર' 'સર્વ આરાધક જ્ઞાન' અથવા તો '**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' જેવા વચનોથી જ્ઞાનનો મહિમા પ્રતીત થાય તેમ છે. આમ અંતિમ જિનનું જન્મ-કલ્યાણક અને જ્ઞાનપદ સંબંધી વિવેચન એ આજના દિવસના સુનિમિત્તો છે. પ્રથમ દિવસે અરિહંત પદની વ્યાખ્યાથી જેમણે તમારા હૃદય હરણ કર્યા છે એવા યશોભદ્ર એ સંબંધમાં વિશેષ વિવેચન કરશે. એ પછી મારે જે કંઈ કહેવાનું છે તે હું જણાવીશ."

ગુરુદેવની સૂચનાનો અમલ કરતાં યશોભદ્રજીએ જ્ઞાનની વ્યાખ્યા કરી એના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ નામના પાંચ પ્રકાર બતાવ્યા. એ દરેકના અવાંતર ભેદો પર વિવેચન કર્યું. સાથોસાથ સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન ક્યાં જુદા પડે છે? જુદા પડવામાં શું કારણ છે? તે સમજાવ્યું. જીવના લક્ષણમાં જ્ઞાનને મુખ્ય પદ આપવાનું પ્રયોજન દાખવી એ આત્માનો મૂળ ગુણ નિર્મળ કરવા સારુ કેવી ક્રિયા આચરવી જોઇએ તે દર્શાવતાં એમાં આયંબિલનો તપ કેવો ભાગ ભજવે છે એ વર્ણવ્યું અને '**જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કઠીણ કર્મ કરે છેહ; પૂર્વ કોડી વર્ષા લગે; અજ્ઞાની કરે જેહ.**'

આ પ્રમાણે નિચોડ આણી પોતાના વક્તવ્યની પૂર્ણાહુતી કરી.

શ્રોતાગણ અતિ રસવૃત્તિથી સાંભળતો હતો. એમાં જ્યારે

ઓજસ્વિની વાણીમાં આચાર્યશ્રીની દેશના શરૂ થઇ ત્યારે વાતાવરણમાં અનોખી ઝમક આવી. વર્ષો પૂર્વે આવેગભર્યા–ખડ્ગ ખેંચી ઊભા થયેલ–ભટ્ટ શય્યંભવ અને સૌમ્ય પ્રકૃતિ-વાળા–શાંતિના મૂર્તિમંત સ્વરૂપ સમા આસન પર વિરાજેલા આજના સૂરિ શય્યંભવ એક જ છે કે કેમ ? એવો પ્રશ્ન સૌને ઉદ્ભવ્યો. આત્મા એનો એ છતાં જીવનપલટો કેવી કરામત દાખવે છે એનું ભાન થયું. ત્યાં તો આચાર્યનાં વેણ સંભળાયા—

"હે, ભવ્ય જીવો ! કર્મરાજરૂપ મહાન સૂત્રધારથી ક્ષણે ક્ષણે દોરીસંચાર કરાતી આ સંસારરૂપી રંગભૂમિ પર ભજવાઇ રહેલાં–ભિન્ન ભિન્ન અભિનયોમાં જ્યાંસુધી આત્મા સ્વ અને પરનો ભેદ પારખી શકતો નથી ત્યાં સુધી એ ધર્મના સાચા રહસ્યને પિછાની શકતો નથી. ઉપરછલ્લા દેખાવને કે ધર્મની આસપાસ વિંટાયેલા ક્રિયાકલાપને લક્ષ્ય માની એ એની આસપાસ ચક્કર માર્યા કરે છે. એ જાતના ભ્રમણમાં પસાર થતા કાળની મર્યાદા આંકી શકાતી નથી. ચડતી–પડતી-ના ચગડોળમાં આગેકદમ અને પીછેહઠ તો હોય જ, પણ એથી પ્રગતિનો કાંટો ઊંચો જઇ શકતો નથી. ચડતી ટાણે અંકની નવિનતા હાથવેંતમાં જણાય ત્યાં અધઃપતનનો ઢોલ વાગવા માંડે છે અને વધુ જોરથી પછડામણ થાય છે. કારણ એક સમ્યગ્જ્ઞાનનો અભાવ–સાચી સમજણનું દિવાળું ! એટલે પર એવા કર્મરાજની જાળગુંથણીમાં સજ્જડ રીતે જકડાવું ! ગોળ–ખોળની ખબર જ ન મળે ! એટલે જ સૌથી પ્રથમ–સ્વ અને પરની કિંવા આત્મા અને કર્મની અથવા તો જીવ–અજીવની કે ચેતન–જડની ઓળખાણની આવશ્યકતા છે.

"નયસારનો આત્મા લાંબા સંસારભ્રમણ પછી મહાવીર

બને છે, એમાં કર્મરાજે ઓછા તમાસા નથી બતાવ્યા. સંસારની રંગભૂમિ પર મહાવીરદેવના આત્માને જાતજાતના નાચ નચાવ્યા છે. ખૂદ પ્રથમ તીર્થપતિનો ભેટો કરાવ્યો અને ચારિત્રનો સ્વાંગ પણ સજાવરાવ્યો. ત્યાગજીવનના કાંઠે વિચરનારને મુક્તિપુરીનો આવાસ કેટલો દૂર હોય? જ્ઞાન કંઈ ઓછું નહોતું, ક્રિયા પણ હતી, તો પછી ઊણપ શી હતી? એ જ્ઞાનની પૂર્વે સમ્યક્ શબ્દ સમજણ સહિત જોડાયેલો ન હોવાથી, એનું અજીર્ણ થતાં વાર ન લાગી. મિથ્યાભિમાન દોડી આવ્યું અને જોતજોતામાં કિનારે આવેલ નાવ ભરદરિયે ખેંચાઇ ગયું. નયસારે મરિચીના અવતારમાં જે ગુલાંટ ખાધી તે માત્ર કેટલાક ભવો સુધી કાયમ રહી એટલું જ નહિ પણ એમાં વાસુદેવના ભવમાં કર્મે એવો તો ઓપ આપ્યો કે આત્મા અધઃપતનની છેલ્લી ભૂમિકાએ પહોંચી ગયો. પછી મધ્ય ભૂમિમાં આવતાં વર્ષોના વહાણા વાયા. એ દરમિયાન અનુભવની વેદી પર સખત ઘડતર થઇ, અવનવા બોધપાઠ મળ્યા. પરિણામ એ આવ્યું કે એ આત્માએ જ્યારે ચક્રવર્ત્તીની ઋદ્ધિ મેળવી ત્યારે એનો ગર્વ ન કર્યો. પોતે એમાં લયલીન ન થયા. ઋદ્ધિ ભોગવી જાણી અને શક્તિ જોગવી જાણી. સાપ કાંચળી ઉતારી નાંખે તેમ ચક્રીએ રમારામાનો મોહ ત્યજી દીધો અને સંયમનો સધિયારો લીધો. પ્રગતિનો પારો ઊંચે ચઢયો અને નંદનમુનિના ભવમાં એ ઇપ્સિત બિંદુએ પહોંચ્યો. તપરૂપી કૃપાણ હાથમાં લઇ જન્મોજૂનાં કર્મોને કાપી નાંખ્યા. અરે! ઉત્કૃષ્ટ તીર્થપતિ તરીકેની પદવી માટેનું પ્રમાણપત્ર મેળવ્યું. મહાવીરનો ભવ એ સર્વશ્રેષ્ઠ પદનો ભોગકાળ–જન્મતાં જ ઋદ્ધિસિદ્ધિનો સુંદર યોગ.

"પરંતુ સ્વત્વની પિછાન કરેલ હોવાથી મહાવીર એમાં ન તો રાચ્યા કે ન તો એથી માચ્યા. અવધિ થતાં જ અનગાર થઈ નીકળી ગયા. સમ્યગ્જ્ઞાનના રસ્તે ચઢી ચૂકેલા પણ એની પૂર્ણતા નહોતી થઈ. એ સિદ્ધિ હસ્તગત કરવાનો દઢ નિશ્ચય કરી એ જાતજાતના સ્થાનોમાં ભમ્યા. સાધના પાછળ સાડાબાર વર્ષ જેવો લાંબો સમય વિવિધ પ્રકારના ઉપસર્ગોનો ઉઘાડી છાતીએ અને સમભાવદશાએ સામનો કરવામાં વીતાવ્યો. પરિષહ સહન કરવામાં કચાશ ન રાખી ત્યારે જ અનુપમ એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

"સર્વજ્ઞ એવા શ્રી વર્ધમાનસ્વામીએ દેશકાળ પ્રતિ મીંટ માંડી એટલે કે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જોઇને પોતાની પૂર્વે થયેલ તીર્થંકરોની માફક સંઘની સ્થાપના કરી. તેઓશ્રી દ્વારા દોરવામાં આવેલ જૈન દર્શન સંબંધી ચિત્રમાં પંચ મહાવ્રત યુક્ત શ્રમણ ધર્મ, ભિન્ન ભિન્ન દષ્ટિબિન્દુઓને ધ્યાનમાં રાખી પ્રત્યેક વસ્તુની વિચારણા કરવાની સ્યાદ્વાદપદ્ધતિ અને સંસારભ્રમણના મૂળ કારણ સમા કર્મપદાર્થની અતિ સૂક્ષ્મ વિચારણા સવિશેષ ધ્યાન ખેંચે છે.

"જુદા જુદા પંથપ્રવર્તકોએ સ્થાપેલ સંપ્રદાયમાં સમય જતાં ચારિત્રની જે શિથિલતા પ્રવેશ પામી હતી અને વૃદ્ધિંગત થતી દષ્ટિગોચર થતી હતી તે જૈન દર્શનમાં નથી જોવાતી એનું કારણ એ પાંચ મહાપ્રતિજ્ઞાના નિરતિચાર પાલનમાં સમાયું છે. નિર્ગ્રંથોના જીવન આજે પણ અન્ય પંથના પરિવ્રાજકો વા પંડિતો કરતાં શ્રેષ્ઠ જણાય છે; કેમકે એમાં જ્ઞાન અને ચારિત્ર કિંવા વિચાર અને આચારનો સમન્વય સાધવામાં આવ્યો છે.

"સાપેક્ષ દૃષ્ટિએ જોવાની રીતથી જ ધુરંધર વિદ્વાન ઈંદ્રભૂતિ આદિનો તેઓશ્રીએ હૃદયપલટો કરી દીધો. વેદવાક્યોનો સમન્વય સાધી આપી, શંકાના શલ્યને છેદી નાંખ્યા; અને પોતાના ચુસ્ત અનુયાયી બનાવ્યા. જ્ઞાનાર્જન જેમનો પ્રિય વ્યવસાય છે એવા સંખ્યાબંધ દ્વિજોનું આકર્ષણ જૈન દર્શનમાં ચાલુ છે એનું કારણ પણ એ અનેકાંત પદ્ધતિથી દરેક વાતનો સમન્વય સાધવાની રીતમાં સમાયું છે.

"ઇશ્વરકર્તૃકં જગત માનનારા અથવા તો પ્રકૃતિના શિરે જગતની વિચિત્રતાનો ટોપલો ઢાલવનારા જો યુક્તિવાદમાં પાછા પડ્યા હોય તો એ જૈનદર્શનના દલીલપુર:સરના કર્મવાદથી જ. જેમ જેમ વિજ્ઞાન વિસ્તાર પામતું જશે તેમ તેમ માનવબુદ્ધિ કર્મના સિદ્ધાંતને વધારે ને વધારે પિછાનતી જશે. અંતર કબૂલવા માંડશે કે પોતાના સુખદુ:ખ કિંવા ઉદય–અસ્ત માટે બહારની કોઇ શક્તિ કે કૃતિ જવાબદાર નથી. એ માટેની આખી જવાબદારી પોતાના આત્માની યાને પોતાના પૂર્વ તથા ચાલુ ભાવના આચરણોની જ છે. આત્મા ધારે તો મહાત્મા અને ખુદ પરમાત્મા પણ બની શકે છે.

"મહાનુભાવો! મારી આ વાત પૂર્વે મેં શ્રી મહાવીરદેવના જીવનની જે ઝાંખી કરાવી એ ઉપરથી સહજ પુરવાર થાય છે. નવપદ આરાધન સંબંધી જે વિવેચન તમો છેલ્લા છ દિવસથી સાંભળી રહ્યા છો અને તમારા નેત્રો સામે એને લગતું જે વિધિવિધાન થઇ રહ્યું છે એ પરત્વે શ્રીપાલનરેશનું ઉદાહરણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. એ કથા તો લાંબી છે. એટલે એનો વિસ્તારથી ખ્યાલ આપવાનો અત્યારે સમય

નથી પણ એમાં જે બનાવને અનુલક્ષી કથાનકનો આરંભ થાય છે એ બરાબર વિચારણીય છે. મયણાસુંદરી અને સુરસુંદરી એ સાવકી બ્હેનો. એમની માતાઓ ભિન્નધર્મી હોવાથી ઉભયને પોતપોતાના ધર્મના ઉપાધ્યાય પાસે શિક્ષણ અપાવ્યું. પરિણામ એ આવ્યું કે મયણા જૈનદર્શનના સિદ્ધાંત અનુસાર પોતાના સુખદુઃખમાં પૂર્વકૃત કર્મને જ નિમિત્તરૂપ લેખી, સ્વઆત્મશક્તિ પર મુસ્તાક રહેનારી બની. સુરસુંદરી એથી ઊલટી રીતે આત્મભાન ભૂલી, 'ઈશ્વરેચ્છા બલિયસી' જેવા વાકયનો વિપરીત અર્થ સમજી સ્વપિતાને પોતાના શ્રેયના કર્ત્તાહર્તા લેખવા લાગી. તેમની કૃપાના ફળરૂપે સુખાનુભવ કરી રહેલી તે, એ મહેરબાની ચાલુ રહે તો જ ભવિષ્યમાં સુખ પ્રાપ્ત થવાનું છે એમ માનવા લાગી. અર્થાત્ કર્મના સિદ્ધાંતને નેવે મૂકી કેવળ પિતાની 'હા' માં 'હા' ભણવા લાગી. એક રીતે કહીએ તો સ્વાશ્રય અને પરાશ્રયની હોડ આરંભાઇ. 'હું જ સુખનો દેનારો કિંવા હરનારો છું' એવા ગર્વથી ઘેરાયેલ તેમનો પિતા—રાજવી પ્રજાપાલ—એ ઉભયના લગ્ન જોડે છે. પોતાની મોરલીએ નાચતી સુરસુંદરીને સારા રાજકુંવર સાથે પરણાવે છે જ્યારે આત્મબળ પર અડગતા ધરનારી મયણાને એક કોઢીયા સાથે પરણાવે છે. ટૂંકમાં કહીએ તો એકને સુખના શિખરે બેસાડે છે તો બીજીને દુઃખની ઊંડી ખાઇમાં હડસેલે છે. સમયના વહેવા સાથે ઉભય બ્હેનોનો જીવનરથ સંસારના વિવિધ પ્રસંગો વચ્ચે માર્ગ કાપી રહે છે, કર્મરાજ પલટા આપ્યા જાય છે અને કેવળ બાર માસના ટૂંકા સમયમાં કોઇ અનોખું ચિત્ર ખડું કરે છેઃ—

**'अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते।'**

જેવું થાય છે. કુષ્ઠિપ્રિયા મયણા મહારાણી પદ પામે છે જ્યારે સુરસુંદરી રાણી મટી નર્તકી થાય છે! એ વાતનો સંપૂર્ણ ઉકેલ કરવાના જિજ્ઞાસુએ શ્રીપાલચરિત્ર અવલોકવું. અહીં તો કર્મ-સિદ્ધાંત શું ચીજ છે એનો ખ્યાલ આપવા સારુ આટલો ઉલ્લેખ કર્યો છે. ભગવાન મહાવીરના જીવનમાં જાણવાનું તો અતિઘણું છે. એ માટે મેં તો માત્ર ઇશારો કર્યો છે અને એ પ્રભુના કવનમાંથી મેં તો શ્રોતાવૃંદની નજરે ખાસ અગત્યની એવી ત્રણ વાત ટૂંકમાં જણાવી છે. આચાર, ઉચ્ચાર અને વિચારમાં એ અતિ ઉપયોગની છે. ગમે તે પંથનો અનુયાયી કે ષડ્દર્શનમાંનો ગમે તે દર્શની એ ઉપર, પક્ષપાતના ચશ્મા ઉતારી, મંથન કરશે તો એમાંથી માખણ કાઢશે એવી મારી ખાતરી છે. ધર્મ એ આત્માની વસ્તુ છે. એને ક્ષત્રિય, બ્રાહ્મણ કે વૈશ્ય આદિ વર્ણના વાઘા હેઠળ ગોપન કરવાની જરૂર નથી.

"**ज्ञानस्य फलं विरतिः ।**" જાણવાનું તાત્કાલિક ફળ આચરણમાં ઉતારવારૂપ છે, અર્થાત્ યથાશક્તિ સમજ્યા મુજબ વ્રત ગ્રહણરૂપ છે. એ દ્વારા પરંપરાએ એનો સર્વ કર્મથી છૂટકારો થાય છે અને મુક્તિ કે પૂંર્ણ સ્વરાજ મળે છે.

"હવે છેલ્લી વાત. મનકનું નિમિત્ત ન બન્યું હોત તો હું શય્યંભવ આ ગામમાં આવવાનો નહોતો. પોતાને રુચે તે કરવું એ ઠીક છે પણ સત્ય-ગવેષણ વૃત્તિ રાખવી એ એથી વધુ શ્રેયસ્કર છે. એમ ન કરી શકે તેઓએ પણ ખોટા દૂષણ શોધવાની કે જૂઠા આળ ઓઢાડવાની આદત ત્યજી દેવી. સ્વજીવન શોધવામાં લાગી જવું. મારા પટ્ટધર તરીકે આ

વિશાળ જનસમૂહ સમક્ષ હું પ્રિય શિષ્ય એવા યશોભદ્રને જાહેર કરું છું. હવે ગચ્છનો ભાર તેમણે જ વહન કરવાનો છે અને સંઘે તેમની જ આગેવાની સ્વીકારવાની છે. શેષ જીવન હું તો હવે આત્મચિંતનમાં વ્યતીત કરીશ."

સભાજનો—"ગુરુદેવ! જો આપ સાહેબની એ ઇચ્છા છે અને યોગ્યને યોગ્ય પદ અપાય છે તો અમો આચાર્ય પદ-પ્રદાનનો ઉત્સવ ઓળી પૂરી થયા પછી રાખીએ તો કંઇ વાંધો છે? શક્તિ અનુસાર ધન ખરચી અમે શા સારુ સુકૃતભાગી ન બનીએ?"

શય્યંભવસૂરિ—"તમારી એ ઇચ્છા હોય તો મને વાંધો નથી. બાકી આચાર્ય પદવીના દાન તો યોગ્યતા જોઈને જ અપાય છે. એ વેળા લક્ષ્મી ખરચનાર હોય ને ઉત્સવ થાય કિંવા એમાંનું કંઇપણ ન થાય, એ કંઈ મહત્વની વાત નથી."

શંભુપ્રસાદ—"આચાર્યશ્રી! મારી એક વિનંતિ છે. યશો-ભદ્રસૂરિને આપ અમારા પ્રદેશ તરફ-મિથિલાપુરીમાં-ઉપદેશ અર્થે મોકલો. ત્યાં જૈન દર્શન પ્રત્યે જે અજ્ઞાન વર્તે છે તે દૂર થશે ને અમારા જેવા જ્ઞાનના અર્થીને નવું જાણવા-વિચાર-વાનું મળશે. માત્ર આજની દેશના સાંભળી મારું હૃદય ઉલ્લાસ પામ્યું છે, તો વધુ સંપર્કથી શું ન બને?"

પ્રવચનની પૂર્ણાહુતિ 'સર્વમંગલમાંગલ્યમ્'થી થઈ. સૌ વિખરાયા.

# પટ્ટધર–બેલડી.

## ૧. શંભુપ્રસાદની સાચી વાત—

તમાશાને તેડાની જરૂર સંભવે જ નહીં. એમાં આજે તો ભૂદેવોની બેઠક એટલે પૂછવું જ શું ? ચાતુર્વેદી, ત્રિવેદી, પાંડે અને દુબે તેમજ શુકલ અને ત્રવાડીના આગમનથી દ્વિજ સમુદાયની વિશાલ સરા છલકવા માંડી હતી. આવનાર મહાશયો-માંના કેટલાક બોડા માથાવાળા હતા, કેટલાકની વાળવિહુણી ટાલ દીવાના ઝાંખા પ્રકાશમાં સ્હેજ ચમકારો મારતી હતી. ઘણાખરા ચકરડી પાઘડી પહેરીને આવ્યા હતા. વળી જ્યારે ત્રણ મહાશયોએ વાતના રસમાં માથા પરથી પાઘડી ઉતારી ખોળામાં મૂકી ત્યારે તેમની કાળી ચોટલી એકાએક ગરદન પર કૂદી પડીને પવનના સપાટા સાથે નૃત્ય કરવા લાગી. નેવુના આંકને વટાવી ચૂકેલા રૂદ્રપ્રસાદજી, એ સૌમાં મુખ્ય હોઇ જાડા તકીયાને અઢેલીને બેઠા હતા. એમની આમન્યા બધાને રાખવી પડતી. જ્ઞાતિના હરકોઈ પ્રશ્નમાં એમનો ચૂકાદો આખરી ગણાતો.

મિથિલામાં જ્યારથી આચાર્ય યશોભદ્રસૂરિનાં પગલા થયા છે ત્યારથી **વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ !** જેવા અધિકારથી એક-હથ્થુ કારભાર ચલાવનાર દ્વિજ સમુદાય ખળભળી ઊઠ્યો છે. નિર્ગ્રંથનાં પ્રવચન એટલે અહિંસા, સંયમની અદ્ભુત વાણી–

આરંભસમારંભના ત્યાગની વાત–કર્મની પિછાન કરી આત્મશ્રેય સાધવાનો ઉપદેશ–કેવળ ક્રિયાકાંડમાં આકંઠ બૂડેલા અને સ્વર્ગ નર્કના મનસ્વી પરવાના આપવાનો સર્વતંત્રસ્વતંત્ર હક્ક ધરાવનારા બ્રાહ્મણવર્ગને એ ક્યાંથી રુચે ? ભોળપણ અને અજ્ઞાનતાનો યથેચ્છ રીતે લાભ ઉઠાવનારા ઘમંડી ભૂદેવોને શ્રમણોના વર્તનમાં ડગલે ને પગલે નાસ્તિકતાનાં દર્શન થતાં હતાં.

અઢારે વર્ણના લોકો આચાર્યશ્રીની દેશના સાંભળવા જાય છે. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા વધતી જાય છે. અવનવું જાણવાનું મળે છે. મિથિલાપુરીમાં કોઇ નવું જ વાતાવરણ સર્જાઈ રહ્યું છે.

પ્રતિદિન ‘ વિદ્યાર્થીઓના આશીર્વાદ ’ દઈ કિંવા યજમાન-વૃત્તિના ફેરા ફરી ઝોળી ભરી લાવનાર ભૂદેવોની ચક્ષુ બહાર ઉપરની પરિસ્થિતિ ક્યાંથી રહી શકે ? પૂર્વજોની પ્રતિષ્ઠાના જોરે આજીવિકા ચલાવનાર, દિવસાનુદિવસ અધ્યયન અને અભ્યાસમાં પીછેહઠ કરનાર અને કેવળ ક્રિયાકાંડના ઉપરછલ્લા દેખાવને વળગી રહી આડંબરી જીવન ગાળનાર દ્વિજવર્ગને પોતાની એકધારી બિછાવેલી સત્તા સરી જતી લાગી. શરૂમાં તો ‘ જૈનો ઇશ્વરને માનતા નથી, શૌચધર્મની ઉપેક્ષા કરે છે અને વેદની પવિત્રતાને અવગણે છે ’ એવા છૂટાછવાયા પ્રલાપો કરી જનતાનું માનસ ફેરવવાના યત્નો આરંભાયા. પણ એની કંઇ અસર થતી ન જોઈ અને પ્રતિકારમાં સામેથી ઉત્તર મળવા લાગ્યો કે જો આચાર્ય યશોભદ્રસૂરિનું આચરણ ધર્મવિહીન હોય અને પ્રવચનમાં કંઇ તથ્ય જ ન હોય તો ત્રિવેદી શંભુ-પ્રસાદ અને મહાશય સરયુપ્રસાદ જેવા વેદપારગ શા સારુ

એમાં આગેવાનીભર્યો ભાગ ભજવે છે ? બીજા પણ ભૂદેવો જાય છે એનું કેમ ?

જ્યારથી આ વાત કેટલાક શુકલ અને પાંડેના જાણવામાં આવી ત્યારથી જ તેમની આંખ શંભુપ્રસાદ પ્રતિ રાતી થઈ. પોતાના ઘરના આ માનવીઓનું વર્તન 'ઘર ફૂટે ઘર જાય' જેવું જણાયું. તરત જ એમણે 'મીઠું મરચું ભભરાવી' પ્રચારનાં ચક્રો ગતિમાન કર્યાં અને બ્રાહ્મણસમાજમાં એવો તો સંગીન ઝંઝાવાત પ્રગટાવ્યો કે રૂદ્રપ્રસાદે સમાજ ભેળો કર્યો. એમાં ત્રિવેદી શંભુપ્રસાદના વર્તન માટે જવાબ મંગાયો.

શંભુપ્રસાદ—" મુરબ્બી ! મારે શાનો ખુલાસો કરવાનો છે ? મારી સામે કઇ જાતનો આરોપ અને કોના તરફથી મૂકવામાં આવ્યો છે ? એ જાણ્યા વિના ખુલાસો શી બાબતનો કરવો ? "

એક અવાજ–" જોયા મહારાજ યુધિષ્ઠિરના અવતાર ! "

બીજો અવાજ–" અરે ! બીજા સત્યવાદી હરિશ્ચંદ્ર જ જોઈ લ્યો ને ! નગરમાં આટલી હદે વાતાવરણ કથળ્યું છે છતાં આ મહાશયને જાણે કંઈ ખબર જ નથી ! "

રૂદ્રપ્રસાદ–" આરોપ મૂકનારની સંખ્યા તો મોટી છે. આખી જ્ઞાતિ કહીએ તો પણ ચાલી શકે તેવું છે. પેલા નિર્ગ્રંથના પ્રવચનમાં તો તમે રોજ જાઓ છો, એથી પ્રજાની આપણા પ્રત્યેની ભક્તિમાં ઓટ આવવા માંડ્યો છે. એની તમને મુદ્દલે ખબર નથી ? "

ધ્રુવજી બંકા–" અરે ! એ મહારાજને તમે આમંત્રણ આપી બોલાવી લાવ્યા છો. તમે જ પ્રવચન કરવાની ગોઠવણનાં

સૂત્રધાર છો. મેં રજેરજ બાતમી મેળવી છે. તમારા સરખા વેદપાઠીએ મશાલ પકડીને એ અહિંસાના ધ્વજધારીઓ મારફત આપણા પવિત્ર વેદધર્મની નિંદા કરાવવાનો ધંધો આરંભ્યો છે. પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે.”

શંભુપ્રસાદ–“ અરે ! આ તો કાગનો વાઘ બનાવી દીધો જણાય છે ! એક વિદ્વાન પોતાની માન્યતા જગતના ચોકમાં રજૂ કરે, રુચિવાળા કિંવા જિજ્ઞાસુ એ શ્રવણ કરે અને એમાંથી જે ગ્રહણ કરવા જેવું જણાય તેનો અમલ કરે–એ રીતે સ્વ-જીવન ઉન્નત બનાવે. એ શું ખોટું કામ છે ? એમાં અન્ય પર જોરજુલમની કે એના માર્ગમાં આડ ઊભી કરવાની વાત જ ક્યાં છે ?

“ જ્ઞાન પ્રત્યે પ્રેમ રાખવો અને એ ઉમદા ગુણ જેનામાં હોય તેનું બહુમાન કરવું એ બ્રાહ્મણનો ધર્મ નથી ?

“ બાળકની પણ હિતની વાત સાંભળવી અને નીચ પાસેથી પણ વિદ્યા ગ્રહણ કરવી એ નીતિશાસ્ત્રની શિક્ષા નથી ? ‘**गुणाः पूजास्थानम्** ’ જેવા સૂત્ર વેદધર્મના અનુયાયીના નથી તો કોના છે ? ઇંદ્રભૂતિ ગૌતમ કે પટ્ટધર સુધર્મા અથવા તો અંકપિત કે મૌર્યપુત્ર એક કાળે કોના ઘરનાં હતાં ? એ બધાં આપણા દ્વિજસમુદાયમાંના કે બીજી કોઇ જ્ઞાતિનાં ? દૂર શા સારુ જાઓ છો ? હજુ ભટ્ટ શય્યંભવ તો મોજુદ છે. મેં અને પંડિત સરયુપ્રસાદે એ આચાર્યનાં માત્ર બે જ પ્રવચન સાંભળેલા. એમાં તેઓની સમજાવવાની રીત અને વસ્તુવિચારણાની યુક્તિ હરકોઇને મંત્રમુગ્ધ કરે તેવી છે. તેમને આ

તરફ પધારવા વિનંતિ કરેલી તેથી વિહાર કરતાં તેઓ અહીં આવી ચઢ્યા ત્યારે તેમની વિદ્વત્તાનો લાભ જાતે લેવો અને અન્ય પુરજનોને અપાવવો એ મારો ધર્મ જ લેખાય. એક દ્વિજ તરીકે એમાં અયુક્ત કંઇ જ નથી. એક રીતે કહીએ તો તેઓ મારા નોતર્યા પધાર્યા છે એટલે અતિથિ ગણાય અને અતિથિધર્મ સાચવવો એ માટે વેદજ્ઞને શિખવાનું ન જ હોય. સૂરિજીમાં એવી શક્તિ છે, તેઓની પ્રતિભા એવી તો પ્રસરેલી છે કે કદાચ મારા જેવાનો સાથ ન મળ્યો હોત તો પણ તેઓ અહીં પોતાનું કાર્ય વિના મુશ્કેલીએ આગળ ધપાવી શકત."

ચંડશર્મા–" આપણે બધા અહીં પ્રસાદજીનું વિવેચન સાંભળવા એકઠા થયા છીએ કે શું ? જેઓ વેદ પર શ્રદ્ધા ધરાવે નહીં તેમનામાં વિદ્વત્તાનો સંભવ **न भूतो न भविष्यति** । વૃદ્ધાવસ્થા થઇ એટલે પ્રસાદજીની બુદ્ધિ બહેર મારી ગઇ જણાય છે. તે વિના આપણા ઘરમાંથી શત્રુના પક્ષમાં ભળીને તેમની આવી પ્રશસ્તિ તેઓ ન ઉચ્ચારત ! પોતાના પગ ઉપર જાતે કુહાડો ન મારત ! તેમને ઝાઝી ચિંતા નથી એટલે ઠીક છે, બાકી જેનો વંશવેલો છે તેમને આજીવિકાનું શું ? બ્રાહ્મણ અને શ્રમણ એ ઉભય વચ્ચે કદી મેળ સંભવે ખરો ? જો ઝાઝા દિવસ એ ત્યાગી આચાર્યની વાત જનતાને કોઠે પડશે તો સમજી લેજો કે આપણા માટે નિયત થયેલાં દાન–પુન્ય દેશવટો લેશે. જ્યાં વ્યક્તિમાં દલીલપુરસ્સર વાત કરવાની કે વિચારવાની શક્તિ આવી કે એને ગળે ભૂદેવની વાત જલદી નહીં ઉતરે. આજે જે આપણા વચન ઉપર ઇતબાર છે તે નહીં રહે. સ્વર્ગ–નર્ક કિંવા પુન્ય–પાપની વાત જે આજે આપણા શબ્દો પર અવલંબે છે તે પછી કોઇ માનશે જ નહીં. એક વાર બાણુ

છૂટયું એટલે છૂટયું ! મુંદથી બગડી તે હોજથી નહીં સુધરે ! એથી આપણો તો સર્વનાશ થવાનો ! આપણો દૈનિક વ્યવસાય ભાંગી પડવાનો ! સૌ કરતાં મુખ્ય પ્રશ્ન તો આ છે. રોટી આગળ બીજી બધી બાબતો ગૌણ છે, માટે પક્ષભેદ થવા જ ન દેવો. કાંટાને વધવા જ ન દેવો. ઉખેડીને ફેંકી દેવો. બગડેલા પાનને બહાર કાઢી ફેંકી દીધું એટલે બીજા પાન બગડતાં બંધ થાય; અને પુનઃ કોઈ માથું ઉંચકવા આગળ ન આવે !"

ત્રણચાર અવાજ–" હા, હા, શર્માજીની વાત સોએ સો ટકા સાચી છે. મીયાં મહાદેવનો મેળ ખાય જ નહીં. કયાં આપણા પવિત્ર વેદવાકયો અને કયાં આ જૈનોના રીતરિવાજ ને આચરણો, આકાશ પાતાળનું અંતર ! "

ઉમાપતિ પાંડે–" શંભુપ્રસાદજી ! જો એ મહારાજમાં વિદ્યા હોય તો આવી જાય વિવાદસભામાં સામે. આપણે કંઈ સાવ સોઠ નથી બની ગયા ! બાકી એ આસને ચઢી ઉપદેશ આપે અને આપણા જેવા પંડિતો સામે જઈ, અવનત મસ્તકે સાંભળવાનું કરીએ તે તો હરગીજ ન શોભે. તમારી મતિ મૂંઝાઈ ગઈ જણાય છે. અમારી વચ્ચે રહેવું હોય તો પ્રાયશ્ચિત્ત કરવું જ પડશે. નહિ તો તમારો બહિષ્કાર એ જ એક ઊઘાડો માર્ગ છે. રોગ અને દુશ્મનને ઊગતાં જ ચાંપવા કે જેથી વધવા ન પામે. નીતિકારની એ સલાહ અવગણવાનું પરિણામ ભયંકર આવ્યું છે. જાગ્યા ત્યાંથી સવાર. પુનઃ એવી ભૂલ થવા દેવી નથી."

રૂદ્રપ્રસાદ—" જોયું ભાઈ ! તારા કાર્યથી આપણા સમાજમાં કેવો ખળભળાટ ઉદ્દભવ્યો છે ? તું જેને સામાન્ય

બાબત લેખે છે એ એક પહાડ જેવી અને અતિ મોટી છે. આ ભૂલ ચાલવા દઈએ તો પરિણામ અતિ ગંભીર આવે. એ પ્રવચનમાં વિદ્વત્તાની ગંધ સરખી નથી. જ્યાં વિશ્વનિયંતાની સત્તા સામે ચેડા કાઢવાના હોય, જ્યાં વેદકથિત યજ્ઞો સામે બળવો પોકારાતો હોય, જ્યાં વેદમાં દર્શાવેલ આચરણો અને કરણીઓ સામે પવિત્રતા અને નીતિના સધિયારા લઈ દૂષણ શોધાતાં હોય ત્યાં જાણવા ને સમજવાનું શું હોય? હરિ! હરિ! હડહડતો કળિયુગ! તારો બુદ્ધિભ્રમ!"

શંભુપ્રસાદ—"વડિલ કાકાશ્રી! આપ તથા હું 'બાબા વચનં પ્રમાણમ્' કરવાવાળા નથી, કેમકે ન્યાયનાં સૂત્રોનો આપણને અભ્યાસ છે. મારા કેટલાક જ્ઞાતિબંધુઓએ જે બીક આગળ ધરી છે તે સાચી પડવા સંભવ છે પણ તેને માટે જવાબદાર એ શ્રમણો નથી પણ આપણે પોતે અને આપણી સંતતિ છે. આપણો મુદ્રાલેખ જ્ઞાનની ઉપાસનાનો હતો. એમાંથી આજે આપણે કેટલી હદે ખસી ગયા છીએ એનો વિચાર કોઈએ કર્યો? બ્રહ્મચર્ય આપણા જીવનમાં કેવો ભાગ ભજવતું? અને એનું સ્થાન આજે કેવું છે ભલા? માત્ર આજીવિકા ચલાવવા અર્થે યજમાનવૃત્તિ કરવાપણું એને સ્થાને આજે આપણી લોભવૃત્તિનો પારો કેટલે ઊંચે ચઢ્યો છે? આકાંક્ષા અને તૃષ્ણાના પાશમાં પડી આપણે અજ્ઞાન અને વહેમની કેવી જાળો બિછાવી રહ્યા છીએ એને માટે કંઈ વિચાર આવે છે? મિષ્ટ ભોજનના અતિરેકથી આજે આપણું જીવન પ્રમાદની ગર્તામાં ગબડવા માંડ્યું છે. ઉપરછલ્લા ક્રિયાકાંડ બાદ કરીએ તો બાકી શું રહે છે? કેવળ એદીપણું!

જ્ઞાનની તેજસ્વિતા ક્યાં યે જણાય છે ખરી ? વાદવિવાદના હોંકારા સિવાય જડે છે કંઇ ? પતિવ્રત ધર્મના ગુણ ગાનારને– અરે બ્રહ્મચર્યવ્રત જેવા ઉમદા ગુણનું બહુમાન કરનારને–નિયોગના વિધાન ગળે ઊતરે ખરા ?

"અહિંસાને પરમધર્મ ગણવાની વાત કરનારના મુખમાં અમુક કારણે માંસ ખાવાની છૂટ સંભવે ખરી ? યજ્ઞોમાં થતો પશુવધ એનાથી ચલાવી લેવાય ખરો ? મત્સ્યભક્ષણ એનાથી થઇ શકે ખરું ? અને જ્યાં આત્મા પોતાની જ સારી માઠી કરણીના ફળનો ભોક્તા સ્પષ્ટ રીતે જણાતો હોય ત્યાં ગોદાન, શય્યાદાન જેવી પ્રવૃત્તિઓ આપણે ચલાવી રાખીએ છીએ તે શું વાસ્તવિક છે ?

"જેમને બુદ્ધિ છે અને જેમના નેત્રો પર કમળાની અસર નથી તેઓ સહજ જોઇ શકશે કે વેદની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર ખુદ આપણે પોતે છીએ. આપણી લાલસાની પૂર્તિ અર્થે આપણે જાતજાતની જાળો ધર્મના ઓઠા હેઠળ પાથરી છે. એથી જાતે જ આપણો નાશ નોતરી રહ્યા છીએ. જ્ઞાનના પિપાસુ એવા આપણે આજે વાડા બાંધવામાં મંડી પડ્યા છીએ. ધર્મ અને તત્ત્વ ભૂલી જઇ બાહ્ય આડંબરને વળગ્યા છીએ.

"બહિષ્કારનો ભય મને સત્યના માર્ગેથી ચલિત કરી શકવાનો નથી. ઉચિત લાગે તો મારી વાત પર વિચાર કરો. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાનો સંકલ્પ કરો અને જ્ઞાની પુરુષનાં બહુમાન કરો."

× × ×

## ૨. ગુરુ-શિષ્ય વાર્તાલાપ—

પ્રાતઃકાળનો મધુરો વાયુ પથિકના હૃદયને અનેરી તાજગી આપે છે, એમાં ગ્રીષ્મઋતુની સવાર છે એટલે એ વાયુની કિંમત સ્વાભાવિક જ અતિ વધી પડે છે. પ્રદેશ પણ પથ્થરવાળો-ઊંચી નીંચી ટેકરીઓ વચ્ચે થઇ નીકળતો છે. માર્ગ સામાન્યતઃ ભયજનક લેખાય જ, કેમ કે આ પ્રદેશની કેટલીક ગિરિકન્દરાઓમાં વાઘ-દીપડા જેવા હિંસક પ્રાણીઓ રહે છે એવી લોકવાયકા પણ છે. વાંકીચુંકી કેડીનો આ માર્ગ, એમાં વારંવાર આવતાં ચઢાવ અને થોડે દૂર સંભળાતી એકાદા જંગલી પશુની રાડ સાચે જ કાચાપોચા હૃદયને ક્ષોભ પ્રગટાવતી. એકાકી મુસાફર આ પંથે પળવાનું સાહસ કરતો જ નહિં. હજુ પૂર્વ દિશામાં માંડ સહસ્રરશ્મિ મહારાજની સ્વારી નીકળવાના ચિહ્ન નજરે પડતાં હતાં. આવા રમ્ય પ્રભાતમાં શ્વેત વસ્ત્રધારી પાંચ સંતોની એક ટુકડી, આ માર્ગેથી નીચી દૃષ્ટિ રાખી કૂચ કરી રહી હતી. પુખ્ત ઉમ્મરના, શરીરે કંઇક પુષ્ટ અને ભવ્ય મુખાકૃતિવાળા એક સંત સૌથી મોખરે ચાલતા હતા જ્યારે એમની પાછળ બીજા ચાર મુનિ બબ્બેના લાઇંનમાં રસ્તો કાપી રહ્યાં હતાં. આગળ ચાલતાં સંતના એ શિષ્યો હશે એવો સહજ ખ્યાલ આવતો હતો. એમના ચહેરા પરથી અનુમાની શકાતું કે આ ડુંગરિયાળા માર્ગે ચાલવાથી તેઓ કંઇક વધુ પ્રમાણમાં પરિશ્રમ પામ્યા હતા. તેઓ કોણ હતા? કયાં જઇ રહ્યા હતા? અને રૂદ્રપ્રસાદ-શંભુપ્રસાદ આદિના પ્રસંગ સાથે એમને શું સંબંધ છે? એ સર્વ તેમની વચ્ચે ચાલતા વાર્તાલાપ ઉપરથી સમજી લેવાય તેમ હોવાથી આપણે પણ તેમની પાછળ સત્વર પહોંચીએ.

શિષ્ય—" ગુરુદેવ ! આચાર્યશ્રી યશોભદ્રસૂરિ મહારાજ પ્રતિષ્ઠાનપુર તરફ સિધાવતાં આપ સાહેબને ખાસ સૂચના કરતાં ગયા હતા કે—

' સંભૂતિવિજય ! પાટલીપુત્ર તરફ વિહાર કરજો અને એ તરફ વિહરવામાં ડુંગરિયાળ પ્રદેશનો રસ્તો ન લેતાં બીજી બાજુનો ચકાવાવાળો માર્ગ ગ્રહણ કરજો. જો કે એ રસ્તો લાંબો છે છતાં વચમાં વસ્તીવાળા–જૈન ધર્મના ઉપાસકોથી ભરપૂર શહેરો આવતાં હોવાથી જેમ ગોચરી–પાણીની સુલભતા રહેશે તેમ ઉપદેશવારિથી ભાવિક હૃદયોને વિકસ્વર કરવાનો યોગ પણ સાંપડશે. તમારી વિદ્વત્તા, એ રીતે ખરચાય એટલા સારુ મારાથી છૂટા પડવાની આજ્ઞા આપું છું. '

" તો પછી આપ સરખા દક્ષ અને વિનયી સ્થવિર એ આજ્ઞાને ભૂલી જઈને મનાઈ કરેલા પંથે પળવાના વિચાર પર કેમ આવ્યા ? અમારી સરખા ઓછી બુદ્ધિના શિષ્યોને હજુ પણ આટલા દિવસના વિહાર પછી પણ એ કોયડાનો ઉકેલ હાથ લાગ્યો નથી. ડગલે ને પગલે જે અનુભવ મળતો રહ્યો છે એ ઉપરથી દાદાગુરુની સૂચના સાચી હતી એ તો પૂરવાર થયું છે પણ આપનો આશય તો અમને સમજાયો નથી."

ગુરુમહારાજ-" વત્સ ! તારી વાત પ્રથમ નજરે જો કે ઠીક લાગે તેવી છે. વળી મારું કાર્ય ગુરુદેવની શિક્ષાથી વિપરીત માર્ગે જતું ઉપરથી જોતાં જણાય તેવું છે, છતાં કેટલીક વાર સૂચના કે આજ્ઞાનું બાહ્ય સ્વરૂપ ન જોતાં એની પાછળનો ભાવ જોવો પડે છે અને મુદ્દાને કાયમ રાખી એની સિદ્ધિ માટે માર્ગોમાં ફેરફાર કરવો પડે છે. શંભુપ્રસાદમાંથી

સંભૂતિવિજય બન્યાને મને જો કે વર્ષો વીત્યાં છે છતાં મિથિલાના સમાજનું ચિત્ર હજી પણ મારા મનોપ્રદેશમાં તાજું છે. બહિષ્કારની ધમકીને અવગણી હું તો સૂરિજીના પ્રવચનમાં હાજરી આપતો જ રહ્યો હતો. નતિજો એ આવ્યો કે રૂદ્રપ્રસાદજીએ દ્વિજસમુદાયમાંથી મારો એકડો કાઢી નાંખ્યો અર્થાત્ જ્ઞાતિબહાર મૂક્યો. જો કે નજીકના સંબંધી તરીકે ઓળખાવી શકાય તેવું તો કોઇ હતું જ નહિં, પણ મારી પાસે જે કંઇ મિલ્કત હતી એના લોભમાં જે બે–ત્રણ દૂરના સગા મામામાસીની ઓળખાણ કાઢી મને ચોંટ્યા હતા તે પણ સરી પડ્યા. એક ભાણેજે તો મને માફી માંગી લેવાની સલાહ પણ આપી અને જિંદગીભર દુઃખી થઇ જશો એમ કહ્યું. વળી અતિ કરડો બહિષ્કાર થશે એવી પણ આગાહી કરી. બીજાની વાત તો દૂર રહી પણ મિત્રતાના સંપર્કથી બાલ્યકાળના સાથી તરીકે જોડાયેલ અને અહર્નિશ પ્રવચનમાં સાથે આવનાર સરયુપ્રસાદજી પણ ઢીલા પડ્યા. ચંડશર્મા અને ઉમાપતિ પાંડેના સ્વચ્છંદી પ્રચારથી જે ઝંઝાવાત પેદા થયો એથી એમની નિડરતા ઓગળી ગઇ. એક વાર ખાનગીમાં આવી તે મને કહેવા લાગ્યા કે—

‘ મિત્ર શંભુપ્રસાદ ! આ વેળા સમય વર્તી જવામાં લાભ છે. જો કે સૂરિજીની દેશના તો અદ્ભુત છે અને તમારો ગુન્હો તો કંઇ છે જ નહિ, છતાં પેલા જ્ઞાતિબાંધવોએ જે ઉકળાટ જન્માવ્યો છે એ એવો કપરો છે કે એ સામે અડગતા દાખવવા જતાં સાંધા ઢીલા થઇ જાય છે. તમારે તો ઠીક પણ મારા તો બાળબચ્ચા રખડી જાય. ઘરમાં રોજ હુતાશની પ્રગટે.

મેં પાકે પાયે સાંભળ્યું છે કે ત્રણ દિવસ પછી એટલે એકાદશીના બીજા દિવસથી જ્ઞાતિજમણ ગોઠવાવાના છે; અને વિધ વિધ મિષ્ટાન્નો ઉડવાના છે. એ માટે દશેક નામો પણ નોંધાઇ ચૂકયા છે. એક તરફ પકવાન્નની છોળ ઉછળતી હોય અને બીજી બાજુ આપણા છોકરાં મ્હોં વકાસી ઘરખૂણે ભરાઇ બેસી રહે એ ચિત્ર શું ઓછું બિહામણું છે? શા સારુ 'પેટ ચોળીને શૂળ ઊભું કરવું?' કયાં છુપી રીતે સાંભળવું હશે તો નથી સંભળાવાનું? મિથિલા નહિ તો રાજગૃહી. ત્યાં કોણ જોવા આવવાનું છે? અને સૂરિજી તો બે દિવસમાં વિહાર કરવાના છે તો પછી માથું નમાવવામાં વાંધો શું? ન્યાત તો ગંગા છે.'

"આવી, જૂના મિત્રની નમાલી વાતથી મને ગુસ્સો તો ચઢયો પણ એને દાબી રાખી મેં કહ્યું કે–

'સરયુપ્રસાદજી! મેં તમને આટલા પોચા નહોતા ધાર્યા. માથું નમાવવામાં ન્હાનપ નથી પણ જ્યાં અપરાધનું બુંદ સરખું પણ ન હોય ત્યાં એ શી રીતે કરાય? આ તો કેવળ ડરામણી અથવા તો સ્વચ્છંદી જોહુકમી છે. એ જાતની તાબેદારી હું પળવાર પણ નહીં સાંખવાનો. એમ કરવાથી તો મારો અભ્યાસ લાજે. બહિષ્કાર ભલેને ભીષણતા પકડે. મેં મારો માર્ગ ગોત્યો છે. મારે એ સમાજનું કંઇ જ પ્રયોજન નથી. સૂરિજીનો ઉપદેશ કેટલો સાચો છે એ ડગલે ને પગલે દૃષ્ટિગોચર થાય છે, પણ મને તો હવે તેમનો કાયમી સંગ કરવાનો અભિલાષા છે. જીવનસફળતાની ચાવી આ ભૂદેવોની જમાતમાં વસવામાં નથી પણ એ શ્રમણોની સોબતમાં છે. એકહથ્થુ કારભાર ચાલતો હોય અને શિથિલોના હાથે કોરડો

વીંઝાતો હોય ત્યાં ન્યાય–નીતિ ન હોય એમાં આશ્ચર્ય પણ શું ? જિંદગીના પાછલા વર્ષોમાં આત્મશ્રેય સાધવાનો હાથ આવેલ અવસર ચૂકું તો મારા જેવો મૂર્ખ કોઈ ન ગણાય, માટે જ્ઞાતિબંધુઓના બહિષ્કાર સામે મારા તેમને છેલ્લા રામરામ છે. '

" શિષ્ય નંદન ! ગાઢ મૈત્રીથી જોડાયેલા અમે છૂટા પડ્યા ત્યારપછી મારી સામે જ્ઞાતિએ બહિષ્કાર જાહેર કરેલ હોવાથી તેમજ એને કડક બનાવી મને કોઇપણ રીતે તેમના પગે પડતો કરવાની બાજીઓ દિનપરદિન ઉગ્ર સ્વરૂપ ધરવા લાગી. એ માટે દ્વિજ સિવાયની બીજી જ્ઞાતિઓ ઉપર પણ ફરમાન છૂટ્યા. કેટલાક સાથે કળથી, થોડા સાથે બળથી અને ઘણા ભોળા સમુદાય સાથે છળથી કામ લેવામાં આવ્યું. વેદધર્મ રસાતળ જવા બેઠો છે એવો પોકાર પડી રહ્યો. પરિણામ એ આવ્યું કે મારા પોતાના જ વતનમાં અને પોતાના જ ઘરમાં હું અટુલો પડી ગયો. લગભગ મારી સાથેનો સહકાર કપાઈ ગયો. જોકે મારું જીવન અટકી તો ન પડયું પણ એ એટલી હદે નિરસ બની ગયું કે મને પોતાને એનો સખત કંટાળો આવ્યો. તું પોતે મિથિલાનો વતની હોવાથી આ વાતથી તદ્દન અનભિજ્ઞ તો નહીં જ હોય."

નંદન–" હા મહારાજ ! એમાંનું ઘણુંખરું હું જાણું છું. એ વેળા ઇરાદાપૂર્વક પ્રચાર કરવામાં આવતો હતો અને તેઓ ધારતા હતા કે આ જાતના કડક અસહકારથી આપ થાકવા માંડ્યા છો. હવે ગણત્રીના દિવસોમાં આપ માથું નીચું કરીને આવશો. "

" શિષ્ય નંદન ! એ પ્રચારની ગંધ મારા કાને પણ આવી

હતી. પણ આ વર્તાવની અસર મારા પર તો જુદી જ થઇ. એ વેળા કાચાપોચાની કેવી દશા થાય એનું ભાન મને થયું. વર્ણોમાં ગુરુપદ ભોગવતા વર્ગ માટે આ કાર્ય શરમભરેલું લાગ્યું. એ વેળા આચાર્યશ્રી યશોભદ્રસૂરિજીના શબ્દો મને યાદ આવ્યા. મન પોકારી ઊઠયું કે આજે ભલે ભૂદેવોને પોતાનો વિજય જણાતો હોય પણ આ પ્રકારનું વર્તન જરૂર અધઃપાતને નોતરનારું નિવડશે. મને લાભ એ થયો કે મારું મન જ્ઞાતિભાઇઓના આકરા બંધનથી સૂરિજીના સમાગમ તરફ વધુ ઢળ્યું. આચાર્યશ્રીને મળ્યો અને વિહારમાં જ મને પોતાનો શિષ્ય બનાવવાની મેં પ્રાર્થના કરી.

" એ સમયના તેઓશ્રીના શબ્દો હજી પણ મારા કાનમાં ગુંજી રહ્યા છે. તેમણે કહ્યું કે—

' શંભુપ્રસાદ ! તમે વિદ્વાન છો, છતાં અત્યારે આવેશને વશ છો. તમારો વૈરાગ્ય પ્રશંસનીય છે છતાં એની સાચી શોભા જો એ જ્ઞાનપૂર્વક હોય તો જ છે. મોહગર્ભિત અને દુઃખગર્ભિત વૈરાગ્યનાં મૂલ્ય ઝાઝા નથી લેખાતાં. આપ જેવા પંડિત માટે એ હોય જ નહીં, માટે જે પગલું ભરો તે બરાબર વિચાર કરીને ભરજો. આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કર્યા પછી તેની બદલી કરી શકાતી નથી એટલે પૂર્ણ ચોકસાઇ કરીને જ પગલું ભરવું. ભર્યા પછી એમાંથી મરણાંત કષ્ટે પણ પાછી પાની ન કરવી. '

" પૂજ્ય ગુરુમહારાજની સલાહ સાચી હતી પણ મારો નિશ્ચય ન તો કોઇ દબાણને કે ન તો કોઇ દુઃખને આભારી હતો. મારો અભ્યાસ એટલો તો હતો કે હું કોઇની શેહમાં

ભાગ્યે જ તણાઉં. પણ અંતરનો પોકાર પડ્યો એટલે જ હું તૈયાર થયો હતો. લાભાલાભના આંકડા પણ મૂકી જોયા પછી પુનઃ એ નિરધાર આચાર્યશ્રીને જણાવ્યો હતો.

"આમ છતાં આચાર્યશ્રીએ લગભગ ચાર માસ મને સાથે રાખ્યો. વિધિવિધાનનો પ્રત્યક્ષ ખ્યાલ આપ્યો. પછી મને પૂરો જિજ્ઞાસુ નિરખ્યો ત્યારે જ સંઘના વિશાલ સમુદાયની હાજરીમાં મને ભાગવતી દીક્ષા આપી. શંભુપ્રસાદમાંથી હું મુનિ સંભૂતિવિજય બન્યો.

"નંદન ! તું જ્યારે પ્રવજ્યા લેવા આવ્યો ત્યારે તો સાધુજીવનનું મારું ત્રીજું વર્ષ ચાલતું હતું. મેં મુનિપણું લીધું તે દિવસથી જ મને શહેરમાં વસતા માનવીઓના આડંબરી જીવનની અને એમના વચ્ચે ચાલતા પ્રપંચો તથા ખોટા પ્રચારની ઘૃણા હતી. વિહાર દરમિયાન ગ્રામ્યજીવનના જે પ્રસંગોમાં હું આવ્યો એનાથી મારા મંતવ્યને પુષ્ટિ મળી છે. મને ગામડાવાસીઓમાં વહેમીપણું ને અભણદશા જોવા મળી પણ સાથેસાથ માયા-કપટનો અભાવ અને સરલતા પણ દેખાણી. એવા જીવોને સમજાવીને માર્ગ પર આણવામાં મહેનત તો ખરી પણ એક વાર આવ્યા કે પછી ખસી જવાનો ભય નહીં. ત્યારથી જ મારું વલણ ગ્રામ્ય વિહાર પ્રતિ વધુ રહ્યું છે.

"નાનકડા ગામની ભાગોળથી વહેતી પેલી સરિતામાં જાળ નાંખતો મચ્છીમાર કોને યાદ ન રહે ? જ્યારે પાપનું સ્વરૂપ મેં તેને સમજાવ્યું ત્યારે એ કેવો ગળગળો થઈ ગયો ? પણ કુટુંબના પોષણ માટે એની એ વયમાં બીજો ધંધો શીખે

ક્યારે અને કરે ક્યારે ? પાપના ધંધાથી હાથ ધોઇ નાંખવાની વાત એને ગળે ઊતરી ગઇ છે. કદાચ અન્ય સાધન મળતાં એ છોડી પણ દેવાનો. બાકી પહેલી જાળ નાંખતાં જે માછલાં આવે એ જરૂર છોડી દેવાનો. એ સ્થળેથી પચાસ ફર્લાંગ દૂર જઇ ફરીથી જાળ નાંખવાનો, નિયમ નજીવો પણ એનું પાલન પાકે પાયે કરવાનો. નિયમ એટલે જ ધર્મ. ત્યાં અતિ-ચાર લગાડી ન જ શકાય. એનું એ ધ્રુવબિંદુ રહેવાનું. વાત નાની છતાં રહસ્યમય છે.

"પછી એ માર્ગે મળેલી આભીરણનું અંતર કેવું નિર્મળ ? આપણી વચ્ચે ચાલી રહેલા સુદર્શન શેઠના પવિત્ર જીવનના વૃત્તાન્તથી તેના અંતરમાં કેવી વ્યથા ઉભરાઇ ? પોતાની જિંદગીના દુરાચારો એણે જાતે વર્ણવી બતાવ્યા. એમાંથી છૂટવાનો ઉપાય પૂછતાં એના ચહેરા પરનું દુઃખ માનસશાસ્ત્રનો અભ્યાસી જ વાંચી શકે. એ સાચા અંતરનો પશ્ચાત્તાપ હતો કે કેવલ દેખાવ હતો એ ચકાસવા મેં જ્યારે પોતાના એ અનાચારની વાતો તેણીના ગામના ચોરે ઊભા રહીને કહી બતાવવાની વાત મૂકી ત્યારે તેણીએ જરા પણ ક્ષોભ ન અનુભવ્યો. એ પાછળ શ્રદ્ધાની પકવતા અને અંતરની સચ્ચાઈ ન હોય તો આવું કામ બને જ નહીં. આપણા નેત્રોએ પણ શું જોયું ? આભીરણનું વૃત્તાન્ત ચાલતું હતું ત્યારે ગામ ચોરાની આસપાસ એકઠી મળેલી મંડળીમાં શરૂઆતમાં કેવી સ્થિતિ વર્તી રહી હતી ? કોઇ હસતા તો કોઈ વળી ડચકારા બોલાવતા. થોડા શરમના પોકાર પાડતાં. ઘણાની નજરમાં ઊઘાડો તિરસ્કાર ભર્યો હતો. એકાદ બેના હાથ તો વારંવાર

ધારીઓ પર જતાં. આવી વિષમ પળમાં આપણી હાજરી સૌ કોઈને શરમાવતી. એટલે જ પરિણામ સુંદર આવ્યું.

મેં એને કહ્યું કે–'બહેન! કરમે ભલભલા ચક્રવર્તી કે વાસુદેવોને, અરે ખૂદ સંયમધરોને નથી છોડ્યા ત્યાં તારી તે શી વાત કરવી?' એક મહીયારીની 'કોને જોઉં અને કોને રોઉં' વાળી વાત લક્ષ્યમાં રાખવા જેવી છે. ભગવાન શ્રી મહાવીરદેવનો માર્ગ પાપાત્માઓને અને દુરાત્માઓને પણ જો સાચા હૃદયથી પશ્ચાત્તાપ કરે તો તારી દે છે.

"મારા એ વચનો સાંભળતાં જ ગામવાસી નરનારીઓના ચહેરા કેવા પલટાઈ ગયા? એકદમ ગંભીરતા પથરાઈ અને એ કથાનક સંભળાવવા વિનંતિ થઈ."

× × ×

### ૩. મુખ્ય કારણ પ્રાયશ્ચિત્ત કરવાનું—

"શિષ્ય નંદન! એ મહિયારીના કથાનકમાં કર્મરાજે જે નાટક ભજવેલું તેની વાત સિવાય બીજું શું હતું? છતાં એની ગૂંથણી જે સુંદર રીતે કરાયેલી એ સાંભળીને ગ્રામવાસી જનોના અંતર કેવા વલોવાઇ ગયાં? મારા આગ્રહ સિવાય એક પછી એક પોતાના જીવનને ધર્મમય બનાવવા જાતજાતના નિયમ લેવા લાગ્યા એ તો તેં નજરે જોયું

"કોઈ હૂક્કો ન પીવો એવો નિયમ ગ્રહણ કરે તો બીજો વળી ખેતરમાં દવ ન મૂકવાની બાધા લે. ત્રીજો વળી અળગણ પાણી ન વાપરવાની વાત સ્વીકારે અને ચોથો વાસી ધાન્ય ન વાપરવાના પચ્ચખ્ખાણ ધારે. આ બધા કંઇ મહત્ત્વના વ્રત

ન લેખાય, છતાં એ પાછળનો ભાવ કેવો અંતરને સ્પર્શી આગળ વધતો હતો એ જોવાની જરૂર છે. પુનઃ એક વાર કહું છું કે બાધા–આખડીની લંબાઇ, પહોળાઇ માપવા કરતાં એની કુમાશ કેવી છે એ જોવાની ખાસ અગત્ય છે. જૈનધર્મમાં પ્રધાનતા નથી તો સાધનોની વિપુળતાને વરતી કે નથી તો એના કિંમતીપણાને અવલંબતી. એ કેવળ ભાવને જ વરેલી છે અને તેથી જ સંભળાય છે કે પ્રભુ શ્રી મહાવીરને પારણું કરાવનાર અભિનવ શેઠને આંગણે સોનામહોરોની વર્ષા થઇ જ્યારે એ અંગેની ભાવના પર આરૂઢ થનાર જીરણશેઠ તો એટલા આગળ વધી ગયા કે દેવોની દુંદુભિએ બ્રેક ન મૂકી હોત તો મુક્તિસુંદરીના પ્રાસાદમાં પ્રવેશી ચૂકયા હોત. કદાચ ઉપલક નજરે જોનારને–માત્ર ધનની સંખ્યાએ ગજ ભરનારને-સોનૈયાવાળો શેઠ નશીબદાર લાગે પણ ખૂદ જ્ઞાની ભગવંતે તો જીરણશ્રેષ્ઠીની જ પ્રશંસા કરી છે. એ પુન્યશાળીની ભાવના પુસ્તકે ચઢી છે. આ ગામડાના માનવીઓના જીવનમાં પણ એ ચીજને જ કસોટી પર ચઢાવવાની છે. ધર્મ પાલનના ચાર પ્રકારમાં 'ભાવ'નું સ્થાન છેલ્લું યાને ચોથું છે તે સહેતુક છે. દાન, શિયળ, તપ એ ત્રણ માર્ગે જવાથી ધર્મકરણી જરૂર થાય છે છતાંએ પ્રત્યેકના સાચા મૂલ્યાંકન કરાવવા હોય તો એમાં ચોથા ભાવની અવશ્ય જરૂર રહે છે.

"આ પંથે પળવામાં એક કારણ સંભળાવ્યું, હવે જે બીજું કારણ બતાવું છું તે પણ વિચારવા જેવું છે. શહેરોમાં ગોચરીપાણી સારી મળે અને સાધુજીવનના નિયમ સાચવવાની સગવડ વધુ રહે એ કેટલાક અંશે સાચું છે, છતાં મુનિપણું એ સગવડના થાંભલે બંધાયેલું એકાદું પરાધીન પ્રાણી તો

નથી ને ? તીર્થંકર મહાવીર દેવ ચાલી–ચલાવીને વધુ ઉપસર્ગ સહેવા સારુ–પરિષહોની હેલી હેઠલ દબાવા સારુ–કર્મપુંજ બાળી નાંખવાના માત્ર એક જ હેતુને આશ્રયી અનાર્યભૂમિમાં પગલા પાડે; તો શું એમના સંતાનો ઠેર ઠેર સગવડ જોયા કરે ? એટલી હદે કુમળાશ ધારણ કરી લ્યે કે ગોચરીપાણીની સુલભતા વાતવાતમાં એમના કંઠે બાઝે ? માર્ગે આવતી અગવડતા વેઠવા જેટલાં હૃદય કઠીણ ન કરે ?

"ગુરુદેવે એમ પણ માની લીધું હોય કે પ્રૌઢ વયના કિનારે પહોંચેલ મારા જેવો શિષ્ય જન્મે બ્રાહ્મણ હોવાથી–સારા અન્નપાનથી, અરે ! મોટાભાગે મિષ્ટાન્નથી પોષાયેલ હોવાથી કપરા વિહારમાં જે કંઈ નિરસ આહાર ગ્રામ્યવાસી-ઘેર મળતો હોય તેનાથી નહીં ચલાવી શકે; તેથી એમણે ઇરાદાપૂર્વક શહેરોવાળો માર્ગ બતાવ્યો હોય. જો કે આ મારું અનુમાનમાત્ર છે પણ એ કારણ જોઇને કરાયેલ છે. ખાસ કરીને દ્વિજસમુદાયનો મોટો ભાગ મિષ્ટાન્નપ્રિય હોય છે. એનો જીવનક્રમ એવી રીતે કેટલીક ધર્મકરણીઓને લપેટી લઇ ગોઠવાયેલો છે કે યજમાનોદ્વારા અવારનવાર જમણના નોતરા મળતાં જ રહે અથવા તો ભિક્ષાદ્વારા યજમાનને ઘેરથી જે વસ્તુઓ પ્રાપ્ત થાય એમાંથી સુખે કરીને સુંદર વાનીઓ બનાવી શકાય. આ જાતના અન્નપાનથી એ વર્ગમાં જિહ્વા-ઇંદ્રિયની લોલુપતા સવિશેષ દૃષ્ટિગોચર થાય છે. મોટા ભાગથી જમણનો મોહ છોડી શકાતો નથી. નતિજો એ આવ્યો છે કે એ વર્ગદ્વારા પ્રચાર પામતા વિધાનમાં તપનું સ્થાન ગૌણ બની ગયું અને માત્ર એકાદશી જેવા દિવસ આશ્રયી રહ્યું તે પણ હાસ્યજનક !

" ફરાળના ઓઠા હેઠલ દ્વાદશી કરતાં એકાદશીનું જમણ ચઢી જાય. રોજના ખોરાક કરતાં વધારે માલપાણી ઉડાવી ઉપવાસ કર્યાનો દાવો કરાય. આ રસનાના સ્વાદની લોલુપતાએ મૂળનું બ્રાહ્મણસ્વરૂપ ભુલાવ્યું, મિષ્ટ પદાર્થોના કેફથી જ્ઞાનધ્યાન ભૂલાયા, બ્રહ્મચર્ય ઝોલા ખાવા લાગ્યું અને પ્રમાદનો અતિરેક થયો. પરિણામે તૃષ્ણા વધી પડી, મિષ્ટાન્નપ્રિયતા ઘર કરી બેઠી અને જ્ઞાનદાતાના પદમાંથી જે પતનનો આરંભ થયો તે રસોઇયા થવામાં આવીને અટક્યો !

" શિષ્ય નંદન, આવું બધાનું બન્યું છે એમ કહેવાનો મારો આશય નથી. કેટલાક અભ્યાસીઓએ વિદ્યાની ઉપાસનામાં રસ–લોલુપતાનો ચંચુપ્રવેશ ન જ થવા દીધો. એમાંનાં કેટલાક આજે પણ વ્રત–નિયમના સાચા મુદ્દાને વળગી રહ્યા છે.

" આ પંથનો વિહાર કરીને મારા જીવનમાં એ જાતની લોલુપતા નથી રહી એ પુરવાર કરવું હતું. શ્રમણોની માફક બ્રાહ્મણો પણ વ્રતોપાસના કરી શકે છે, ઉપસર્ગોની હારમાળા વચ્ચેથી હસતા મુખડે માર્ગ કાઢી શકે છે એ દર્શાવી આપી જગત સામે દૃષ્ટાન્ત રજૂ કરવું હતું કે શ્રમણસંસ્કૃતિ ને બ્રાહ્મણસંસ્કૃતિના મૂળમાં જળસિંચન તો એક જ માર્ગે થયું છે. ફક્ત બીજા કારણોને આશ્રયી એની ખીલવણીમાં ફેર પડ્યો છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે—

**अक्खाण रसणी, कम्माण मोहणी, तह वयाण बंभचर्यम् ।**
**गुत्तीण य मणगुत्ती, चउरो दुक्खेण जीप्यते ॥ १ ॥**

અર્થાત્ ઇંદ્રિયોમાં ' રસના, ' કર્મોમાં ' મોહની ', વ્રતમાં ' બ્રહ્મચર્ય ' અને ગુપ્તિમાં ' મનગુપ્તિ ' જીતવી અતિ મુશ્કેલ છે, કિંવા દુઃખે કરી જીતાય છે તે સોએ સો ટકા સાચું છે. આત્માના દૃઢ નિશ્ચય વિના એમાંનું કંઇ જ બની શકતું નથી.

अशक्तिमान भवेत् साधुः, कुरूपा नारी पतिव्रता।

" એ જનઉક્તિ એક રીતે વિચારીએ તો ખરી જણાશે. ઘરમાં હાંલ્લા કુસ્તી કરતાં હોય ત્યાં બાવા બનવામાં વિલંબ નથી થતો અને જ્યાં ચહેરો જ કદ્રુપો હોય ત્યાં પતિવ્રતાપણાનો દાવો કરવો મુશ્કેલ પણ નથી કેમકે આકર્ષણનો અભાવ એટલે શિયલભંગનો પ્રસંગ જ ન લાધે, એથી ઊલટું જ્યાં સંપૂર્ણ સામગ્રી મળી હોય, બત્રીશ વાનીઓના ભોજન નિત્ય મળતા હોય અને દેવતાઇ સુખો વચ્ચે વસવાનું હોય– એ બધું છોડીને આકરો એવો પંથ સ્વીકારનાર આત્મા સાચે જ પેલી કહેવતને ખોટી પાડે છે. સ્વર્ગની અપ્સરાને પણ લજ્જાવે તેવું સૌન્દર્ય હોય, રસ્તે ચાલનારની પણ દૃષ્ટિ સહજ ખેંચાય તેવું રૂપ હોય, એવી રમણીને, પરપુરુષનો સામનો કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય, એ વેળા પતિવ્રત પર અડગ રહી શકે ત્યારે અગાઉ કહેલી ઉક્તિ ખોટી પડે છે અર્થાત્ સાધનના અભાવે સો કોઇ વ્રતનિયમ પાળી શકે પણ એના સદ્ભાવે પાળનાર વિરલા હોય છે. જૈન ધર્મમાં એવાં સંખ્યાબંધ ઉદાહરણો છે. જેમ શાલિભદ્ર અને ધન્ય શ્રેષ્ઠીને ભૂલાય તેમ નથી તેમ લલનાવૃંદમાં રત્ન સમ શોભતી ધારણી અને કળાવતીને પણ ભૂલાય તેમ નથી. આવી પવિત્ર સંસ્કૃતિના વારસદાર એવા આપણે શ્રમણોએ વધુ ન કરી શકીએ

તો કંઈ નહીં પણ ગ્રામ્યવિસ્તારમાં વિચરી એના કપરા જીવનની વાનકી તો ચાખવી જ જોઇએ. સ્વજીવનને એટલા પ્રમાણમાં કસવું જ જોઇએ. જડ એવો આ દેહ અને એમાં વસનાર ચેતનવંતો હંસલો એ બંને ભિન્ન છે તેનો પ્રત્યક્ષ અનુભવ કરવો જોઇએ. આવા પહાડી માર્ગો, આછી વસ્તીવાળા અને અજ્ઞાનતા તથા વહેમથી ભારોભાર ભરેલા ગામો, એ અનુભવ પ્રાપ્ત કરવાની પાઠશાળા જેવાં છે. એવા સ્થાનોમાં જેમ કુદરતનો સાચો ખ્યાલ આવે છે તેમ પશુ-પ્રાણીદ્વારા કે જંગલી માનવીદ્વારા ઉપસર્ગો થવાના પ્રસંગ પણ સંભવે છે. ક્ષુધા-તૃષા આદિ બાવીશ પરિષહોમાંના કેટલાક સહેવાના કારણો ઉદ્ભવે છે. એ વેળાએ જ આત્મા કેટલી હદે પોતાને પિછાની શકયો છે અથવા તો સ્વપરના ભેદને તારવી શકયો છે એની પરીક્ષા થાય છે. 'હું અને મારું' ભાવ ઓગળી જઈ અંતરમાં '**एगोऽहं नत्थि मे कोई**' એ ઉમદા સૂત્રની અસર કેટલા જોરથી ઊઠી રહી છે એનું સાચું પ્રદર્શન થાય છે."

નંદન મુનિ-"ગુરુજી! જયારે આપે હૃદય ખોલ્યું ત્યારે કેવળ મારી શંકાનું નિરસન થયું એટલું જ નહિં પણ ઘણું નવું જાણવાનું મળ્યું. હું અત્યાર સુધી મોટા શહેરોમાં શ્રમણોના ઉપદેશથી જે ધર્મ અંગેના વિધાનોમાં પાણીની માફક ધન ખરચાય છે એમાં જ શાસનનો ઉદ્યોત માની રહ્યો હતો પણ આપસાહેબની વાત પરથી મારી ચક્ષુ સામેના પડળ ખસી જતાં હવે મને સમજાય છે કે એ ઉદ્યોત કરતાં પણ ચઢી જાય એવા પ્રસંગો આ છીછરા જણાતા ગામોમાં લાધે છે અને એનું સાચું માપ કાઢવાનું સાધન ઉપરછલ્લા ભભકામાં નથી પણ સ્વઅંતરની પારાશીશીમાં છે."

"શિષ્ય નંદન! આંખ સામે એ વાત સદા રમતી રાખવાની છે કે–પરોપકાર જરૂર કરવાનો છે, છતાં સ્વને ભૂલીને નહીં જ. '**तिन्नाणं तारयाणं**' એ સૂત્રનો અર્થ એ છે કે– 'પોતે તરેલા છે તે અન્યને તારે છે, જે તરેલા નથી તે બીજાને કેવી રીતે તારવાના છે?' બાહ્યાડંબરોમાં જે પોતાના શ્રેયને વિસરી જાય એ જરૂર ડૂબે અને પાછળનાને પણ ડુબાડે. એટલે જ પ્રત્યેક કરણી પાછળ આત્માની પ્રગતિના લાભ–ટોટાનો હિસાબ મૂકવો જરૂરી છે. જો આ ધોરણના માપે માપીશ તો મારું બીજું કારણ વ્યાજબી જણાશે. હવે ત્રીજું યાને છેલ્લું કારણ પણ દર્શાવી દઉં કે જેથી તમારા મનનું સમાધાન થાય અને હું આચાર્ય શ્રી યશોભદ્રજીની આજ્ઞા વિસરો નથી ગયો પણ એ પાછળના ભાવને વળગી રહ્યો છું એની પૂરી પ્રતીતિ થઇ જાય.

"દ્વિજ પંડિતોમાં અગ્રણી હોવાથી મેં સંસારી જીવનમાં યજ્ઞ–યાગાદિ કરવામાં કચાશ રાખી નથી. જે વાતને ધર્મ માનતો અને જેની પાછળ વેદઆજ્ઞાનો સધિયારો સમજતો એવા યજ્ઞોમાં નજર સામે જીવતાં પશુઓના જીવનની આહૂતિ અપાવા દીધી છે. એ બધાં પાપોમાંથી આત્મા કયારે છૂટકારો મેળવશે એ તો જ્ઞાની મહાત્મા જ જાણી શકે, પણ એ બધામાં મને એક પ્રસંગ વધુ ડંખ્યા કરે છે.

"મિથિલાની સમિપમાં આવેલા નાના ગામડામાં વસનાર એક વિપ્ર પોતાના વૈશ્યમિત્ર સહ ભાગમાં વાણિજ્ય ખેડી સારું ધન કમાયો અને અશ્વમેધ કરવાનો મનસૂબો કર્યો. વેદપારંગતોની સલાહ લઇ મુહૂર્ત નક્કી કર્યું અને દ્વિજોને

પોતાને આંગણે પધારવાના આમંત્રણો પણ પાઠવ્યા. સમારંભના ચોઘડિયા વાગી રહ્યા છતાં બન્યું એમ કે લક્ષણવંતો અશ્વ જે યજ્ઞનું અગત્યનું અંગ લેખાય તેની પ્રાપ્તિ ન થઈ. એ મહાશયે પૈસા ખરચવામાં કચાશ નહોતી રાખી પણ જાતિવંત અશ્વો કયાં તો રાજદરબારમાં હોય કિંવા કોઇ લક્ષ્મીવંતને ત્યાં હોય. તેઓ પૈસાના લોભથી ભાગ્યે જ લલચાય. જ્યારે સામાન્ય માણસ પાસે એવા ઘોડા જવલ્લે જ સંભવે. તપાસ કરતાં પાટલીપુત્ર નજીકના ગામમાં એક પશુપાલકને ત્યાં એક જાતિવંત તુખાર છે એવી ખબર મળી. ત્યાં માણસો દોડાવ્યા પણ એ માણસ કે જેનું નામ સદ્દાલ હતું તેણે કોઇપણ હિસાબે પોતાના વહાલા અશ્વને વેચવાની ઘસીને ના પાડી. ગમે તેમ કરી એ અશ્વ લવાય તો જ મુહૂર્ત સચવાય, નહીં તો છેલ્લી ઘડીએ બધું કરેલું ધૂળ થઇ જાય એવી સ્થિતિ ઊભી થઇ. પૂર્વે એ ગામમાં હું શય્યા પૂરાવવા ગયેલો તે વેળા સદ્દાલના સામાન્ય પરિચયમાં આવેલો એટલે ભૂદેવોની નજર મારા પ્રતિ વળી. કોઇપણ રીતે એને સમજાવી અશ્વ લઈ આવવાનું કાર્ય મને સોંપાયું. હું સદ્દાલની પાસે પહોંચ્યો. પ્રથમ તો જોઇએ તેટલી રકમ લઇ ઘોડો વેચવા કહ્યું પણ એ સરલ પ્રકૃતિના આદમીએ ચોખ્ખું કહ્યું કે—

"મહારાજ! (બ્રાહ્મણને વૈશ્યો મહારાજ તરીકે જ સંબોધે છે) મારા પુત્રથી પણ વધુ પ્રિય એવા એ અશ્વને હું ધનના લોભે વેચવા નથી ઇચ્છતો. જ્યારથી મેં ગિરિગુફાઓમાં પડકાર કરી દીપડા અને સિંહ જેવા જંગલી પ્રાણીઓને વશ કરવાનું આરંભ્યું ત્યારનો એ મારો નિમકહલાલ સાથી છે. એની પીઠે ચઢી હું કેટલીએ વાર મરણસંકટમાંથી બચી ગયો

છું. ભલે આજે તે ઘરડો થવા આવ્યો હોય છતાં એ મને ભારે પડનાર નથી. એ મારા દુઃખનો સાથી હતો એટલે મારા સુખકાળમાં પણ ભલે સાથીદાર રહે."

"શિષ્ય નંદન! મેં જોઇ લીધું કે ધનની લાલચ નકામી છે અને બળ તો આની સામે ચાલી શકે તેવું હતું જ નહીં; તેથી મેં છળનો આશ્રય લેવાનો વિચાર કર્યો અને એ માટે ધર્મને આગળ ધર્યો.

"સદ્દાલ તું મહારાજ લેખે છે તો સમજી લે કે હું ચાલી ચલાવીને આવ્યો એમાં જરૂર કંઇક મહાન્ કારણ હશે.

"આ યજ્ઞમાં આહુતિ અપાનાર અશ્વ મરીને સ્વર્ગલોકમાં જાય છે. એના પ્રત્યેક અંગ છેદી વેદમંત્રોના ઉચ્ચાર કરાયા પછી જ વેદિકામાં વિરાજમાન અગ્નિદેવને સમર્પાય છે. આવું ભાગ્ય દરેક ઘોડાનું ન જ હોઇ શકે. મેં ભલામણ કરેલી એટલે તો પેલા યજમાને માણસો મોકલ્યા. તારો પ્રિય અશ્વ મોડો વહેલો મરવાનો તો છે જ. આવો મોંઘેરો પ્રસંગ તો કોઇ ભાગ્યવાન્‌ને જ સાંપડે. મોટા સમારંભપૂર્વક વેદમંત્રોના ઘોષારવ વચ્ચે સ્વર્ગે સંચરવાનું પુન્ય જેવું તેવું ન લેખાય. તું એનો માલિક એટલે તને પણ એમાંથી ભાગ મળે, માટે માની જઇ ખુશીથી અશ્વની ભેટ કર."

સદ્દાલ: "મહારાજ! તમો જ્ઞાની છો. મારા જેવો ગામડિયો ધરમની ઊંડી વાતો ન સમજે. તમે કહો છો તેમ કરવાથી ધર્મ થતો હોય તો ભલે લઇ જાઓ. એ સુખ પામે એમાં હું રાજી છું. મારે એના નિમિત્તે એક દોકડો પણ ન ખપે."

"આ રીતે ધર્મના છળથી મેં અશ્વ મેળવ્યો. અશ્વમેધ કર્યો. આજે મને મારું એ કામ ખરી રીતે કહીએ તો ભોળા આદમીને ભરમાવવાનું મહાપાપ હોવાથી બહુ સાલે છે. પ્રભુના પૂર્વ જીવનની–મરિચીના ભવની–વાત યાદ આવે છે અને કપિલને માત્ર સંદિગ્ધ વાકય કહેવાથી સંસારભ્રમણ કેટલું વધી પડ્યું એ હકીકત યાદ કરું છું ત્યારે મારા કાર્યનું કેવું કડવું ફળ બેસશે એનો વિચાર કરતાં મને કમકમા છૂટે છે. આ માર્ગે એ સદ્દાલનું ગામ આવે છે. વર્ષો પૂર્વેના બનાવ પછી એ જીવતો છે કે મરી ગયો એની મેં ભાળ સરખી પણ નથી કાઢી; છતાં અંતરના નાદે ખેંચાયો છું. કદાચ એ મળી જાય તો હું મારી ભૂલ સુધારવા માંગું છું."

× × ×

## ૪. કેશરીસિંહનો મેળાપ—

ઋજુમતિ—તીશભદ્ર ! હમણાં જે ગર્જના સંભળાણી તે સિંહગર્જના જેવી જણાય છે. તમે આ તરફના વતની છો એટલે એ સંબંધી અનુભવી લેખાઓ, તમારું શું ધારવું છે ?

પાછલી હારમાં ચાલતાં શિષ્યોમાંના એકે બીજાને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો.

તીશભદ્રે તરત જ ઉત્તર આપ્યો કે–વડિલ ગુરુભાઈ ! આપનું અનુમાન તદ્દન સાચું છે. જુઓને ગર્જનાનો અવાજ પુન: થઈ રહ્યો છે. આ પહાડી પ્રદેશમાં સિંહ–વાઘ આદિની વસ્તી હોય છે એ વાત સુપ્રસિદ્ધ છે. અને તેથી તો આ માર્ગ ભયંકર ને જોખમકારક લેખાય છે. ગુરુદેવ સાથે ભાઈ નંદનને

જે વાર્તાલાપ થઇ રહ્યો છે એમાં પણ એ વાતનો નિર્દેશ સૌ–પ્રથમ થઇ ચૂકયો છે.

ઋજુમતિ—ગર્જનાના નાદ પુનઃ પુનઃ થતાં હોવાથી નજદિકમાં જ એ વિકરાળ પ્રાણીઓનો વસવાટ હોવો જોઇએ. આપણે કાળજીપૂર્વક ડગલાં ભરવા જોઇએ.

તીશભદ્રની નજર સામેની ગીચ ઝાડી તરફ હતી અને ત્યાં કંઇક હલચલ જોતાં જ તેનાથી બૂમ પડાઇ ગઇ. ગુરુદેવ ! થોભો–થોભો, જરૂર એ ઝાડીમાં સિંહની વસ્તી છે. એ આ તરફ ડગલાં માંડતો જણાય છે. બાજુ પર રહેલી સરિતા પ્રતિ એ પાણી પીવા જઇ રહ્યો હોય !

તીશભદ્ર મુનિની ભીતિજનક વાણીએ નંદન સાધુને ક્ષુબ્ધ બનાવ્યા. તેમના ચહેરા પર ભયની કાલિમા પથરાઇ ગઇ. ગુરુદેવના મુખારવિંદ પ્રતિ તે મીંટ માંડી રહ્યા.

સંભૂતિવિજય મહારાજ ઊભા રહ્યા. જે દિશા તરફ શિષ્ય તીશભદ્રની આંખો ખેંચાઇ હતી તે તરફ ઘડીભર જોઇ રહ્યા. પછી ધીમા છતાં દૃઢ સાદે બોલ્યા. એ વેળા તેઓશ્રીના ચહેરા પર પૂર્વે વર્તતી હતી તેવી જ તેજસ્વિતા પ્રસરી રહેલી દૃષ્ટિ-ગોચર થતી હતી, ભયની વિહ્‌વળતાની રંચમાત્ર અસર જણાતી નહોતી. આ પ્રકારના પ્રબળ માનસની છાયા વાણીમાં પણ ઉતરી હતી. નિમ્ન શબ્દો જ એની સાબિતી આપી રહ્યાં હતાં—

" વહાલા શિષ્યો ! લેશ માત્ર ગભરાવાની જરૂર નથી. તીશભદ્રે જે ભયની આગાહી કરી છે એ દિશામાં દૃષ્ટિ ફેંકતા મને માલૂમ પડયું છે એનો સાર તારવીએ તો એ જ નીકળે

કે આપણે જે માર્ગે જઈ રહ્યા છીએ એમાં કેશરીસિંહનો ભેટો થવાનો ચોખ્ખો સંભવ છે. સામેની ટેકરી કંઈ ઝાઝી દૂર નથી. ઝાડીમાંથી કઈ પળે છલંગો ભરતો વનરાજ પોતાનો પંજો આપણા પર લગાવશે એ કલ્પવું મુશ્કેલ છે અને ડોકિયા કરી રહેલા એ મરણભયમાંથી ઉગરવાનો કોઈ રસ્તો મારી નજરે આવતો નથી. અત્યારે તો એક જ સલાહ આપવી ઉચિત છે અને તે એ જ કે—

[" નિર્ભયતા ધારણ કરી, સાગારી અનશન આદરી, કાયોત્સર્ગમાં ઊભા રહી જવું અને પ્રભુશ્રી મહાવીરે કહેલા ચાર શરણ ગ્રહણ કરવા. ]

" નીતિકાર કહે છે કે–જ્યાં લગી ભય નેત્રો સામે આવ્યો ન હોય ત્યાં લગી એને ટાળવાના ઉપાયો કરવા એ બુદ્ધિમત્તાનું લક્ષણ છે પણ જ્યાં એની દુંદુભી ચક્ષુ સામે બજી રહી હોય ત્યાં એક જ ઉપાય લેવો અને તે એ કે નિડરતાથી તેનો સામનો કરવો.

" શાસ્ત્રકાર જણાવે છે તેમ જે કંઈ સારો યા નરસો અનુભવ સુખદુઃખ સંબંધી પ્રાપ્ત થાય છે એ સર્વમાં નિમિત્તભૂત આત્માનું પોતાનું પૂર્વસંચિત 'કર્મ' જ છે. આપણે એ કર્મને જડમૂળથી ઉખેડી નાંખવા આ સ્વાંગ લીધો છે એટલે ભય જેવી ચીજ આપણા જેવા સાધુઓના જીવનમાં સંભવતી જ નથી. છકાયના જીવોને અભય આપવાની પ્રતિજ્ઞાવાળા આપણે શ્રમણો, ખરેખર નિર્ભયતાના સાચા પ્રતીક સમા છીએ. અલબત આપણા રૂંવે રૂંવે અહિંસા પરિણમી હોય તો **अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** જેવું જ સંભવે. જ્યાં

અહિંસાની પૂર્ણપણે પ્રતિષ્ઠા થયેલી હોય છે ત્યાં વેરઝેર સહજ શમી જાય છે. અરે! જન્મથી વૈરી ગણાતા પ્રાણીઓ પણ પોતાના વેરઝેર ભૂલી જાય છે. એવી વિભૂતિની સામે વાઘ બકરી એક આરે પાણી પીવે છે અને સર્પ નકુલ એક સાથે રમે છે.

"જ્યાં પરિસ્થિતિ આવી છે ત્યાં હવે પાછા ડગલા ભરવાનું બીલકુલ કારણ નથી. ઉપસર્ગોનો ઉઘાડી છાતીએ સામનો કરવા નીકળેલા સંતને સામે આવી રહેલા કેશરીનો ભય ન જ સંભવે. પરીષહ જીતવાને કટિબદ્ધ થનાર વીરશાસનના સુભટને મરણાંત ઉપસર્ગની પણ પરવા ન હોય.

"શિષ્યો! યાદ કરો, નિમ્ન આગમ વાક્યોને–અવધારો એના અર્થને—

**पायं पुव्वनिबद्धो, संबंधो होइ जीवाणम्**

પ્રાય: જીવોને પૂર્વભવે જોડાયેલો સંબંધ હોય છે અર્થાત્ તે આ ભવમાં ઉદય આવે છે.

**जं जेण जया जारिसमुवज्जियं होइ कम्मं सुहमसुहम् ।**
**तं तारिसं तया से संपज्जइ दोरियनिबद्धम् ॥**

જેણે જે રીતે–જે પ્રકારે પૂર્વે શુભ કે અશુભ કર્મ ઉપાર્જન કર્યું હોય તે ઉદયકાળ પ્રાપ્ત થતાં જાણે દોરીએ બાંધેલો પદાર્થ દોરી ખેંચતા સહજ ખેંચાઇ આવે તેમ તેનો વિપાક પ્રાપ્ત થાય છે. એ વેળા સમતાપૂર્વક એ ભોગવી લેવો એ જ પ્રશંસનીય માર્ગ છે. મુનિઓ માટેનો એ ધોરી માર્ગ છે.

"વાઘણ જેમના દેહમાંથી આંતરડા ઉજ્જડતી હતી,

માંસ ભક્ષણ કરી રહી હતી એવા સુકોશલ મુનિની અડગતાને યાદ કરો.

"વાધરી સૂકાતાં જેમનાં નેત્રો ખેંચાતાં હતાં અને અકથ્ય વેદના થતી હતી એવા ઋષિ મેતાર્યના ધૈર્યને પણ યાદ કરો.

"શિર પરની ભડભડતી આગને શ્વસુરે બંધાવેલી પાઘડી લેખનાર મુનિશ્રી ગજસુકુમાલના ધૈર્યને યાદ કરો. એને વિચારવાનો, અવધારવાનો અને દ્રઢતાથી અમલ કરવાનો સુઅવસર લાધ્યો છે. આવી કર્મ નિર્જરવાની પળો જીવનમાં વારંવાર પ્રાપ્ત થતી નથી. જાગ્રત આત્મા એ વેળા જ સાધના કરી લે છે. આત્મા અને દેહ ભિન્ન છે એ કિંમતી સૂત્રને પ્રતિદિન રટનાર નહિં, પણ અમલમાં મૂકનાર જ આ વેળાએ નફો કરી શકે છે. જડ ચેતનના જુદા સ્વભાવની પિછાન કેવલ શબ્દથી નહીં પણ સ્વવર્તનથી દાખવનાર ખરેખર જીવન સફળ કરી જાય છે.

"શિષ્યો! ભય સામે છે. પલકારામાં જીવન હતાં ન હતાં થવાના ચોઘડીઆ વાગી રહ્યાં છે. એ પ્રાણી તો અજ્ઞાન છે, ભય આણવામાં કારણરૂપ છે; બાકી જે કંઇ દોષ છે તે આપણી પૂર્વકૃત કરણીનો છે. એથી એનો છેડો છોડવા માત્ર સમતાનું શરણું શોધવું ઘટે, જરા પણ ચહેરા પર વિકૃતિ આવવી ન જોઇએ. અંતર મલિન થવું ન જોઇએ. સાવધાન બનો અને અંતરમાં એ વાત ઠસાવી દ્યો કે—**एगोऽहम् नत्थि मे कोई ।** "હું એકલો છું. મારું કોઈ નથી. મને કોઇની સાથે વૈરવિરોધ નથી."

તીશભદ્રની ધારણા ખોટી ન હોતી. મહારાજ સંભૂતિવિજયજી

અને શિષ્યો વચ્ચે જે વાર્તાલાપ ચાલ્યો અને અંતમાં સૌ સાગારી અનશન આદરી જ્યાં કાયોત્સર્ગમાં લીન થયા ત્યાં અલ્પકાળમાં જ એક સિંહ પોતાના બે બચ્ચા સહિત આવી પહોંચ્યો. દૂરથી જોનારને સહજ લાગે કે હવે અલ્પ ક્ષણમાં જ સાધુઓના રામ રમી જવાના! હમણાં જ આ રાની વનરાજ અને એના બચ્ચાઓ કુદરતી રીતે પ્રાપ્ત થયેલ આ અણમૂલા શિકાર ઉપર તૂટી પડવાના!! પણ સાચે જ વિધિના રાહ ન્યારા છે. માણસ ધારે છે શું અને દૈવ કરે છે શું! વિશ્વમાં સર્વ કંઈ માનવીની ધારણા પ્રમાણે જવલ્લે જ બનતું દષ્ટિ-ગોચર થાય છે. કયાં તો સાધુમહાત્માઓની અહિંસાના પ્રતાપથી કહો કે કયાં તો પૂર્વભવના સ્નેહથી કહો–ગમે તેમ પણ આ જંગલી પશુઓએ વર્તનમાં જંગલીપણું કે ક્રૂરતા ન દાખવી. શાસ્ત્રકારનું વચન છે કે–"અકસ્માત મેળાપમાં કારણ વિના જેને દેખીને સ્નેહ પ્રગટે તે પૂર્વભવનો મિત્ર સમજવો અને જેને જોતાં વૈરની લાગણી ઉદ્ભવે તે પૂર્વભવનો શત્રુ જાણવો." ટૂંકમાં કહીએ તો એટલું જ કે એ જાનવરો બાજુ પર થઈ સરિતાની દિશામાં પસાર થઇ ગયાં.

ગર્જનાનો જે સ્વર નજીકમાં કાને પડતો હતો તે દૂર જતો જોઇ, મહારાજશ્રીએ કાયોત્સર્ગ પારી ચક્ષુ ઉઘાડી મરણાંત ઉપસર્ગમાંથી પોતાને ઉગરી ગયેલા જોયા. શિષ્યોને કાયોત્સર્ગ પરાવ્યો અને એટલું જ કહ્યું કે–"દેવાનુપ્રિયો! જોયું? જેમણે જીવનમાં સારી રીતે અહિંસા ઉતારી છે અને જગતના જીવોને નિર્ભયતા આપી છે તેમને કોઇનો જ ભય નથી."

એવામાં જે માર્ગે જવાનું હતું તે તરફથી હાકોટા પાડતો એક માનવી દોડ્યો આવતો જણાયો. એટલે મહારાજશ્રીએ એના આવતાં સુધી થોભવું ઇષ્ટ માન્યું. એ નજીક આવતાં જ સંભૂતિવિજયજીના મુખમાંથી આશ્ચર્યના ઉદ્ગાર સરી પડ્યા.

"અરે સદ્દાલ ! તું અહીં ક્યાંથી ? આમ અચાનક."

જેને માટે આ ભીષણ પંથ અમે લીધો હતો એ માણસનો મેળાપ થયો અને મરણાંત ઉપસર્ગમાંથી આટલી સરલ રીતે બચી જવાનું થયું, એથી નંદન અને તીશભદ્રનો આનંદ ઉભરાઇ ગયો. તેઓ ગુરુમહારાજમાં અલૌકિક શક્તિ માનવા લાગ્યા.

સદ્દાલ—મહારાજ ! આપે મારા જેવા રંક-ગામડીઆનું નામ શી રીતે જાણ્યું ?

ગુરુ—અરે ભોળા ! પેલા યજ્ઞ માટે તને સમજાવી તારા પ્યારા તુખારને લઇ જનાર બ્રાહ્મણ શંભુપ્રસાદને શું તું ભૂલી ગયો ?

સદ્દાલ—અરે ! યાદ આવ્યું. આપ કર્મકાંડી ભૂદેવ મટી આ સંન્યાસી ક્યારથી બન્યા ? વેશ-પરિવર્તનથી માનવી ભૂલથાપનો ભોગ બને છે. આપ સરખા વિદ્વાનને એ ધર્મ છોડી આ જાતનો અંચલો કેમ ઓઢવો પડ્યો ? મહારાજ !

સૂરિ—સદ્દાલ ! એની પાછળ લાંબો ઇતિહાસ છે. તું આવ્યો તે પૂર્વેની થોડી પળોમાં અમો સર્વ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતાં હતાં. વિકરાળ વનરાજ પોતાના બે સાવકો (બચ્ચાં) સહિત આ માર્ગે પસાર થઇ ગયો. હું તો માનું છું કે અમોએ ધારણ કરેલ શ્રી મહાવીરદેવના પવિત્ર વેશથી જ એ રાની પશુઓનો શિકાર બનતાં અમો ઉગરી ગયા.

"અહો ! શું પેલો સિંહ આ રસ્તેથી ગયો ? હું એની શોધમાં જ આ તરફ નીકળી આવ્યો છું. એ મારો સુખદુઃખનો સાથી છે. મેં પૂર્વે એક વાર તેના પગમાં વાગેલો કાંટો કાઢ્યો હતો ત્યારથી અમારા વચ્ચે દોસ્તી જામી છે. એ વિકરાળ પ્રાણીમાં પણ સ્નેહ જેવી ચીજ છે. જાણે એકાદ પાળેલો શ્વાન ન હોય તેમ મારી આજ્ઞા એ ઉઠાવે છે. મારા સહવાસથી કહો કે ચાહે તો એનામાં રહેલા કોઇ કુદરતી અંશથી કહો–ગમે તે હો–પણ આ પ્રદેશમાં એનો રંજાડ નહિં જેવો છે. પેલીમેરના જંગલી પશુઓના શિકાર સિવાય કોઇ માનવીનો ભોગ લીધાનું મેં સાંભળ્યું નથી. મારા સરખા એની જાતના પૂર્વ વૈરી પ્રત્યે પણ જ્યારે એ પ્રેમાળ બન્યો છે ત્યારે આપ જેવા કરુણાના અવતાર સંત પ્રતિ એ ક્રૂર ન જ બને. આપનું મુખારવિંદ જોઇ એ આ તરફ ફરકે જ નહીં. એ સિંહના ખોળિયામાં મને લાગે છે કે કોઇ હરણીઆનો જીવ છે. મને ગર્જના સાંભળી લાગેલું કે તે જ મારો સાથી હોવો જોઇએ તેથી તો હું હાકોટા પાડી રહ્યો હતો, પણ આપ સર્વને અહીં જોતાં જ એ ચાલ્યો ગયો જણાય છે !"

"ખેર ! જે થાય છે તે સારાને માટે. આ માર્ગ લેવાનું પ્રયોજન તો ભાઈ તને મળવા પૂરતું જ હતું. કુદરતે તને મેળવી આપ્યો એટલે હવે મૂળ મુદ્દા પર આવી જઉં. તેં મારા કહેવાથી ધર્મ સમજી અશ્વ આપ્યો હતો પણ યજ્ઞમાં જીવતા પ્રાણીને હોમી દેવામાં ધર્મ નથી પણ મહાન્ અધર્મ છે, એ કાળે એ વાત હું સમજેલો નહીં. પાછળથી એ સત્ય મને લાધ્યું. સાચો ધર્મ અહિંસામાં સમાયો છે. જે આત્મા સર્વ જીવોમાં પોતાના સરખો આત્મા વસે છે એમ જોઇ પરને

જરા પણ દુ:ખ પમાડતો નથી તે જ સાચો ધર્મી છે. ટૂંકમાં કહું તો ધર્મ નીચેના એ વાકયમાં સમાય છે.

**परोपकारः पुण्याय, पापाय परपीडनम् ।**

પરોપકાર કરવો એ જ ધર્મ યાને પુન્ય છે, પરને પીડા ઉપજાવવી એ જ પાપ વા અધર્મ છે.

“ તું એ બરાબર સમજી લે. એ દિવસે મેં તને અધર્મના માર્ગે વાળ્યો તે બદલ હું ક્ષમા ચાહું છું. અંતરથી મારું એ પાપ મિથ્યા થાઓ એમ ઈચ્છું છું અને ખાતરીથી કહું છું કે આત્માના કલ્યાણનો રાહ યજ્ઞકર્મ નથી પણ આ નિર્ગ્રંથનો સંયમધર્મ જ છે. ”

સદ્દાલ—મહારાજ ! હું કંઈ ઝીણી વાતો ન જાણું. જ્યાં બારાખડીનો એકે અક્ષર ઘુંટેલો નહીં ત્યાં ધર્મ–અધર્મની ઊંડી બાબત શ્યે સમજાય ? આપ મારા ઘોડાના દાનમાં પાપ માનતા હો તો, આપના કરતાં મેં કુટુંબના નિભાવ અર્થે ઘણાં ઘણાં પાપો કર્યાં છે. નતીજો એ આવ્યો છે કે ઘરની નવી આવેલી વહુવારૂઓને હું ભારે પડું છું. પેટ ભરીને બે વાર ખાવા અન્ન પણ કેટલીકવાર નથી મળતું. મનનું આ દુ:ખ પ્રગટ કોની પાસે કરાય ? મારા બીજા બે મિત્રો છે એમને પણ મારા જેવું જ–છતાં મારાથી વધારે કપરું દુ:ખ છે. જો કે પૂર્વે કષ્ટ વેઠવામાં કચાશ નથી રાખી એટલે એ તો કોઠે પડી ગયું છે. લૂખો સૂકો રોટલો મળવાથી સંતોષ ધરીએ છીએ પણ આ મનુષ્ય દેહ મારફત કોઇ પરમાર્થ થઇ શકતો હોય અને આ દોષમય જિંદગીની આખર અવસ્થા સુધરતી હોય તો એ તરફ વળવાનું મન સહજ થાય છે.

સૂરિ—ભાઇ ! એવો એક જ માર્ગ છે. દોષો ધોવાનો–કર્મો ટાળવાનો અને પરલોક માટે ઉમદા પાથેય ગ્રહણ કરવાનો માર્ગ તે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાનો.

" મહારાજ સાહેબ ! તો હું મારા મિત્રોને લઈને જરૂર આપની પાસે આવીશ. અમે સાથે જ એ માર્ગ લઈશું. "

" સદ્દલ ! અમે પાટલીપુત્ર તરફ જઇ રહ્યા છીએ, ત્યાં આવીને મળજે. "

×                ×                ×

## ૫. શ્રી યશોભદ્રસૂરિનો દક્ષિણમાં વિહાર

સૃષ્ટિસૌન્દર્યમાં અનેરો સ્વાંગ ધરતો અને કુદરતી લેબાશથી વિવિધ પ્રકારના ફળભારથી લચી પડતાં વૃક્ષોથી મનોરમ ઉદ્યાનની શોભાને ધારણ કરતો આ પ્રદેશ ખરેખર નંદનવનની ઝાંખી કરાવે છે. અંતરાલે પથરાયેલા પહાડથી, દૂર દૂર વિખરાયેલી નાની–મોટી ટેકરીઓથી અને આસપાસ નૃત્ય કરતાં પાણીના વહેળાં અગર તો સરિતાથી જુદા વહી રહેલાં નાનાં ઝરણાંઓથી સાચે જ આ પ્રદેશ અનુપમ દૃશ્ય ખડું કરે છે. કુદરતના આંગણે એકઠી થયેલી અવર્ણનીય ખૂબીઓના સાચા મૂલ્યાંકન પ્રત્યક્ષ જોનાર પ્રેક્ષક જ કરી શકે. કદાચ કલ્પનાના આકાશમાં વિહરનાર કવિ એનું ચિત્ર આળેખે તો પણ અનુભવી દ્રષ્ટાની સરખામણીમાં તે અવશ્ય અધૂરું જ રહે.

" ગુરુદેવ ! હવે આપણે ઇચ્છિત નગરથી દૂર નથી. જુઓ, પેલી સરિતા ગોદાવરી ! એના રૂપેરી જળ દૂર રહ્યાં પણ આનંદ આપે છે. પેલી તરફ આગળ વધતો ધોરી માર્ગ એ

આપણા પુંડ્રવર્ધનનો જ છે. પૂર્વે, માર્ગે મળેલા ભોમિયાએ જે જે નિશાનીઓ કહી હતી એ સર્વ મળતી આવે છે. ઘણે છેટેથી પણ નજર આકર્ષતા જે થોડાં આછાપાતળા મકાનો આપણી દૃષ્ટિએ ચઢેલાં તે એ જ નગરના હતાં, એવી દૃઢ પ્રતીતિ થાય છે. એ બધા ઉપરથી સમજાય છે કે–આ પ્રદેશમાં જે નગર પુંડ્રવર્ધનના નામથી ઓળખાય છે એનું બીજું નામ પ્રતિષ્ઠાનપુર હોવું જોઈએ. આપને પૂર્વ પ્રદેશમાં જે દ્વિજનો મેળાપ થયેલ તે ભદ્રશંકર મહાશય આ સ્થાનના જ વતની હશે. લાંબા વિહારમાં જ્યારથી આપણા પગલાં દક્ષિણ દિશામાં જેમ જેમ વધુ પડતાં ગયાં તેમ તેમ આપણા જાણવામાં આવ્યું કે મગધમાં આવેલા નાલંદાવિદ્યાપીઠની કીર્તિગાથા આ તરફ વિશેષ પ્રમાણમાં વિસ્તરી છે અને સરસ્વતી દેવીના એ પવિત્ર ધામમાં રહી આવી, સ્વઅભ્યાસને કસોટીએ ચઢાવવાના તેમજ એ મૈયાના આશીર્વાદ પ્રાપ્ત કરી પોતાના જીવનને ધન્ય અને પ્રતિષ્ઠાસંપન્ન બનાવવાના કોડ સેવતા ભૂદેવોની સંખ્યા આ પ્રદેશમાં સારા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.”

“વત્સ પાંડુભદ્ર ! તું કંઇ આ તરફનો વતની નથી; છતાં તેં આટલી બધી માહિતી કેવી રીતે મેળવી ? જૈન સમાજમાં ભલે મારું સ્થાન આચાર્ય યશોભદ્ર તરીકે મોટેરું હોય છતાં આ ભૂમિમાં તો હું પ્રથમ જ પગલાં પાડું છું. આ ધરતીનો અનુભવ મારે મન તદ્દન નવો છે એટલે અનુભવની તુલાએ પેલું મોટેરું પદ પણ છોટું જણાય છે.”

“ગુરુદેવ ! જ્યારથી મિથિલા મૂકી આપણે મહારાજશ્રી

સંભૂતિવિજય આદિ મુનિમંડળીથી છૂટા પડી આ દિશા પકડી ત્યારથી જ્યારે પણ તક મળે ત્યારે હું પરિચયમાં આવતાં અનુભવી પુરુષોનો સમાગમ શોધતો રહું છું. 'પૂછંતા નરા પંડિતા' એ જનઉક્તિનો અનુભવ કરું છું. જુઓને મહારાજ સંભૂતિવિજય આપણાથી મહિનાઓ પૂર્વે છૂટા પડ્યા હતા અને આપે સૂચવેલ માર્ગે વિહાર કર્યો હોય તો પાટલીપુત્રમાં પહોંચી જવા પણ જોઈએ; છતાં તેમ બન્યું નથી. તેમના તરફના કંઈ સમાચાર પણ મળ્યા નથી. એ દિશા તરફથી આ પ્રદેશમાં અવારનવાર બેપીઆ આવ્યા જ કરે છે છતાં કંઈ ખબર ન મળે એટલે આપને ચિંતા સંભવે જ. આપ સાહેબના ચહેરા પરથી બીજે ત્રીજે કારણે એ માટે નીકળતી વાત પરથી મેં જિજ્ઞાસાનું માપ કાઢી લીધું અને તીર્થ ભદ્રાવતીમાં પૂર્વ પ્રદેશમાંથી આવેલ સંઘમાં ઘુમી વળ્યો. એ તરફના એક યાત્રિકના મુખથી સાંભળેલી વાત મેં આપસાહેબને કહેલી કે–પાટલીપુત્ર પ્રતિ પથરાતા પહાડી જંગલના વિષમ માર્ગે એક મુનિમંડળીને સિંહનો ઉપસર્ગ થયેલ, છતાં ચમત્કારિક રીતે એ સૌ બચી ગયા. જો કે મેં આપેલ આ સમાચાર પછી તો આપણે ઘણી ધરતી ખુંદી વળ્યા. વળી ગઈ પરમદિને માર્ગે સાથે થયેલ વટેમાર્ગુના મુખેથી પણ એ વાત જ સાંભળીને! એ ઉપરથી ચોક્કસ ખાત્રી થઈ કે પરિષહનો સામનો કરનારી મંડળી એ આપના શિષ્યોની જ હોઈ શકે. લંબાણથી મારો કહેવાનો મુદ્દો તો એટલો જ છે કે માનવી આંખ–કાનનો ઉપયોગ જાગ્રત રાખે તો જોવા જાણવાનું તો ડગલે ને પગલે ભર્યું જ હોય છે."

વાચક ઉપરના પ્રસંગથી સહજ કલ્પી શકશે કે આ વાત

શ્રી યશોભદ્રસૂરિ સંબંધની છે. થોડો સમય સંભૂતિવિજયના વૃત્તાન્તને બાજુએ રાખી, તેઓશ્રીને પાટલીપુત્રમાં ઠરી ઠામ થવા દઇ, વિદ્યુદ્ગતિ કરતાં પણ વધારે તીવ્ર એવી માનસી દોટ મૂકી સીધા દક્ષિણમાં દોડી આવીએ. સૂરિજીએ જે જમીન કાપવામાં મહિનાઓ લીધા તે માટે આપણે તો કેવલ મામુલી ક્ષણોનું જ કામ ! મનરૂપી સુકાન એ દિશામાં વાળ્યું કે બેડો પાર. વાતો કરતા પંથ કાપી રહેલ એ મુનિમંડળીમાં ભળી જઈ, એની સાથે જ પ્રતિષ્ઠાનપુરમાં પ્રવેશવાનું અને વાર્તા-પ્રવાહમાં આગળ વધવાનું.

સવિતાનારાયણના પ્રાતઃકાળના સ્ફુર્તિદાયી કિરણો સમય-ના વહેવા સાથે નાના થવા માંડયાં હતાં. દિવસ ચઢવા માંડયો હોવાથી માર્ગ પર અવરજવર વધી રહી હતી. સરિતાતટ તરફ જબરો ધસારો થઇ રહ્યો હતો. પાંડુભદ્ર મુનિની નજર જનાર કરતાં આવનાર તરફ વધુ ખેંચાતી. જ્યાં એકાદ જનોઇ-ધારી ભૂદેવને આવતાં જોયા કે તે બોલી ઊઠયા ' જોઈતું હતું અને વૈદ્યે કહ્યું. ' જુવોને પેલા મહાશય ઝટપટ આ તરફ પગલાં પાડી રહ્યા છે. તેમને શહેરમાં જવાની ઉતાવળ લાગે છે. તેમના ચહેરા પરથી તે આ નગરના ભોમિયા જણાય છે તો તેમને જ આપણે વસતી સંબંધી તેમજ દ્વિજ ભદ્રશંકર સંબંધી માહિતી પૂછી લઇએ. " આ વાત સૌને ગમી અને પેલા ભૂદેવ સમિપ આવતાં જ મુનિશ્રીએ પ્રશ્ન કર્યો.

" મહાશય ! આપ આ નગરના વતની છો ? "

" હા, મહારાજ ! વતની તો ખરો પણ ઘણા વર્ષોથી ઉત્તર તરફ હતો. દરમિયાન કેટલીયે અવનવી બની ગઇ હશે

છતાં આપ પ્રયોજન જણાવશો તો મારી યાદદાસ્ત મુજબ ખબર આપીશ. માણસ વર્ષોના વર્ષો દેશાંતરમાં ગાળે છતાં ઓછો જ વતનને ભૂલી શકે ? જનની ને જન્મભૂમિ તો સદાય હૃદયમાં રમતી હોય. તેની હૂંફ જુદી જ છે. એનાં આકર્ષણ અનેરાં છે. ”

“ મહાશય ! અમો નિર્ગ્રંથને તે અન્ય શા પ્રયોજન સંભવે ? પૂર્વે મગધમાં હતા ત્યારે આ તરફના એક વિપ્ર ભદ્રશંકરનો મેળાપ થઈ ગયેલ. એ વેળા આ પ્રદેશ સંબંધી થોડી વાત સાંભળી હતી. વિહાર કરતાં આ તરફ આવવાનું બન્યું છે, તો ગુરુજીની ઇચ્છા પેલા વિપ્ર મહાશયને મળવાની છે. બીજી વાત તો એ છે કે–નગરમાં અમારા જેવા શ્રમણો માટે વસતી મળી શકે તેમ હોય તો આગળ વધીએ, નહિ તો આ સમિપવર્તી ઉદ્યાનમાં જ સ્થિર થઈએ. વૃક્ષોની શીળી છાયા શ્રમણો માટે આશ્રયસ્થાનરૂપ હોય છે. ”

“ મહારાજ ! આપનો વિપ્ર ભદ્રશંકર એ મારો લઘુ બાંધવ થાય. મારું નામ વરાહમિહિર. આ પુંડ્રવર્ધન નગર જ અમારી માતૃભૂમિ. પુરોહિત સોમશર્માના અમો પુત્રો. માતાનું નામ સોમશ્રી. વાત એમ બની કે–રાજ્યમાંથી પિતાશ્રીને સારી જીવાઇ મળતી હોવાથી મેં શરૂનાં વર્ષો કેવલ મોજવિલાસમાં જ વ્યતીત કર્યાં. પિતાશ્રી કેટલી ય વાર દ્વિજકુળને શોભે એવાં અધ્યયન અને આચરણ માટે ધ્યાન ખેંચતા પણ મેં એ વાત કાન પર લીધી જ નહીં. મારા લઘુ બંધવને પિતાની ઇચ્છા આંખથી દૂર કરવાની ન હોવા છતાં માતાએ મગધમાં વસતા પોતાના ભાઇને ત્યાં અધ્યયન અર્થે મોકલ્યો.

એણે સાંભળવા મુજબ નાલંદામાં રહી ઠીક અભ્યાસ કર્યો. ઘરમાં હું એકલો પડ્યો. પિતાશ્રીના રોજના ટોણાથી મને અભ્યાસ કરવાની મોડી મોડી પણ ઈચ્છા ઉદ્ભવી. મેં મારો વિચાર વડિલો સમક્ષ મૂકયો, પણ ઘરમાં એક પુત્ર તો જોઇએ ને. વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂકેલા માણસોના દેહના શા ભરોસા? એ કારણે મારો પ્રસ્તાવ ઊડી ગયો. મને એ વાત ન ગમી. તક સાધી કહ્યા વિના હું નીકળી પડ્યો. ભ્રમણ કરતો દેશ–દેશનાં પાણી પીતો અને નવા નવા અનુભવ મેળવતો હું કાશી પહોંચ્યો. ત્યાં વસતા ભૂદેવોની મહત્તા જોઇ હું છક્ક જ થઇ ગયો. એમાં જ્યોતિષશાસ્ત્રના પારંગતોના બહુમાન હદ ઉપરાંત થતાં જોઇ મારું મન એના અધ્યયન પ્રતિ સવિશેષ ખેંચાયું. એક આશ્રમમાં રહી મેં અભ્યાસ શરૂ કર્યો. થોડા દિવસે પુંડ્રવર્ધનમાં સુખસમાચાર પણ પાઠવ્યા. આમ વર્ષો વિતવા લાગ્યાં. અધ્યયનરૂપી શકટ આગળ વધવા માંડ્યું, પણ અચાનક એક દિવસ પિતાશ્રીને પક્ષઘાત થયાના સમાચાર પુંડ્રવર્ધન નગરથી મોકલેલા માણસે આવીને આપ્યા. સાથે એમ પણ કહ્યું કે–'બીજા માણસને રાજગૃહીમાં દોડાવ્યો છે ભાઇને બોલાવવા. તમો જલ્દી મારી સાથે નીકળીને ચાલો. પિતાશ્રીને તમારા ચાલી આવ્યાથી ઘણું દુઃખ થયું છે. પથારીમાંથી આ વેળા ઊઠે તેમ લાગતું નથી.'

"આ દુઃખદાયી સમાચારથી મારું અધ્યયન અટકી પડ્યું. પેલા માણસને તરત જ હું આવી પહોંચું છું, એવા સમાચાર આપવા સારું વિદાય કર્યો અને હું જલ્દી કામ આટોપવા લાગ્યો. એમ કરવામાં થોડા દિવસ ગયા. મને પિતાશ્રીના સુખદર્શનની પ્રબળ ઈચ્છા હોવાથી માર્ગે પણ ઝડપ ચાલુ

રાખી બનતી ઉતાવળે આવી પહોંચ્યો છું. પ્રાતઃકાળ થઇ ગયો હોવાથી ગોદાવરી નદીમાં સ્નાન કરી લીધું અને સંધ્યા-કર્મ પણ પતાવી દીધું.

"આપ જો મારી સાથે જલ્દીથી પગ ઉપાડશો તો હું ભદ્રશંકરનો, જો આવી ગયેલ હશે તો, મેળાપ સત્વર કરાવી આપવામાં ભાગ્યશાળી નીવડીશ.

"અમારા મકાન નજીક ખાલી ઘરો છે એમાં આપ શ્રમણોને જે અનુકૂળ જણાય તેમાં ઊતરજો. મારા કરતાં એ સંબંધમાં ભાઈ ભદ્રશંકર આપને વધુ માર્ગદર્શક થઇ પડશે."

"તો મહાશય વરાહમિહિરજી! અમો સર્વ આપની પાછળ પાછળ ચાલ્યા આવશું."

પુરપ્રવેશનો મુખ્ય દરવાજો વટાવી, રાજમાર્ગ પર થોડું ચાલ્યા બાદ દ્વિજ વરાહમિહિરે એક શેરીનો માર્ગ લીધો. મુનિમંડળી પણ પાછળ એ પંથે વળી. કેટલાક આડાઅવળા માર્ગ લઈ સૌ એક વિશાળ મકાન સામે આવી પહોંચ્યા.

વરાહમિહિરે ભદ્રશંકરના નામની બૂમ પાડતાં જ ઘરમાંથી ભદ્રશંકર દોડી આવ્યો. નજર સામે વડિલભાઇ તેમજ પૂર્વ-પરિચિત સાધુ મહારાજોને જોતાં જ ઘડીભર કિંકર્ત્તવ્યમૂઢ બન્યો. હૃદયમાં શોક હોવા છતાં ચહેરા પર હર્ષની આછી અને અસ્પષ્ટ છાયા પથરાઇ. સ્વસ્થતા ધારણ કરીને ઓટલાના પગથિયા ઊતરી બોલ્યો–"ભાઇ! તમો ઓટલા ઉપર બેસી જરા થાક ઊતારો ત્યાં હું આ ગુરુજીને થોભવા સારુ પેલી વસતી બતાવું."

"ભદ્ર ! પણ પિતાશ્રીની હાલત કેમ છે ? જલ્દી જવાબ આપ. થાક ઊતારવાની વાત પછી."

"મોટા ભાઈ ! અતિથિધર્મ પહેલો. એ બજાવી જલ્દી પાછો ફરું છું અને સર્વ કાંઇ કહું છું. આકળા ન થાઓ."

આટલું બોલી તરત જ ભદ્રશંકર શ્રમણમંડળીની આગળ થયો અને પાંચ સાતના પળ વિલંબ પછી એક મકાન પાસે આવી પહોંચ્યો.

"ગુરુમહારાજ ! આપના માટે આ સ્થળ અનુકૂળ થઇ પડશે. જો કે એ સાફસૂફ કરાવી કોઇ જુદા જ હેતુએ તૈયાર રખાયેલ છે, પણ કુદરતનો સંકેત જુદો હશે. એમાં આપશ્રીનાં પગલાં થયાં, અણધાર્યો મેળાપ થયો. ભલે એ સ્થાન આપ-સાહેબનાં પૂનિત ચરણોથી પવિત્ર થાય. આપ માર્ગના શ્રમથી જરા વિશ્રાંતિ મેળવો ત્યાં હું પાછો ફરી ઘટતી સગવડ કરી આપું છું. સાંસારિક કારણે દૂરથી પધારેલા આપ સરખા મોંઘેરા મેમાન પાસે અત્યારે નથી રોકાઇ શકતો એ માટે ક્ષમા ચાહું છું."

પાંડુભદ્ર પાછા ફરતા ભદ્રશંકરને કંઇ પ્રશ્ન કરવા જતા હતાં ત્યાં તો યશોભદ્રસૂરિએ આંગળી આડી કરી. એ થોભ્યા. ભદ્રશંકર વિદાય થઇ ગયા પછી આચાર્યશ્રી બોલ્યા–

"વત્સ ! વિપ્રનાં વચનથી પારખી શકાય છે કે તેના પિતાશ્રીનું અવસાન થયું છે. એ બનાવને દિવસો પણ વિત્યા છે. એનું અંતર દુ:ખથી ભરેલું છે. એ સવાલ કરવાની જરૂર જ નથી. ચ્હેરો કહી આપે છે." ત્યાં તો ગુરુદેવના વચનની

સત્યતા પુરવાર જ કરતા હોય એમ વિપ્ર વરાહમિહિરના રુદનના શબ્દો કર્ણપથ પર અથડાયા.

× × ×

### ૬. સૂરિજીનું પ્રવચન—

સરિતા ગોદાવરીના તટ પર આજે વહેલી સવારથી અનહદ માનવમેદની જામી હતી. ચૈત્ર શુકલ પ્રતિપદા ( ચૈત્ર શુદ ૧ ) ના દિવસનું માહાત્મ્ય આ પ્રદેશમાં અતિ મોંઘેરું છે. શક સંવત્સરનો આરંભ એ દિનથી થતો હોઈ, એ માંગલિક દિવસની ઉજવણી દક્ષિણ પ્રદેશમાં નૂતન વર્ષના પ્રારંભ તરીકે જનતા હર્ષપૂર્વક કરે છે.

સરિતાના કાંઠા પર નાનાં-મોટાં સંખ્યાબંધ મંદિરો અને વચમાં વિરામસ્થાનો આવ્યાં હતાં. આગળ જતાં એક સુંદર બગીચો રાજ્ય તરફથી થોડાં સમય પૂર્વે તૈયાર કરવામાં આવ્યો હતો. એમાં જાતજાતનાં વૃક્ષો તેમજ રંગબેરંગી પુષ્પોના રોપાઓ જુદી જુદી કરામતથી ક્યારા કરી એવી રીતે ઉગાડવામાં આવ્યાં હતાં કે હરકોઈ આગંતુકનું એ પ્રતિ સહજ લક્ષ્ય આકર્ષાય અને એમાં વાપરેલી કળાનો સહજ ખ્યાલ આવે. મધ્ય ભાગે એક મનોહર પ્રાસાદ શોભી રહ્યો હતો. એની સામે મોટો મંડપ કોરણી યુક્ત સ્થંભો ઉપર ખડો કરવામાં આવ્યો હતો. આ મંડપના શીળી છાયામાં પૂર્વે રાજ્ય તરફના કેટલાય સામાજિક, ધાર્મિક પ્રસંગો ઉજવાઇ ગયા હતા. ઉદ્યાનમાં રોપેલાં વિવિધ જાતનાં ફૂલ-ઝાડોની મીઠી સુવાસ વચ્ચે આ મંડપ હેઠળ બેસી વિદ્વદ્ જનના વિવેચનો અથવા તો રાજકર્મચારીના બ્યાનો સાંભળવાનો

લાભ પ્રતિષ્ઠાનપુરના જાણીતા આગેવાનોએ લીધો હતો. આમ-વર્ગને કેવળ નદીકાંઠા પર ઊભા રહી આ મંડપ હેઠળ ચાલી રહેલી પ્રવૃત્તિના માત્ર દૂરથી દર્શન થતાં.

આજના વાર્ષિક દિન માટે ઉપર વર્ણવેલી મર્યાદાનાં બંધન ઢીલા કરવામાં આવ્યાં હતાં. પ્રાત:કાળની આવશ્યક ક્રિયાઓની પૂર્ણાહુતી થતાં ઉક્ત મંડપ હેઠળ મોટી સભા ભરવામાં આવતી. પુરવાસી જનોને એમાં ભાગ લેવાની સંપૂર્ણ છૂટ હતી. એ વેળા જુદા જુદા વિદ્વાનોનાં ધાર્મિક પ્રવચનો થતાં. દેશ-પરદેશના ભિન્નભિન્ન દર્શનદક્ષો સ્વમંતવ્યો સાદી ભાષામાં અને સરલ રીતે-જેમ બને તેમ અતિ લંબાણ કર્યા વગર-જનરુચિને માફક આવે તેવી રીતે રજૂ કરતા. સારીયે કાર્યવાહી પ્રતિ-પાદક શૈલીમાં ચાલતી. ખંડનવૃત્તિને કે વિતંડાવાદને જરા પણ સ્થાન મળતું નહીં. આ સભામાં ખુદ રાજવી પોતે હાજર રહેતા અને સર્વ ધર્મ પ્રત્યે સમભાવ દર્શાવવામાં પોતે કેટલા દત્તચિત્ત છે તેનો પુરાવો આપતા. મધ્યાહ્ન થતાં આ સભાની પૂર્ણાહુતિ થતી અને એકત્ર થયેલ સમૂહ, કંઇ ને કંઇ નવીન જ્ઞાન મેળવ્યાના આનંદસહ નગરની દિશામાં પાછો વળતો. સારોયે દિન આનંદ-પ્રમોદમાં વ્યતીત થતો. આ ઉપરાંત પ્રજાની જુદી જુદી જાતિઓ કેટલીય જાતની વ્યવહારિક વિધિઓ ઉજવણીરૂપે આચરતી, એમાં દેવ-દર્શન અને મિષ્ટ પદાર્થોનું જમણ અગ્રભાગ ભજવતાં. આટલા સામાન્ય જ્ઞાન પછી પુન: આપણી નજર મનોરમ ઉદ્યાનના પેલા સભામંડપ તરફ ફેરવીએ.

અહીં આપણા આચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી પણ પોતાના શિષ્યો સહિત એ વિદ્વદ્‌ગોષ્ઠીમાં ભાગ લઇ રહેલા દષ્ટિગોચર

થાય છે. રૂપેરી ઘંટડીના મીઠા સરોદ સમ તેઓશ્રીનાં વચનો સભાજનો એકધારી શાંતિથી સાંભળી રહ્યા છે.

"ભવ્યાત્માઓ! આપ સર્વેએ જુદા જુદા વિદ્વાનોના મુખથી પ્રચલિત દર્શનો સંબંધી તત્ત્વજ્ઞાનને અંગે સાંભળ્યું છે. એ ષડ્દર્શનમાં જૈન દર્શનનો સમાવેશ થાય છે. અહીં એ દર્શનના સંબંધમાં કંઈ જ કહેવામાં આવ્યું નથી એમ કહીએ તો ચાલી શકે. આ પ્રદેશમાં એ અણમૂલાં તત્ત્વોનો પ્રચાર ઓછો છે એમ એ ઉપરથી ધારણા બાંધી શકાય. બીજું કારણ એમ પણ કલ્પી શકાય કે પ્રચલિત દર્શનોની વિચારસરણી સહ ઘણી બાબતોમાં એ દર્શન જુદું પડે છે.

'જૈન દર્શન' પોતાનું અસ્તિત્વ અનાદિ કાળનું છે એમ દર્શાવતાં એ વાત પર ભાર મૂકે છે કે જેમ જગતની આદિ નથી તેમ એ જગતમાં જે કેટલાક દ્વંદ્વો નજરે ચઢે છે તેની પણ આદિ નથી. એ જોડલામાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વરૂપ જોડલું પણ છે. સાચું યાને વસ્તુસ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન એનું નામ સમ્યક્ત્વ; એથી વિપરીત તે મિથ્યાત્વ. જો કે આ ટૂંકા અક્ષરો પાછળ જુદી જુદી દૃષ્ટિએ લાંબી વિચારણા કરાયેલી છે અને એ સર્વ બરાબર ધ્યાનમાં લેવાય તો નાનો દેખાતો 'સમ્યક્ત્વ' શબ્દ કેટલો મહત્ત્વનો છે એનો સાચો ખ્યાલ આવે. જૈન દર્શન મુજબ પ્રત્યેક સર્પિણીમાં અથવા તો 'યુગ'ના નામે ઓળખાતાં સમયમાં ચોવીશ તીર્થંકરો થાય છે. તેઓશ્રીનું કાર્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ધ્યાનમાં લઈ, પોતે પ્રાપ્ત કરેલ કેવલ્યજ્ઞાનના બળથી આમવર્ગના ઉપકાર અર્થે ઉપદેશ પદ્ધતિ નિયત કરવાનું છે. પૂર્વે કહી ગયા

એ જાતનું 'સમ્યક્ત્વ' કેમ વિશેષ પ્રમાણમાં પ્રસરે અને એનાથી ઊલટા સ્વભાવવાળા 'મિથ્યાત્વ'નો કેમ હ્રાસ થાય એવા માર્ગો યોજવાનું છે.

'આજના કળિયુગ' માં–અમારી ભાષામાં કહું તો આ 'પંચમ આરા'માં જે તત્ત્વજ્ઞાન 'જૈન દર્શન' તરીકે ઓળખાય છે એના પ્રણેતા અંતિમ તીર્થપતિ શ્રી વર્ધમાન જિન ઊર્ફે શ્રી મહાવીરસ્વામી છે. તેઓશ્રીએ પ્રથમ પરીષહો સહન કરીને આ અણમૂલાં તત્ત્વોનો સ્વજીવનમાં પ્રત્યક્ષ સાક્ષાત્કાર કર્યો. ત્યારપછી જ સૃષ્ટિના સર્વ જીવોને એ અમૃત તત્ત્વોનું પાન કરાવવાની એક માત્ર પરમાર્થ ભાવનાથી એનો પ્રચાર આરંભ્યો. એમના પટ્ટશિષ્ય શ્રી ઇંદ્રભૂતિ નામે દ્વિજ ગૌતમગોત્રવાળા થયા. ગુરુ શિષ્ય વચ્ચે તત્ત્વજ્ઞાન અંગેની વિવિધ ચર્ચાઓ થઈ. એ સર્વના સમૂહને 'દ્વાદશાંગી' તરીકે પ્રસિદ્ધિ મળી. દ્વાદશાંગી યાને બાર અંગનો સમૂહ, વિવિધ પ્રકારના જ્ઞાનથી ભરેલો છે. એ બધામાં જે મુખ્ય વાત પર વજન મૂકવામાં આવ્યું છે તે આત્માના ઉદ્ધારનું છે. સૌ વાતોમાં 'ચેતન અને જડ' અર્થાત્ 'આત્મા અને કર્મ' કિંવા 'જીવ અને પુદ્ગલ' ની વાત મુખ્ય છે.

"એ વિષયનું ઊંડું અવગાહન કરનારને નથી તો ઈશ્વરને જગતકર્ત્તા તરીકે ઓળખવાની જરૂર રહેતી કે નથી તો સૃષ્ટિની રચના કોણે કરી ? ક્યારે થઇ ? અથવા તો એનો અંત કેવી રીતે આવશે ? એ વિચારની ગૂંચોના વમળમાં અટવાવું પડતું. કેવળ કર્મરાજે પાથરેલી જાળ અને એમાં ફસાયેલ જીવોનાં સ્પષ્ટ દર્શન થાય છે. મદારી જેમ માંકડાને મરજી મુજબ નાચ

નચાવે છે તેમ કર્મરાજ જીવોરૂપી વાંદરાને જાતજાતના વેશ ભજવાવે છે. ટૂંકમાં કહીએ તો જડ કર્મોએ, જડતાનું-પુદ્ગલ-લાલસાનું-એકધારું સામ્રાજ્ય પાથરી દીધું છે. એમાં ચૈતન્ય દશા અવરાઈ જવાથી આત્માઓ ભાન ભૂલી વિવિધ પ્રકારના અભિનયો ભજવે છે.

" કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ અને પુરુષાર્થરૂપ પાંચ સમવાય યાને કારણો સારા ય જગતના તંત્રનું નિયંત્રણ કરે છે. ઇશ્વરને જગત્‌કર્તા માનવાની અગત્ય જૈનદર્શનને રહેતી જ નથી; તેમ નથી રહેતી જરૂર એ ઇશ્વરને અવતાર લેવરાવવાની. સંપૂર્ણપણે આત્મસાક્ષાત્કાર કરવો અને કર્મલેપથી સર્વથા મુક્ત થવું એમાં જ સાચા ઇશ્વરપણાની નિશાની છે. એ દશા પ્રાપ્ત કરનાર પ્રત્યેક આત્મા ઇશ્વર યાને પરમાત્મા છે. એ આત્માઓ જે સ્થળે વસે છે-કાયમને માટે રહે છે-એ સ્થાન તે મોક્ષ અર્થાત્ બ્રહ્મલોક. કિંવા ' સચ્ચિદાનંદ દશા. ' જૈનદર્શન અનુસાર પ્રત્યેક પ્રગતિવાંછુ આત્મા, સમ્યક્ત્વનો સધિયારો લઇ, મહાત્માને યોગ્ય કરણી આદરી એમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરી પરમાત્મા બને છે. આત્મા પરમાત્મપદ પ્રાપ્ત કરે છે ત્યારે જ્ઞાન, દર્શન, સુખ અને બળરૂપ ચાર વસ્તુઓમાં અનંતશક્તિનો ધારક બને છે અર્થાત્ એ ચાર ચીજો એનામાં અંત વગરની પ્રકાશી ઊઠે છે. એના જોરે એ એવી અપૂર્વ સ્થિતિ અનુભવે છે કે જે વર્ણવવાને ઉપમા જડતી નથી.

" જૈનદર્શનમાં '**ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः**' નામનું સૂત્ર પ્રથમ પદ ધરાવે છે. જેમ ખાણમાંથી નીકળતું સોનું કચરા આદિના સંયોગે એટલી હદે વિકૃત દશામાં હોય છે કે

જેથી નથી તો એ પૂરી તેજસ્વિતા દર્શાવતું કે નથી તો એ પૂર્ણ પીળા વર્ણને ધરતું; પણ જુદા જુદા પ્રયોગો પછી જ્યારે એ શુદ્ધ દશા પ્રાપ્ત કરે છે ત્યારે એ રંગ અને ગુણમાં પૂરો આંક મેળવે છે. એ જ ઉદાહરણ આત્માને લાગુ પાડતાં કહેવું જોઇએ કે અનાદિકાળથી કર્મમળથી લેપાયેલ તે સંસાર-રૂપી રંગભૂમિમાં નવા નવા અભિનયો ધારણ કરે છે અને પૂર્વે કહ્યા પ્રમાણે પોતાના મૂળ સ્વરૂપની પિછાન એને થતી નથી—પિછાન થયા છતાં એ સ્થિતિ પ્રાપ્ત કરવાની સાચી તમન્ના ઉદ્દ્ભવતી નથી. તમન્ના જાગ્યા છતાં એ પ્રતિ વળવાનો સાચો રાહ હાથ ધરતો નથી ત્યાં સુધી તેનું સંસારભ્રમણ ચાલુ રહે છે. દડાની માફક કર્મવડે ધક્કા ખાતો તે આડો-અવળો અથડાયા કરે છે.

"આમ વિશ્વભરમાં આત્મા અને કર્મ વચ્ચે અર્થાત્ જીવ અને અજીવ વચ્ચે સતત સંગ્રામ ચાલ્યા કરે છે. એ બે તત્ત્વની રમત સરળતાથી જનસમૂહ સમજી શકે એ સારુ જ્ઞાની ભગવંત શ્રી તીર્થંકરદેવે નવનો ચમત્કારી અંક પસંદ કરી એની ગૂંથણી નિમ્ન પ્રકારે કરી છે.

"આત્મા યાને જીવ, અજીવ સાથેના સંગ્રામમાં મચ્યો રહેતાં શુભ કરણીદ્વારા પુણ્ય અને અશુભ કરણીદ્વારા પાપ નામના પદાર્થોનો સંચય કરે છે. એ સંચય કરવાની ક્રિયાનું નામ આશ્રવ કહેવાય છે. પુન્ય કે પાપ આખરે તો કર્મ યાને અજીવના દળિકો અથવા રેણુઓ જ છે. એનો આશ્રવ એટલે આત્માની સાથે યોગ. આશ્રવ જેમ આવવાની ક્રિયા તેમ સંવર એ રોકવાની ક્રિયા છે. આત્મા જ્ઞાનદશામાં પ્રગતિ સાધી દૃઢતા ધારે તો એ કર્મ-દળિકોને પોતાની સાથે ભળતાં રોકી શકે છે. વધારે જાગ્રત

બની પૂર્વે જે ભળી ગયાં છે તેવાં કર્મોને ખંખેરી નાંખે છે એ ક્રિયા તે નિર્જરા કહેવાય છે. ઉપર જોયું તેમ કર્મદળિકોનું આગમન અને આત્મા સાથે ઓતપ્રોત થવું એ બંધ કહેવાય છે આત્મા જેમ જેમ વધારે પ્રમાણમાં જાગૃતિ દાખવે અને મૂળ સ્વભાવ પ્રતિ પગલાં માંડતો જાય તેમ નવો સંચય અટકી જ પડે પણ પહેલાં થઇ ચૂકેલાની પણ ઝાટકણી થવા માંડે. આમ બંધના સાંધા ઢીલા થવા માંડે, સદંતર એ છૂટી જાય, તે ક્રિયાના ફળનું નામ મોક્ષ. અજીવ જોડેના સંગ્રામમાં એકત્ર થયેલ કર્મસંચયનો સર્વથા નાશ થતાં જ આત્મા સ્વતંત્રદશા યાને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે—

दग्धे बीजे यथात्यन्ते, न रोहति बीजांकुरः ।
कर्मबीजे तथा दग्धे, न रोहति भवांकुरः ॥

ઉપરની ક્રિયાને જૈનદર્શનમાં નવતત્ત્વરૂપે વર્ણવેલ છે.

૧ જીવ. ૨ અજીવ. ૩ પુન્ય. ૪ પાપ. ૫ આશ્રવ. ૬ સંવર. ૭ નિર્જરા. ૮ બંધ અને ૯ મોક્ષ. એ નવતત્ત્વ, તત્ત્વજ્ઞાનમાં પ્રવેશવા સારુ પાયારૂપ મનાય છે. જો કે એ પ્રત્યેક તત્ત્વને અંગે અતિ લંબાણથી વિવરણ કરાયેલ છે, એના ભેદ-પ્રભેદ પણ ઓછાં નથી, એમાંના કેટલાંક પર તો સંખ્યાબંધ ગ્રંથો રચાયેલાં છે, પરન્તુ એ સર્વ પર લંબાણ કરવાનો અત્રે સમય નથી. જિજ્ઞાસુ હૃદયો એ અંગેની પિપાસા છીપાવવા માગતાં હોય તેમના સારુ અમારી વસતીનાં દ્વાર ખુલ્લાં જ છે. સ્વવ્રત પર મુસ્તાક રહી, આવશ્યક કરણીમાં અતિચાર ન આવે એ વાત લક્ષ્યમાં રાખી, પરમાર્થદૃષ્ટિએ જ્ઞાનચર્ચા કરવી એ અમારો ધર્મ છે.

" અહીં એકત્ર થયેલ શ્રોતાગણુના મોટા ભાગનું માનસ શક્તિ અનુસાર પિછાની લઈ, જ્ઞાની ભગવંતનાં વચનોમાંથી મારી દૃષ્ટિએ સારરૂપ તારવણી કરી, શકય સરલતાથી રજુઆત કરી છે. એ સૌ કોઇના આત્મશ્રેય અર્થે થાવ એ જ અભ્યર્થના છે."

આચાર્યશ્રીનું વક્તવ્ય સમાપ્ત થતાં જ રાજવીએ ઉપસંહાર કરતાં જણાવ્યું–" વિદ્વાન પુરુષોની ગોષ્ઠી સાચે જ અપૂર્વ કલ્યાણરૂપ છે. આજના માંગલિક દિવસે પ્રજાજનોએ અવનવું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. એમાં પણુ આપણા આંગણે પધારેલા શ્રમણુપુંગવે સાદી ભાષામાં જે અમૃતપાન કરાવ્યું છે એ આપણા માટે નવું હોઇ, પ્રગતિનો કોઇ અનેરો પયગામ પહોંચાડે છે. ' આત્મા કયાં તો ઊંચી કોટિએ પહોંચતા પ્રભુનો પૂર્ણ ભક્ત બને છે અથવા તો પ્રકૃતિનો છેડો ફાડતાં શૂન્યમાં ભળી જાય છે. ' એવો પૂર્વે થયેલી વિદ્વાનોની ચર્ચામાંથી નીકળતો ધ્વનિ છે, પણુ આજે આપણા નવીન અતિથિએ એમાં એક નવી ભાત પાડી છે. આત્મા ધારે તો માત્ર મહાત્મા જ નહિં પણુ પરમાત્મા બની શકે છે, એમ તેઓ કહે છે. સાથે એમ પણુ જણાવે છે કે મુક્તિ એ શૂન્ય દશા નથી પણુ સંપૂર્ણ આનંદમય દશા છે. આમ આજે નવી દિશાના–નૂતન વિચારસરણીનાં દ્વાર ખુલ્યાં છે. એ માર્ગ ખેડવા જેવો છે. મારી તેઓશ્રીને પ્રાર્થના છે કે મારા નગરમાં તેમજ આ તરફના પ્રદેશમાં તેઓ એ જ્ઞાનનો પ્રચાર કરે. અલબત્ત, ભદ્રશંકર સાથેની વાતચીતથી મારા જાણુવામાં આવ્યું છે કે તેમને કડક આચારનું પાલન કરવું પડે છે એટલે મારી સૂચનાનો અમલ કરવામાં ઓછી અગવડ ન ગણુાય, છતાં હું એટલી ખાત્રી આપું છું કે મારાથી બનતી દરેક સગવડ હું તેઓશ્રીને કરી આપીશ.

મને સૌ કરતાં વધારે સુન્દર વાત તો એ લાગી છે કે–એ સંતની વાણીમાં કર્કશતા, કટુતા કે અન્ય પરના આક્ષેપનું નામનિશાન નથી. પ્રતિપાદક શૈલીએ સ્વમંતવ્ય રજૂ કરવું એ જ એમનું ધ્યેય ઊડીને આંખે વળગે છે. મત કે સંપ્રદાય અંગેની ખેંચતાણનો ઇસારો પણ નથી. એટલે તેઓશ્રીના વિહારથી જનતાને લાભ જ થવાનો સંભવ છે એમ મારું માનવું છે. તેઓએ પધારી આપેલ જ્ઞાનના લાભ માટે આભાર માનતા મારી સૂચના પ્રતિ લક્ષ્ય દોરવા તેઓશ્રીને આગ્રહભરી વિનંતિ છે. ”

સભા બરખાસ્ત થઇ. વસ્તીમાં જોયેલા યશોભદ્રસૂરિ કેવી રીતે રાજાના અતિથિ થઇ આ મંડપમાં પધાર્યા એ વાત જાણી લઇ પછી આગળ વધવું ઇષ્ટ છે.

× × ×

## ૭. ભદ્રશંકર અને સૂરિમહારાજ.

“ આચાર્ય મહારાજશ્રી ! નમસ્કાર. ” ભદ્રશંકરે વસતી-સ્થાનમાં પ્રવેશતાં મસ્તક નમાવી કહ્યું અને વિશેષમાં જણાવ્યું કે-

“ પૂજ્યશ્રી ! આપનું આગમન આ તરફ મારા આગ્રહથી થયું છે છતાં હું એવા વિષમ સંયોગોમાં મૂકાયો છું કે એ પાછળનો મારો ઉદ્દેશ સફળ થશે કે કેમ ? એ એક ગૂંચભર્યો સવાલ છે. ખેર જે થાય તે ખરું પણ સૌ પ્રથમ તો મને એ જણાવો કે આપ સર્વના આહાર સંબંધમાં કેવા પ્રકારની વ્યવસ્થા ઉચિત થઇ પડશે ? ”

“ વત્સ ! તારે જરા પણ નિરાશ થવાની જરૂર નથી. આ પ્રદેશ તરફ વિહરવાના અંગુલીનિર્દેશમાં સાચે તું નિમિત્તરૂપ

છે, છતાં અમને તો નવનવા પ્રદેશના પરિભ્રમણુમાં જાતજાતના અનુભવો પ્રાપ્ત થયા છે. જો કે ક્ષુધા–તૃષા–શીત આદિ બાવીશ પ્રકારના પરીષહ સહન કરીને સાધુજીવનના આચારનું પાલન કરવાનું હોય છે, છતાં આ વેશની પવિત્રતાથી કહો કે જન-સમૂહમાં સંત–મહાત્માઓ પ્રત્યેની અસીમ ભકિતથી કહો, પણુ આહાર–પાણીના અભાવે અમને ઉપવાસ કરવાનો પ્રસંગ અમારા આ લાંબા વિહારમાં જવલ્લે જ આવ્યો છે, એમ કહે-વામાં અતિશયોકિત નથી. એવે સમયે થતી તપવૃદ્ધિને અમારા જૈન દર્શનમાં સ્થાન તો છે જ. ઇતર કોઇપણુ દર્શન કરતાં જૈન દર્શન તપકરણી પ્રતિ વધુ નમેલું છે. સંવર–નિર્જરા-ના પ્રાપ્ત થતાં દરેક પ્રસંગો બહુમાનપૂર્વક ઝીલી લેવાની તો ખાસ એ શિક્ષા આપે છે; એટલે વિહારમાં એમ બન્યું હોત તો પણુ અમને એનું જરા માત્ર દુઃખ ન થાત, બાકી આ દક્ષિણુ પ્રદેશમાં પગલા પાડવાથી અમારા અનુભવમાં ઘણી વૃદ્ધિ થઇ છે એ કાંઇ નાનોસૂનો લાભ નથી.

“ભાઇ! ત્હારે અમારા આહારપાણીની વ્યવસ્થા કરવાની જરૂર નથી; તેમ એની ચિંતા ધરવાનું કારણુ પણુ નથી. એક તો અમને વસતિ આપવાથી તું શય્યાતર બનેલ છે એથી અમારા યતિધર્મના નિયમ અનુસાર તારા ઘરનો આહાર તો અમને કલ્પે જ નહીં. વળી તારે ત્યાં તાજેતરમાં મરણુ થયું છે એટલે વ્યવહાર માર્ગ પણુ એમ કરવામાં આડી લીંટી દોરે છે. બાકી એ પ્રશ્ન તો લગભગ ઉકલી ચૂકયા જેવો છે. આ સ્થાનમાં પગ મૂકતાં જ થોડાક આસપાસ રહેતાં મનુષ્યોનો સંપર્ક અમારી મંડળીને સહજમાં થયો. પરસ્પરની પ્રશ્નોત્તરી-

થી એકબીજાના વહેવાર જાણી લેવાયા. ખપમાં આવે તેવું પાણી મળી ચૂકયું છે અને ગોચરી અર્થે નિમંત્રણ થઇ ચૂકયા છે. ”

“ ગુરુજી ! સંતના પગલે પગલે મંગળિકની માળા પથરાય છે એ જનવાચા ખરેખર સાચી છે. આપે મારે ત્યાં મૃત્યુ પ્રસંગ આ લોકોની વાત પરથી જાણ્યો કે કોઇ અન્ય નિમિત્તથી ? કેમકે આપે શહેરમાં પ્રવેશ મારા વડિલ બંધુની સાથે કર્યો છે. એની વાત પરથી તો સહજ પરખાઇ ગયું છે કે મેં જ્યારે આપને આ તરફ ઉતારો દાખવી, પિતાના મૃત્યુની વાત સંભળાવી ત્યારે જ એમણે જાણ્યું. એ પછી એમની ચક્ષુઓમાંથી આંસુઓનો જે પ્રવાહ વહી રહ્યો છે તે હજુ પણ બંધ નથી થયો ! આટલું પોચું હૃદય તો નારીજાતિમાં પણ ન સંભવે. પિતારૂપ શિરછત્ર જતાં પુત્રને શોક તો થાય. મને કંઈ નથી લાગ્યું એમ નથી. બાકી ‘ દુઃખનું ઓસડ દહાડા ’ એ અનુભવસિદ્ધ ઉક્તિ છે. શોક કર્યે ગયેલાં ઓછાં જ પાછાં ફરે છે. મરદનો શોક આંસુથી ન મપાય, એ જોવા સારુ તો હૃદય પ્રતિ વળવું પડે. માતુશ્રીએ એટલું જ કહ્યું કે–‘ ભાઈ ! તું કહ્યા વિના ચાલ્યો ગયો ત્યારથી એક દિવસ પણ તને સંભાર્યા વિના નથી રહ્યા. જો કે મૃત્યુશય્યા સમયે આ ‘ભદ્રિક’ આવી પહોંચ્યો અને એને જોતાં શાંતિ વળી છતાં તારા તરફનો તેમનો સ્નેહ આખરની ઘડી પર્યંત નિશ્ચળ રહ્યો. જીવનદીપ બુઝાવાની પળે પણ ‘ વરાહ ’ આવ્યો કે ? એમ મંદ પડી ગયેલા સાદે પૂછેલું. જો કે માતાએ તો આ વાત પુત્ર પ્રત્યે પિતાનું વ્હાલ કેવું ગાઢ હતું એ બતાવવા સામાન્ય સ્વરૂપે વર્ણવી, પણ પરિણામ જુદું જ આવ્યું. ત્યારથી ભાઇને એવો આઘાત લાગ્યો છે કે હજુ પણ શોક ઓછો

થતો નથી. હાથમાં દાતણ સરખું પકડતાં નથી. ફક્ત 'ઓ પિતા ! ઓ પિતા !' એવો પોકાર જ કર્યા કરે છે. બહુ વાર સમજાવું છું પણ જાણે તેમનું મગજ બહેર ન મારી ગયું હોય તેમ એની કંઇ જ અસર થતી નથી. આખરે થાકીને આપની પાસે એ હેતુએ આવ્યો છું કે એક તો આપ સરખા અતિથિની સગવડનો પ્રબંધ કરું અને આપ સરખા શ્રમણના ધ્યાનમાં આને લગતો કંઇ ઈલાજ હોય તો જાણી લઉં. મોટાભાઈના આ વર્તાવે તો અમોને વધુ વિમાસણમાં મૂકી દીધાં છે. મૃત્યુ પાછળની બીજી ક્રિયા આટોપવાની ગમ પણ પડતી નથી."

"વત્સ ! તેં આંકેલું ચિત્ર એ તો તારા ગૃહમાં અત્યારે યથાર્થ બની રહેલ બનાવનું ઉચિત ભાન કરાવે છે. જ્ઞાની પુરુષોએ આવા તો કંઇ કંઈ જાતના ચિત્રો પોતાના જ્ઞાનબળે નિરખ્યા છે અને સંસારમાં આકંઠ ડૂબેલા મોહગ્રસ્ત માનવોને માર્ગસૂચક થઇ પડે એ સારુ એમાંનાં કેટલાકને સાહિત્યના પાને પણ ચઢાવ્યા છે. સ્નેહના પાશ ગાઢતર અને તીવ્રતમ હોય છે. મોહનીય કર્મની માયાજાળમાંથી કોઇ વીરલો જ બચવા પામ્યો છે.

"વાસુદેવ કૃષ્ણ મહારાજના શબને બળદેવ સરખા સમજુ આત્માએ છ મહિના સુધી ખભે લઇને ફેરવ્યાની વાત કોણ નથી જાણતું ? એ પાછળ મોહરાજના દોરીસંચાર વિના બીજું છે પણ શું ? આમ તો અજાતશત્રુ જીવનની આખરી સુધી શ્રેણિક મહારાજનો વિરોધી રહ્યો, પણ સતી ચેલણાની એક વાત સાંભળતાં એનાં નેત્રપડળ ખુલી ગયાં. વિરોધ ટાળવા

એણે કમર કસી–કુદરતને એ વાત મંજૂર નહિ, ત્યાં જુદું જ બન્યું. પિંજરમાં પૂરાયેલ શ્રેણિકરાજે આપઘાત કર્યો. એ બનાવે અજાતશત્રુના મન પર એવો તો સખત આઘાત પહોંચાડ્યો કે ત્યારપછી એને રાજગૃહીમાં પળવાર પણ ચેન ન પડ્યું. વારંવાર પિતાના મૃત્યુની સ્મૃતિ ચક્ષુ સામે તરવરવા લાગી. આખરે રાજધાની ફેરવીને ચંપા નગરીમાં લઇ ગયા, ત્યારે જ પેલા બનાવની અસર રાજવીના મગજ પરથી ભુંસાવા માંડી અને થોડા સમયમાં પૂર્વવત્ આચરણ આરંભાયું. વાત વિસારે પડી ગઈ. જ્યાં ભલભલા જાણકારો ગોથાં ખાઇ જાય છે ત્યાં તારા બંધવનો અપવાદ ક્યાંથી સંભવે ? એના મસ્તકમાંથી એ પ્રીતિનો છેદ ઉરાડવો જોઇએ. એમાં કામ આવે તેવું રસાયન અમારા શ્રમણોના હાથમાં છે. એનું નામ વૈરાગ્ય. રાગના પાસમાં જકડાયેલ જીવને વીતરાગની વાતોવડે જ છોડાવી શકાય. ચાલ, હું તારી સાથે આવી એ રામબાણ ઇલાજ અજમાવું. ”

તરત જ આચાર્ય શ્રી યશોભદ્રસૂરિએ બગલમાં રજોહરણ અને હાથમાં દાંડો લઇ, ભદ્રશંકર સાથે તેના ઘરની દિશામાં પગલાં પાડ્યા. ઘરમાં પ્રવેશ કરતાં પૂર્વે જેવા પ્રકારનું ચિત્ર ભદ્રશંકરે દોર્યું હતું તેવા પ્રકારની દશા પ્રવર્તતી જોવામાં આવી. વરાહમિહિર પિછાનવાળા સંતને જોતાં ઊભો થઇ સામે આવ્યો અને એકદમ બોલી ઊઠ્યો—

“ મહારાજ ! મારા પિતા ક્યાં ચાલી ગયા ? તમે મને એક વાર તેમના દર્શન ન કરાવો ? હું તમારો એ માટે જીવનભર ઋણી રહીશ. ”

"હે વત્સ ! તને દર્શન કરાવું." સૂરિજી બોલ્યા અને આગળ કહેવા માંડયું કે "ભાગ્યવાન ! એ સારુ હું જે કંઇ કહું તે તારે એક ચિત્તથી સાંભળવું પડશે તેમજ એ પ્રમાણે વર્તન કરવું પડશે. સંસારમાંથી વિદાય થઇ ગયેલા આત્માના દર્શન કંઇ સહેલાં નથી પડ્યાં ! એ માટે પણ વિધિ–વિધાન જરૂરી છે."

"મહારાજ સાહેબ ! આપ જે કંઇ કહેશો તે હું કરીશ. કૃપા મને એક વાર પિતાશ્રીનું મુખ જોવા મળે તેમ કરો."

"જો ભાઇ ! તું વેદાન્તનો અભ્યાસી છે. એમાં કહેવામાં આવ્યું છે કે–દુનિયામાંનાં સર્વ પદાર્થો ચલ–વિચલ સ્વભાવના છે. જે સવારે દેખાય છે તે મધ્યાહ્નને જોવામાં આવતું નથી અને એ બપોરના દૃશ્યનું પરિવર્તન સંધ્યા કોઇ જુદી રીતે જ કરી વાળે છે ! '**चलाचले च संसारे, धर्म एको हि निश्चलम् ।**' કહેલ છે તે કંઇ ખોટું નથી. એ ધર્મ તે આત્મધર્મ છે. આ ઘર, પેલા વાડી બંગલા, બજારમાં ચાલી રહેલ વણજ–વેપાર, રાજદરબારમાં થઇ રહેલી મસલતો અને રોજના ક્રમમાં એકધારો ભાગ ભજવતાં ખાન–પાન કે આનંદ–વિલાસ એ શાશ્વત દશાવાળાં નથી. અરે ! આ આપણા શરીર પણ નાશવંત છે. જો કોઇ પદાર્થ અમર હોય તો તે એક માત્ર આપણો આત્મા જ છે. એ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી. આવરદાનો છેલ્લો ઘંટ વાગતાં જ એ એના વર્તમાન ખોળિયાનો ત્યાગ કરે છે. સંચિત કરેલ સદ્–અસદ્ કમાણીના પ્રમાણમાં નવો અવતાર ધારણ કરે છે. દેહ બદલાય છે. શરીર જુદા પ્રકારનું મળે છે પણ આત્મા તો એનો એ જ રહે છે. આ પ્રકારનો ક્રમ જયાં

લગી આત્મા પોતાની મૂળ સ્થિતિનો સાક્ષાત્કાર નથી કરતો ત્યાં લગી ચાલ્યા જ કરે છે. ચોરાશી લાખ જીવયોનિમાં જન્મવું અને આયુષ્યનો અંત આવતાં મરવું એ એનો કાર્યક્રમ બની રહેલો છે; તેથી તો '**मरणं प्रकृतिः विकृतिः जीवनमुच्यते**' એવા શ્લોકની રચના થઇ છે. એટલા સારુ તો વ્યવહારમાં બોલાય છે કે–'**पुनरपि जननम्, पुनरपि मरणम्, पुनरपि जननीजठरे शयनम्**' કર્મ અનુસાર માનવ મટી પશુ પણ બનવું પડે છે અને દેવતાઇ ભોગો જોતજોતામાં ક્યાંયે ઊડી જાય છે. માઠી કરણીનો બોજ વધી પડે તો નરકના દ્વાર ખખડાવવા આ આત્માને ફરજીયાત જવું પડે છે. એમાં નથી તો ષટ્ખંડ ચક્રવર્તી આડો હાથ ધરી શકતો કે નથી તો ત્રિખંડાધિપતિ વાસુદેવ મીન–મેષ કરી શકતો!

"જ્યાં પરિસ્થિતિ આમ છે ત્યાં ઓ ભૂદેવ મહાશય! શું તમે એટલું પણ નથી સમજી શકતા કે કર્મરૂપી પરતંત્ર દશાના પિંજરે સપડાયેલ આત્મા ઇચ્છિત સ્થાને પોતાની મનીષા મુજબ રહી શકે છે કિંવા ધારણા પ્રમાણે વર્ષો ગાળી શકે છે ખરો? હરગીજ નહિ. આમ છતાં જ્ઞાનશક્તિદ્વારા હું તમને તમારા પિતાશ્રીના દર્શનનો યોગ બતાવીશ પણ એ સારુ મગજનું સમતોલપણું આવશ્યક છે, માટે આ શોક તજી દઇ, આવશ્યક કાર્યમાં ચિત્ત પરોવો. ઘડીભર મનમાં કલ્પી લ્યો કે પિતાશ્રી પરદેશ ગયા છે. આજે આટલું બસ છે."

આચાર્યશ્રીની યુક્તિપુરસ્સર વાતથી વરાહમિહિરે વહેવારમાં ચિત્ત પરોવવા યત્ન કર્યો, આવશ્યક કાર્યો કરવા માંડ્યા. આમ છતાં પિતાનો વિરહ તદ્દન તો ન જ ભૂલી શકાણો.

સૂરિમહારાજે પણ પ્રતિદિન કલાક દોઢ કલાક એ માટે વૈરાગ્યની વાતો કાઢી, એવી રીતે સમજાવવા માંડી કે ઘનાચ્છાદિત આકાશ જેમ ભસ્મરાશિના તપ્ત કિરણોથી સ્વચ્છ થવા માંડે તેમ વરાહમિહિરનો મનોપ્રદેશ પણ મોહનાં પડલ તૂટવાથી શુદ્ધ બનવા માંડ્યો. અનિત્ય ભાવનાનો ઓપ એ પર વધુ ચઢવા લાગ્યો. સંસારમાં કોઇ કોઇનું નથી એ સૂત્ર હૃદયમાં દ્રઢપણે અંકિત થયું. દરરોજના કાર્યોમાં સ્ફુર્તિ આવવા માંડી. પાંચમા દિવસે સૂરિમહારાજે પ્રવેશ કરતાં જ પ્રશ્ન કર્યો.

"કેમ વિપ્ર મહાશય! પિતાની સ્મૃતિનો મોહ–પાશ છૂટ્યો કે નહીં?"

"પૂજ્ય મહારાજ સાહેબ! આપશ્રીના વચનોથી મારા મનમાં એટલું તો ચોક્કસ થયું છે કે 'ગયું તે પાછું આવતું નથી' મરનાર ને રોનાર મનુષ્યની દશા પણ નિરાળી તો નથીજ, છતાં કોઇ કોઇવાર એવો તરંગ ઊઠે છે કે જેમ સતી સાવિત્રીની પવિત્રતાએ પોતાના પ્રીતમને નવજીવન અપાવ્યું હતું તેમ મારા સામર્થ્યના જોરે મારા પિતાના થોડા વર્ષો હું ન વધારાવી શકું?"

"વરાહમિહિરજી! એ શક્ય નથી જ. એક ક્ષણ માત્ર આયુષ્ય વધારી શકાતું નથી એમ પરમાત્મા શ્રી મહાવીરદેવનું કથન છે અને એ વિચારણા કરવાથી સુતરાં ગળે ઉતરી જાય તેવું પણ છે. પાંચ કારણના જોરે આ સંસારચક્ર અસ્ખલિત ગતિએ વહી રહ્યું છે. તમારા મંતવ્ય મુજબ ખૂદ ઇશ્વર જગતનો કર્ત્તા હોવા છતાં તે એમાં હસ્તક્ષેપ કરી શકતો નથી. સાવિત્રીના ઉદાહરણમાં ભાવ જુદો જ છે. એના પતિની બેભાન

સ્થિતિ એની પવિત્રતાના બળથી ચાલી ગઇ સંભવે છે. બાકી એક વાર પ્રાણ પંખેરું વિદાય થયું તો પછી એને પુનઃ દેહરૂપી પિંજરમાં માનવશક્તિ સ્થાપિત કરવા અશક્ત છે. અલબત કેટલાક પ્રસંગોમાં દૈવી શક્તિના દર્શન જુદી રીતે ભાવ ભજવે છે છતાં એ માયાજાળ કે ઇંદ્રજાળ છે. એ સ્થિતિ કાયમી સ્વરૂપ પકડી શકતી નથી. આ તો વાસ્તવિક સ્થિતિ સમજાવી. હવે મારો પ્રશ્ન એક જ છે કે–તમારે સોમશર્મા પુરોહિત અર્થાત્ તમારા પિતાના દર્શન કરવા છે ? જો કરવા જ હોય તો કોના કરવા છે ? એમના આત્માના કે દેહના ?

" સોમશર્માનો દેહ તો આ ભદ્રશંકરે જાતે આગ મૂકી બાળી દીધો છે. એના દર્શન મૂળરૂપે હવે શકય છે જ નહીં. જો આત્માના દર્શન કરવા હોય તો એ શકય છે કેમકે આત્મા કદાપિ મરતો જ નથી; ફક્ત એક દેહ છોડી બીજા દેહમાં પ્રવેશે છે. જ્ઞાનીની દૃષ્ટિ, સોમશર્મા વિપ્ર આ દેહ ત્યજી દઇ કયા શરીરમાં વસે છે એ સ્પષ્ટ જોઇ શકે છે. એ જ્ઞાનના બળથી હું પણ દર્શાવી શકું કે ફલાણા પ્રદેશમાં સોમશર્માના જીવે નવું ખોળિયું ધારણ કર્યું છે, પણ એથી તમારા મનનું સમાધાન શકય નથી જ. તમો જે પ્રકારે જોવા ઇચ્છો છો તે કેવળ આત્માને કે દેહને નહીં, પણ દેહયુક્ત આત્માને–પુરોહિતના વ્યવસાયરક્ત આત્માને અર્થાત્ આ સ્થળમાં જીવન પાંગરનાર સોમશર્માને ! સોમશર્માનો આત્મા નવીન રૂપમાં એકાદા સૂક્ષ્મ અર્ભકના ગર્ભરૂપે જ્ઞાનબળે જોનાર જ્ઞાની પણ તમને દેખાડે તોપણ તમે એ વાત ચક્ષુથી જોઇ માનવાના નથી; કેમકે વહેવારના તોલે તોલતાં કે ચર્મચક્ષુના માપે માપતાં એ સાચી દેખાવાની નથી. એ માટે જ્ઞાનચક્ષુઓ

જોઇએ, તે તમારી પાસે છે નહીં. બાકી કેવળજ્ઞાની ભગવાનને તો આ વિશ્વના સર્વ પદાર્થ હસ્તામલકવત્ પ્રત્યક્ષ છે. ક્યાં તો એવી સ્થિતિ મેળવવાનો નિશ્ચય કરો અને એ પ્રાપ્ત થતાં માત્ર આ ભવના પિતા સોમશર્માને જ નહિં પણ એ પૂર્વના ભવોના સંખ્યાતીત પિતાઓને જોઇ શકશો; પરંતુ એ જાતની લાલસાને મૃગજળ માની સર્વથા અંતરમાંથી ઉખેડી નાંખી, જગતનો વહેવાર જે રીતે પ્રવર્તે છે એમાંના તમો પણ એક છો, એમ અવધારી લઈ, એ તરંગોને ભૂંસી નાંખી આવશ્યક કામે લાગી જાઓ.

" હજારોના મરણ જેમ સમયના વહેણમાં ભૂતકાળનો વિષય બની ગયા તેમ પુરોહિત સોમશર્માના મૃત્યુને પણ બનવા દો. યાદદાસ્ત સ્વાર્થને આભારી છે. બાકી તો **वत्स ! क्षीरक्षयं दृष्ट्वा, परित्यजति मातरम्** જેવું છે."

" આચાર્યશ્રીની તેજદાર ને અર્થગર્ભિત વાણીએ વરાહ-મિહિરના ડોલાયમાન મનને મૂળ સ્થિતિ પર મૂકી દીધું. પુંડ્રવર્ધનના સ્વામી તરફથી સ્વર્ગસ્થ પિતાનું પુરોહિતપદ સંભાળી લેવાનું કહેણ આવેલું છતાં વડિલ ભાઈની માનસિક અસ્થિરતા નિહાળી કંઇ ઉત્તર વાળી શકેલ નહીં. આજે ભદ્રશંકર ઉચિત પોશાકમાં સજ્જ થઇ, દરબારમાં પહોંચ્યો. રાજવીએ સહજ પ્રશ્ન કર્યો: " શું વરાહમિહિર હજુ પરદેશથી પાછો નથી ફર્યો ? પુરોહિતનું પદ તમારા ઉભયમાંથી કોણ સાચવશે ? આટલા દિવસ શું એની વિચારણામાં વ્યતીત થયા કે કંઇ બીજું કારણ છે ? "

" મહારાજાધિરાજ ! આપના બધાયે પ્રશ્નોનો જવાબ

મારી વાત સાંભળતાં મળી જાય તેમ છે. એ સારુ તો હું અહીં આવ્યો છું." એમ કહી ભદ્રશંકરે વરાહમિહિરના આગમન બાદ જે બનાવ ભજવાઇ ગયો હતો તે અક્ષરશઃ વર્ણવી બતાવ્યો. એમાં આચાર્યશ્રી યશોભદ્રસૂરિનો પ્રસંગ પણ એક કરતાં વધુ વાર આવી ગયો. એ વર્ણન સમાપ્ત કરતાં તેણે જણાવ્યું કે–"હવે વડીલ ભાઇ પુરોહિત પદ સંભાળી શકે તેવી શક્તિ ધરાવતા થઇ ગયા છે, બાકી મારી ઇચ્છા માતુશ્રીની તબિયત ઠીક થયે, મોટાભાઇને ગૃહસ્થાશ્રમી બનાવી પધારેલ વિદ્વાન સંતના ચરણમાં વસવાની અને જ્ઞાનાર્જન કરવાની છે. એમનામાં વિદ્વત્તા તો છે જ પણ સાથે અભિમાનનો છાંટો સરખોયે નથી. ક્ષમા–શમતા આદિ ગુણોથી મારું હૃદય તેમના પ્રતિ પ્રથમ પરિચયે જ આકર્ષાયું હતું. અને હવે તો આ આકર્ષણ અતિ દૃઢ બંધે બંધાયું છે. આવા પરોપકારીનો સહવાસ પૂરા ભાગ્ય હોય તો જ પ્રાપ્ત થાય. મુખમાં આવેલ કવલ કોણ ગુમાવે?"

"ભદ્રશંકર! તેં પણ યોગ્ય અવસરે હાજરી આપી. અમો આ વેળા નૂતન વર્ષના કાર્યક્રમનો વિચાર કરતા હતા. અમે એ વિદ્વાન સૂરિને પધારવાનું આમંત્રણ રાજ્ય તરફથી મોકલશું, છતાં તારા અતિથિ છે એટલે ખાસ આગ્રહ કરજે. જ્ઞાનીના જ્ઞાનનો લાભ લેવો એ તો જીવનનો લ્હાવો છે."

વાચક અગાઉ જોઇ ગયેલ પ્રસંગ આ વાતને આભારી હતો એમ સહજ સમજી શકાશે. હવે આગળ શું બને છે તે જાણવા તત્પર બનજો.

× × ×

## ૮. વિહારકાળનો એક બનાવ—

"અરે ! જીવનના પ્રાંતભાગે મારા નશીબે આ દુઃખ જોવાનું ? યુવાનીના તનમનાટમાં અમાત્ય પદવીના અધિકાર કાળે મને આવા કરુણ ભવિષ્યનો સ્વપ્ને પણ ખ્યાલ હતો ? હા દૈવ ! તેં મારી લીલી વાડીને જોતજોતામાં કેટલી હદે વિણસાડી દીધી ? સ્નેહના સરોવર સમી પ્રેયસી લક્ષ્મીને પોતાની લાડીલી બાળકી કૃષ્ણાને સાસરે વળાવવાના કેવા કોડ હતા ? એને સંસ્કારી બનાવવા સારુ તો એ બિચારીએ પોતાનું જીવન ખરચ્યું હતું. કુળવાન કુટુંબનો મૂરતિયો શોધવામાં લોહીનું પાણી કર્યું હતું, પણ ધાર્યું કોનું થાય છે ? એ મારી ધર્મપત્નીના ગુજરી ગયા પછી મને, મારી બે પુત્રીઓને અંગે જે દુઃખ પડયું છે તેનું વર્ણન આપની પાસે કરવું તે મને યોગ્ય લાગતું નથી કારણ કે તેમાં અમારા દુઃખી સંસારનું ચિત્ર છે. એ દુઃખથી કંટાળીને હું આ વાવડીમાં ડુબીને મરણ પામવા ઇચ્છતો હતો. તેમાંથી આપે મને બચાવી લીધો છે."

"ભલા માનવ ! તું મુદ્દાની વાત પર કેમ નથી આવતો ? અમો કંચન-કામિનીના ત્યાગી નિર્ગ્રંથો સંસારના બંધનોને ઇચ્છાપૂર્વક ત્યજી દઇ કેવળ આત્મશ્રેયના ઇરાદાથી, દેહ અને ઇંદ્રિયોનું દમન કરતાં, નવ નવા પ્રદેશમાં વિચરી પ્રાપ્ત થતાં પરિષહો વેઠતાં, અને આવી પડતાં ઉપસર્ગો સહન કરતાં-ગોચરીથી જીવન નિભાવતા સાધુઓ છીએ. આવા કુદરતી ઉપવનો એ જ અમારા નિશાકાળના આરામસ્થળો, ધરતીનું ઓશિકું અને આભનો ચંદરવો-એ હેઠળ અમાપ નિર્ભયતા અને શાંત નિદ્રા. જોને મારા શિષ્યો કેવા શાંતપણે ઊંઘનો આસ્વાદ લઇ

રહ્યા છે. જો કે અમારા સિદ્ધાંતમાં શ્રેષ્ઠ સ્થાન તો જાગર ઉજાગર દશાને છે પણ જ્યાં સુધી દર્શનાવરણીય કર્મનો જડ-મૂળથી ઉચ્છેદ ન થાય ત્યાં લગી એ આવી ન જ શકે. વળી પાદવિહાર અને આવશ્યક ક્રિયારત જીવન એટલે દિવસના પરિશ્રમના અંતે આ પ્રકારની મીઠી નિદ્રા અમને તો સહજ છે. તારા પ્રાણરક્ષણના એક જ ધ્યેયથી સંસારી રંગે રંગાયેલું તારું બ્યાન હું સાંભળી રહ્યો છું. એક વાર ફરીથી યાદ આપું છું કે તને પહાડ સમું લાગતું આ કષ્ટ જ્ઞાની ભગવંતના જ્ઞાનમાં કર્મરાજના જે જે ષડ્યંત્રોની લાંબી હારમાળા જોવાયેલી છે એમાં કંઈ જ વિસાતમાં નથી. છતાં દુઃખિયારાને આશ્વાસન દેવું, યથાશક્તિએ તેનું દુઃખ નિવારણ કરવા પ્રયાસ કરવો, એ માનવતાનું લક્ષણ છે. એટલું જ નહિં પણ સંત માટેનો પરમ પરમાર્થ છે. ક્ષણો વીતે છે. પ્રાતઃકાળના ભણકારા સંભ-ળાય છે. મુસાફરખાના સમા આ જગતમાં એકત્ર થયેલા આપણે ઉષાના કિરણો ફુટતાં જ નિરાળા પંથે પ્રયાણ કરી જશું; માટે એ દુઃખો સૂચવતા સમાચાર સત્વર બોલી નાખ."

"મહાત્માજી! સાચે જ એ દીકરીના રંડાપાના સમાચાર સાંભળ્યા છતાં આ દુર્ભાગી હજુ જીવે છે."

આ બધું સાંભળીને સંસારને લાત મારનાર સંત ઘડીભર મૌનસ્થ બની ગયા. સંત હતા છતાં માનવહૃદયવિહુણા નહોતા. પોતાનું પૂર્વજીવન તદ્દન વીસારી નહોતું દીધું. કોઈ અનોખી પળે એ પ્રતિ માનસિક પ્રકાશ ચમકી જતો. જાણે અલ્પ-કાલીન સમાધિમાંથી જાગ્રત બની ન ઉચ્ચારતા હોય તેમ એ સંત બોલ્યા:

" મહાનુભાવ ! મુંઝાઈશ નહીં. શૂળીનું વિઘ્ન સોયે ગયું છે. તારી સાંભળેલી વાત ખરી છે. પણ તારી પુત્રીઓના સૌભાગ્ય–કંકણો અખંડ છે. સર્વનાશના કિનારે પહોંચેલું નાવ પૂર્વપુન્યાઇના યોગે સલામતીની દિશામાં ખેંચાઈ ગયું છે. યશોદાનો ભાગ્યરવિ પૂર્ણપણે પ્રકાશી ઊઠયો છે, અને પશ્ચાત્તાપનો પાવક જેના અંતરને પ્રજ્વલિત કરી શુદ્ધતા અર્પી રહ્યો છે એવા રામચંદ્રના મનોપ્રદેશમાં કૃષ્ણા માટેનું આકર્ષણ સહજ જન્મી ચૂકયું છે. આમ સ્વપ્રતિજ્ઞાના જોરે તારી બન્ને તનયાઓ, કદર્થનાઓ ખમીને સુખના મધ્યાહ્ને પહોંચી છે. 'તડકા પાછળ છાંયડો અથવા દુઃખ પાછળ સુખ' એ કુદરતનો કાનૂન સત્યરૂપે પ્રકાશી ઊઠયો છે. તારી જીવન-રક્ષા કુદરતી રીતે શુભ સમાચાર સંભળાવવાના નિમિત્તરૂપે પરિણમી છે. "

" પૂજ્ય ગુરુજી ! તો એ આગંતુકે મને ખોટા સમાચાર આપ્યા ? મારી સાથે વિના કારણ છળ કર્યો ? "

" ના, તેમ નથી, જે બનાવની એણે વાત કરી એ સંકટ આવેલું તો ખરું, પણ એ ઝાઝો સમય ન ટકી શકયું. પવિત્ર પ્રેમદાની પતિભકિત પ્રકાશી ઊઠી, સહનશીલ વામાની ધીરજ સફળ થઇ. એ બનાવ વેળા ખબર આપનાર પથિક ત્યાં ન હતો, એ પાછળનો પડદો ઉંચકાયો ત્યારે એણે તો કેટલીએ ભૂમિ ઓળંગી દીધેલી–એમાં કેટલા ય દિનોનું અંતર પડી ગયું. "

" તારણહાર ! આપે અહીં રહ્યા આ બધું શી રીતે જાણ્યું ? મારા નિર્ભાગી પર કૃપા આણી જરા સવિસ્તરપણે

એ વ્યતિકર કહી સંભળાવો. હું સમજું છું કે આપ સરખા શ્રમણને આવી વાતમાં દોરવવા એ દોષના કારણરૂપ છે, છતાં હું પામર પ્રાણી છું, સંસારી સ્નેહની આસક્તિથી લેપાયેલ છું. લોહીના તંતે સંધાયેલ દુહિતાઓના સુખ જાણવા આતુર છું. પરોપકારી સંત એટલો પરોપકાર કરો.”

“જો ભાઈ! તારા ગામત્યાગ પછી, ઘરકામની કાળજી ભરી સંભાળે, હૃદયની સાચી ભક્તિએ, પતિભક્તિની અનુપમ સુવાસે પ્રબોધનું દિલ યશોદાએ આકર્ષી લીધું. બીજી બાજુ રામચંદ્રની ચાલબાજી ઉઘાડી પડી અને એની સાથેનો મૈત્રી સંબંધ તૂટ્યો. પ્રબોધ ગ્રામ્યજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતા ખેડૂતોના કલ્યાણ કાર્યમાં પડ્યો. પાપાત્માઓને અને દુરાચારીઓને ઉઘાડા પાડવામાં નિર્ભયપણે ભાગ લેવા લાગ્યો. પોતાની સાળી કૃષ્ણાની પવિત્ર રહેણી–કરણી સામે પતિ એવા રામચંદ્રનું કલંકી વર્તન નિહાળી એનો રોષ એક સમયના એ મિત્ર સામે ભભુકી ઊઠ્યો. રામચંદ્રને પણ પ્રબોધના સુખી સંસારમાં આગ લગાડવાની અને એ રીતે કૃષ્ણાના રહ્યાસહ્યા આશ્રયસ્થાનનું ઉન્મૂલન કરવાની લગની લાગી. એણે ડાકુઓનો સધિયારો શોધ્યો. પ્રબોધને ફસાવવાનો પેંતરો રચ્યો. ‘ખાડો ખોદે તે પડે’ એ કાળજૂની કહેવત સો ટકા સાચી પડી. ગોઠવેલ બાજીમાં મામુલી ક્ષણોના વિલંબે ગોટાળો કરી દીધો. પ્રબોધને ફસાવી, રામચંદ્ર એને એક નોકરની દેખરેખમાં સોંપી ડાકુની શોધમાં નીકળ્યો. કેદી એવા પ્રબોધને કોટડીમાં પૂરી પેલો નોકર નજીકમાં એના કપડાં ફંફોસવા લાગ્યો. ખીસામાંનું નાણું નિરખી એનો જીવ ચળ્યો. એ પોશાક સજી જ્યાં પલાયન કરવા માંડે છે ત્યાં ડાકુઓની

ટુકડી આવી પહોંચી. પ્રબોધના પોશાકમાં સજ્જ બનેલ નોકરનું પ્રબોધ સમજી ખૂન કર્યું. શબને રફેદફે કરે તે પૂર્વે કોઇના પગલા સંભળાયા અને ટોળી રફુ ચક્કર થઇ. આવનાર રામચંદ્ર ચક્ષુ સામેનો દેખાવ જોઇ નાચી ઊઠ્યો! ચિરકાળની આશા પાર પડેલી નિરખી એનો હર્ષ ઉભરાઇ ગયો! સમય-સ્થાનનું લક્ષ્ય ચૂકયો! પ્રબોધના ગુમ થવાથી, પતિપરાયણા યશોદાના ઘરમાં રડારોળ મચી. વાત ગામમુખીના કાને પહોંચતાં જ તે પોલિસો સાથે નીકળી પડ્યો. અને પગીની દોરવણીના આધારે આ ગુપ્ત સ્થાનમાં આવી ચઢ્યો. પ્રબોધનું મુડદું ને નજીકમાં ઉભેલ હસતા મુખડાવાળો રામચંદ્ર! ખૂન અને ખૂની! તરત જ હાથ કડી કરી, રામચંદ્રને લઇ સૌ યશોદાના ઘરમાં આવ્યા. આ દૃશ્ય જોઇ, કૃષ્ણાની તો છાતી બેસી ગઇ! યશોદા કપડાથી ઢાંકેલા મૃતક પાસે આવી. ખૂનીએ છરા મારી મુખ તો એવી રીતે છુંદી નાંખેલું કે જેથી ઓળખી શકાય નહી. આવું કરુણ મૃત્યુ જોયાં છતાં યશોદાના અંતરમાં આઘાત ન ઉદ્ભવ્યો. તેનું હૃદય પોકારી રહ્યું કે-પોશાક પતિનો છે છતાં મારો પતિ આ ન હોય, મરણ ખરેખરૂં થયું હોય તો આવા સમયે મારી છાતી ચીરાઇ જાય. કુદરતી રીતે દેહમાં કોઇ અનેરું સંચાલન થાય. એમાંનું કંઇ જ બનતું નથી. હિંમતથી એ પોકારી ઊઠી કે-“આ મારો પતિ નથી.” સૌ આશ્ચર્ય પામ્યા. રામચંદ્રને એકાએક યાદ આવે છે કે પ્રબોધના કપડા પોતે ઉતરાવ્યા હતા. એની સંભાળમાં મૂકેલ નોકર કયાં? સહજ શંકા ઉદ્ભવી. એ નોકરનું આ શબ હોય તો! તેણે પોલિસને વાત કહી. એના બંધ ઢીલા કરી આગળ આણવામાં આવ્યો.

કપડું દૂર કરતાં જે દેહ દેખાયો એ ઉપરથી પતિવ્રતા યશોદાએ અને રામચંદ્રે ખાતરીથી કહ્યું કે આ પ્રબોધ નથી પણ પેલા નોકરનો દેહ છે. મુખીને વિચાર આવ્યો કે એ સ્થાનની નજીકમાં જ કોઇ સ્થળે પ્રબોધને સંતાડેલો હોવો જોઇએ. તરત જ એ પાછો ફર્યો. મૃતક પડયું હતું એની નજીકમાં એક તરફ ઊભી કરાયેલી એક શિલા જોવામાં આવી. એને હઠાવતાં એકાદ ભોંયરામાં જવાની પગથી જણાઇ. થોડે દૂર જતાં જ એક બંધ કોટડીમાં કંઇક અવાજ સંભળાયો. એ ખોલતાં જ કેદી દશામાં પ્રબોધ નજરે ચઢયો. બંધનથી મુક્ત કરી સૌ પાછા ફર્યા. યશોદાના ઘરમાં આનંદના પુર ઉભરાયા. રામચંદ્રના ચહેરા પર વિષાદની કાલિમા પથરાઇ રહી. એનું મન પોકારી ઉઠયું કે–એના બાર વાગી ગયા. શૂળીનો માચડો સામે જ છે. માત્ર પ્રબોધ ઉચ્ચાર કરે તેટલો જ વિલંબ છે; કેમકે આ કામ પાછળ એનો હાથ છે એ વાત તે સારી રીતે જાણતો હતો.

પ્રબોધે પ્રથમ યશોદા તરફ, પછી કૃષ્ણા તરફ અને આખરે રામચંદ્ર તરફ દૃષ્ટિપાત કરી, મુખીને ઉદ્દેશીને કહ્યું કે–

" મહાશય ! હું જીવતો આવ્યો છું એ કંઇ જેવો તેવો આનંદ ન ગણાય. આ બનાવ પર વધુ ચુંથણા ન ચુંથાય એ ઇરાદાથી હું પડદો પાડવા ચાહું છું. આનંદના અવસરમાં એ જ શોભે. " સૌના વિખરાયા પછી રામચંદ્ર દોડી આવી પ્રબોધના ચરણમાં પડ્યો. ગળગળા સાદે બોલ્યો–" મિત્ર ! મેં તો તારું નિકંદન કાઢવા નક્કી કરેલું પણ તારા પ્રબળ પુન્યે તું બચી ગયો, એટલું જ નહિં પણ મારા સરખા અપરાધીને ફાંસીને લાકડે ચઢતો બચાવ્યો ! તારો કઇ રીતે ઉપકાર માનું ? "

પ્રબોધ–સાચી મિત્રતા આવી જ હોય. તને સાચા હૃદયનો પશ્ચાત્તાપ થયો હોય તો ગઇ ગુજરી ભૂલી જા અને જીવનનું નવું પાનું ઉઘાડ. કૃષ્ણા બહેનને સુખી કરી જૂના વર્તનનો બદલો વાળી દે. અભણ લેખાતી યશોદાએ મારો સંસાર સુખમય બનાવ્યો અને પતિવ્રતા ધર્મ દાખવી જીવન રક્ષ્યું. સહેજ પ્રમાદ કરત તો ખેલ ખલાસ થઇ જાત ! એ જીવતી રંડાઇ ઝુરી ઝુરીને મરત ! હું અંધારે ખૂણે મરત ! સિતારો પાંસરો છે જેથી એમ નથી બન્યું. ચાલો ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીએ.

“ઓ પથિક ! તું જેમની ચિંતા કરી રહેલ છે અને જેમના વિષેના સમાચારથી આપઘાતને નોતરી રહ્યો હતો તે તારા વહાલા સંતાનો અત્યારે ઉપર વર્ણવેલી સ્થિતિમાં સંસારી-જીવનનો લ્હાવો લે છે. પરમાત્મા શ્રી મહાવીરદેવના અનેકાંતદર્શનમાં પાંચ પ્રકારના જ્ઞાન દર્શાવેલાં છે. એમાંના સર્વ શ્રેષ્ઠ ‘ કેવળજ્ઞાન ’થી સારાએ જગતમાં બનતાં નાના મોટા પ્રત્યેક બનાવોનું જ્ઞાન હસ્તામલકવત્ થઇ શકે છે. એનાથી ઉતરતાં એવા મનઃપર્યવ અને અવધિજ્ઞાન પણ મર્યાદિત રીતે આસપાસના અમુક ક્ષેત્રો પર્યંતના બનાવો પર અજવાળું પાડી શકે છે; અને એથી ઉતરતાં સામાન્ય રીતે પ્રત્યેક આત્મામાં હોય છે એવા મતિ અને શ્રુત એ બે જ્ઞાન પણ અમુકાંશે આવા પ્રકારના નિરૂપણમાં સ્હાયક તો છે જ. શ્રુતજ્ઞાનનું બળ આત્મા એટલી હદે વિકસાવી શકે છે કે એ ચૌદપૂર્વનો જ્ઞાતા બને છે અને ઉપયોગદ્વારા એ જે કંઇ કથન કરે છે એ સૌ પ્રથમ વર્ણવેલ જે કેવળજ્ઞાન એના સરખું જ સત્ય નિવડે છે. આમાંના શ્રુતજ્ઞાનના પ્રભાવથી મેં તારા

દુખિયારા અંતરમાં ઉજાશ ફેંક્યો છે. એનો તાલો મેળવવો હોય તો મેળવી શકાય તેમ છે. માનવ નિશ્ચય કરે તો એને માટે કંઇ જ અશક્ય નથી. આત્મા અનંત શક્તિનો ધણી છે.”

“ગુરુદેવ! પરોપકાર કરવાનો આપનો જીવનમંત્ર છે એ સાચું છે, છતાં મારા જેવા માટે તો આપ પ્રાણદાતા છો. એક વાર આપે વર્ણવેલું દૃશ્ય નજરે જોવાના મને કોડ છે એટલે અત્યારે તો હું પાછો ફરું છું. કૃપા કરી મને એટલું કહો કે આપનો મેળાપ મને પુનઃ ક્યાં થઇ શકશે? મારું શેષ જીવન આપના ચરણમાં વીતાવવાનો મેં નિરધાર કર્યો છે.”

“મુસાફર! અમારા સરખા અનગાર માટે ખાસ નિયત સ્થળ તો ન જ સંભવી શકે, છતાં જો તું થોડા દિવસોમાં પાછો ફરવાનો હોય તો પ્રતિષ્ઠાનપુરમાં રાજપુરોહિત ભદ્રશંકરની વસતીમાં આવી મળજે. નિર્ગ્રંથ યશોભદ્રસૂરિ મારું નામ છે.”

પેલો મુસાફર પંથે પળ્યો ત્યારે પ્હો ફાટવાને થોડીક વાર હતી. સૂરિજી સહજ સંથારા પર આડા પડ્યા. સહેજ આંખ મળી ગઈ. એમણે કોઈ અદ્ભુત સ્વપ્ન દીઠું અને ત્યાં તો શિષ્યના સાદે આંખ ખુલી ગઈ તો માલૂમ પડ્યું કે અહર્નિશ જે સમયે વિહાર કરતા હતા એ કરતા કંઇક મોડું આજે થયું હતું. કેટલીક વાર તો શિષ્યો પૂર્વે સૂરિજી તૈયાર થઈ જતા. એથી શિષ્યો વંદના કરી રહ્યા કે તરત જ એમાંનાં એકે પૂછ્યું—

“ગુરુમહારાજ! શરીરે તો સુખશાતા છે ને? આંખો પરથી ભાસ થાય છે કે આપને બરાબર નિદ્રા આવી હોય તેમ જણાતું નથી.”

"વત્સ ! તારી શંકા અસ્થાને નથી, છતાં એની વિચારણામાં કાળક્ષેપ કરવો એ પોસાય તેમ ન હોવાથી સત્વર વિહારની તૈયારી કરો. અને પ્રતિષ્ઠાનપુર તરફ પ્રયાણ કરો."

એકાએક ગુરુજી તરફથી આવી આજ્ઞા સાંભળતા જ સૌ અજાયબી પામ્યા ! ચોમાસુ વીતાવી જે સ્થાન છોડ્યાને પૂરા પાંચ માસ પણ નહોતા થયા. હજુ તો વિદાય વેળાએ ભદ્રશંકરે વિનંતિ કરેલી કે દેવ ! આ તરફનો પ્રદેશ આપની ઉપદેશવાણી સારી રીતે ઝીલી લેશે. આપ સુખેથી વિચરશો. રાજવીએ પોતાની ઇચ્છાથી એ માટે સગવડ કરેલી છે. ચોમાસુ પાછા ફરી મારી વસતીમાં જ વીતાવશો. માર્ગમાં એ માટે અનુકૂળતા જણાય તો તેમ કરી વસંતમાં પાછા ફરશો. દરમીયાન મારી તૈયારી કરી રાખી, હું આપની માર્ગપ્રતીક્ષા કરતો રહીશ.

આ શબ્દોના રણકાર હજુ તાજા પડ્યા છે. ચોમાસાને હજી ત્રણ મહિનાની વાર છે. આ રળિયામણા--લીલા કુંજારસમા પ્રદેશમાં–વિચરવામાં અપૂર્વ આનંદ આવે છે. આત્મહિત સાથે જનહિત પણ સધાય છે ત્યાં ગુરુદેવે એકાએક આવો આદેશ કેમ આપ્યો હશે ? આ પ્રકારના શંકાના વમળ સૌને ઊઠ્યા અને એક બીજા સામે અરસપરસ જોઈ રહ્યા.

ત્યાં તો પુનઃ ગુરુનો સ્વર કર્ણપટ પર અથડાયો.

"પ્યારા શિષ્યો ! જરા પણ વિલંબ હવે કરવાનો નથી. મેં જે કહ્યું છે તે પૂરો વિચાર કર્યા પછી જ કહ્યું છે. મને અંતરનાદ સંભળાય છે એને પાછો ઠેલી શકાય તેમ નથી. એથી

આ નવીન ક્ષેત્રમાં વિચરવાનુ કાર્ય બંધ પડે છે. જણાય છે કે એ કાર્ય કોઇ બીજો હાથ ઉપાડશે. 'અંજલિ જળ જયું આયુ ઘટત હૈ' એનો જ જાણે ઈસારો ન હોય એમ મને ગઈ રાત્રિના જ્ઞાનોપયોગ અને સ્વપ્નથી અચાનક જણાઇ આવ્યું છે. તેથી બને તેટલી શીઘ્રતાથી પાટલીપુત્ર પહોંચવાનો અને સંગીન ખભાઓ પર શાસનધુરાનો ભાર મૂકવાનો આદેશ થયો છે! એ ખભાઓના પણ દર્શન થયા છે. તમોએ મને જાગ્રત કર્યો ત્યારે હું પ્રમાદમાં ન હતો પણ એ મધુરી સ્મૃતિનો રહ્યોસહ્યો આસ્વાદ લઈ રહ્યો હતો."

વાતના અંકોડા મળી ગયા છે. પ્રતિષ્ઠાનપુરથી આચાર્યશ્રી નીકળી ચૂકેલા અને દક્ષિણ દિશામાં જ્ઞાનપ્રચાર કરતા ઠીક ઠીક આગળ વધેલા–ત્યાં પેલા પથિકનો મેળાપ થયો. અને ઉત્તર દેવા નિમિત્તે જ્ઞાનોપયોગ મૂકયો. એમાં જે ઝાંખી થઇ તેથી સૂરિજીને સમજાયું કે મારું આયુષ્ય થોડું છે ને મહત્ત્વનું કામ બાકી છે. એ માટે પાટલીપુત્ર સત્વર પહોંચવું જોઇએ. પટ્ટધર બેલડીનો પૂર્વાર્ધ પાટલીપુત્રમાં જ સમાપ્ત થવાનો હોવાથી એ દિશામાં આપણે મીંટ માંડવી રહી.

× × ×

## ૯. ઇતિહાસના અંકોડા—

પટ્ટધર બેલડીનો પૂર્વાર્ધ સમાપ્ત કરતાં પૂર્વે ઐતિહાસિક નજરે કેટલીક વાતો જોઇ જવાની છે તે તરફ સૌ પ્રથમ આંખ ફેરવીએ. આજના યુગમાં જે શોધખોળો થઈ ચૂકી છે એ ઉપરથી જૈનધર્મમાં કહેલા ચોવીશ તીર્થંકરોમાંનાં અંતિમ બે અર્થાત્ શ્રી પાર્શ્વનાથ અને શ્રી વર્ધમાનસ્વામી ઐતિ-

હાસિક પુરવાર થઈ ચૂકયા છે, એટલું જ નહિં પણ એમના સંબંધમાં જે સામગ્રીઓ ઉપલબ્ધ થઈ છે, અને આગળ વધતી શોધખોળની પ્રવૃત્તિ એ સંબંધમાં જે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરી રહી છે, એ જોતાં બાવીશમા તીર્થ-પતિ શ્રી અરિષ્ટનેમિ ભગવાન પણ ઐતિહાસિક યુગની વિભૂતિ હતા એ પુરવાર થતાં ઝાઝો વિલંબ નહીં લાગે. જ્યાં આ પ્રકારનું નિર્મળ સત્ય ચક્ષુ સામે જળહળતું દૃષ્ટિગોચર થાય છે ત્યાં હવે એ વાત કહેવાની ભાગ્યે જ અગત્ય લેખાય કે જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ નિરાળા છે. 'જૈન ધર્મ એ બૌદ્ધધર્મની શાખા હતી.' એ વાત તદ્દન ગલત છે. પશ્ચિમના શોધકોએ અહીંની પરિસ્થિતિના અજાણપણાથી જે કેટલાક વિભ્રમો લખાણમાં કર્યા છે એમાં ઉપરકહ્યો વિભ્રમ અગ્રપદ ભોગવે છે. આંગ્લ લેખકોની એ સ્ખલનાએ ઘણી ઘણી ગંભીર ગુંચવણો જન્માવી છે અને એથી જૈનધર્મ સંબંધમાં ઘણી વિચિત્ર માન્યતા-ઓને જન્મ મળ્યો છે! જેમ જેમ પ્રાચીન વસ્તુની શોધ આગળ લંબાશે અને ઇતિહાસને અનુરૂપ અંકોડા સાંધવાનો પ્રયત્ન કરવામાં આવશે તેમ તેમ સર્વજ્ઞના સિદ્ધાંતની અકા-ટ્યતા અને એ અંગે રચાયેલ સાહિત્યિક રહસ્ય જનતાને વધુ પ્રમાણમાં જાણવા-જોવાનું મળશે.

પ્રભાવિક પુરુષોની આ હારમાળા પ્રભુશ્રી મહાવીરદેવના પછીના કાળની છે. ઇ. સ. પૂર્વે ૫૨૭માં એ ચરમ જિન નિર્વાણ પામ્યા. એ વેળા ભારતવર્ષમાં મગધદેશની કીર્તિ સવિશેષ હતી અને એનું પાટનગર રાજગૃહ હતું, એની ગાદી પર શ્રેણિકપુત્ર કોણિક ઉર્ફે અજાતશત્રુ હતો. આ રાજવીના સંબંધમાં જૈન અને બૌદ્ધ સાહિત્યમાં ઠીક ઠીક નોંધો મળે છે.

પ્રભુ શ્રી મહાવીરદેવના ગણધર તો અગિયાર હતા, પણ એમાંનાં શ્રી ઇંદ્રભૂતિ–ગૌતમ અને આર્ય સુધર્માસ્વામી સિવાયના નવ તેઓશ્રીની હૈયાતિમાં કાળધર્મ પામ્યા હતા. એમની નિર્વાણભૂમિ થવાનું ગૌરવ પણ આ વિશાળ અને જેની યશગાથા ચોદિશ વિસ્તરેલી હતી એવી રાજગૃહીને ફાળે નોંધાયું હતું. ભગવાન પોતાના નિર્વાણ પછી અલ્પ સમયમાં પોતાના પ્રથમ પટ્ટધર શ્રી ગૌતમને કૈવલ્યની ઉત્પત્તિ થવાની વાત જાણતા હોવાથી ગચ્છની સંભાળનું સર્વ કાર્ય પાંચમા અને બાકી રહેલા ગણધર શ્રી સુધર્માસ્વામીને સોંપી ગયા હતા. પ્રભાવિક પુરુષોની વિચારણામાં તીર્થંકર પ્રભુ અને ગણધર મહારાજા જેવી પ્રબલ વિભૂતિઓની વાત સમાઇ ન શકે એ સહજ સમજાય તેવું હોવાથી અત્રે એ અંગે વધુ લંબાણ ન કરતાં હારમાળાના પ્રથમ પાત્ર શ્રી જંબૂસ્વામી પ્રતિ મીટ માંડીએ. તેઓ પાટ પર આવ્યા ઇ. સ. પૂર્વે ૫૦૭માં. એ વેળા મગધની ગાદીનું સ્થળ રાજગૃહીથી બદલાઇ ચંપામાં થોડો સમય રહી પાટલીપુત્ર બન્યું હતું અને ગાદી પર કોણિકપુત્ર ઉદાયી આવ્યો હતો. કથાનાયક યશોભદ્રસૂરિ સુધીના સમય પર્યંતની સાલવારી નિમ્ન પ્રકારે દોરી શકાય—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. ભગવાન મહાવીરનો | નિર્વાણ | સમય | ઇ. સ. પૂર્વે | ૫૨૭ | રાજા | અજાતશત્રુ |
| ૨. ગણધર સુધર્માસ્વામી | યુગપ્રધાન | ” | ” | ” | ” | ” |
| ” ” | નો નિર્વાણ | ” | ” | ૫૦૭ | ” | ઉદાયી |
| ૩. જંબૂસ્વામી | યુગપ્રધાન | ” | .. | ૫૦૭ | ” | ” |
| ” | નો નિર્વાણ | ” | ” | ૪૬૩ | ” | પ્રથમ નંદ |
| ૪. પ્રભવસ્વામી | યુગપ્રધાન | ” | ” | ૪૬૩ | ” | ” |
| ૫. શય્યંભવસ્વામી | ” | ” | ” | ૪૫૨ | ” | બીજો નંદ |
| ૬. યશોભદ્રસૂરિજી | ” | ” | ” | ૪૨૯ | ” | ” |

ઉપરનો ક્રમ જૈનકાળગણના અનુસાર ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદના પ્રાચીન ભારતવર્ષ પુસ્તકના આધારે મૂક્યો છે અને એ પટ્ટાવલિના વૃત્તાન્ત સહ મેળ ખાય છે. એમાં કહેવામાં આવ્યું છે કે-જંબૂસ્વામીએ ૪૪ વર્ષ, પ્રભવસ્વામીએ ૧૧ વર્ષ, શય્યંભવસૂરિએ ૨૩ વર્ષ અને યશોભદ્રસૂરિએ ૫૦ વર્ષ યુગપ્રધાનપદ ભોગવ્યું. ઇ. સ. પૂર્વે ૪૨૯માં યુગપ્રધાન પદ પર આવનાર આપણા કથાનાયક અગર તો પટ્ટધર બેલડીના સર્જક અને એ મથાળા નીચે આલેખાયેલા વૃત્તાન્તમાં અગ્રભાગ ભજવનાર આચાર્ય મહારાજ યશોભદ્રસૂરિ ઘરવાસમાં ૨૨ વર્ષ પૂરા કરી, સામાન્ય સાધુજીવનમાં ૧૪ વર્ષ ગાળી, છત્રીશમા વર્ષે યુગપ્રધાનપદે આવ્યા હતા. એ પદ ૫૦ વર્ષ સુધી ભોગવ્યું. કુલ ૮૬ વર્ષની જિંદગી ગાળી અને પરમાત્મા શ્રી મહાવીર દેવના નિર્વાણ બાદ ૧૪૮ વર્ષે તેઓશ્રીનું સ્વર્ગ-ગમન થયું. આ સંબંધી શ્રી કલ્પસૂત્રની નોંધ નીચે પ્રમાણે છે :-

ભગવાન શ્રી મહાવીર દેવ પછી ૮ વર્ષે શ્રી ગૌતમસ્વામી મુક્તિપદ પામ્યા, શ્રી સુધર્માસ્વામી ૨૦ વર્ષે અને શ્રી જંબૂસ્વામી ૬૪ વર્ષે એ જ શાશ્વત સ્થાનના ભોક્તા બન્યા. પછી શ્રી પ્રભવસ્વામી ૭૫ વર્ષે અને શ્રી શય્યંભવસ્વામી ૯૮ વર્ષે, યશોભદ્રસૂરિ ૧૪૮ વર્ષે સ્વર્ગે ગયા. એ વેળા પાટલીપુત્રમાં નવમા નંદનું રાજ્ય પ્રવર્તતું હતું. નવ નંદોનાં નામ બરાબર મળતાં નથી. બૌદ્ધગ્રન્થોમાં એ માટે નિમ્ન પ્રકારનાં નામો દૃષ્ટિગોચર થાય છે. ૧ ઉગ્રસેનનંદી, ૨ પાંડુકનંદી, ૩ પાંડુકગતિ, ૪ નંદી, ૫ ભૂપાલનંદી, ૬ સેપાલનંદી, ૭ ગોવિષ્ણુનંદી, ૯ દસેસીટ્ટીનંદી અને ૯ ધનપાલનંદી; પણ આ નામો પર વજન મૂકી શકાય તેવું નથી. પૌરાણિક પુસ્તકોમાં નંદીવર્ધન,

મહાનંદ અને પદ્મનંદનાં નામો નજરે પડે છે. બીજા ગ્રંથોમાં ધનનંદનું નામ જોવાય છે. પદ્મનંદનું એ બીજું નામ છે એમ કેટલાક કહે છે. કેટલાક નંદ વંશમાં નવ રાજાને બદલે ત્રણ રાજા થયાનું માને છે. એ બધામાં કઇ વાત વધારે બંધબેસ્તી છે તે પુરાતત્ત્વશોધકના આખરી નિર્ણય પર છોડી દઈ જે કહેવાનું છે તે એ જ કે કથાનાયકના આખરી વર્ષોમાં મગધ જેવા વિશાલ દેશનું સામ્રાજ્ય મહાનંદ ઊર્ફે ધનનંદ યાને નવમા નંદના હાથમાં હતું અને એનું પાટનગર પાટલી-પુત્ર હતું તેમજ મહામંત્રીપદ જૈનધર્મી શકડાળ મંત્રીશ્વરના હાથમાં હતું. તેમની દીર્ઘદૃષ્ટિ અને કુશાગ્રબુદ્ધિ જર્જરિત થતાં નંદ વંશના શાસનને ટકાવી રહી હતી. છેલ્લો નંદ ધનનો મહાલોભી અને કાનનો કાચો હતો. એ સંબંધમાં વધુ અવલોકન કરવાની ઘડી શ્રી સ્થૂલિભદ્રના કથાનકમાં "પ્રભાવિક પુરુષો"ના ત્રીજા ભાગમાં આવવાની હોવાથી હાલ એ સંબંધમાં અહીં પૂર્ણવિરામ મૂકી, પટ્ટધર બેલડીના પદારોપણવિધિ તરફ અને એ રીતે સમાપ્ત થતાં પૂર્વાર્ધ પ્રતિ તરફ ચક્ષુ ફેરવીએ.

પાટલીપુત્ર નગર જ્યારથી મગધ જેવા મહાન્ દેશની રાજધાનીનું મુખ્ય શહેર બન્યું ત્યારથી તે વસવાટમાં લંબાવા માંડયું હતું. દિનપ્રતિદિન એની જનસંખ્યા વૃદ્ધિ પામતી હતી. વેપારવણજમાં પણ જબરો ઉછાળો આવ્યો હતો. બજારો દેશપરદેશના સોદાગરોથી ભરેલાં રહેતાં અને પ્હો ફાટતાં એ હાટોમાં ક્રયવિક્રય નિમિત્તે જે ભીડ થવા માંડતી તે નિશાના દીપકો પ્રગટ્યા બાદ બે ઘડી સુધી ચાલુ રહેતી.

પ્રવૃત્તિથી આકંઠ ભરેલા આવા નગરમાં આજ પ્રાતઃ-

કાળથી કોઇ અનેરું વાતાવરણ પ્રવર્તી રહેલું નજરે આવતું હતું. સામાન્ય રીતે કોઈ પર્વનો દિન હોય, કિંવા પ્રજાના તહેવાર હોય તો હાટો બંધ રહેતાં. વસંતોત્સવ કે કૌમુદી-ઉત્સવ ટાણે સારી યે જનતા ધંધાની ધમાલને ઇચ્છાપૂર્વક સંકેલી લેતી અને કુદરતના આંગણે નગર બહારના ઉદ્યાનમાં આનંદ–વિલાસ માણવા નીકળી પડતી; પણ આજે તેમ ન હતું. હજુ અઠવાડીઆ પર દક્ષિણ દેશથી લાંબો વિહાર કરી ગચ્છાધિપતિ શ્રી યશોભદ્રસૂરિ પધાર્યા હતા ત્યારે અઢારે વર્ણે પાખી પાળી, તેઓશ્રીના સામૈયામાં ભાગ લીધો હતો અને જૈનધર્મી સમાજ સાથેનો પ્રજાજન તરીકેનો નાતો પુરવાર કરી આપ્યો હતો. એ આચાર્યશ્રી ઉદ્યાનમાં આજે છેલ્લી દેશના આપવાના હતા. સાંભળવા મુજબ જનસમાજ માટે કોઇ નવીન સંદેશ પાઠવવાના હતા, એટલે આજે ઘણાખરા હાટો દિ' ચઢ્યા છતાં ધમાલવિહુણાં જણાતાં હતાં. ખૂદ શકડાલ મંત્રીશ્વર પણ પધારવાની હવા પ્રસરી હતી, એટલે મોટાભાગની નજર એ પ્રતિ સહજ આકર્ષાય એ સંભવિત હતું.

નગર બહારના ઉદ્યાને આજે કોઈ અનેરું દશ્ય ધારણ કર્યું હતું. વિશાલ વૃક્ષોથી શોભતાં–રંગબેરંગી પુષ્પોથી રમણિય બનેલા એના લતામંડપોમાં આડે દિને છૂટાછવાયા માનવીના ધીમા વાર્તાલાપ કે ઝાડો પર બેઠેલાં પંખીઓના નાદ સિવાય ભાગ્યે જ કાંઇ સંભળાતું ત્યાં આજે કોઈ જુદી સ્થિતિ પ્રવર્તી રહી છે. લતામંડપો લગભગ નિર્જન જેવા જણાય છે. એમાં પ્રેમી યુગલોના વાર્તાલાપ લગભગ બંધ થયા છે, પણ એ મંડપોની મધ્યે જે વિશાળ ચોગાન આવેલું છે ત્યાં સંસારના બંધનોથી પર બનેલા પોતાના ઉત્તમ

ચારિત્રની સુવાસ પાથરતા નિર્ગ્રંથ શ્રમણોની તત્ત્વપૂર્ણ ચર્ચાઓ ચાલી રહી છે. મુનિમંડલીના સાધુઓમાંના કોઈક ઉપર વર્ણવેલા લતામંડપોમાં બેસી ઉપાસક વર્ગ સાથે ધર્મસંબંધી કે આચાર્યશ્રીના સંબંધી ધીમીધીમી વાતો ચલાવી રહેલ છે.

છેલ્લા આપણે યશોભદ્રસૂરિજીને પ્રતિષ્ઠાનપુરના માર્ગે પાછા ફરવાનો આદેશ આપી રહેલા જોયા હતા. એ પછી શું થયું તેનું સિંહાવલોકન કરી લઈએ. વિહારની દિશા પાછી ફેરવતાં શિષ્યોમાં પ્રથમ વેળા જે આશ્ચર્ય ફેલાયું હતું એથી અધિક આશ્ચર્ય નગરમાં તેઓશ્રીનાં એકાએક પગલાં થતાં દ્વિજ ભદ્રશંકરને થયું. સૂરિજીનાં વિહાર પછી એની કૌટુંબિક સ્થિતિમાં પુન: પલટો આવ્યો હતો. માણસ ધારે છે શું અને વિધિ સર્જે છે શું ? જેવું થયું હતું. એની પોતાની ધારણા વડિલ બંધુ લગ્નગ્રંથીથી જોડાઈ, રાજ્યનું પુરોહિત પદ સંભાળી લઇ, વૃદ્ધ માતાની સંભાળ માથે લઇ, ગૃહસ્થ ધર્મનું પાલન કરે તેવી હતી, પણ કુદરતને એ મંજૂર ન હોવાથી એમાં ભદ્રશંકર કંઇ પ્રગતિ કરે તે પૂર્વે જ એક દિનના મંદવાડથી માતા પરલોકના પંથે વળ્યા ! વરાહમિહિરના માંડ રસ્તે આવેલા દિમાગમાં ફરીથી એક વાર સંક્ષોભ ઉદ્ભવ્યો-સંસારમાં પડવાની આછી પાતળી વૃત્તિ પર કાપ પડ્યો. આપ્તજનનાં મરણોએ વિરાગતા જન્માવી. જ્યોતિષના અધૂરા અભ્યાસને પૂરો કરવાની અભિલાષા બળવત્તર બની. નાનાભાઈ સાથે એણે પણ સાધુ બનવાનો નિરધાર કર્યો. આ રીતે ઉભય બંધુઓ જીવનપલટો કરવાને તૈયાર તો હતા, છતાં આચાર્યશ્રીનાં પગલાં આટલા જલ્દીથી થશે એમ ધારતા નહોતા. પણ જ્યારે એ પાછળના કારણનું બયાન સૂરિમુખથી શ્રવણ કર્યું ત્યારે તેમનું આશ્ચર્ય,

હર્ષમાં પરિણમ્યું અને શ્રમણજીવનમાં પગ મૂકવાનું કાર્ય સત્વર હાથ ધરવામાં આવ્યું. ઝાઝો વિલંબ કરવાનું પરવડે તેમ હતું જ નહીં. ઉચિત ધામધૂમથી એ ઉભય દ્વિજ–સંતાનોની ભાગવતી દીક્ષા થઇ. એમાં રાજ્ય તરફનો સાથ પણ પૂરો મળ્યો. વિહારનો દિન પણ નિયત થઇ ચૂકયો, એની આગલી સવારે જે ગૃહસ્થ સાથેના વાર્તાલાપથી આચાર્યશ્રીને જ્ઞાનોપયોગ મૂકવાનું નિમિત્ત પ્રાપ્ત થયું હતું અને જેના સંસારી જીવન અંગેની વાત આગળ કહેવાઇ ગઇ છે એ એકાએક સૂરિજીને શોધતો ભૂદેવની વસ્તીમાં આવી પહોંચ્યો. વંદન કરી એણે પણ પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઉત્કટ ઇચ્છા દાખવી. સર્જિતભાવ સ્વીકારી આચાર્યશ્રીએ વિહારદિન આગળ લંબાવ્યો અને એની દીક્ષા પણ પ્રતિષ્ઠાનપુરમાં જ ઊકેલી. આમ પોતાની જ જન્મભૂમિમાં ભદ્રશંકરમાંથી ભદ્રબાહુ મુનિ તરીકે નિર્દિષ્ટ કરાયેલ નવીન શિષ્યને વધુ રોકાવાનો સમય પ્રાપ્ત થયો એટલું જ નહિ પણ પોતાનામાં રહેલી વિદ્વત્તા દર્શાવવાનો સુયોગ પણ સાંપડ્યો. એક કવિએ ગાયું છે કે—

તારેકી જ્યોતમેં ચંદ છૂપે નહીં,
સુર છૂપે નહીં બાદલ છાયા;
ભારી સભામેં પંડિત છૂપે નહીં,
દાતા છૂપે નહીં માગન આયા;
ચંચળ નારીકો નેણ છુપે નહીં,
ચેન છૂપે નહીં મોદક ખાયા;
કવિ ગંગ કહે સુણો શાહ અકબર,
ભાગ્ય છૂપે નહીં ભભૂત લગાયા.

એ તદ્દન સાચું છે. ઈંદ્રભૂતિ આદિ અગિયારે પંડિતોની

વિદ્વત્તામાં ઓછી જ કમીના હતી ? માત્ર દિશાફેર હતી. પ્રભુ શ્રી મહાવીરની ત્રિપદી–ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપ ત્રણ પદો–સાંભળીને દરેકના હૃદયમાં જ્ઞાનના અમૃત છાંટણાં છંટાયાં. સમન્વય કરી સત્ય ગવેષવાની શક્તિ અથવા તો સમ્યકત્વની સાચી પ્રભા ઊગી નીકળી. જોતજોતામાં બાર અંગ યાને દ્વાદશાંગીની રચના થઇ. કેવળજ્ઞાની ગુરુનો ઇશારો જ એવા વિદ્વાન્ માટે પર્યાપ્ત હતો. ભદ્રશંકર પણ વિદ્વાન્ હતો. એની શક્તિનો પરચો આચાર્યશ્રીને પ્રથમ મેળાપે જ થયો હતો. દક્ષિણ વિહારનું એ મુખ્ય આકર્ષણ હતું. જૈનદર્શનમાં એ યુવાન આકર્ષાય તો શાસનપ્રભાવના જબ્બર થાય એ સૂરિજીના અંતરની ઉત્કટ છતાં ગુપ્ત આકાંક્ષા હતી. વર્ષોના વ્હાણા વાયા પછી એ ફળી, એટલું જ નહિં પણ નવદીક્ષિતની દેશનાશૈલીના અને યુક્તિપુરસ્સર પ્રત્યેક વસ્તુની છણાવટ કરવાના વખાણ નગરવાસી વિદ્વાનોના મુખે થતાં સાંભળ્યા ત્યારે કમાઉ દિકરાને દેખી જે આનંદ પિતાને ઉપજે એવો આનંદ આચાર્યશ્રીને થયો.

× × ×

## ૧૦. પટ્ટધર યુગલની સ્થાપના—

કાયા શિથિલ થઇ રહી હતી. વિહાર લાંબો ને કપરો હતો છતાં હાર્દિક આનંદ પણ ન્યૂન ન હોવાથી વૃદ્ધદશામાં પાંગરી ચૂકેલા આચાર્યશ્રી એનો પાર કરી પાટલીપુત્ર આવી પહોંચ્યા. દક્ષિણ દેશના આવેલ ઉદ્યાનમાં પ્રાતઃકાળ પૂર્વેના અલ્પ સમયમાં આવેલ સ્વપ્ન તાજું કરી ગયા. પાટલીપુત્રના મનોરમ ઉદ્યાનમાં જ એ સ્વપ્ન અનુસાર પોતાના ખંધ પરની શાસનધૂરા યોગ્ય એવા શિષ્યોના ખભા પર

મૂકી દેવાનો નિરધાર કર્યો. એ અંગેના વિધિ–વિધાનમાં કાળક્ષેપ ન કરતાં આજના પવિત્ર દિને એની જાહેરાત કરવાની વાત વહેતી મૂકવામાં આવી. ખુદ મહામંત્રીશ્વરને હાજર રહેવાની આજ્ઞા થઇ.

ઉદ્યાનની વિશાલતા હોવા છતાં–મધ્ય ભાગે આવેલ મંડપ પણ કંઇ સાંકડો ન છતાં–આજનું આકર્ષણ કંઇ જુદું હોવાથી નિયત સમય થતાં પૂર્વે તો એ સ્થાન માનવગણથી છલકાવા માંડયું. સ્વચ્છ ને સુંદર વસ્ત્રોથી સજ્જિત નરનારીઓના વૃંદો એમાં પોતપોતાના ઉચિત સ્થાને ગોઠવાવા લાગ્યા. ઉદ્યાનમાં રોપેલા જાતજાતના ફૂલો મીઠી સુવાસ ચોતરફ પ્રસરાવી રહ્યાં હતાં. સવિતા નારાયણની સ્વારી પણ ધીમી ગતિએ આગળ કૂચ કરતી હોવાથી એની ઉષ્મા દેહધારીઓ માટે કષ્ટદાયક નહોતી પણ સ્ફુર્તિદાયક હતી. ચોતરફ કોઈપણ જાતનું આવરણ ન હોવાથી હવા પ્રકાશની ખામી નહોતી. એમાં મંદ મંદ વાતા વાયરાનો સહકાર કોઈ અનેરો આનંદ આપી રહ્યો હતો.

આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ નજીકના આવાસમાંથી પધારતાં જ સહુ ઊભા થયા. તેઓશ્રીએ આસન પર બેઠક લીધી. આસપાસ શિષ્યગણ પણ આવી બેસી ગયો. એટલે ગુરુવંદન અને સુખશાતા પૂછવાની વિધિ મહાઅમાત્ય શકડાલે શરૂ કરી. એ પૂર્ણ થતાં જ ગંભીર ગિરામાં આચાર્યશ્રી તરફથી મંગળાચરણ શરૂ થયું. એ વેળા જનસંખ્યામાં અતિ વિશાલ હોવા છતાં શાંતિ અને નિરવતા એટલી હદે પથરાઇ હતી કે એકાદ સોયના પડવાનો અવાજ પણ સંભળાય.

સૂરિમહારાજની એક બાજુ પ્રૌઢતાને વટાવી વૃદ્ધત્વના

પ્રાંગણમાં પ્રવેશતાં સંત સંભૂતિવિજય, નંદનભદ્ર, તીશભદ્ર તેમજ કેટલાક નવદીક્ષિત સાધુઓ સાથે બેઠા હતા જેમાં પેલા સિંહને વશ કરનાર, સર્પ પાળનાર, આદિ મિત્રોની ત્રિપુટીનો સમાવેશ થતો હતો. બીજી બાજુ વિવિધ પ્રકારની વિદ્યાના ભંડાર સમા-પ્રખર બુદ્ધિમત્તાનો ભાસ કરાવતા, વિશાળ કપોળથી શોભતા યૌવનવયના આંગણમાં નૃત્ય કરતી ઉત્સુકતા, જિજ્ઞાસા અને નવીનતાથી આકંઠ ભરેલાં શ્રમણ ભદ્રબાહુ, ઋજુમતિ, પૂર્ણભદ્ર, પાંડુભદ્ર, તેમજ વરાહમિહિર અને પેલા ઉદ્યાનમાં મળેલા ને હાલ સાધુ થયેલા ગૃહસ્થ પણ હતા. જેમ વિવિધ ગ્રહોના સમૂહ વચ્ચે સહસ્રરશ્મિ દેવ શોભી ઊઠે તેમ આ મુનિગણુની મધ્યે આચાર્યશ્રી યશોભદ્રસૂરિ પોતાના મહત્વતાભર્યા પદથી શોભી રહ્યા હતા.

ॐकारबिंदुसंयुक्तम् नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ॥
अज्ञानतिमिरांधानाम् ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

એ પ્રમાણે મંગળિક કરી દેશના આરંભી—

सदापायः कायः प्रणयिषु सुखं स्थैर्यविमुखं ।
महारोगा भोगाः कुवलयदृशः सर्पसदृशः ॥
गृहावेशः क्लेशः प्रकृतिचपला श्रीरपि खला ।
यमः स्वैरी वैरी परमिह हितं कर्त्तुमुचितम् ॥

આ શરીર નિરંતર અપાયરૂપ છે યાને મલિનતાથી

ભરેલ છે. સ્નેહીનું સુખ પણ અસ્થિર છે. વિષયભોગો મોટા રોગોના જન્મદાતા છે. સ્ત્રીઓ સાથેના વિલાસ સર્પડંશના વિષ જેવા છે. ઘરવાસ ક્લેશોથી ભરપૂર છે. લક્ષ્મી ચંચળ-સ્વભાવી હોઈ છેતરનારી છે. વૈરી એવો જે કાળ તે એટલો સ્વેચ્છાચારી છે કે ગમે તે વખતે જીવને ઉપાડી લે છે. જ્યાં પરિસ્થિતિ આવી વિષમ અને વિપદભરી છે ત્યાં સમજુ આત્માએ આ ભવ પરભવમાં હિતકારી એવું ધર્મસાધન કરતાં રહેવું જોઈએ. જરા માત્ર પ્રમાદ સેવવો ન ઘટે. સંસારનું સ્વરૂપ વિચિત્રતાપૂર્ણ છે. કહ્યું છે કે—

**धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होई ।**
**मरिऊण रायराया, परिपच्चइ निरियजालाए ॥**

જ્યાં દેવના જેવા શક્તિશાળીઓને મરણ પામી તિર્યંચ યોનિમાં અવતરવું પડે છે અને મોટા ચક્રવર્તીઓ જેવાને નરકની ભઠ્ઠીમાં બળવું પડે છે એવા આ સંસારને વારંવાર ધિક્કાર છે ! ધિક્કાર છે ! સંસારના સંબંધો પણ પંખીના મેળા સમા છે.

**पियपुत्तमित्तघरघरणिज्ञाय, इहलोइअ सव्वनियसुहसहाय ।**
**न वि अत्थि कोइ तुह सरणिमुख, इकल्लु सहसि तिरिनिरयदुख॥**

હે મૂર્ખ ! આ લોકમાં સ્વજન તરીકે લેખાતા પિતા, પુત્ર, મિત્ર, ઘર, સ્ત્રી અને સંતાન આદિનો સમૂહ પોતપોતાના સુખને જોવાના સ્વભાવવાળો છે. જ્યારે કર્મના ઉદયકાળે તિર્યંચ અને નર્ક ગતિનાં દુઃખો ભોગવવા પડશે તે તો તારે એકલાને જ. એ વેળા ઉપરના સંબંધીમાંથી કોઈ પણ શરણ

દઇ શકશે નહીં. વળી આ સંસારનો વાસ કેવો છે તે બતાવતાં કહ્યું છે કે—

**कुसग्गे जह उसबिंदुए, थोवं चिठइ लंबमाणए।**
**एवं मणुआण जीवियं, समयं गोयम मा पमायए॥**

ડાભના અગ્રભાગે ઝાકળના બિંદુના પ્રસરવા જેવી આ જિંદગી છે. એ બિંદુ માંડ સ્થિર થાય ત્યાં પવનનો સપાટો લાગે અને હતું ન હતું બની જાય! આ માનવ જિંદગી પણ તેવી સમજી પરમાત્મા શ્રી મહાવીર દેવ કહે છે કે–હે ગૌતમ! ક્ષણમાત્ર પ્રમાદ ન કરીશ.

પ્રમાદે કેવા કેવાને મૂંઝવી ધૂળ ફાકતા કરી દીધા એ પર આચાર્યશ્રીએ દૃષ્ટાન્તો ટાંકી લંબાણથી પ્રવચન કર્યું અને ઉપસંહાર કરતાં જણાવ્યું કે–મારે આજે ચાલુ વિષયના અનુસંધાનમાં જે મહત્વની વાત કહેવાની છે તે એ છે કે—

હવે મારા પ્રયાણની નોબત વાગી રહી છે. કાયામાં થઇ રહેલાં પરિવર્તનો, એ વાતના સાક્ષીઓ છે. તીર્થંકર દેવના શાસનનો જે જવાબદારીભર્યો ભાર મારી પીઠ ઉપર મારા ગુરુદેવ તરફથી મૂકવામાં આવેલ તે આજે હું ઉતારી દેવા ઇચ્છું છું. મારામાં શક્તિ હતી ત્યાંસુધી એ અધિકાર કિંવા એ ફરજસૂચક જવાબદારી બજાવી, પણ હવે એ માટે અન્યમાં યોગ્યતા છે એવી મને પૂરી પ્રતીતિ થઇ છે અને અંતરનાદ પણ એ યોગ્યતાની કદર કરવાનું પોકારે છે એટલે આજના આ પ્રસંગે એ સ્થાન પર–એ અધિકાર પર–અથવા તો એ શાસન પ્રત્યેની ફરજ યથાર્થ બજાવવાના અનુપમ પદ પર હું

મારા બે શિષ્યોને સ્થાપવા તત્પર થયો છું. અત્યાર સુધીની પ્રણાલિકા તો જે પાટ શ્રી સુધર્માસ્વામીથી ઊતરતી આવી છે એ પર એક ગચ્છાધિપતિ નિયુક્ત કરવાની છે. એનાજ વરદ હસ્તમાં સારાયે શાસનની અર્થાત્ ચતુર્વિધ સંઘની લગામ સોંપવાની છે. અત્યારસુધી એ પ્રમાણે જ બનતું આવ્યું છે.

પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ જે મહત્વની ચોપગી આરસી તીર્થંકર દેવ તરફથી ગીતાર્થને વારસામાં અપાય છે એના અવલોકનથી મને ચાલી આવતી પ્રથામાં થોડોક ફેરફાર-નવી ઉમેરણી-ઇષ્ટ જણાય છે અને એ કરવામાં દીર્ઘદર્શિતા લાગે છે એટલે હું મારા અંતેવાસી તરીકે એક નહિં, પણ બે શિષ્યોને નીમવાનો છું. જિનભગવાનના શાસનની-પરમાત્મા શ્રી મહાવીરદેવપ્રરૂપિત અનેકાંતદર્શનની-અંતિમ નિર્વાણ પામનાર ગણધર મહારાજ શ્રી સુધર્માસ્વામીના આગમની સાર-સંભાળ રાખવાનું, એની યશ કીર્તિ વિસ્તારવાનું, ઇતર દર્શનોના તાતા તીર સમા આક્ષેપોની હારમાળા વચ્ચે અડગ ઊભા રહી સ્વદર્શનનો યુક્તિપુરસ્સર વિજયધ્વજ ફરકાવવાનું કાર્ય એ ઉભયનું રહેશે. પટ્ટધરપદનો ભોગ એ ઉભયે સાથે મળીને કરવાનો છે. ગચ્છાધિપતિનો અધિકાર એ બન્નેએ મળી-સમજીને ભોગવવાનો છે.

આ જવાબદારીભર્યા સત્તાનાં સૂત્રો હાથમાં આવ્યા સમજી એ દ્વારા સત્તાનો મદ કે અધિકારપણાનો ગર્વ રંચમાત્ર પ્રવેશવા પામે તેવી નાની સરખી પણ છટકબારી ખુલ્લી રાખવાની નથી. એમાં ઘણું જ જોખમ છે એ વાતની યાદ આ સભા

સમક્ષ એમને આપું છું. આ પદ જેમ મોટું છે તેમ એની જવાબદારી પણ અતિઘણી છે. એ અલંકારને ધારણ કરનાર પૂર્ણપણે ગંભીર, ઠરેલ અને દીર્ઘદ્રષ્ટા જ જોઈએ. એના હાથે પ્રમાદ જરા પણ ન થવો ઘટે. એના નેત્રો પક્ષપાતના રંગથી હરગીજ ન રંગાય. આ કોઇ સંસારમાં બને છે તેમ બાપનો વારસો દિકરાને મળે તેવી ક્રિયા નથી. વર્ષોજૂના અને ગાઢ પાસા સેવતા શિષ્યોને બાજુએ રાખીને યોગ્યતા નિરખી-દરેક દૃષ્ટિબિન્દુઓને નજરમાં રાખી-સુપરત કરવાનો અણમૂલો વારસો છે. જેમ સિંહણનું દૂધ રાખવા સારુ સુવર્ણનું પાત્ર જરૂરી લેખાય-એમાં માટીનું વાસણ કામ ન આવે તેમ અનેકાંતદર્શનના રહસ્યમય સિદ્ધાન્તો ભરેલ આગમ જ્ઞાન-એ અંગેની વાચના-પૃચ્છના-ચોયણા-પડિચોયણા આદિના નિયંત્રણ સારુ ચુનંદા મગજ જોઇએ. ઊંડા અભ્યાસી અને ધૈર્યશીલ આત્માઓ જોઇએ. સંપૂર્ણ વિદ્વત્તાથી ભરપૂર ઉદાર હૃદયના વક્તાઓ જોઈએ. લાંબી નજરે જોનારા મહાત્માઓ જોઇએ. એ દૃષ્ટિબિન્દુ નજર સામે રાખતાં-શિષ્યપણાનો સહવાસ કે લાંબા કાળની સેવા ઘડીભર ભૂલી જવી પડે એની ફિકર નહીં. નેત્રો સામે કેવલ શાસનનો ઉત્કર્ષ રમવો ઘટે. આટલા માટે તો શ્રી પ્રભવસ્વામીને પરદર્શનમાં ડોકિયું કરી પાત્ર મેળવવું પડેલું; અને એ ખાતર તો આજે હું એકના હાથમાં નહીં પણ બેના હાથમાં લગામ સોંપું છું. બેમાંના પ્રથમ મુનિ સંભૂતિવિજય, તેમના હાથમાં પટ્ટધરપણાની દોરી. ઉપર જે ગુણો વર્ણવ્યા અને જે લક્ષણ અંકિત કર્યું અર્થાત્ એ દ્વારા જે મર્યાદા આંકી, તેમાં એ સમાય છે. તેમની વય એવા આંકે પહોંચી છે કે જેથી તેમના સહકારમાં બીજા આત્માની અપેક્ષા

સહજ સંભવે.] એ માટે મારી પસંદગી ભદ્રબાહુ પર ઊતરી છે. તેમના શિરે ગચ્છની સારસંભાળ યાને દેખરેખનો બોજો આવે છે—અલબત વડિલ ગુરુભાઇની સલાહ–સૂચનાપૂર્વક જ. તેમની પાંગરતી યુવાની અને થનગન કરતી જિજ્ઞાસાવૃત્તિ જોતાં આ કાર્ય તેમના સરખા માટે રમત જેવું છે. મારી સાથેનો તેમનો સહવાસ દીર્ઘકાલીન ન ગણાય, છતાં જ્ઞાન પર ઓછો જ કોઇનો ઇજારો હોય છે? ચિરસહવાસી છતાં મંદ-બુદ્ધિ જે વર્ષોના થોકડા પછી ન પામી શકે તે બુદ્ધિમાન મામુલી ક્ષણોના પરિચયથી મેળવી લે. જ્ઞાનની શક્તિ અદ્વિતીય છે, એનો ઉપયોગ કરતાં આવડવો જોઇએ. એક જ સ્થાનમાં બે રાજા ન સંભવી શકે, એક જ મ્યાનમાં બે તરવાર ન રહી શકે, એક જ ગુફામાં બે કેશરી ન વસી શકે, એ દુન્યવી રાહ મારી દૃષ્ટિ બહાર નથી. એ નિયમને અહીં અપવાદ લાગુ પડે છે. ઉપરના દૃષ્ટાન્તોમાં શક્તિ પાછળ સત્તાનો નાદ અગ્રભાગ ભજવે છે. જે સ્થાન પર યોજું છું એમાં શકિતની અગત્ય પૂર્વવત્ છે જ, પણ પાછળની સત્તાનો છેદ ઉરાડી જ્ઞાની દશાની ગંભીરતા આણવાની છે. જેમની હું સ્થાપના કરું છું તેઓમાં એ જાતની વૃત્તિના દર્શન મને થયા છે. અર્હતના શાસનની એથી ઉન્નતિ થવાની છે એમ મારું મન સાક્ષી પૂરે છે. મારો એ સંદેશ આજનો એકત્રિત સંઘ સહર્ષ વધાવી લે, એ મારી મનોકામના છે.

શકડાલ મંત્રીશ્વર—ગુરુદેવ, આપના સરખા સૂરિવરે જે યોજના નક્કી કરી તે અમોને અંતરથી કબૂલ છે. બોલો આચાર્ય સંભૂતિવિજયજીની જય, બોલો આચાર્ય ભદ્રબાહુની જય. બોલો જૈન શાસનની જય.

# ઉપસંહાર

ભૂમિકામાં કરેલી ધારણા મુજબ આ ભાગમાં શ્રી સંભૂતિવિજયજી, શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી સ્થૂલભદ્રજી તથા શ્રીયકજીના કથાનકો, પુસ્તકનું કદ વધી જવાથી પૂર્ણપણે સમાવી શકાયા નથી. પટ્ટધર બેલડીનો ઉત્તરાર્દ્ધ તેમજ સ્થૂલભદ્રજીનો વૃત્તાન્ત પૂર્વધર ત્રિપુટી તરીકે લખાયેલ છે તે અને એ સમયની સમ્રાટ્‌ત્રિપુટી તથા બંધવજોડીને લગતા વૃત્તાન્તો ત્રીજા ભાગ તરીકે પ્રગટ થશે.

પ્રથમ ભાગમાં વીશ આત્માઓના વૃત્તાન્તો સાથે સામાજિક પ્રશ્નો જેવાં કે હરિજન, રેંટિયો, અસ્પૃશ્યતા, નારી હૃદયની મહત્તા, માંસભક્ષણમાં દોષ, વેશ્યાજીવનની આંટીઘુંટી, ગણરાજ્ય, સતીત્વ, સમાન હક્ક અને સમાન ધર્મ વચ્ચે તફાવત આદિ વણી લેવામાં આવ્યા છે, તેમ આ બીજા ભાગમાં પણ કેટલાક જરૂરી સવાલો સાંકળવામાં આવ્યા છે. વીર રમણી નાગિલા, શુદ્ધ પ્રેમી જંબૂકુમાર, પ્રભવ ચોર અને શય્યંભવ ભટ્ટના કથાનકમાંથી વાંચક સહજ એ તારવી શકે તેમ છે.

યજ્ઞ અંગેની હિંસા તેમજ એ સંબંધમાં શ્રમણ અને બ્રાહ્મણ સંસ્કૃતિ વચ્ચે રહેતો અણમેલ સંભાળભરી રીતે ચર્ચવામાં આવેલ છે

આ ઉપરાંત મધુબિંદુ તેમજ અઢાર નાતરાની સમજુતી, નવપદ આરાધન પર્વ, આયંબિલની ઓળી, તેમજ નવ તત્ત્વ આદિ વિષયો પણ કથાપ્રસંગમાં એવી રીતે સાંકળી લેવામાં આવેલ છે કે જેથી વાર્તાપ્રવાહમાં સ્ખલન ન થાય અને એ સંબંધમાં સરલતાથી જ્ઞાન મળે. એમાં કેટલા અંશે સફળતા મળી છે એ વાત વાંચકગણના અભિપ્રાય ઉપર રાખી આ બીજો ભાગ અહીં સમાપ્ત કરાય છે. ૐ શાંતિ.

